Celebrating 28 YEARS POSITIVE MEDIA

# શ્રી ફીલિંગ્સ


ઝંખના કેવળ સત્યને પામવાની

Global Edition

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**વાર્ષિક વિશેષાંક ૨૦૨૫ | કિંમત ₹ ૧૦૦/-**

Read online : www.feelingsmultimedia.com




## રાષ્ટ્ર ભાવનાને સમર્પિત વિશેષાંક

In Association with

Reliance Industries Limited | Amul The Taste of India | Anjali Since 1974 | ગુજરાત સરકાર | GMDC Gujarat Mineral Development Corporation Ltd. | PRIDE Hotels & Resorts | Patel Brothers

Chandan | S.S. White Technologies Inc. | AsoPalav | JadeBlue | Damodardas Jewellers | Jivraj | DJ Toyota




Zero Gravity

# Modern Heritage Weddings

SHERWANIS I SUITS I KURTAS I INDO WESTERN I JODHPURIS

GUJARAT RAJASTHAN PUNE HYDERABAD MADHYA PRADESH CHHATTISGARH | jadeblue.com

JADEBLUE

WHAT YOU WEAR MATTERS




DJ TOYOTA
S.G HIGHWAY | GOTA | OGNAJ
VASTRAL | BAVLA | DHOLKA
SALES 9909004567
SERVICE 9909074567

GMDC
Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
FUELING THE GROWTH

# OF THE NATION, FOR THE NATION

## BRINGING NEW ENERGY TO INDIA'S GROWTH STORY




GMDC stands proud as a catalyst in India's journey towards self-reliance. With an unwavering commitment to nation-building, GMDC is evolving from a lignite-driven organisation to a dynamic player in coal & copper. The company's strategic investments and ambitious projects are paving the way for energy security, industrial growth, and a sustainable future.

- **5 Operational Lignite Mines** with 6 new mines to launch by 2030.
- **3 Upcoming Coal Mines in Odisha** with 2,095 million tonnes of geological reserves.
- **USD 3 Billion Copper Project** at Ambaji to operationalise soon.
- **1.2 Million Lives touched across 290 villages** in Gujarat & Odisha through GMDC-GVT.

**Gujarat Mineral Development Corporation Ltd.**
(A Government of Gujarat Enterprise)
Khanij Bhavan, 132 Feet Ring Road, Nr. Gujarat University Ground, Vastrapur, Ahmedabad - 380052

CARE AA+ RATING

**Seeking Coal Mining Contractor for Coal Project. For Tender Details, Scan the QR Code.**

નવી દિશા - નવી ખોજ

ભારત ભાગ્ય વિધાતા







Celebrating 28 YEARS POSITIVE MEDIA

# અનુક્રમણિકા


૦૮ આ રહ્યાં સ્વર્ણિમ ભારતના સુવર્ણકારો...

૧૦ જો શહીદ હુએ હૈં ઉનકી જરા યાદ કરો કુરબાની
**- ડૉ. આઇ.કે. વીજળીવાળા**

૧૨ કરોડો લોકોને રોજગારી આપી રહેલા આ રહ્યાં ભારતના ભાગ્ય વિધાતાઓ
**- યજ્ઞેશ આચાર્ય**

૧૬ આઝાદ ભારતના આર્થિક ઘડવૈયા
**- કેતન નાણાવટી**

૨૪ બરડા હવે ગિરના સિંહોનું બીજું કાયમી રહેઠાણ છેઃ સિંહ બેલડી જય – વીરુ વફાદારી, એકતા અને મૈત્રીની મિસાલ હતા.
**- ફીલિંગ્સ ટીમ**

૨૬ સંઘર્ષ, સાહસ અને સમર્પણના રંગોથી ભારતના ભાગ્યને ચમકાવતી સન્નારીઓ
**- પૂર્વી શેઠ / દર્શના પટેલ**

૩૬ સદીઓથી ભારતનું ભાગ્ય ઘડતી પ્રાચીન શિક્ષણ પ્રણાલી
**- જયેશ શાહ**

૪૦ ત્રણ રાષ્ટ્રીય ગીતોમાં અભિવ્યક્ત થઈ 'ભારત ભાગ્ય વિધાતા'ની કથા...
**- પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા**

૪૪ સંગીતની વૈભવશાળી ભવ્ય ઇમારતનું સમૃદ્ધ આભૂષણઃ હિન્દુસ્તાની સંગીતના એક ડઝન ઘરાના
**- યજ્ઞેશ આચાર્ય**

૫૦ પદ્મ પુરસ્કારના પ્રકાશમાં નિરખીએ... 'ભારત ભાગ્ય વિધાતા' પ્રતિભાઓને
**- વિરલ રાઠોડ**

૫૪ જળ–જમીન અને પર્યાવરણને પ્રદૂષણના પંજામાંથી મુક્ત કરાવતા રાષ્ટ્રીય પુરસ્કારને યોગ્ય સ્વર્ણિમ ભારતના ભાગ્ય વિધાતા મનસુખભાઈ સુવાગીયા
**- ફીલિંગ્સ ટીમ**

૫૬ જ્યાં ન્યાય અડીખમ છે ત્યાં ભારત અખંડ છે.
**- જીત. જે. ભટ્ટ - એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ**

૬૨ આઈ.એ.એસ. અધિકારીઓનું ભારત ભાગ્ય વિધાતામાં યોગદાન
**- પ્રવીણ કે. લહેરી (પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત સરકાર)**

૬૪ શેર બજારના આ સ્તંભો પણ ભારતીય અર્થતંત્રને મજબૂત બનાવે છે.
**- મયૂર શાહ**

૬૮ ભારતના ભાગ્ય નિર્માણમાં શેરબજારનો પણ સિંહફાળો રહેશે...
**- જગદીશ ઠક્કર (CA)**

૭૨ હમ ભી કિસીસે કમ નહીંઃ ભારતના અંતરીક્ષ વૈજ્ઞાનિકો
**- ભરત મહેતા**

૭૬ ભારતના ભાગ્ય ઘડતરમાં નિમિત્ત બની આસ્થાની અમૃતવર્ષા કરતાં આ દેવસ્થાનો પણ દર્શનીય છે.

૮૦ સનાતન ભારતીય સંસ્કૃતિના ભાગ્યને કંડારતા યશસ્વી શિલ્પકારો
**- ડૉ. રાજુ એમ. ઠક્કર**

૮૮ આવતી કાલનો ધર્મ નવી દષ્ટિ, નવી ખોજ !
**- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

૯૦ સમયને પણ રોકીરાખતી જાંબાજ ભારતીય સેનાની ગૌરવ ગાથા - **દિનેશ પટેલ (એર વોરીઅર)**


**લેખકો-પ્રકાશકો જોગઃ આપના તાજેતરમાં પ્રગટ થયેલાં પુસ્તકો અવલોકન/રિવ્યૂ માટે અમોને મોકલી શકશો....**




૯૨ સ્વતંત્રતાની કહાની – પડદાની જુબાની! બને છે ભારત ભાગ્ય વિધાતા
- **અભિમન્યુ મોદી**

૯૬ 'એપિક ગુજરાત ફેશન શો'માં મિસિસ અને મિસ ગુજરાત બનેલ સૈન્ય પરિવારની વીરનારીઓ...
- **ફીલિંગ્સ ટીમ**

૯૮ સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં ભૂલાઈ ગયેલ આ જૈન સપૂતોને શત્ શત્ નમન...
- **સૌરભ શાહ**

૧૦૦ નાનકડા બીજમાંથી વટવૃક્ષ બનેલ આર.એસ.એસ.ની રોમાચંક સફર...
- **ફીલિંગ્સ ટીમ**

૧૦૨ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આવિષ્કાર કે અભિશાપ?
- **સંજય થોરાત 'સ્વજન'**

૧૦૭ આપણે જ આપણાં ભાગ્ય વિધાતા
- **પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી**

૧૧૦ વર્લ્ડ રેકોર્ડની દુનિયામાં ભારતીયોના સાહસ, શૌર્ય અને શક્તિની અસાધારણ સફર
- **વિરલ રાઠોડ**

૧૧૪ સોનાના દિલ વાળો મસ્કત ગુજરાતી સમાજ પણ ભારત ભાગ્ય વિધાતા
- **મુકેશ પારેખ**

૧૧૬ ભારતના ઘડતરમાં મહત્વનું યોગદાન આપનાર આ રહ્યાં સન્માનનીય ગુજરાતીઓ...
- **સૌરભ શાહ**

૧૨૦ ભારત ભાગ્ય વિધાતા તરીકે અખબારો અને રેડિયોનું પ્રદાન - **પ્રદીપ ત્રિવેદી**

૧૨૨ વડાપ્રધાન મોદીજીને સ્વચ્છતા અભિયાનની પ્રેરણા આપનાર એન.આર.આઈ. રામજી પટેલનો અનોખો સેવાયજ્ઞ
- **ફીલિંગ્સ ટીમ**

૧૨૬ 'ફીલિંગ્સ' દ્વારા એટલાન્ટામાં (USA) ચોથી ગુજરાતી મીટની યાદગાર ઉજવણી
- **ફીલિંગ્સ ટીમ**

૧૩૦ રાશી ભવિષ્ય

૧૩૬ ફીલિંગ્સ મિર્ચી





# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે

**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**

૧૦૨-૦૩-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**

info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ /ઈ-મેગેઝિન દ્વારા**

www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**


@feelingsmultimedia

I read feelings issue of July-25 with much interest. I know about N.S.E. by the article of Mr. Ashish Chuhan. thank you Feelings.
- Charulata Bhimani - (DUBAI)

Truly a family Oriented Gujarati magazine having made its place in the hearts of readers of every age is solely because of your efforts and determination.
- Dilip Doshi ( SYDNEY)

ફીલિંગ્સનો જુલાઈ-૨૫નો અંક સરસ બન્યો છે. કવર પેજ પર છપાયેલ આશિષ ચૌહાણનો આર્ટિકલ ખૂબ ગમ્યો. એક 'સ્થિતપ્રજ્ઞ' પ્રતિભાનું દર્શન થયું. માણસ જન્મથી નહીં પરંતુ પોતાના કર્મથી સકારાત્મક વિચારથી મહાન બને તે વાત આ આર્ટિકલમાં જાણવા મળી. અમારા સહાધ્યાયી ગ્રૂપના દરેક મિત્રોને આર્ટિકલ ખૂબ જ ગમ્યો છે. તમારી આખી ટીમને ધન્યવાદ.

- કરણ પરમાર, શુભાંગી રાજ, ચિત્રસેન ગુપ્તે, જ્યોત્સના પાટીદાર (સુરત)




જુલાઈ-૨૫ના ફીલિંગ્સ મેગેઝિનમાં છપાયેલ ડો. વી.સી. ચૌહાણનો લખેલો આર્ટિકલ 'હૃદયરોગ નિદાન અને સારવારના આધુનિક આવિષ્કારો' જોરદાર લાગ્યો. આજકાલ હાર્ટ ફેલ્યોરનું પ્રમાણ ખૂબ વધ્યું છે ત્યારે ખાસ કરીને હૃદયરોગના દર્દીઓ માટે આ બધી વાત આશીર્વાદ રૂપ બનશે. થેંક્યુ ફીલિંગ્સ...

- અબ્દુલ રજાક પઠાણ, તબસ્સુમ પઠાણ (મોડાસા)

યુ.એસ.એ.ના શ્રી મનુભાઈ શાહ તથા તેમના પત્ની રીકાબેન શાહની દાનવીરતાને હૃદયથી વંદન કરું છું. ફીલિંગ્સ મેગેઝિન આ રીતે સમાજની બહુ મોટી સેવામાં નિમિત્ત બને છે તે બહુ આનંદની વાત છે. દાતાશ્રી મનુભાઈને આવી ઉત્તમ માનવસેવાની પ્રેરણા કરનાર એમના ગુરુ રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબને પણ કોટિ-કોટિ વંદન.

- સુમિત વૈરાગી, વનિતા શાહ, લતાબેન (અમદાવાદ)

ફીલિંગ્સનો જુલાઈ-૨૫નો અંક આકર્ષક તો છે જ સુંદર ફોટોગ્રાફસ, ઉત્તમ લે-આઉટ તથા ભૂલ વગરનું મુદ્રણ આંખોને ખૂબ ઠંડક આપે છે. અડધી ચા અને આખી જિંદગી રજવાડી ઠાઠમાં એ આર્ટિકલ દિમાગને તાજગી આપે તેવો છે. 'ચા' વિશેની આટલી સરસ વાતો પહેલી વખત જાણવા મળી. લેખકને ધન્યવાદ. ફીલિંગ્સને ડબલ ધન્યવાદ...

- દેવેન્દ્ર ચોકસી, પાવન મહાજન, સાધના ચોકસી (રાજકોટ)

નીલેશ માંડલેવાલા (સુરત)ની ડોનેટ લાઈફ સંસ્થાની અંગદાનની સેવા-પ્રવૃત્તિને વંદન. ધન્ય છે નીલેશભાઈને. આવી સેવાથી બીજા લોકો પણ આમાંથી પ્રેરણા લે તો ભવિષ્યમાં બહુ મોટી સમાજ સેવા થાય...

- જોન મેથ્યુ, રોબર્ટ વર્ગિસ (વલ્લભ વિદ્યાનગર)

મહિલા સન્નારી દર્શના પટેલનો ઈન્ટરવ્યૂ ખૂબ ગમ્યો. મહિલાઓ માટે તે ઉત્તમ આદર્શ ગણીએ તો જરા પણ ખોટું નથી. ફીલિંગ્સ નારી શક્તિને આ રીતે બહાર લાવે છે. તે બહુ સારી વાત છે.

- કિંજલ શાહ, અનુષ્કા પાઠક, રિદ્ધિ માંજરેકર (કચ્છ)

ફીલિંગ્સનો જુલાઈ-૨૫નો ઈસ્યુ વાંચ્યો. બિઝનેસ વુમનને પ્લેટફોર્મ આપતી અમદાવાદની સંસ્થા V-EVOLV વાળો આર્ટિકલ બહુ પાવરફુલ લાગ્યો. મહિલા સાહસિકોને આવું પ્લેટફોર્મ મળવું જોઈએ.

- મિલન જોશી, પ્રવીણ કાળે, રોમા પાટીલ (ભાવનગર)

અમે છેલ્લા ૨૭ વર્ષથી 'ફીલિંગ્સ'ને વાંચીએ છીએ. ખૂબ મજા આવે છે. જુલાઈ-૨૫નો અંક પણ સારો છે. નિખિલ ભટ્ટે લખેલો 'સોનાનો ચળકાટ ક્યાં સુધી ?' એ લેખ અમોને ગમ્યો કેમ કે સોનાના ભાવ આજે દરેક જણને દઝાડી રહ્યાં છે ત્યારે આવી વાતો ઠંડક આપે છે. આભાર.

- યુગ્મા નાણાંવટી, અપેક્ષિત મહેતા (ગોરેગાંવ, મુંબઈ)

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃધ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઈ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

Whatsapp No
+91-98253 28488

Feelings Foundation

Email
feelingsfoundation2010@gmail.com



ત્યોહારોં
કા
ઉપહાર
DISCOUNT
Up to ₹7000*
મીલ્સેંટ
80 વર્ષોનો વિશ્વાસ
MILCENT
Golden Leaves
આજે જ લઈ આવો
આપની મનપસંદ, ભારતની નં.1 ઘરઘંટી
ફક્ત ₹567* ભરીને
વધુમાં મેળવો
ICONIC TROLLEY BAG
₹6999 mrpની
(ફક્ત ₹999 વધારાનાં ભરીને)
*શરતો લાગુ, વિવિધ મોડલો ઉપર મહત્તમ ડિસ્કાઉન્ટ
ઓફર ગુજરાતનાં મર્યાદિત શહેરો માટે
oneadvt.com/08/25
સરળ હપ્તે, વગર વ્યાજે ઉપલબ્ધ BAJAJ FINSERV HDB FINANCIAL SERVICES IDFC FIRST Bank
ફૂલી ઓટોમેટીક | ISI સર્ટિફાઇડ ઇલેક્ટ્રીક મોટર | 2 પોલ મેઈન ઇલેક્ટ્રિક સ્વીચ | એર-કૂલ્ડ ગ્રાઇન્ડિંગ ચેમ્બર સાથે
ઓફર મર્યાદિત સમય માટે જ
દરેક અગ્રગણ્ય ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સીસ શો-રૂમમાં ઉપલબ્ધ
મીલ્સેંટ એક્સક્યુઝીવ શો-રૂમ, 09, ચીનુભાઈ સેન્ટર, નહેરૂબ્રીજ કોર્નર, આશ્રમ રોડ, અમદાવાદ. 9978639419, 9825072938, 079-26577957
મીલ્સેંટ શો-રૂમ- આણંદ 8238016911, 02692-235223
ઉત્તર-ગુજરાત 9879804948
રાજકોટ-જુનાગઢ 9825635324
ભાવનગર 9898209292
ખેડા - આણંદ 9925017328
વડોદરા-ભરૂચ-નર્મદા 9909014577
સુરત 9879804948
Reliance digital
Vijay Sales
croma A TATA Enterprise
જામનગર: KETAN No.1 Electronics Store 8511199120/21
મોટાભાઈ ઈલેક્ટ્રોનિક્સ વિરમગામ-સાણંદ
Since 1986 સેલ્સ કોર્નર
Sanket India આણંદ | નડિયાદ | બોરસદ | કપડવંજ | મહેસાણા | પાલનપુર | ગોધરા | જુનાગઢ | મોરબી | કેશોદ
For More Inquiry Send "Hi" on this Number : 9714057695, 8980808751 | www.nilcentappliances.com | Follow us on

'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**FEELINGS MULTIMEDIA LTD**

**USA**

**Atlanta Georgia**

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email -** khyatishah88@gmail.com

**New Jersey :** Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast) :** Vijay Shah Journalist

**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659

**U.K. :** Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

**KENYA OFFICE :**

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**

પ૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬

મો : ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ** - સુરેશ ઠક્કર - મો : ૯૮૨૫૦ ૦૮૫૭૭

**સુરત**- મો : ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો : ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો : ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.** ના નામે મોકલવો

**ઓગસ્ટ – સપ્ટેમ્બર – ૨૦૨૫**

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૬૨-૫૬૩**

**મુખ્ય કાર્યાલય**

**FEELINGS**
MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member

INS **THE INDIAN NEWSPAPER SOCIETY**

નવી દિશા - નવી ખોજ

ભારત ભાગ્ય વિધાતા

## ✍ તંત્રીસ્થાનેથી



# ભારતનો અમૃતકાળ... નવી દિશા - નવી ખોજ...

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે નવ મહિના અવકાશમાં વિતાવ્યા પછી આપેલું નિવેદન હવે વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યું છે. તેણીએ કહ્યું હતું કે, 'અવકાશમાં મેં ૨૦ દિવસ પૂરા કર્યા પછી મને એવું લાગ્યું કે ખોરાક અને પાણીની અછત વચ્ચે હું હવે કેવી રીતે જીવી શકીશ? ત્યારે મેં સનાતન ધર્મના ચૈત્ર નવરાત્રિના ઉપવાસ શરૂ કર્યા અને રામાયણ તથા ભગવદ્ગીતા વાંચવાનું શરૂ કર્યુ હતું. અવકાશમાં મોટી ઉલ્કાઓ જોઈને અમે ડરી જતા, કોઈ રસ્તો ન દેખાતો ત્યારે અમે ભગવાનને પ્રાર્થના કરી અને ચમત્કારિક રીતે પ્રકાશના કેટલાક ગોળાકાર કિરણો નીચે આવ્યા અને મોટી ઉલ્કાઓનો નાશ કર્યો.' હું માનું છું કે, શ્રીમદ્ ભગવદ્ગીતા સાચી છે. આ સનાતનની શક્તિ છે. એટલે કહી શકાય કે ભગવાને ભારતને પૃથ્વીનું મંદિર બનાવ્યું છે.

ભારતના આ અમૃતકાળને આવકારવાનો એક નમ્ર પ્રયાસ એટલે ફીલિંગ્સનો આ વાર્ષિક વિશેષાંક. જેમાં પ્રસ્તુત છે આઝાદ ભારતના આર્થિક ઘડવૈયાઓનું ભારતના વિકાસમાં યોગદાન. કરોડો લોકોને રોજગારી આપતા જાયન્ટ ઉદ્યોગ સમૂહો પણ ભારત ભાગ્ય વિધાતા બન્યા છે.

સંઘર્ષ, સાહસ અને સમર્પણના રંગોથી ભારતના ભાગ્યને ચમકાવતી સન્નારીઓ આ અંકની શોભા બની છે. એક તરફ સદીઓથી ભારતનું ભાગ્ય ઘડતી આપણી અદ્ભૂત પ્રાચીન શિક્ષણ પ્રણાલિ છે. તો બીજી તરફ સમયને પણ રોકી રાખતી ભારતીય સેનાની ગૌરવ ગાથાનું દર્શન કરતાં-કરતાં આપણાં અંતરીક્ષ વૈજ્ઞાનિકોને પણ કેમ ભૂલાય? સાથો-સાથ એ.આઈ.ની રસપ્રદ વાતોને પણ માણવા જેવી છે.

'જ્યાં ન્યાય અડીખમ છે ત્યાં ભારત અખંડ છે' એ આર્ટિકલ આ અંકનું જમા પાસું છે સાથે સનાતન સંસ્કૃતિના યશસ્વી શિલ્પકારો (સંતો-ધર્મગુરુઓ) તથા પવિત્ર તીર્થસ્થાનોનું દર્શન પણ આ અંકમાં થશે... એટલે સનાતન ધર્મ હવે નવી દિશા અને નવી ખોજનો સાક્ષી બનશે એ ચોક્કસ વાત છે.


તમામ ક્ષેત્રે હરણફાળ ભરતું ભારત આજે વર્લ્ડ રેકોર્ડની દુનિયામાં પણ ચમક્યું છે. પદ્મ પુરસ્કારના પ્રકાશમાં ભારતની ભાગ્ય વિધાતા પ્રતિભાઓને નીરખી હિન્દુસ્તાની સંગીતના વિવિધ ઘરાનાની વાતોનો આનંદ માણવા જેવો છે.

ભારતને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં શેરબજારના મહારથીઓનો ફાળો નાનો સૂનો નથી. અલબત્ત આપણાં આઈ.એ.એસ. અધિકારીઓની પ્રચંડ બુદ્ધિમત્તા અને યોગ્ય નિર્ણય શક્તિએ પણ ભારતનું ભાગ્ય બદલ્યું છે.

પ્રવર્તમાન ભારત ભાગ્ય વિધાતા આપણા વડાપ્રધાનશ્રીએ જાહેર સંબોધનમાં કહ્યું હતું કે, 'આઝાદીના શતાબ્દી વર્ષ (૨૦૪૭) સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બની જશે.'

આપ સૌ સુજ્ઞ વાચકોને ફીલિંગ્સ પરિવાર તરફથી મિચ્છામિ દુક્કડમ... જય જિનેન્દ્ર...

એડિટર


HAND LOOMED SAREES
Parwaana
By रेशमधागा
AHMEDABAD - SATELLITE I ASHRAM ROAD I RATANPOLE I NAVA VADAJ
SURAT - PARLE POINT VADODARA - OP ROAD asopalav.com I follow us on
AsoPalav®
ido-graph



■ ડૉ. આઇ.કે. વીજળીવાળા



# જો શહીદ હુએ હૈં ઉનકી જરા યાદ કરો કુરબાની

ત્રીજી મે, ૧૯૯૯ના રોજ કારગીલનું યુદ્ધ શરૂ થયું હતું. પાકિસ્તાનના નાપાક ઈરાદાઓના લીધે ફાટી નીકળેલ એ યુદ્ધ ૨૬ જુલાઈ ૧૯૯૯ના દિવસે પૂરું થયું હતું. એ વખતે આપણા ૫૨૭ બહાદુર સૈનિકોએ શહાદત વ્હોરેલી. એમાંના એક જેમને આપણે કારગીલ વોર હીરો તરીકે ઓળખીએ છીએ એ હતા કેપ્ટન વિક્રમ બત્રા. જેમને મરણોત્તર પરમવીર ચક્ર એનાયત થયો હતો.

દુશ્મનો એમને બરાબર જાણતા હતાં. એ લોકો એમની શૂટિંગ સ્કિલને પણ બરાબર જાણતા હતા. કોઈપણ બંદૂકથી અચૂક નિશાન કઈ રીતે પાર પાડવું એ બાબતના એ માહિર હતા. અને એના લીધે પાકિસ્તાની સૈનિકો એમનાથી ડરતા અને એમને શેરશાહ એટલે કે લાયન કિંગ તરીકે ઓળખતાં હતાં.

બબ્બે વખત લશ્કરમાં જોડાવા ગયેલાં અને બંને વખત રિજેક્ટ થઈને પાછાં ફરેલા એ બહાદુર સોલ્જરે આખરે પોતાની અથાગ મહેનત વડે આર્મીમાં એન્ટ્રી મેળવી જ લીધી હતી. એમને જ્યારે પોઈન્ટ ૫૧૪૧ કેપ્ચર કરવાની કામગીરી સોંપાઈ ત્યારે દુશ્મન સૈનિકો અને આપણી ટૂકડી સામસામે પથ્થરો પાછળ આવી ગયા હતાં. એ વખતે એક પાકિસ્તાની સૈનિકે બૂમ પાડેલી કે 'શેરશાહ નામ રખનેસે કોઈ શેર નહીં બન જાતા, બહાર આ!'

આપણી તરફથી કોઈએ જવાબ ન આપ્યો. ફરીથી પેલો બોલ્યો, 'હમકો માધુરી દીક્ષિત દેદો, હમ ટાઈગર હિલ છોડ દેંગે!' એ વખતે કેપ્ટન બત્રાએ જવાબ આપેલો કે, 'માધુરીજી થોડી બિઝી હૈ!' એટલું બોલીને અચાનક જ એ એમ્બુશ વચ્ચે જ પથ્થરનું રક્ષણ છોડીને ઊભા થઈ ગયા અને ધુંવાધાર ગોળીઓ છોડી, પેલા પાકિસ્તાનીઓને એકલે હાથે ઢાળી દેતા બોલેલા, 'વિથ લવ ફ્રોમ માધુરીજી!'

પોઈન્ટ ૫૧૪૧ આપણા હાથમાં આવી ગયું ત્યારે પોતાના કમાન્ડરને ફોન કરતા એમણે કહેલું કે, 'યે દિલ માંગે મોર!' (જે ૧૯૯૮નું પેપ્સીનું સ્લોગન હતું!) એ બહાદૂર નરબંકાને એ પછી મોસ્ટ ઈમ્પોર્ટન્ટ પોઈન્ટ ૪૮૭૫ ફી કરાવવાનું મિશન સોંપાયું. એમણે જોયું કે ફ્લેટ ટોપ પર રહેલા ચાર પાકિસ્તાનીઓને સામી છાતીએ મારવા સિવાય કોઈ વિકલ્પ નથી. આગળ વધતા પહેલાં એમણે પોતાના સાથીદારને એમ કહીને પાછો ધકેલેલો કે, 'તું પીછે ચલ, તું બાલ-બચ્ચેવાલા હૈ!'

પોતાના ઘાયલ સાથીને મદદ કરતી વખતે એમને છાતીમાં ગોળી વાગી અને એ પોઈન્ટ ૪૮૭૫ ફ્રી કરીને પછી શહીદ થયા. છ સૈનિકોએ એમની અર્થીને કાંધ આપી અને જ્યારે આપણો રાષ્ટ્રધ્વજ એમને ઓઢાડવામાં આવ્યો, બંદૂકો ઊંધી કરાઈ, સિનિયર ઓફિસર્સે એમના પાર્થિવ શરીર પર ફ્લાવર રેથ્સ મૂકી એમને સલામી આપી હતી, જે નરબંકા માટે આખો દેશ ગૌરવ અનુભવી રહ્યો હતો. એમના જેવા અનેક શહીદોના લોહીથી રચાયેલી રક્ષણની દીવાલમાં આપણે મુક્ત શ્વાસો લઈ શકીએ છીએ એમના માનમાં જ્યારે ૨૧ બંદૂકોની સલામી અપાઈ ત્યારે મનમાં થઈ આવ્યું હતું કે આ બધા જ છે ભારત ભાગ્ય વિધાતા!

અને એમની શાનને ચાર ચાંદ લગાવે એવી બાબત પણ જોવી જ જોઈએ. એ જ વિક્રમ બત્રાજીની પ્રેમિકા ડીમ્પલ ચીમા – જે એમને દિલથી પ્રેમ કરતી હતી. બંને કારગીલ વોર પછી લગ્ન કરી લેવાના હતા પરંતુ સ્વર્ગીય વિક્રમ બત્રાજી પાછળ લગ્ન ન કરવાનો નિર્ણય લે ત્યારે આપણને માન થઈ આવે. અને એમાંય એ પોતાના નામ સાથે 'એ વિડો ઓફ લ્યુ. વિક્રમ બત્રા! એટલે કે લ્યુ. વિક્રમ બત્રાની વિધવા' એવું લખાવે ત્યારે એમ કહેવાનું મન થઈ આવે કે આ દેશ તો નરબંકાઓથી ભરેલો છે અને એની નારી પણ સહેજેય પાછળ નથી. આવા પાત્રોએ દેશનું ભાગ્ય ઘડતર કર્યું છે. આ બધા જ આપણી આઝાદીના રક્ષકો છે અને એ બધાને કારણે જ આપણા દેશની પ્રગતિને ઊની આંચ નથી આવતી. આપણા મુક્ત શ્વાસો એમને આભારી છે. આપણે નિરાંતે સૂઈ શકીએ છીએ કારણકે ભારતના આ ભાગ્ય વિધાતાઓ, આ રક્ષકો આપણા માટે જાગે છે અને આપણા માટે પોતાના પ્રાણની આહુતિ આપે છે.

જય હિંદ – જય ભારત.

PATEL BROTHERS®

પટેલ બ્રધર્સ...છવાય ગુજરાતી, ખવાય ગુજરાતી ને ગવાય ગુજરાતી..

Patel Brothers is U.S. based grocery retail chain that focuses on flavors and foods found in the Indian sub-continent and the Middle East.

we strive to reconnect people with the familiar flavors of India.

Guarantee the best spices and freshest foods

Our mission is to bring the best ingredients from around the world, right to your doorstep.




Wide variety **Grocery & Spice** products

**North American** retail locations Found **51 locations**

**Patel Brothers**

**Patel Family's** journey to build their own business.

Groceries including dry goods, frozen items & fresh produce.

All Online orders are fulfilled ONLY at

**Patel Brothers**

2410 Army Trail Rd. Hanover Park, IL 60133 P: 630-213-2222 F: 630-213-2259

**Website : www.patelbros.com / www.patelbrothersusa.com**




■ યજ્ઞેશ આચાર્ય

# કરોડો લોકોને રોજગારી આપી રહેલા આ રહ્યાં ભારતના ભાગ્ય વિધાતાઓ



ચિરાયુ અમીન

આજે નહીં તો કાલે, ભારત ગુલામીમાંથી મુકત થવાનું જ છે તેવું દઢ પણે માનતા ઉદ્યોગ સાહસિકોએ આઝાદી પહેલાંથી ભારતમાં નાના પાયે ઉદ્યોગોના પાયા નાંખ્યા હતાં. તેની વિગતો પણ રસપ્રદ છે. વડોદરાના સ્વપ્નદષ્ટા રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભાઈલાલભાઈ ડી. અમીન સાથે એલેમ્બિકની સ્થાપના કરી હતી. આજે એલેમ્બિક રીઅલ એસ્ટેટ, ફાર્માસ્યુટિકલ્સ અને ગ્લાસવેરની ચીજવસ્તુઓના ઉત્પાદન ક્ષેત્રમાં અવ્વલ ગણાય છે. તેનું ટર્નઓવર રૂ.૨૨૦૦ કરોડે પહોંચ્યું છે. ચિરાયુ અમીન એલેમ્બિક ગૃપના ચેરમેન છે.

૧૮૯૨માં અંગ્રેજ અમલદારો માટે નાસ્તા બનાવવા માત્ર રૂ.૨૯૫થી બ્રિટીશ વેપારીઓના એક જુથે કલકત્તામાં શરૂ કરેલી બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રી લિમિટેડે એકધારી પ્રગતિ કરી ૧૯૧૦માં વેપારી ધોરણે ખાદ્યચીજો બનાવવામાં ગજું કાઢ્યું.



નુસ્લી વાડીઆ

પછીથી આ કંપનીને વાડીઆ જુથે હસ્તગત કરી હતી. નુસ્લી વાડીઆ તેના ચેરમેન છે તેની વિશ્વસનીયતા અને માંગ વધતા ૧૯૨૧માં ઈન્ડસ્ટ્રિઅલ ઓવન વસાવીને તરોતાજા ઉત્પાદન માટે જાણીતી બની ગઈ.



મનીષ તિવારી (CEO)

ઘરઘરમાં પહોંચેલી નેસલે કોફી આજે વૈશ્વિક પ્રખ્યાત બ્રાન્ડ છે. હેનરી નેસ્લેએ ૧૮૬૬માં સ્થાપેલી ગ્લોબલ કંપની નેસ્લે એસ.ની પેટાકંપની તરીકે નેસ્લે ઈન્ડિયાની સ્થાપના ૧૯૫૬માં કરવામાં આવી હતી. હેનરી નેસ્લેએ પેરેન્ટ કંપનીની સ્થાપના કરી ત્યારે ભારતમાં નેસલે ઈન્ડિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતમા આ કંપનીએ તેની પ્રથમ ઉત્પાદન સુવિધા ૧૯૬૧માં પંજાબના મોગા ખાતે નિર્માણ કરી હતી. તેના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર તરીકે મનીષ તિવારીની નિમણૂંક થઈ છે.



નીરજ બજાજ

ઈ.સ. ૧૯૨૬માં મુંબઈમાં બજાજ ગ્રુપની સ્થાપના જમનાલાલ બજાજે કરી હતી. આજે એક ભારતીય બહુરાષ્ટ્રીય સમૂહ બનેલા બજાજ જૂથમાં ૪૦ કંપનીઓ સામેલ છે. તેની મુખ્ય કંપની બજાજ ઓટો વિશ્વની ચોથી સૌથી મોટી ટુ અને થ્રી વ્હીલર ઉત્પાદક કંપની છે. આ જૂથ ઓટોમોબાઈલ્સ ઉપરાંત હોમ એપ્લાયન્સિસ, લાઈટિંગ, લોખંડ, સ્ટીલ, વીમો, મુસાફરી તથા ફાઈનાન્સ સહિતના વિવિધ ઉદ્યોગોમાં સામેલ છે.

મહુવાના બળવંતરાય પારેખે તેમના નાના ભાઈ સુશીલ પારેખની સાથે મળી આઝાદી બાદ ૧૯૫૯માં પીડીલાઈટ

ગુજરાત સરકાર





ભવિષ્ય માટે સજ્જ

# ગુજરાતના પ્રગતિશીલ ઉભરતાં ક્ષેત્રોની નવીન તકોમાં રોકાણ કરો

ગુજરાત, ઉભરતાં ક્ષેત્રોમાં સતત નવા માપદંડો સ્થાપિત કરી તેમાં અગ્રણી સ્થાન ધરાવે છે. આત્મનિર્ભર ગુજરાત યોજના, સેમિકન્ડક્ટર નીતિ, પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિ તથા પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે વેસ્ટ લેન્ડ નીતિ સહિત પ્રગતિશીલ અને મૈત્રીપૂર્ણ વ્યવસાય નીતિઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે ગુજરાત વિશ્વ સ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને દૂરંદેશી દૃષ્ટિકોણ સાથે સતત વિકાસ અને અદ્વિતીય વ્યવસાયિક કાર્યક્ષમતાને સુનિશ્ચિત કરી રહ્યું છે.

## વિવિધ ઉભરતાં ક્ષેત્રોમાં તકો



સેમિકન્ડક્ટર અને ESDM

ગ્રીન હાઇડ્રોજન



એરોસ્પેસ અને સંરક્ષણ

AI, ફિનટૅક, સાયબર સિક્યુરિટી અને IoT

હાઇ-ટૅક મૅન્યુફેક્ચરિંગ

સ્પેસ ટૅક



રમતગમત

પુનઃપ્રાપ્ય ઊર્જા



## ઊભરતાં ક્ષેત્રોમાં અગ્રણી ગુજરાત

- ધોલેરામાં **ભારતની પ્રથમ** સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન સુવિધાનું કાર્ય પ્રગતિ પર.
- **સાણંદમાં સેમિકન્ડક્ટર ATMP** અને **OSAT** પ્લાન્ટ ટૂંક સમયમાં શરૂ થશે.
- 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ વડોદરામાં ભારતીય વાયુસેના માટે **C295 એરક્રાફ્ટનું ઉત્પાદન** થશે.
- અમદાવાદમાં **ભારતની પ્રથમ લિથિયમ-આયર્ન સેલ ગીગા-ફેક્ટરી** (20 GW) શરૂ થશે.
- જામનગરમાં **ભારતની સૌપ્રથમ સોલાર ગીગા-ફેક્ટરી** શરૂ થશે.

**રોકાણ કરો ગુજરાતના ઉભરતાં ક્ષેત્રોમાં, રોકાણ કરો ઉજ્જવળ ભવિષ્યમાં**



**મધુકર પારેખ**

ઈન્ડસ્ટ્રિઝની સ્થાપના કરી હતી. તેઓ 'ફેવિકોલ મેન' તરીકે ઓળખાતા હતાં. ગુજરાતના ભરૂચ સહિત દેશના ઘણા રાજ્યોમાં તેમણે ઉત્પાદન પ્લાન્ટ સ્થાપ્યા છે. હાલ તેમના પુત્ર મધુકર પારેખ પીડીલાઈટના ચેરમેન છે. ફેવિકોલથી લઈ Mr. Fix it સુધીના ઉત્પાદનો જાણીતા છે.



**આર શેષાસાયી**

સ્વતંત્રતા પહેલા ભારતના ચાર ભાઈબંધો ચંપકલાલ ચોકસી, ચીમનલાલ ચોક્સી, સૂર્યકાંત દાણી અને અરવિંદ વકીલે એશિયન પેઈન્ટ્સની સ્થાપના ૧૯૪૨માં કરી હતી. શરૂઆતમાં એશિયન ઓઈલ એન્ડ પેઈન્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ નામ આપવામાં આવ્યું હતું. આ કંપનીએ સપાટીના કોટિંગ્સ અને લેટેક્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સરળ વિતરણ માટે તેમણે નાના પેઈન્ટ પેકેટ્સ સાથે નવીનતા લાવી અને ૧૯૫૨ સુધીમાં ૨૩ કરોડ રૂપિયાનું ટર્નઓવર હાંસલ કર્યું. ૧૯૬૭ સુધીમાં ૨૫ વર્ષ પછી એશિયન પેઈન્ટ્સ ભારતમાં સૌથી મોટી પેઈન્ટ ઉત્પાદક બની ગઈ.



**સુધીર મહેતા અને સમીર મહેતા**

વીજળી અને દવાઓના એક પ્રતિષ્ઠિત ઉદ્યોગ ગૃહ તરીકે ગુજરાતના જાણીતા ટોરેન્ટ ગ્રુપનું નેતૃત્વ કરી રહેલા સુધીર અને સમીર મહેતાએ પરિવારના ફાર્માસ્યુટિકલ વ્યવસાયને પાવર અને એનર્જીમાં વિસ્તાર્યો છે.



**કરસનભાઈ પટેલ**

નિરમાના સ્થાપક કરસનભાઈ પટેલે સાબુ અને ડિટર્જન્ટ ઉદ્યોગમાં નિરમાને એક વિશ્વસનીય બ્રાન્ડ બનાવી અને પછીથી સીમેંન્ટ અને શિક્ષણમાં વિસ્તરણ કર્યું. તેઓ સ્વબળે અને કોઠા સૂઝથી અબજોપતિ ઉદ્યોગકાર બન્યા છે.



**સવજી ધોળકિયા**

સુરતના હીરા બજારથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર સવજી ધોળકીયાએ બાદમાં હરિકૃષ્ણ એક્સપોર્ટ્સની સ્થાપના કરી હતી. તેમણે કર્મચારીઓને ભેટ તરીકે કાર અને ઘર આપીને રાષ્ટ્રીય સ્તરે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેઓને સુરતના સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિ અને ગુજરાતના સૌથી પ્રેરણાદાયી ધનિક લોકોમાંના એક તરીકે ઓળખાય છે.



**હર્ષ મારીવાલા**

ગુજરાતી વારસા સાથે હર્ષ મારીવાલાએ એક નાના તેલ વ્યવસાયને મેરિકોમાં ફેરવ્યો છે. આજે તે એક ટોચની FMCG કંપની છે. પેરાશૂટ અને સફોલા જેવી તેલની બ્રાન્ડ આજે લાખો ઘરોમાં વિશ્વસનીય બની છે.



**પંકજ પટેલ**

ગુજરાતના સૌથી ધનિક લોકોમાંના એક પંકજ પટેલના સંચાલન હેઠળની ઝાયડસ ફાર્માસ્યુટિકલ્સ ભારતની ટોચની ફાર્મા કંપનીઓમાંની એક બની છે. ઝાયડસ લાઈફ સાયન્સના ચેરમેન તરીકે તેમણે ઘણી આવશ્યક દવાઓના વિકાસમાં યોગદાન આપ્યું છે. તેમના પુત્ર શર્વિલ પટેલ મેનેજિંગ ડિરેક્ટર તરીકે તેમનો વારસો ચાલુ રાખી રહ્યાં છે.



**દિલીપ સંઘવી**

૧૯૮૩માં ગુજરાતના દિલીપ સંઘવીએ ભારતીયોને સસ્તી દવાઓ ઉપલબ્ધ બને તે હેતુથી સન ફાર્માની સ્થાપના કરી હતી. આજે તે ભારતની સૌથી મોટી ફાર્મા કંપની છે. તેઓની ગણના ગુજરાતના સૌથી આદરણીય ઉદ્યોગપતિ તરીકે થાય છે. આરોગ્યસંભાળ ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકોને તેમના થકી પ્રેરણા મળે છે.

પ્રસિદ્ધિથી દૂર રહેતા એક નાના રોકાણકારમાંથી ઉદ્યોગસાહસિક બનેલા રાધાકિશન દામાણીએ ભારતની સૌથી સફળ રિટેલ ચેઈન ડીમાર્ટની સ્થાપના કરી છે. ગુજરાતી પૃષ્ઠભૂમિ ધરાવતા, તેઓ તેમના લો-પ્રોફાઇલ જીવન અને સ્માર્ટ બિઝનેસમેન તરીકે પ્રખ્યાત છે. તેઓને ગુજરાતના ધનિક લોકોમાંના એક ગણવામાં આવે છે. ફી

JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE

35 Years Of Trust

# પેટની તકલીફોનો ઈલાજ
## હોસ્પિટલ માત્ર જીવરાજ



અન્નનળી, પેટ, આંતરડા, લીવર, પેનક્રિયાઝ, પિત્તાશય, સારંગ ગાંઠ, કેન્સર ગાંઠ, અને પાચનતંત્રને લગતા તમામ રોગોનું નિદાન અને સારવાર

## શા માટે જીવરાજ?

- એડવાન્સ એન્ડોસ્કોપી તથા કોલોનોસ્કોપી
- 3D લેપ્રોસ્કોપી ટેકનોલોજી
- ERCP દ્વારા પિત્તાશય અને પિત્ત નળીઓની સમસ્યાઓનું અદ્યતન ઉપચાર
- G.I. બ્લીડિંગ માટે તાત્કાલિક સારવાર
- આધુનિક ઓપરેશન થિયેટરની સુવિધા
- અનુભવી ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ અને ગેસ્ટ્રો સર્જનની ટીમ
- કેશલેસ ફેસીલીટી*

NABH NABL

OPD: Mon to Sat, 9AM to 5PM | For Appointment, Call +91 63571 88191

079 2663 6363 | jivrajhealthcare.org | info@jivrajhealthcare.org

Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 | Follow us on:

24/7 EMERGENCY SERVICES





■ કેતન નાણાવટી


# આઝાદ ભારતના આર્થિક ઘડવૈયા

આ ૧૫મી ઓગસ્ટે વિશ્વના ચોથા સૌથી મોટા એવાં અર્થતંત્ર ભારતે તેનો ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો. ભારતને આઝાદી અડધી રાત્રે મળી હતી પરંતુ રાતોરાત નહોતી મળી. આઝાદીની લડત લગભગ ૯૦ વર્ષ (૧૮૫૭થી ૧૯૪૭) ચાલી હતી. દુનિયા સાક્ષી છે કે કોઈપણ રાજકીય ચળવળને લક્ષ્મીદેવીની કૃપા વગર સફળતા મળવી અસંભવ છે.


૧૮૫૭થી ૧૮૮૫ને ભારતની આઝાદીની લડતનું પ્રથમ ચરણ ગણીએ તો એ વખતે ભારતમાં માત્ર ત્રણ મુખ્ય ઉદ્યોગો હતાં: કાપડ, જહાજ નિર્માણ અને હસ્તકલા ઉદ્યોગ. પ્રમુખ ઉદ્યોગપતિઓ હતાં દ્વારકા નાથ ટાગોર, જમશેદજી ટાટા, દિનશા પેટીટ વગેરે.

હાલ ટ્રમ્પનું જે ટેરિફ શસ્ત્ર છે તે સમયે ભારત સામે અંગ્રેજો વાપરતા હતાં. ઈંગ્લેન્ડથી ભારતમાં આવતા માલ સામે ઝીરો ટેરિફ જ્યારે ભારત જે સામાન બહાર મોકલતું તેની ઉપર હેવી ટેરિફ લાદવામાં આવ્યા હતાં. ભારતીય ઉદ્યોગપતિઓએ અંગ્રેજોની આ અન્યાયકારી ઉદ્યોગનીતિઓ સામે બહાદુરીપૂર્વક ઝીંક ઝીલીને ઉદ્યોગોની સ્થાપના કરી. ભારતીયોને ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ કરાવ્યું અને રોજીરોટી આપી આત્મનિર્ભર કર્યા. સમજો કે ભવિષ્યના ભારતનો પાયો નાંખવાનું કામ કર્યું.

**ભારતીય ઉદ્યોગપતિઓને સમજાઈ ગયું હતું કે આર્થિક સ્વતંત્રતા વગરની રાજકીય સ્વતંત્રતાનું કોઈ મહત્વ નથી માટે તેમણે સહકારી પ્રવૃત્તિઓ અને તેની મદદથી નાણાકીય ભંડોળ એકત્રિત કરવા ઉપર નજર દોડાવી. ૧૮૯૪માં લાલા લજપતરાયએ અન્ય ઉદ્યોગપતિઓ સાથે મળીને 'પંજાબ નેશનલ બેંક'ની સ્થાપના કરી. ૧૯૦૬માં સુબ્બારાવ પાઈ અને અન્ય ઉદ્યોગપતિઓએ ભેગા થઈને 'કેનેરા બેન્ક'ની સ્થાપના કરી. ૧૯૦૮માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ અન્ય ઉદ્યોગપતિ મિત્રો સાથે મળી 'બેંક ઓફ બરોડા'ની સ્થાપના કરી. ૧૯૧૫માં ટાટાએ ભારતમાં સૌપ્રથમ હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટની સ્થાપના કરી મુંબઈને પ્રકાશિત કરી.**



**દ્વારકાનાથ ટાગોરે** ૧૮૨૨માં ઓરિએન્ટલ લાઈફ એસ્યોરન્સ, ૧૮૨૮માં યુનિયન બેન્ક અને ૧૮૪૫માં વેસ્ટર્ન બેંગોલ રેલવે કંપનીની સ્થાપના કરી. ગળી, અફીણ, કોલસો, ચા અને વહાણવટાના વેપારમાં એ કરોડો કમાયા. તેમણે ભારતમાં સૌપ્રથમ હિન્દુ કોલેજ અને કલકત્તામાં મેડિકલ કોલેજની સ્થાપના કરી. ભારતીયોને ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ કરાવ્યું.



**જમશેદજી ટાટા** એ ભારતની કરોડરજ્જુ ઊભી કરવામાં જેનું અગત્યનું સ્થાન હોઈ શકે તેવા સ્ટીલ ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. વિશ્વના લોકો ભારતમાં આવે અને તેમનું ધ્યાન ભારત તરફ ખેંચાય એ માટે એમણે ભારતની સૌપ્રથમ પંચતારક 'હોટલ તાજ' શરૂ કરી. હજુ આગળ એમના દ્વારા બે મોટા કામ થવાના બાકી હતાં. એ હતા 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ' અને જમશેદપુર નગરની સ્થાપના.



**દિનશા માણેકજી પેટીટે** ૧૮૫૮માં સૌપ્રથમ ટેક્સટાઈલ મિલ શરૂ કરી. ટેક્સટાઈલ મિલમાં શાળા પદ્ધતિ શરૂ કરનાર તે પહેલા ઉદ્યોગપતિ હતાં.

૧૮૮૬થી ૧૯૧૯ને આઝાદીની લડતનો બીજો તબક્કો ગણીએ તો એવું કહી શકાય કે ભારતની તકદીરે તેની કરવટ બદલવાનું નક્કી કર્યું હતું. ૧૮૮૬માં 'ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ'ની સ્થાપના થઈ.

૧૯૦૫માં શરૂ થયેલી સ્વદેશી ચળવળ ૧૯૧૧ સુધી ચાલી. ૧૯૦૬માં દાદાભાઈએ કરેલી સ્વરાજની માંગણી અને પછી વિદેશી વસ્તુઓનો બહિષ્કાર આ તમામ પરિસ્થિતિઓએ ભારતીય ઉદ્યોગ માટે સાનુકૂળ વાતાવરણ અને તકો બંનેનું નિર્માણ કર્યું.

હવે શરૂ થાય છે ભારતની આઝાદીનો અંતિમ તબક્કો એટલે કે ૧૯૧૯થી ૧૯૪૭... એન્ડ હિઅર એન્ટર્સ મિસ્ટર એમ. કે. ગાંધી. ગાંધીજી વકીલ, સાહિત્યકાર, સોશિયલ એન્જિનિયર, નેચરોપથિસ્ટ બધું હતા છતાં આપણે એ ભૂલવું ના જોઈએ કે તે સૌપ્રથમ વાણિયા વેપારી હતાં. એમણે એમની સમગ્ર મજલ દરમિયાન હુકમચંદ શેઠ, જી.આર.ડી. ટાટા, અરદેસર ગોદરેજ, ઘનશ્યામદાસ બિરલા અને જમનાલાલ બજાજ જેવા ઉદ્યોગપતિઓને હંમેશાં પોતાની પડખે રાખ્યા.




**હુકમચંદ શેઠ** તો 'કોટન પ્રિન્સ ઓફ ઈન્ડિયા' અને 'સ્વદેશી ઉદ્યોગોના અગ્રણી' ગણાતા હતાં. તેઓ સોના, ચાંદી, અફીણ, તેલિબીયા, અનાજ અને ઈસપાત વગેરેના વેપારમાંથી કરોડો કમાયા હતાં. તેમાંથી તેમણે લગભગ એકાદ કરોડ દાન આઝાદીની ચળવળમાં આપ્યું હતું.



**ઘનશ્યામદાસ બિરલા** ગાંધીજી સાથે અંગત સંબંધ ધરાવતા હતા અને ગાંધી, નેહરુ, સરદારની ખાનગી ચર્ચાઓમાં પણ અગત્યના ભાગીદાર તરીકે સાથે બેસતા હતાં. ભારતના પ્રતિનિધિ તરીકે ગાંધીજી સાથે બે ગોળમેજી પરિષદમાં લંડન ગયા હતાં.



**ઉદ્યોગપતિ જમનાલાલ બજાજ** અસહકાર આંદોલનમાં અગ્રણી તરીકે ઉપસી આવ્યા હતા. ૧૯૩૦માં મીઠાનો સત્યાગ્રહ, દલિત કલ્યાણ યોજનાઓ, ગાંધી સેવા સંઘની સ્થાપના, વર્ધામાં મહિલા આશ્રમની સ્થાપના, અજમેરમાં મહિલા શિક્ષણ સદનની સ્થાપના. આ તમામમાં તેમણે માત્ર આર્થિક સહયોગ આપ્યો હતો એવું ન હતું. તેઓએ સક્રિય રીતે તેની સ્થાપના અને સંચાલનમાં ભાગ ભજવ્યો હતો.



આ સમય દરમિયાન **ટાટા ફેમિલીના રતનજી ટાટાએ** સ્વદેશી ચળવળને સહકાર આપવા માટે સ્પિનિંગ મિલોમાં વપરાતા એક લાખ સ્પિંન્ડલ્સ સપ્લાય કર્યા હતાં.



જ્યારે **અરદેસર ગોદરેજે** પોતાની કમાણીનો મોટો ભાગ તિલક સ્વરાજ ફંડમાં દાનરૂપે આપી દીધો હતો તે પણ નોંધવું રહ્યું. આ સમય દરમિયાન અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ અને ભારત છોડો જેવા પ્રમુખ જનઆંદોલનો થયા જેના પ્રતાપે હિન્દુસ્તાનના કપાળ ઉપર આઝાદી નામની લકીર ખેંચાઈ.

**- લાઈસન્સ રાજ**

આઝાદી બાદ ભારતમાં કોંગ્રેસની સરકાર બની. ભારતે મૂડીવાદ નહીં પરંતુ સમાજવાદનો રસ્તો અપનાવ્યો. મુખ્ય હેતુ હતો સર્વ સમાજનો ઉદય. આ હેતુને પાર પાડવા માટે સરકારે સૌપ્રથમ ૧૯૪૮માં ઔદ્યોગિક નીતિનો ઠરાવ પસાર કર્યો જે મુજબ ભારતના ઉદ્યોગોને ત્રણ અનુસૂચિમાં વહેંચી નાખવામાં આવ્યા. અનુસૂચિ 'એ' એટલે કે માત્ર સરકાર જ કરી શકે તેવા વ્યાપાર. અનુસૂચિ 'બી' એટલે સરકાર અને ખાનગી કંપનીઓ બંને ભેગા થઈને કરે તે વ્યાપાર. પણ તેમાં સરકાર મુખ્ય સ્ટેક હોલ્ડર હોય અને અનુસૂચિ 'સી' એટલે કે એવા ઉદ્યોગો જે માત્ર ખાનગી કંપનીઓ હસ્તક હોય. અનુસૂચિ 'સી' હેઠળના તમામ ઉદ્યોગો માટે સરકારે લાઈસન્સ એટલે કે પરમિટ ફરજિયાત કરી. ઉદ્યોગો શરૂ કરવાં, વિસ્તરણ કરવું અને તેનું સંચાલન કરવું તમામ માટે સરકારની પરવાનગી લેવાનો હઠાગ્રહ હતો. સરકાર પરવાના દ્વારા ઉદ્યોગો ઉપર પોતાનો અંકુશ રાખવા માગતી હતી.

સરકારનો હેતુ હતો કે ઔદ્યોગિકરણને પ્રોત્સાહન મળે અને ઉપેક્ષિત રાજ્યોનો પણ વિકાસ થાય. પરંતુ




આ સિસ્ટમમાં પરવાનો આપવાની સત્તા સરકારના હાથમાં અને સરકારી અમલદારોના હાથમાં હોવાથી લાંચ રૂશવત વધી. ઉદ્યોગ સાહસિકો વિદેશથી જે માલ સામાન મંગાવતા તેની ઉપર ઊંચો કર વસૂલવામાં આવતો. સ્થાનિક ઉદ્યોગોને રક્ષણ આપવા માટે અમુક પ્રોડક્ટસની ઈમ્પોર્ટ પર પ્રતિબંધ લાદવામાં આવ્યા. આ તમામની અસર અવળી થઈ. ઉદ્યોગો ખીલવાના બદલે ગૂંગળાઈ ગયા. સ્પર્ધા નહીં હોવાને કારણે ભારતીય ગ્રાહકોને માથે હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ થોપવામાં આવી. આ તમામ કપરા સંજોગોમાં પણ આઝાદી વખતે જે લોકોએ નેશનલ કોંગ્રેસની મદદ કરી હતી તે પરિવારોને ફાયદો થયો.

આઝાદી વખતે ભારત પાસે માત્ર બે ચાર ગણ્યા ગાંઠ્યા ઉદ્યોગો હતા કોટન, જૂટ, આયર્ન અને સ્ટીલ.


બિરલા પરિવારનો આઝાદી પહેલાનો મુખ્ય વેપાર હતો કોટન, જૂટનું ટ્રેડિંગ અને એલ્યુમિનિયમ તથા સિમેન્ટનું ઉત્પાદન. આઝાદીબાદ પરિવારે તેમના ટેક્સટાઈલ બિઝનેસને ૧૯૪૮માં 'ગ્રાસિમ' નામ હેઠળ તેમના મેટલ બિઝનેસને ૧૯૫૮માં 'હિંદાલ્કો' નામ નીચે એકત્રિત કર્યા અને સિમેન્ટ તથા ઓટોમોબાઈલમાં પણ વિસ્તરણ કર્યું.

ટાટા પરિવારની ધૂરા ૫૦ વર્ષ સુધી રતનજી ટાટા (જે.આર.ડી. ટાટા)ના હાથમાં રહી. આઝાદી પહેલા તેઓ મિલ્સ, સ્ટીલ, પાવર જનરેશન અને હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં હતાં. આઝાદી બાદ તેમણે ઉડ્ડયન ક્ષેત્રમાં (ટાટા એરલાઈન્સ), એન્જિનિયરિંગ અને ઓટો મોબાઈલ ક્ષેત્રમાં (ટાટા મોટર્સ), નમક ઉત્પાદનમાં (ટાટા સોલ્ટ) અને ઘડિયાળ ઉત્પાદનમાં (ટાઈટન) ઝંપલાવ્યું.

ગોદરેજ પરિવાર આઝાદી બાદ બે જૂથમાં વહેંચાઈ ગયો. ગોદરેજ ફાઈનાન્સિયલ સર્વિસીસ, ગોદરેજ એરોસ્પેસ, ગોદરેજ સિક્યુરિટી (તાળાં) વગેરે મુખ્ય રહ્યાં.



આ તમામ વચ્ચે ત્રણ નવા નામ ભારતીય ઉદ્યોગના આકાશમાં ચમકી ઉઠયાં. જેમાં પહેલું નામ હતું **ધીરુભાઈ અંબાણી.** ટેક્સટાઈલના ટ્રેડિંગમાંથી તેમણે પેટ્રોકેમિકલ જેવા નવા ઉદ્યોગમાં પદાર્પણ કર્યુ.



બીજું નામ છે **શ્રીરામ પરિવાર.** શ્રીરામ પરિવારના લાલા શ્રીરામે ટેક્સટાઇલ ઉદ્યોગ અને ખાંડ ઉદ્યોગથી શરૂ કર્યું. આઝાદી બાદ તેઓએ કેમિકલ, ફર્ટિલાઈઝર, ઓટો, સિમેન્ટ, ફાઈનાન્સ અને ઈન્સ્યોરન્સ સેક્ટર સુધી વિસ્તરણ કર્યું.

ગાંધીજીની કર્મભૂમિ અમદાવાદ હતી અને અમદાવાદની ભૂમિ ઉપર ટેક્સટાઇલ ઈન્ડસ્ટ્રી સોળે કળાએ ખીલી હતી. આમાં એક ઉદ્યોગપતિનું નામ બુલંદ રીતે ઉપસી આવ્યું કસ્તુરભાઈ લાલભાઈ. લાલભાઈના પિતા દલપતભાઈ પણ કોટન ઈન્ડસ્ટ્રીમાં જાણીતું નામ હતા. કસ્તુરભાઈએ અમદાવાદમાં સાત મિલ્સની સ્થાપના કરી અને એમના પિતા દ્વારા સ્થાપવામાં આવેલી મિલોનું પણ તેઓ સંચાલન કરતા હતાં.



અમદાવાદમાં જ એક બીજા ટેકસટાઈલ ટાઈકૂન હતાં અંબાલાલ સારાભાઈ. અંબાલાલ સારાભાઈના પુત્ર **વિક્રમ સારાભાઈ**એ વડીલ કસ્તુરભાઈ સાથે મળીને બંને પરિવારોના પૈસાનું ભારતના નિર્માણમાં રોકાણ કર્યું. આ જુગલબંધીએ નવભારતના પાયા નાખી અમદાવાદને વિશ્વના નકશા ઉપર મૂકી દીધું. આ બેલડીએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી નામની સંસ્થા ઊભી કરી જેના ઉપક્રમે તેમણે અમદાવાદમાં વિજ્ઞાન કોલેજ, વાણિજ્ય કોલેજ, ફાર્મસી કોલેજ, એન્જિનિયરિંગ કોલેજ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે કાર્યરત ઈસરો, પર્યાવરણીય આયોજન માટે સેપ્ટ, વ્યવસ્થાપન, પ્રબંધન શીખવવવા આઈ.આઈ.એમ., કળાના વિકાસ માટે અમદાવાદની ગુફા, ટેક્સટાઈલ રીસર્ચ માટે અટીરા જેવી આધુનિક ભારતના ગર્ભને ઉછેરનારી સંસ્થાઓ સ્થાપી.

### - સમૃદ્ધ ભારતના શિલ્પીઓ

ભારતના ઔદ્યોગિક વિકાસના ઈતિહાસમાં ૧૯૯૧નું વર્ષ સુવર્ણ અક્ષરોમાં લખાશે કારણકે એ વર્ષે ભારતમાંથી લાઈસન્સ રાજ નાબૂદ કરવામાં આવ્યું હતું અને ભારતે આર્થિક ઉદારીકરણનો રાહ પકડી વિદેશી રોકાણકારો માટે ભારતના દરવાજા ખોલ્યા હતાં. પડદા પાછળની હકીકત એ હતી કે મિત્ર રાષ્ટ્ર સોવિયેત યુનિયન (રશિયા)નું તૂટવું, અખાતી દેશો યુદ્ધગ્રસ્ત થવાથી વધેલા તેલના ભાવ, ઘણા બધા વૈશ્વિક કારણોને લીધે તે વર્ષે ભારતનો વિદેશી હૂંડિયામણનો ભંડાર ભયજનક સ્તરે ઘટી ગયો હતો અને દેશનું સોનું પણ ગીરવે મૂકવું પડ્યું હતું. ભારતે બાકી ચૂકવણાં માટે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અને વિશ્વ બેંકની સામે લોનનો પ્રસ્તાવ મૂક્યો અને આ સંસ્થાઓએ નાણાકીય સહાયની સામે ભારતીય ઉદ્યોગનીતિમાં સુધારા સૂચવી ભારતને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણ અપનાવવાની ફરજ પાડી.

એ સમયે આ શરતો આફત જેવી લાગતી હતી જે પાછળથી રાહત સાબિત થઈ. ઈમ્પોર્ટ ટેરિફ ઘટાડવાથી, ખાનગી ઉદ્યોગો ઉપરની સરકારી પકડ ઓછી કરવાથી અને કરમાળખું હળવું કરવાથી ભારતમાં પેપ્સીકો, આઈ.બી.એમ, કોકા કોલા, જનરલ મોટર્સ, ફોર્ડ મોટર્સ, માઈક્રોસોફ્ટ, એચ.પી., સોની, સેમસંગ જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓ પ્રવેશી. ૧૯૯૧થી ૨૦૦૫ માત્ર દોઢ દાયકામાં ભારતમાં વિદેશી રોકાણ ૩૧૬% વધ્યું. ૧૯૯૧ પહેલાં ભારતનો જી.ડી.પી. જે ૩% થી ૪% હતો તે ૬% થી ૭% સુધી પહોંચી ગયો અને આ હતી જ્ઞાન આધારિત અર્થતંત્રની કમાલ!

### આવો જોઈએ આધુનિક ભારતના શિલ્પીઓ કોણ કોણ અને કયા ક્ષેત્રમાંથી પ્રગટ થયાં?

૧૯૯૧ પહેલા સફળ થયેલા ત્રણ પરિવારોનું આધિપત્ય તો ચાલુ જ રહે છે જેમાં અંબાણી પરિવાર, ટાટા પરિવાર અને બિરલા પરિવાર મુખ્ય છે.

અંબાણી પરિવારની ધુરા **મુકેશ અંબાણી** સંભાળે છે અને પેટ્રો કેમિકલથી આગળ વધી 'રિલાયન્સ ઈન્ફોકોમ'ની સ્થાપના કરે છે જે આગળ જતાં 'રિલાયન્સ





# PRAKASH
Chemicals Agencies
www.pcaplindia.com

ISO 9001 : 2015 QMS Certified





# delivering trust to the world of chemistry



Largest Supplier of
## Sodium Citrate
(Contract manufacturing)

## One-stop solution of speciality chemicals for last 60 years

| | |
|---|---|
| Wide range and in-depth knowledge of chemical products | Efficient transport & logistics and customized solutions |
| Excellent value added services | Competitive costs |
| Over 2000 customers | More than 200 products |

## SECTORS SERVED
**Chemical Synthesis • Food & Beverages • Pharmaceuticals**
**Paint, Ink & Coatings • Flexible Packaging • Cosmetics**
**Water Treatment • Personal Care & Detergents**

### GACL
- Aluminium Chloride
- Benzaldehyde
- Benzyl Alcohol
- Benzyl Chloride
- Bleaching Powder
- Caustic Potash
- Caustic Soda
- Chloroform
- Chlorinated Paraffin Wax
- Hydrogen Peroxide
- HCL
- Methylene Chloride
- Phosphoric Acid
- Poly Aluminium Chloride
- Potassium Carbonate


### GNFC
- Acetic Acid
- Formic Acid
- Ethyl Acetate
- Technical Urea

### OPaL
- HDPE
- LLDPE
- PP

### IMPORTED PRODUCTS
- Acesulfame - K
- Acrylic Acid
- Ascorbic Acid
- Butyl Acrylate
- Citric Acid
- DCDA
- DMF
- Ethyl Acrylate
- Guar Gum
- Insoluble Saccharine
- Phosphoric Acid FG
- PG
- Oxalic Acid
- Soda Ash
- Sodium Benzoate
- Sodium Bicarbonate
- Sodium Citrate
- Sorbitol
- STPP
- Xanthan Gum


## Prakash Chemicals Agencies Pvt. Ltd.
Prakash House, 39/40, Krishna Industrial Estate, Opp. BIDC Gorwa, Vadodara - 390 016, Gujarat, INDIA.
+91 265 612 6000 · +91 265 612 6198 · +91 7874 445 025 · pcapl@prakashchemicals.com

Branch Offices & Warehouses - Ahmedabad • Baroda • Chennai • Mumbai • Surat



જીઓ ઈન્ફો કંપની' બની ઈન્ટરનેટની દુનિયામાં તહેલકો મચાવે છે અને પછી 'હોટસ્ટાર' સાથે મળીને 'જીઓ હોટસ્ટાર' નામે એન્ટરટેઈનમેન્ટની દુનિયામાં પ્રવેશ કરે છે. અંબાણી પરિવાર રમતગમતના ક્ષેત્રમાં પ્રવેશી ક્રિકેટ તેમજ ફૂટબોલના પ્રચાર પ્રસારમાં પોતાનું રોકાણ કરે છે.

ટાટા પરિવારની કમાન ૧૯૯૧માં રતન ટાટા હસ્તક આવે છે અને કંપની 'ટાટા ટેલી સર્વિસીસ' નામથી સંદેશા વ્યવહારના ક્ષેત્રમાં પગરણ કરે છે. ત્યારબાદ 'ટાટા એ.આઈ.જી.' નામે ઈન્સ્યોરન્સ સેક્ટર 'ટાટા તનિષ્ક' નામે જ્વેલરી સેક્ટર, 'ટાટા ટી' નામે ચા ઉત્પાદન વગેરે નવા ક્ષેત્રોમાં રોકાણ કરે છે પરંતુ સૌથી અગત્યનું એક પગલું છે 'ટાટા ઈન્ડિકા' નામે પેસેન્જર વ્હીકલની શરૂઆત. ટાટાએ ભારતમાં પોતાના પગ સ્થિર રાખી પાંખો વિશ્વ કક્ષાએ ફેલાવવાનું શરૂ કર્યું તેના ઉપક્રમે તેમણે કોરસ, દેઅવું, ટૈટલી ટી અને ફોર્ડ મોટર્સ પાસેથી જગુઆર અને લેન્ડ રોવર યુનિટ ખરીદી લીધા. જાયન્ટ કંપનીઓની ખરીદીએ વિશ્વકક્ષાએ ભારતીય ઉદ્યોગોની છાપ છોડી.



બિરલા પરિવારે **આદિત્ય બિરલા** અને તેમના પુત્ર કુમાર મંગલમના વડપણ હેઠળ ટેલિકોમ ક્ષેત્રમાં 'આઈડિયા' નામથી, ફાઈનાન્સના ક્ષેત્રમાં 'બિરલા સન લાઈફ'ના નામથી અને ફેશન ક્ષેત્રમાં 'એલન સોલી', 'લુઇ ફીલીપ' અને 'પીટર ઈંગ્લેન્ડ' જેવી બ્રાન્ડથી વિસ્તરણ કર્યું.

અંબાણી, ટાટા કે બિરલા પરિવારની સાથે એક નવું નામ મહિન્દ્રાનું પણ ઉમેરવું પડે.



આઝાદી બાદ અસ્તિત્વમાં આવેલું **'મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા'** ગ્રૂપ મુખ્યત્વે સ્ટીલ ટ્રેડર્સ હતાં. તેમાંથી સ્ટીલ અને ટ્રેક્ટર્સના ઉત્પાદન તરફ વળ્યા અને ૧૯૮૪માં રાજીવ ગાંધીએ પ્રસ્તાવિત કરેલી નવી કમ્પ્યૂટર નીતિ હેઠળ બ્રિટિશ ટેલિકોમ સાથે પાર્ટનરશિપ કરી આઈ.ટી. ક્ષેત્રમાં પ્રવેશ્યા. કંપનીનું સુકાન નવી પેઢીના આનંદ મહેન્દ્રના હાથમાં આવતાં કંપનીએ બાંધકામના સાધનો, ખેતીના સાધનો, ઉપરાંત એરોસ્પેસ, વીજ ઉત્પાદન, લોજિસ્ટિક્સ, ફાઈનાન્સ, ઈન્સ્યોરન્સ જેવાં નવા ક્ષેત્રોમાં પણ પોતાની હાજરી નોંધાવી.



આ તમામ જૂના જોગીઓ સામે ભારતીય ઉદ્યોગના આકાશમાં છેલ્લા બે દશકમાં એક નામ ઉપસી આવ્યું એ છે અદાણી, જેના સારથિ છે **ગૌતમ અદાણી**. તેમના પિતા કાપડના એક સામાન્ય વેપારી હતા. તેમણે તેમના ભાઈ સાથે મળી પ્લાસ્ટિક ઉદ્યોગમાં શરૂઆત કરી ત્યારબાદ 'અદાણી ગ્રૂપ'ના નેજા હેઠળ બંદરોનો વિકાસ, એરપોર્ટ સંચાલન, કૃષિ, ખેતપેદાશ, કાપડ, ઉર્જા વગેરે ક્ષેત્રોમાં વિસ્તરણ કર્યું. અદાણીએ ઓસ્ટ્રેલિયામાં કોલ માઈનીંગથી વિશ્વ કક્ષાએ હાજરી નોંધાવી. 'અદાણી ગ્રીન'ના નામે સોલાર એનર્જી અને 'અંબુજા સિમેન્ટ' તથા 'એ.સી.સી. સિમેન્ટ' ખરીદી સિમેન્ટ ઉત્પાદનમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું. એન.ડી.ટી.વી.માં સૌથી મોટા શેર હોલ્ડર બની માસ મીડિયા ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો.

૧૯૮૪માં રાજીવ ગાંધીએ સામ પિત્રોડા સાથે મળી નવી કમ્પ્યૂટર નીતિ દાખલ કરી હતી. આ નીતિ અનુસાર ટેકનોલોજી પરનાં આયાત નિયંત્રણો હળવાં થયાં હતા જેનાથી ડિજિટલાઈઝેશન, ટેલિકોમ્યુનિકેશન, ઓટોમોબાઈલ, સોફ્ટવેર ઉદ્યોગ ક્ષેત્રની વૃદ્ધિ ઝડપી બની હતી.

આ નીતિને લીધે ઉદ્યોગની શીશીમાંથી 'ઈન્ફોર્મેશન ટેકનોલોજી'નું જીન બહાર આવ્યું જે નવા ભારતના નિર્માણમાં નામચીન નીવડ્યું. તેણે સેવા ક્ષેત્રમાં ભારતનો ડંકો વગાડી દીધો.
આ ક્ષેત્રમાં અગ્રણી કંપનીઓ હતી...



**એચ. સી.એલ.** જેને શિવ નાદરે ૧૯૭૬માં એક હાર્ડવેર ટેકનોલોજી કંપની તરીકે શરૂ કરી હતી. ત્યારબાદ તે આઈ.ટી. ક્ષેત્રની તમામ સર્વિસીસ પૂરી પાડતી કંપની બની.



એ જ રીતે **અઝીમ પ્રેમજી**એ ૮૦ના દશકમાં સોફ્ટવેર અને હાર્ડવેર બનાવવાથી શરૂ કરેલી વિપ્રો કંપની ૯૦ના દશકમાં અગ્રણી સોફ્ટવેર કંપની બની ગઈ. એક સમયે અઝીમ પ્રેમજી સૌથી ધનિક ભારતીય વ્યક્તિઓની યાદીમાં બીજા સ્થાને બિરાજમાન હતા.



# Amerikan Steels Pvt. Ltd.

AN ISO 9001: 2015 CERTIFIED COMPANY

## Business house of Mild Steel & Stainless Steel Raw Materials

Associated with leading steel producers of India including
SAIL/ AMNS / Vizag / JSW / JSPL / ET / Arcelor Mittal / Tata / Uttam.

Dealing in entire range of steel products under one roof
with more than 1500+ corporates.

We deal in Mild Steel Sheets, plates, Cr sheets,
Hr sheets, G I sheets (Plain/Corrugated),
PPGI, PPGL, chequered plates, BQ plates and entire Structural Steel items.

TMT bars, CRS Bars, Epoxy Quoted bars as per
IS 1786 Fe 415, Fe 500 & Fe 500 D.
( Main & Secondary Producers)

We deal in Cement OPC / PSC Grade in Bags / Bulk form

Cement : UltraTech Cement Ltd.

---

We have stock of all materials at our Vadodara warehouse



MS Sheets / Plates



Structural Steel



TMT Bars



Stainless Steel Plates

Powered by Imagine

Office : 403, 4th Floor, Iscon Atria-1, Gotri Road, Vadodara - 390021

steel@amerikansteels.com   0265-2477100, 2477142   www.amerikansteels.com



૧૯૮૧માં **નારાયણ મૂર્તિ** દ્વારા શરૂ કરવામાં આવેલી ઈન્ફોસિસ આજે દુનિયાના ૫૯ દેશોમાં અતિ આધુનિક ડિજિટલ સર્વિસિસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીને લગતી તમામ સેવાઓ પૂરી પાડે છે.

નવા ભારતમાં 'આઉટ ઓફ ધ બોક્સ' વિચારનારા ઉદય કોટક, કિરણ મજમુદાર, ફાલ્ગુની નાયર, સમીર બંસલ અને બીની બંસલને પણ અહીં નોંધવા પડે એવી માતબર સફળતા તેઓએ પ્રાપ્ત કરી છે.



કોટક પરિવાર સામાન્ય રીતે કોટન ટ્રેડિંગ સાથે સંકળાયેલો હતો. **ઉદય કોટકે** સ્ટોક બ્રોકિંગ, ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ, કાર ફાઈનાન્સ શરૂ કર્યું હતું અને ત્યારબાદ ૨૦૦૩માં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ તેમને બેન્કિંગ લાઇસન્સ આપતાં અને આનંદ મહિન્દ્રાએ કોટકમાં રોકાણ કરતાં કંપની 'કોટક મહિન્દ્રા' બેંકના નામે બેન્કિંગ સેક્ટરમાં પ્રવેશી હતી. આજે કંપનીએ જીવન વીમા અને મ્યુચ્યુઅલ ફંડમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે.



બીજું નામ છે 'બાયોકોન લિમિટેડ'ના **કિરણ મઝુમદાર**નું જેમણે ઉચ્ચ ગુણવત્તાવાળી પરંતુ સામાન્ય માણસને પણ પોસાય તેવી ઈન્સ્યુલિન અને કેન્સરની દવાઓની બનાવટમાં હથોટી પ્રાપ્ત કરી. આજે દુનિયાના ૩૦ દેશોમાં તે પોતાની ઉચ્ચ ગુણવત્તા યુક્ત દવાઓ વેચે છે.



બીજા સ્ત્રી ઉદ્યોગ સાહસિક છે બ્યૂટી અને લાઈફ સ્ટાઈલ ક્ષેત્રના **ફાલ્ગુની નાયર.** જે કોટક મહિન્દ્ર બેન્કના કર્મચારી હતા પરંતુ નવા ભારતના નવા સ્ટાર્ટઅપ માટેની જે નીતિ, જે વાતાવરણ અને જે તકો હતી તેનો લાભ લઈ તેમણે 'નાયકા' નામની કંપની શરૂ કરી.




આ જ રીતે નવી સોચના પ્રણેતા તરીકે **સચિન બંસલ** અને **બીની બંસલ**ને પણ યાદ કરવા પડશે કારણ કે તેમણે ફ્લિપકાર્ટ નામનું સૌથી મોટું ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉભું કર્યું.

આજે વિશ્વની તમામ કંપનીઓ ભારતમાં પ્રવેશ મેળવવા થનગની રહી છે. જો તમામ વૈશ્વિક સંજોગો સાનુકૂળ રહ્યા તો ભારત ૨૦૨૮ સુધીમાં વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. ભારતના હોનહાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'મામા નું ઘર કેટલે? દીવો બળે એટલે!' જેવું ભાસી રહ્યું છે. ફી



Jagdish
Vadodara's Taste Since
1938
Manufactures, Retailers and Exporters

# REVOLUTIONIZING TASTE SINCE 1938




**FOR ENQUIRIES: +91 8980808833**
**E-MAIL: INFO@JAGDISH-FARSHAN.COM**

## OUR OUTLETS

OP ROAD, MAKARPURA, MANJALPUR, STATION, ATLADARA, SAMA-SAVLI,
AJWA, KARJAN NH8, NEW VIP, BHAYLI, GOTRI-SEVASI, NIZAMPURA, KALADARSHAN, ANAND,
BORSAD, VADODARA AIRPORT, AHMEDABAD AIRPORT

WWW.JAGDISHFARSHAN.COM
FOLLOW US ON

ફીલિંગ્સ ટીમ

# PRIDE OF GIR JAY-VEERU



## બરડા હવે ગિરના સિંહોનું બીજું કાયમી રહેઠાણ છે: સિંહ બેલડી જય-વીરુ વફાદારી, એકતા અને મૈત્રીની મિસાલ હતા.

કબીરજીએ કહ્યું છે કે, 'કબીર સબ જગ દેખિયા, પ્રેમ બિન નહિં કોઈ, જો જીવન બિન પ્રેમ કો, સો જીવન નહિં હોય'! રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ) તથા રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણી ગિર વન્ય જીવ સૃષ્ટિ અને એશિયાઈ સિંહો પ્રત્યે જે અગાધ પ્રેમ ધરાવે છે તે અવાર-નવાર વિધવિધ સ્વરૂપે પ્રકટ થયા કરે છે. તાજેતરમાં, વિશ્વ સિંહ દિવસ ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ નિમિત્તે શ્રી નથવાણીએ 'જય-વીરુની જોડી' શીર્ષક અંતર્ગત એક લોક શૈલી પ્રકારનું ગીત અને 'જય-વીરુની અમરગાથા' નામે એક ડોક્યુમેન્ટરી રજૂ કરી ગિર તથા સિંહો માટેના તેમના અગાધ પ્રેમનો વધુ પરિચય કરાવ્યો. ફીલિંગ્સની ટીમે તેમની પાસેથી દંતકથા સમાન બની ગયેલી જય-વીરુ નામના સિંહોની જોડી, બરડાનાં જંગલોમાં સિંહોના વસવાટ, ગિર તથા સિંહોના જતન, સંવર્ધન અને સંરક્ષણ સામેના પડકારો અને પ્રયાસો વિષેની અવનવી વિગતો જાણી આ તમામ બાબતો પ્રશ્નોતરી સ્વરૂપે ફીલિંગ્સના વાચકો સમક્ષ રજૂ કરી રહ્યા છીએ.

**પ્રશ્ન: સર, આપનો સિંહ અને ગિર અંગેનો પ્રેમ ખૂબ જ જાણીતો છે. ગિરમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ અંગેની નીતિ અંગે આપનો શું અભિપ્રાય છે?**

જવાબ: હું લગભગ ૩૫ વર્ષ કરતાં વધારે સમયથી ગિરમાં નિયમિત રીતે જાઉં છું. તે વખતે રોડ પણ આટલા સારા ન હતા કે જંગલ સફારીની પણ કોઈ વ્યવસ્થા ન હતી. હું તે વખતે સિંહ સદનમાં રોકાણ કરતો હતો. ત્યારે રૂમનું ભાડું માત્ર પાંચ રૂપિયા હતું. ગિરમાં જવા માટે હું ન્યૂઝપેપરની ટેક્સીનો ઉપયોગ કરતો હતો. ગિરમાં વહેલી સવારે ટ્રેકરોની બસ ઉપડે તે વખતે તેમની સાથે જતો હતો. તે વખતે મોહનભાઈ ડોડિયા તથા બીજા ટ્રેકરો હતા જેમની પાસેથી સિંહ વિશે, સિંહની આદતો વિશે અને સિંહના વ્યવહાર વિશે ખૂબ જ જાણવા મળ્યું. આજે પણ હું ગિરની મુલાકાત નિયમિત રીતે લઉં છું.

આજે સિંહની વસતિ માત્ર ગિર અભયારણ્ય કે જંગલ પૂરતી મર્યાદિત રહી નથી. સિંહ હવે ગુજરાતના ૧૧ જિલ્લા અને ૫૮ તાલુકાઓના લગભગ 30,000 ચો.કિ.મી. ક્ષેત્રમાં વિસ્તર્યા છે. જંગલ ઉપરાંત રેવન્યુ એરીયા અને દરિયાકાંઠે પણ સિંહની હાજરી જોવા મળે છે. છેલ્લી વસતિ ગણતરી મુજબ, સિંહની સંખ્યા ૮૯૧ સુધી પહોંચી છે. એક સમયે આંગળીના વેઢે ગણી શકાય તેટલા સિંહ ગુજરાતમાં બચ્યા હતા પરંતુ હવે તેમની સંખ્યા ઘણી સારી કહી શકાય તેમ છે. તેનું શ્રેય આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને તેમના સિંહ માટેના પ્રેમને જાય છે.

જયારે મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના દ્વારા ઘડવામાં આવેલી નીતિઓ, તેમના દ્વારા કરવામાં આવેલા પ્રયાસો તથા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાહબરી હેઠળ રાજ્યના વનવિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી મહેનત રંગ લાવી રહી છે.

**પ્રશ્ન: આપના મત મુજબ સિંહના સંવર્ધન અને સંરક્ષણ સામે શું પડકારો રહેલા છે?**

જવાબ: ગુજરાત શાંતિપ્રિય રાજ્ય છે. અહીં ગન કલ્ચર નથી. ઉપરાંત ગિરનાં જંગલોમાં માલધારીઓની હાજરીથી અને વનવિભાગની સતર્કતાથી કોઈપણ અજાણી વ્યક્તિની શંકાસ્પદ હિલચાલની માહિતી તાત્કાલિક મળી જાય છે. તેથી સિંહના શિકારની શક્યતા દેખાતી નથી. પરંતુ જે રીતે દીપડાઓની વસતિ વધી રહી છે તે સિંહ માટે જોખમ પેદા કરી શકે છે. દીપડાઓની વસતિને કાબૂમાં લાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે પરંતુ તેમાં હજુ ઘણું કરવું પડે તેમ છે.

આ ઉપરાંત ગિરના જંગલમાં તૌકતે વાવાઝોડાના કારણે ઘણાં વૃક્ષો પડી

ગયેલાં છે. આ વૃક્ષોને દૂર કરવાની કામગીરી માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી ગાઈડલાઈન અને માનનીય સુપ્રીમ કોર્ટનો આદેશ મેળવીને ખૂબ જ ઝડપથી પૂરી કરવી જોઈએ. સિંહને ખુલ્લાં મેદાનો પસંદ છે. જંગલમાં પડી ગયેલાં ઝાડને કારણે તેને દોડવામાં ઘણી અડચણ આવે છે જેના કારણે શિકાર કરવામાં તકલીફ પડે છે.

**પ્રશ્ન: આપના દ્વારા તાજેતરમાં જ જય-વીરુની જોડીને સમર્પિત એક ગીત અને ડોક્યુમેન્ટરી લોન્ચ કરવામાં આવ્યાં છે. આપના આ સિંહ બેલડી વિશેના પ્રેમ અંગે શું કહેશો?**

**જવાબ:** જય-વીરુ મારા માટે માત્ર સિંહ હતા એમ નહીં, પરંતુ મારા પરિવારના સભ્યો જેવા હતા એમ કહી શકાય. ગિરના અભયારણ્યમાં સિંહોની અનેક જોડીઓ આ પહેલાં પણ થઈ ગઈ છે, પરંતુ જય-વીરુ જેવી જોડી પહેલાં ક્યારેય કોઈએ જોઈ નથી અને ભવિષ્યમાં જોશે પણ નહીં, એમ મારું માનવું છે. જય-વીરુ બચ્ચાં હતા ત્યારથી હું તેમને નિહાળતો આવ્યો છું. આ બેલડીનું નામકરણ 'જય-વીરુ' તરીકે મેં જ કર્યું હતું. હું તેમને જોતો, એટલું જ નહીં પરંતુ કલાકો સુધી તેમની સામે બેસી રહેતો. તેમની નિડરતા અને હિંમત મને ખૂબ જ ગમતાં. ગિરના ટ્રેકરો પાસેથી તેમના વિશે મેં અનેક વાતો સાંભળી હતી. આ બેલડી એક જ રાતમાં ૧૫-૨૦ કિલોમીટર અંતર કાપી શકતી. તેઓ રસ્તામાં અનેક મારણ પણ કરતા. જય અને વીરુ માત્ર સિંહ ન હતા તેઓ વફાદારી, એકતા અને મિત્રતાનું દ્રષ્ટાંત હતા. આ જોડીએ ઘણા લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બીજા સિંહો સાથેની લડાઈમાં જય-વીરુ ઘાયલ થયા ત્યારે વનવિભાગની ટીમ તથા વનતારાની ટીમે પણ ઘણા પ્રયાસો તેમને બચાવવા માટે કર્યા પરંતુ સફળતા મળી નહીં. વીરુના મોત બાદ જયની સારવાર ચાલતી હતી ત્યારે પણ હું તેને જોવા માટે ગિર ગયો હતો.

આ રાજસી સિંહ બેલડીને શ્રદ્ધાંજલિ આપવા માટે મેં એક ગીત 'જય-વીરુની જોડી' તૈયાર કરાવ્યું છે, જે મોખરાનાં મ્યુઝીક સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ છે.

ગુજરાતની લોક-સંસ્કૃતિ સાથે જોડાયેલા લોકકલાવંતો દ્વારા સર્જાયેલું 'જય-



વીરુની જોડી' એ માત્ર એક ગીત નથી, પણ ગિરના આ બે વિખ્યાત સિંહોની વિરાસતને ઉજાગર કરતી એક ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પણ છે. જય-વીરુની યાદમાં મેં એક વિશેષ ટી-શર્ટ પણ બનાવડાવ્યાં છે, જે સાસણ ગિરની સુવેનિયર શોપમાં ઉપલબ્ધ છે. એટલું જ નહીં વર્ષ ૨૦૨૬નું મારું ગિર વિષયક કેલેન્ડર પણ મેં જય-વીરુને સમર્પિત કર્યું છે

આ ઉપરાંત, ડોક્યુમેન્ટરી 'જય-વીરુની અમર ગાથા,' સાસણ ગિરની સુંદરતા તેમજ પ્રભાવશાળી સિંહ જોડીની હાજરીને કઈ રીતે અસાધારણ બનાવતી હતી તેનું વર્ણન કરે છે. તે જય અને વીરુના અનંત લગાવનું વર્ણન કરે છે.

**પ્રશ્ન: બરડાનાં જંગલોને સિંહોના નવા વસવાટ તરીકે વિકસાવવાનું સરકારનું આયોજન છે તે અંગે આપનો શું અભિપ્રાય છે?**

**જવાબ:** ગુજરાત સરકાર દ્વારા બરડાનાં જંગલોને સિંહોના વસવાટ તરીકે વિકસાવવા માટે જે આયોજન કરવામાં આવ્યું છે તે ખૂબ જ યોગ્ય છે. આ ૧૯૨.૩૧ ચો. કિ.મી. વિસ્તારમાં ફેલાયેલું બરડા અભયારણ્ય નિશ્ચિતપણે ગિર પછી સિંહોનું બીજું કાયમી રહેઠાણ બની રહ્યું છે. બરડાની આબોહવા, વનરાજી અને ખાસ કરીને તેની માટી ગિરનાં જંગલોને મળતી આવે છે, તેથી સિંહોના વસવાટ માટે તે ખૂબ જ યોગ્ય છે.

ગિરનાં જંગલમાંથી ફરતાં-ફરતાં સિંહોએ જાતે બરડામાં આવીને પડાવ નાંખ્યો અને વસવાટ કર્યો, જે પ્રસ્થાપિત કરે છે કે બરડાનાં જંગલો ગિર પછી સિંહના વસવાટ માટે એકદમ યોગ્ય જગ્યા છે. છેલ્લે ૧૮૭૯ સુધી સિંહો બરડામાં મુક્તપણે વિચરતા હતા. હાલમાં બરડાનાં જંગલોમાં છ પુખ્ત અને ૧૧ બચ્ચાં સહિત ૧૭ સિંહોનો વસવાટ છે. તૃણભક્ષી પ્રાણીઓ અને પક્ષી-સૃષ્ટિ પણ પૂર્ણ રીતે છે. આ વર્ષનો વર્લ્ડ લાયન ડેનો કાર્યક્રમ ગુજરાત સરકાર દ્વારા બરડાનાં જંગલોમાં ઉજવવામાં આવ્યો હતો, જેનાથી બરડાનાં જંગલો અને સિંહો વધારે પ્રચલિત બનશે, સિંહ પ્રેમીઓ તથા સિંહના અભ્યાસુઓ માટે એક નવું દ્વાર ખુલશે અને પોરબંદર તથા જામનગર-દ્વારકાના પ્રવાસીઓને વન્યજીવ પ્રવાસનની નવી તક મળશે.

**પ્રશ્ન: સિંહના સંવર્ધન અને સંરક્ષણ તેમજ તેમની લોકપ્રિયતા વધારવા માટે આપના દ્વારા શું પ્રયાસ કરવામાં આવી રહ્યા છે?**


**જવાબ:** મેં અગાઉ જણાવ્યું તેમ મને યુવાવયથી જ સિંહ પ્રત્યે અનોખો લગાવ રહ્યો છે. જંગલ અને વાડી વિસ્તારમાં ખુલ્લા કૂવામાં પડવાથી અનેક સિંહોનાં અને ખાસ કરીને બચ્ચાંનાં મોત થાય છે. સિંહોના આ અપમૃત્યુને રોકવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી વનવિભાગ સાથે મળીને ખુલ્લા કૂવાને પાળ બાંધવા માટેનું કાર્ય હાથ પર લીધું છે. અત્યાર સુધીમાં લગભગ ૫૦૦૦ જેટલા ખુલ્લા કૂવા ફરતે પાળ બાંધવામાં આવી છે, જેથી સિંહ તેમાં પડે નહીં.

આ ઉપરાંત, એશિયાટિક સિંહ વિશે મેં બે પુસ્તકો 'ગિર લાયન: પ્રાઈડ ઑફ ગુજરાત' અને 'કોલ ઑફ ધ ગિર' પ્રસિદ્ધ કર્યાં છે. આ ઉપરાંત, ગિર અને સિંહો અંગેની એક વિડિયો ડોક્યુમેન્ટરી 'પ્રાઈડ કિંગ્ડમ' પણ લોન્ચ કરી હતી. ગત વર્ષે વર્લ્ડ લાયન ડે નિમિત્તે સિંહણ પર એક ગીત 'ગિર ગજવતી આવી સિંહણ' પણ લોન્ચ કર્યું હતું. ગિર અને સિંહો પ્રત્યેના મારા લગાવ, વળગણ અને અગાધ મમત્વને અનેકવિધ રૂપે હું અભિવ્યક્ત કરતો હોઉં છું. છેલ્લાં થોડાં વર્ષોથી નિયમિતપણે ગિર અને સિંહોને સમર્પિત કેલેન્ડર પણ પ્રકાશિત કરું છું.

એક સિંહ પ્રેમી તરીકે શ્રી પરિમલ નથવાણી ગિર અને એશિયાઈ સિંહો માટે જે પ્રેમ પ્રદર્શિત કરી રહ્યા છે તે બદલ ફીલિંગ્સ પરિવાર તરફથી તેમને ખૂબ-ખૂબ શુભકામનાઓ.



■ પૂર્વી શેઠ ■ દર્શના પટેલ



# સંઘર્ષ, સાહસ અને સમર્પણના રંગોથી ભારતના ભાગ્યને ચમકાવતી સન્નારીઓ

ભારતીય મહિલાઓએ પોતાના સંઘર્ષ, પ્રતિભા અને અડગ મહેનતથી અનેક ક્ષેત્રોમાં આગવું સ્થાન મેળવ્યું છે. કોઈએ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નવા પ્રયોગો કરીને દેશનું નામ ઉજ્જ્વળ કર્યું, તો કોઈએ રમતગમતના મેદાનમાં અદ્‌ભુત સિદ્ધિ હાંસલ કરીને નવા માપદંડ ઊભા કર્યા. કલા, સાહિત્ય, સંગીત અને ફિલ્મજગતમાં તેમની રચનાત્મકતા અને સંવેદનશીલ અભિગમથી સમાજને પ્રેરણા મળી છે. રાજકારણમાં અડગ નેતૃત્વ આપનાર મહિલાઓએ સમાજસેવા અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનો મોટો ફાળો આપ્યો છે. ઉદ્યોગસાહસિકતા, શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં પણ મહિલાઓએ અનોખું કામ કરીને સાબિત કર્યું છે કે પ્રતિભા અને સંકલ્પ માટે લિંગ ક્યારેય અવરોધ નથી. આજે તેમની કહાની પ્રેરણા, આત્મવિશ્વાસ અને સ્વપ્નોને સાકાર કરવાની શક્તિનું પ્રતીક છે, જે અનેક પેઢીઓને આગેકૂચ કરવા માટે માર્ગદર્શક બને છે.



**- નિર્મલા સીતારામન**

ભારતના વર્તમાન નાણામંત્રી છે અને તેમણે આ પદ પર પહેલા પૂર્ણ સમયના મહિલા તરીકે ઈતિહાસ રચ્યો છે. તેઓએ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઈને રાજકીય જીવનની શરૂઆત કરી હતી. અગાઉ તેઓ રક્ષામંત્રી પણ રહી ચૂક્યાં છે, જે પદ પર તેઓ પ્રથમ મહિલા રક્ષામંત્રી બન્યાં હતાં. અર્થતંત્ર સુધારવા, બજેટ રજૂ કરવા અને નીતિ પરિવર્તનમાં તેમની આગવી ભૂમિકા છે. તેઓની ઓળખ એકદઢ, આત્મવિશ્વાસી અને સ્પષ્ટ વિચારસરણી ધરાવતા મહિલા તરીકેની છે.




**- સ્મૃતિ ઈરાની**

ભારતીય રાજકારણી, અભિનેત્રી અને સામાજિક કાર્યકર છે. અભિનય ક્ષેત્રમાં તેમણે ટીવી સીરિયલ 'ક્યુંકી સાસ ભી કભી બહુ'થી પ્રસિદ્ધિ મેળવી છે. તેઓ યુવા મહિલાઓ માટે પ્રેરણાસ્રોત અને શક્તિશાળી વક્તા તરીકે ઓળખાય છે.



**- મેરી કોમ**

ભારતની પ્રખ્યાત બોક્સર અને 'મેગ્નિફિસન્ટ મેરી' તરીકે ઓળખાય છે. તે છ વખત વર્લ્ડ ચેમ્પિયન બની છે અને ઓલિમ્પિકસમાં પણ મેડલ જીતી છે. મણિપુરની રહેવાસી મેરી કોમ મહિલા બોક્સિંગના વિકાસમાં મોટી પ્રેરણા છે. 'પદ્મભૂષણ' અને 'રાજીવગાંધી રત્ન' જેવા એવોર્ડથી સન્માનિત મેરી કોમનું જીવન સંઘર્ષ, મહેનત અને સફળતાનું અનોખું ઉદાહરણ મહિલાઓને પૂરું પાડે છે.



**- શ્રીમતી પ્રતિભા પાટીલ**

ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ રહી ચૂક્યા છે. તેઓ અનુભવી રાજકારણી છે. રાષ્ટ્રપતિ બનતા પહેલાં તેઓ રાજસ્થાનના રાજ્યપાલ રહી ચૂક્યાં હતાં. શિક્ષણ અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે તેમના પ્રયાસો નોંધપાત્ર રહ્યા છે. તેમનો કાર્યકાળ ભારતીય રાજકારણમાં મહિલાઓ

# ચપટી હીંગનો ચમત્કાર...

अन्नपूर्णा ®

बांधानी

હીંગ

100% Veg.

II ચપટી હીંગનો ચમત્કાર II

લાવે સ્વાદ અને સોડમ અનેરી

**અન્નપૂર્ણા હીંગ**

દાળ-શાક હોય કે હોય અથાણું

મહેંકી ઉઠશે આપનું ભાણું




Khada Powder

Yellow Powder

Since... 1976

## ANNAPURNA HING PVT. LTD.

AHMEDABAD, GUJARAT (INDIA)

E-mail : annapurnahing@yahoo.co.in

For Product Inquiry : +91-91046 49140

Export Inquiry Solicited ● એક્ષપોર્ટ પૂછપરછ આવકાર્ય

માટે નવા દરવાજા ખોલનાર માનવામાં આવે છે.



**– ઈન્દ્રા નૂયી**

તેઓ વિશ્વપ્રખ્યાત બિઝનેસ પેપ્સીકોના પૂર્વ સીઈઓ અને ચેરપર્સન છે. તેમના નેતૃત્વ હેઠળ પેપ્સીકોએ વૈશ્વિક સ્તરે પ્રગતિ અને નફાકારકતા હાંસલ કરી છે. તેઓએ ફોર્બ્સની વર્લ્ડમાં ૧૦૦ મોસ્ટ પાવરફુલ વુમનની યાદીમાં ઘણીવાર સ્થાન મેળવ્યું છે. ભારતથી અમેરિકા સુધીની તેમની સફર યુવા મહિલા નેતાઓ માટે પ્રેરણાનો સ્રોત બની છે. તેમને ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ અને સન્માનો મળ્યા છે, જેમાં 'પદ્મ ભૂષણ' પણ સામેલ છે.



**– શ્રીમતી સુધા મૂર્તિ**

શરૂઆતની કારકિર્દી કોમ્પ્યૂટર સાયન્સ અને એન્જિનિયરિંગથી કરી હતી. તેઓ પ્રખ્યાત લેખિકા, શિક્ષિકા અને દાનવીર છે. તેઓ ઈન્ફોસિસ ફાઉન્ડેશનના અધ્યક્ષ રહી ચૂક્યા છે. સમાજસેવામાં તેઓનો મોટો ફાળો છે. સરળ અને પ્રેરણાત્મક લેખન માટે તેઓ જાણીતા છે. સાહિત્ય અને સામાજિક સેવા માટે તેમને અનેક એવોર્ડ મળ્યા છે. તેમનું જીવન કરુણા, જ્ઞાન અને સાદગીનું પ્રતિક છે.

**– વંદના શિવા**

પ્રકૃતિનો રસ તો ગળથૂથીમાં જ મળ્યો હતો તેવા વંદના શિવા પ્રખ્યાત પર્યાવરણવાદી, વૈજ્ઞાનિક અને લેખિકા છે. તેઓ જૈવિક ખેતી અને ખેડૂતોના હક્ક માટે સતત કાર્યરત છે. વૈશ્વિક સ્તરે વંદનાએ અનેક એવોર્ડ્સ મેળવ્યા છે, જેમાં 'રાઈટ



લાઈવલીહૂડ' એવોર્ડ પણ સામેલ છે. તેમનું જીવન પ્રકૃતિના સંરક્ષણ અને ગ્રામ વિકાસ માટે ઉત્તમ આદર્શ બન્યું છે.



**– સુનિતા વિલિયમ્સ**

ભારતીય મૂળની આ અમેરિકન નાસાની અંતરિક્ષયાત્રી છે. તેઓએ બે અંતરિક્ષ મિશન દરમિયાન ૩૨૨ દિવસ અંતરિક્ષમાં વિતાવ્યા છે. સ્પેસવોકમાં પણ તેમણે મહિલા તરીકેનો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. તેઓ ભારતીય યુવાનો માટે વિજ્ઞાન અને અંતરિક્ષ સંશોધન ક્ષેત્રે આદર્શ છે. તેમને અનેક પ્રતિષ્ઠિત સન્માનો મળ્યા છે, જેમાં 'નાસા લેજિયન ઓફ મેરિટ' સામેલ છે...



**– કલ્પના ચાવલા**

ભારતમાં જન્મેલ આ અમેરિકન અંતરિક્ષયાત્રીએ સ્પેસ શટલ કોલંબિયા મિશનમાં ભાગ લીધો હતો. ૨૦૦૩માં કોલંબિયા મિશન દુર્ઘટનામાં તેમનું અવસાન થયું હતું, પરંતુ વિજ્ઞાન અને અંતરિક્ષ પ્રત્યેના તેમના સપના ઘણા યુવાનો માટે આજે માર્ગદર્શક બન્યા છે. તેમને મરણોત્તર અનેક સન્માન મળ્યા છે જેમાં 'કોંગ્રેસિયન સ્પેસ મેડલ ઓફ ઓનર'નો પણ સમાવેશ થાય છે.



**– કલ્પના સરોજ**

ભારતના જાણીતા મહિલા ઉદ્યોગપતિ એવમ્ સામાજિક કાર્યકર છે. તેઓએ સંઘર્ષમય જીવનમાંથી ઊભરીને 'કામાની ટ્યૂબ્સ' જેવી કંપનીને નવી ઊંચાઈએ પહોંચાડી છે. તેમને 'ભારતની સ્લમડોગ મિલિયોનેર' તરીકે ઓળખવામાં આવે છે. ઉદ્યોગ અને સમાજસેવા માટે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કલ્પના સરોજનું જીવન હિંમત, મહેનત અને આત્મવિશ્વાસનું ઉત્તમ ઉદાહરણ છે.




**– દીપા મલિક**

ભારતની પ્રસિદ્ધ પેરાલિમ્પિક ખેલાડી છે. તેઓએ ૧૯૧૬ રિયો પેરાલિમ્પિક્સમાં શોટપુટ સ્પર્ધામાં રજત પદક જીત્યો હતો. ૩૧ સર્જરી અને ૧૮૩ સ્ટિચિંગ બાદ પણ તેઓ પેરાલિમ્પિક મેડલ જીતનાર ભારતના પ્રથમ મહિલા છે. તેમને પદ્મશ્રી અને ખેલ રત્ન એવોર્ડ જેવા સન્માનો મળ્યા છે. તેમનું જીવન અડગ મનોબળ અને પ્રેરણાનું પ્રતિક છે.



**– અરૂંધતિ રોય**

ભારતના પ્રખ્યાત લેખિકા એવમ્ સામાજિક કાર્યકર છે. તેમની પ્રથમ નવલકથા 'ધ ગોડ ઓફ થિંગ્સ' માટે તેમને




**ANJALI KITCHENWARE PVT. LTD.**
Anjali House, Liberty Garden Rd. No. 1, Malad (W), Mumbai 400 064. Fax : 022 28807713.
Web: anjalikitchenware.net, email:feedback@anjalikitchenware.net

બૂકર પ્રાઈઝ મળ્યું હતું. માનવ અધિકારો, પર્યાવરણ અને સામાજિક ન્યાય માટે અરૂંધતિ અવાજ ઉઠાવે છે. તેમની લખાણ શૈલી કાવ્યાત્મક, તીવ્ર અને વિચારોને ઝંકૃત કરનારી છે. વિશ્વભરમાં સાહિત્ય અને સામાજિક ચેતનાના ક્ષેત્રમાં તેઓ પ્રભાવશાળી મહિલા તરીકે ઓળખાય છે.



**– નીતા અંબાણી**

પ્રખ્યાત વ્યવસાયી, પરોપકારી અને સાંસ્કૃતિક કાર્યકર છે. તેઓ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક મહિલા અધ્યક્ષ છે. આ ફાઉન્ડેશનનો સમાજસેવામાં બહુ મોટો ફાળો છે. સ્પોર્ટ્સ ક્ષેત્રે તેમણે મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલ ટીમને સહકાર આપ્યો છે. તેમજ ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના સભ્ય બનનાર પ્રથમ ભારતીય મહિલા હોવાનું સન્માન પણ તેઓના ફાળે જાય છે. તેમનું જીવન વ્યવસાય, શિક્ષણ, આરોગ્ય અને ખેલકૂદ ક્ષેત્રે મહિલાઓ માટે સમર્પિત છે.



**– શ્રીમતી દ્રૌપદી મુર્મુ**

તેઓ ભારતના ૧૫મા રાષ્ટ્રપતિ અને આ પદ પર પહોંચનાર પ્રથમ આદિવાસી મહિલા છે. તેઓ ઓડિશાના મયુરભંજ જિલ્લામાં જન્મ્યા હતાં. સામાન્ય પરિવારમાંથી આગળ આવ્યા છે. ઓડિશા સરકારમાં શિક્ષણ અને વનવિભાગના મંત્રી તથા જાહેર સેવા અને આદિવાસી સમુદાય માટેના તેમના અમૂલ્ય યોગદાનને કારણે તેઓ પ્રસિદ્ધ છે. તેમનું જીવન સંઘર્ષ, સેવા અને સફળતાનું અનોખું ઉદાહરણ છે.



**– સૌમ્યા સ્વામીનાથન**

એક પ્રસિદ્ધ ભારતીય વૈજ્ઞાનિક છે, જેમનો જન્મ ૨ જાન્યુઆરી ૧૯૫૯માં થયો હતો. તેઓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના પ્રથમ ચીફ સાયન્ટિસ્ટ રહી ચૂક્યાં છે. (૨૦૧૯-૨૦૨૨) સૌમ્યા સ્વામીનાથન ટ્યુબરક્યુલોસિસ અને બાળ આરોગ્ય ક્ષેત્રે વિશ્વસ્તરે સંશોધન માટે જાણીતા છે. તેઓએ પોતાની કારકિર્દીમાં ભારતીય મેડિકલ રિસર્ચ અને પબ્લિક હેલ્થ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સૌમ્યા પ્રખ્યાત મેડિકલ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનના પુત્રી છે.



**– નીરુપમા મેનન રાવ**

એક નિવૃત્ત ભારતીય રાજદૂત છે. તેમનો જન્મ ૬ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ થયો હતો. તેઓ ભારતના વિદેશ સચિવ (Foreign Secretary) તરીકે ૨૦૦૯થી ૨૦૧૧ સુધી રહી ચૂક્યાં છે. તેમણે ચીન અને અમેરિકા ખાતે ભારતીય રાજદૂત તરીકે પણ સેવાઓ આપી છે. નીરુપમા રાવને વિદેશ કૂટનીતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે વિશેષ રીતે ઓળખવામાં આવે છે.



**– અનુરાધા પૌડવાલ**

એક પ્રખ્યાત ભારતીય ગાયિકા છે. તેમનો જન્મ ૨૭ ઓક્ટોબર ૧૯૫૨ કર્ણાટકમાં થયો હતો. તેઓએ હિન્દી, મરાઠી અને અન્ય ભાષાઓમાં હજારો ગીતો ગાયા છે, ખાસ કરીને ભક્તિ સંગીત માટે તેઓ સુવિખ્યાત છે. ૧૯૯૦ના દાયકામાં તેઓ તુલસીદાસ, મીરાબાઈ અને સંત કબીરના ભજનો માટે અત્યંત લોકપ્રિય બન્યા હતાં. તેમને પદ્મશ્રી તથા અનેક ફિલ્મફેર એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા છે.



**– લતા મંગેશકર**

ભારતની સર્વશ્રેષ્ઠ ગાયિકાઓમાં જેમનું નામ ગૌરવથી લઈ શકાય તે લતા મંગેશકર. જેમને સૂરોની કોકિલા તરીકે ઓળખવામાં આવે છે. તેમનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૯ ઈન્દોરમાં થયો હતો. તેમણે હિન્દી સહિત અનેક ભારતીય ભાષાઓમાં ૨૫,૦૦૦થી વધુ ગીતો ગાયા છે. સંગીત ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન બદલ તેમને 'ભારત રત્ન' સહિત અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ. લતાજીએ ૬ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ અંતિમ શ્વાસ લીધા, પરંતુ તેમનો અવાજ સદાય લોકોના હૃદયમાં જીવંત રહેશે.



**– કિરણ બેદી**

ભારતના પ્રથમ મહિલા IPS અધિકારી છે, જેમની નિમણૂક ૧૯૭૨માં થઈ હતી. તેમનો જન્મ ૯ જૂન ૧૯૪૯ અમૃતસરમાં થયો હતો. તેઓ જેલ સુધારણા, ટ્રાફિક વ્યવસ્થાપન અને સામાજિક સેવામાં પોતાના ક્રાંતિકારી કાર્યો માટે જાણીતા છે. કિરણ બેદીએ 'રામન મેગસેસે' એવોર્ડ સહિત અનેક રાષ્ટ્રીય-

આંતરરાષ્ટ્રીય સન્માનો પ્રાપ્ત કર્યા છે. તેઓ ૨૦૧૬થી ૨૦૨૧ સુધી પોંડિચેરીના લેફ્ટનન્ટ ગવર્નર પણ રહી ચૂક્યા છે.



**– શ્રીમતી ઈન્દિરા ગાંધી** – આયર્ન લેડી ઓફ ઈન્ડિયા

૧૯ નવેમ્બર, ૧૯૧૭ ના રોજ એક પ્રતિષ્ઠિત પરિવારમાં જન્મેલા શ્રીમતી ઈન્દિરા ગાંધી પંડિત જવાહરલાલ નહેરુના પુત્રી હતા. તેમણે બેક્સ (સ્વિટ્ઝર્લેન્ડ), ઈકોલ ઈન્ટરનેશનલ, જીનિવા, વિશ્વ ભારતી, શાંતિનિકેતન અને ઓક્સફોર્ડ જેવી શ્રેષ્ઠ સંસ્થાઓમાં અભ્યાસ કર્યો હતો. વિશ્વભરની અનેક યુનિવર્સિટીઓ દ્વારા તેમને માનદ ડોક્ટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. પ્રભાવશાળી શૈક્ષણિક પૃષ્ઠભૂમિ સાથે તેમને કોલંબિયા યુનિવર્સિટી તરફથી વિશિષ્ટતાનો દરજ્જો પણ મળ્યો હતો. શ્રીમતી ઇન્દિરા ગાંધી સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય રીતે સામેલ હતા. બાળપણમાં, તેમણે 'બાલ ચરખા સંઘ' અને ૧૯૩૦માં અસહકાર ચળવળ દરમિયાન કોંગ્રેસ પક્ષને મદદ કરવા માટે બાળકોની 'વાનર સેના'ની સ્થાપના કરી હતી. તેમને સપ્ટેમ્બર ૧૯૪૨માં જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા અને ૧૯૪૭માં ગાંધીજીના માર્ગદર્શન હેઠળ દિલ્હીના રમખાણોથી પ્રભાવિત વિસ્તારોમાં તેમણે કામ કર્યું હતું. તેઓ ૧૯૫૯માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ બન્યા અને પછી જાન્યુઆરી ૧૯૭૮થી ફરી સેવા આપી.

તેઓ કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રી (૧૯૬૪-૧૯૬૬) રહી ચૂક્યા છે. ત્યારબાદ તેમણે જાન્યુઆરી ૧૯૬૬ થી માર્ચ ૧૯૭૭ સુધી ભારતના વડાપ્રધાન તરીકે સર્વોચ્ચ પદ સંભાળ્યું. તે જ સમયે, તેઓ સપ્ટેમ્બર ૧૯૬૭થી માર્ચ ૧૯૭૭ સુધી અણુ ઊર્જા મંત્રી હતા. તેમણે ૫ સપ્ટેમ્બર, ૧૯૬૭થી ૧૪ ફેબ્રુઆરી, ૧૯૬૯ સુધી વિદેશ મંત્રાલયનો વધારાનો હવાલો પણ સંભાળ્યો. શ્રીમતી ગાંધીએ જૂન ૧૯૭૦થી નવેમ્બર ૧૯૭૩ સુધી ગૃહ મંત્રાલય અને જૂન ૧૯૭૨થી માર્ચ ૧૯૭૭ સુધી અવકાશ મંત્રીનું નેતૃત્વ કર્યું. જાન્યુઆરી ૧૯૮૦થી તેઓ આયોજન પંચના અધ્યક્ષ હતા. તેમણે ૧૪ જાન્યુઆરી, ૧૯૮૦માં ફરીથી પ્રધાનમંત્રી કાર્યાલયનું અધ્યક્ષપદ સંભાળ્યું.

શ્રીમતી ગાંધીએ અલ્હાબાદમાં કમલા નહેરુ વિદ્યાલયની સ્થાપના કરી હતી. ૧૯૬૬-૭૭ દરમિયાન તેઓ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી અને નોર્થ-ઈસ્ટર્ન યુનિવર્સિટી જેવી કેટલીક મોટી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. તેમણે દિલ્હી યુનિવર્સિટી કોર્ટ, ૧૯૬૦-૬૪ દરમિયાન યુનેસ્કોના એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્ય અને ૧૯૬૨માં રાષ્ટ્રીય સંરક્ષણ પરિષદના સભ્ય તરીકે પણ સેવા આપી હતી.

શ્રીમતી ગાંધી ઓગસ્ટ ૧૯૬૪માં રાજ્યસભાના સભ્ય પણ બન્યા અને ફેબ્રુઆરી ૧૯૬૭ સુધી સેવા આપી. તેઓ ચોથા, પાંચમા અને છઠ્ઠા સત્ર દરમિયાન લોકસભાના સભ્ય રહ્યા. જાન્યુઆરી ૧૯૮૦માં તેઓ રાયબરેલી (યુ.પી.) અને મેડક (આંધ્રપ્રદેશ)થી સાતમી લોકસભામાં ચૂંટાયા હતા. તેઓ જીવનને એક સંકલિત પ્રક્રિયા તરીકે જોતા હતા. તેમને ૧૯૭૨માં ભારત રત્ન, બાંગ્લાદેશ મુક્તિ માટે મેક્સિકન એકેડેમી એવોર્ડ (૧૯૭૨) પ્રાપ્ત થયા હતા. ૧૯૭૧માં યુ.એસ.એ.માં એક ખાસ ગેલપ પોલ સર્વે મુજબ તેઓ વિશ્વના સૌથી પ્રશંસનીય વ્યક્તિ હતા. તેમણે ભારત અને સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે પ્રવાસ કર્યો હતો.



**– રેખા**

ભારતીય સિનેમાના એક લેજેન્ડરી અભિનેત્રી છે. તેમનો જન્મ ૧૦ ઓક્ટોબર ૧૯૫૪ તેલંગાણા (પૂર્વમાં આંધ્રપ્રદેશ)માં થયો હતો. તેઓએ મધુમતી, ઉપકાર, મૂક દ્રષ્ટિ અને સિલસિલા જેવી અનેક પ્રસિદ્ધ ફિલ્મોમાં કામ કર્યું છે. રેખાને તેમના ઉત્તમ અભિનય અને સુંદરતાના કારણે દેશ-વિદેશમાં દર્શકોનો ખૂબ પ્રેમ મળ્યો છે. તેમને ઘણા ફિલ્મફેર અને રાષ્ટ્રિય પુરસ્કારો સાથે સાહિત્ય અને કલા ક્ષેત્રે સન્માનિત કરવામાં આવ્યા છે.



**– જયા બચ્ચન**

પ્રખ્યાત ભારતીય અભિનેત્રી અને રાજકારણી છે. જયા બચ્ચનનો જન્મ ૯ એપ્રિલ ૧૯૪૮ જબલપુર, મધ્ય પ્રદેશમાં થયો હતો. તેઓએ ગુડ્ડી, અભિમાન, ચુપકે-ચુપકે જેવી અનેક હિટ ફિલ્મોમાં અભિનય કર્યો છે. જયા બચ્ચનને પદ્મશ્રી તેમજ ઘણાં બધાં ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા છે. તેઓ હાલમાં રાજ્યસભાના સાંસદ તરીકે સેવારત છે.



**– પી. વી. સિંધુ**

જન્મ: ૫ જુલાઈ ૧૯૯૫, હૈદરાબાદ, માતા - પિતા રાષ્ટ્રીય સ્તરના વોલીબોલ ખેલાડીઓ ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં સિલ્વર અને ૨૦૨૦ ટોકિયોમાં બ્રોન્ઝ - ભારતીય મહિલા ખેલાડીઓમાં બંને ગેમ્સમાં મેડલ જીતનાર ૨૦૧૩માં પ્રથમ ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી તરીકે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીત્યો. ૨૦૨૧માં 'પદ્મ ભૂષણથી' સન્માનિત.



**– ગીતા ગોપીનાથ**

જન્મ: ૮ ડિસેમ્બર ૧૯૭૧; LSR (BA), Delhi School of

Economics (MA), Ph.D. Princeton (2001) IMFમાં પ્રથમ મહિલા ચીફ ઈકોનોમિકસ્ટ (First Deputy Managing Director) 2025 ઓગસ્ટમાં IMFને છોડીને Harvardમાં ફરી પાછા પ્રોફેસર તરીકે જોડાયા.



**– રોશની નાદર મલ્હોત્રા**

HCL ટેક્નોલોજીઝની અધ્યક્ષા. ભારતની પ્રથમ મહિલા, જેણે IT કંપનીનું નેતૃત્વ કર્યું. શિક્ષણ અને વન્યજીવ સંરક્ષણમાં કાર્યરત. ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન. સેવા પ્રવૃત્તિઓમાં પણ સક્રિય.



**– લીના નાયર**

ચેનલ (Chanel)ની CEO તરીકે નિમણૂક પામનાર ભારતીય મૂળની પ્રથમ મહિલા. અગાઉ Unileverમાં ચીફ હ્યુમન રિસોર્સીસ ઓફિસર હતાં. વૈશ્વિક સ્તરે મહિલા નેતૃત્વનું પ્રતિક બન્યા. ફોર્બ્સ અને Fortuneની શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન મેળવનાર. વૈવિધ્યતા અને સમાવિષ્ટતાના મુદ્દે સશક્ત અવાજ.



**– દુતી ચંદ (Dutee Chand)**

૩ ફેબ્રુઆરી ૧૯૯૬માં ઓરિસ્સાના ગરીબ પરિવારમાં જન્મેલ, દુતી વિદ્યાર્થીઓમાં ઉદયમાન Sprinter તરીકે ઓળખાય છે.

૨૦૧૨માં Under-18 100mમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ જીતી, ૨૦૧૩માં World Youth Championshipsમાં ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય હતી. ૨૦૧૪માં ઉચ્ચ ટ્રાન્સટેસ્ટોસ્ટેરોન (Hyperandrogenism) મુદ્દે Commonwealth Gamesમાંથી દૂર કરવામાં આવી. બાદમાં CAS (Court of Arbitration for Sport)-એ IAAFના નિયમને રદ કર્યો જેથી આત્મસન્માનપૂર્વક ફરીથી સ્પર્ધાઓમાં પાછી આવી. ૨૦૧૭માં Asian Gamesમાં 100m અને 200m બંનેમાં સિલ્વર, ૨૦૧૯માં Summer Universiadeમાં 100mમાં ગોલ્ડ જીતી. ૨૦૧૬ રિયો ઓલિમ્પિક્સમાં 100 mમાં ભાગ લઈ, ભારતીય મહિલા sprinterમાં ત્રીજી એવી ખેલાડી બની જે ઓલિમ્પિક્સમાં રેસમાં ગયાં.



**– હિમા દાસ**

૯ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ આસામના કૃષિ પરિવારમાં જન્મેલી, "Dhing Express' તરીકે ઓળખાતી હીમા ૨૦૧૮માં IAAF World U-20 Championships (Finland)માં 400mમાં ગોલ્ડ મેડલ જીતી, ભારતની પ્રથમ વ્યક્તિ બની જે ટ્રેક ઇવન્ટમાં ગ્લોબલ ગોલ્ડ મેડલ જીતી. ૨૦૧૮ એશિયન ગેમ્સ (જકાર્તા)માં 400mમાં સિલ્વર અને 4x400m (મહિલા) રીલેમાં ગોલ્ડ, જેમાં 50.79 સેકંડનો નેશનલ રેકોર્ડ પણ સામે આવ્યો. ૨૦૧૮માં Arjuna Awardથી સન્માનિત, UNICEF India Youth Ambassador, Deputy Superintendent of Police (DSP) તરીકે નિયુક્ત. ૨૦૨૩માં Whereabouts Failureને લીધે NADA (National Anti - Doping Agency) દ્વારા કોન્ટેસ્ટેડ રીતે સસ્પેન્ડેડ.



**– એચ. એમ. જ્યોથી (H. M. Jyothi)**

Karnatakaના Hiriyur સ્થાનની Sprinter, ૧ જુલાઈ ૧૯૮૩માં જન્મેલી. 100m, 200m અને 4x100m રિલેમાં સ્પર્ધામાં ભાગ લઈ દરેકમાં નેશનલ ચેમ્પિયન અને તેણે મહત્વપૂર્ણ PB પ્રાપ્ત કર્યા - 100 m: 11.3 સેકંડ, 200 m: 23.42 સેકંડ, 4x100m રિલે: 43.42 સેકંડ (NR).



**– અનુષ્કા શંકર – આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ સિતારવાદક અને સંગીતકાર.**

પંડિત રવિ શંકરની પુત્રી. ભારતીય શાસ્ત્રીય સંગીતને પશ્ચિમી શૈલી સાથે મિશ્રિત કરીને અનોખી રચનાઓ કરે છે. ગ્રેમી એવોર્ડ માટે નામાંકન. મહિલા સંગીતકારો માટે પ્રેરણાસ્રોત.



**– શાંથિ સૌંદરાજન**

૧૭ એપ્રિલ ૧૯૮૧માં Tamil Naduના Kathakkurichiમાં જન્મેલી; 800m અને 1500m. G Middle - Distance Sprinter.

આંતરરાષ્ટ્રીય મેડલ જીતનાર; ૨૦૦૬ એશિયન ગેમ્સમાં પોતે સિલ્વર મેડલ જીતી, પરંતુ Sex - Verification ફેલ થઈ ગયા પછી મેડલ પાછો લઈ લેવામાં આવ્યો.



**– દીપિકા પાદુકોણ –** બોલીવુડની ટોચની અભિનેત્રી.

'પદ્માવત', 'ચેન્નાઈ એક્સપ્રેસ', 'યે જવાની હૈ દિવાની' જેવી ફિલ્મોથી જાણીતી. માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ માટે "Live Love Laugh' ફાઉન્ડેશન સ્થાપી લોકસેવા કરનાર આ અભિનેત્રીએ આંતરરાષ્ટ્રીય ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે. અનેક ફિલ્મફેર અને રાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા છે.



**– લીલા સામસન –** પ્રસિદ્ધ ભરતનાટ્યમ નૃત્યાંગના અને નૃત્ય શિક્ષિકા.

સંગીત નાટક અકાદમી એવોર્ડ અને પદ્મશ્રીથી સન્માનિત. ભારતીય શાસ્ત્રીય નૃત્યના પ્રચારમાં મોટું યોગદાન. ફિલ્મોમાં અભિનય અને કલાત્મક દિગ્દર્શન કર્યું. નૃત્ય દ્વારા ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ઓળખ આપી.



**– મિતાલી રાજ** (ભારતીય મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ કપ્તાન)

વન-ડે ઈન્ટરનેશનલ્સમાં સૌથી વધુ રન બનાવનારી મહિલા ક્રિકેટર. ૨૦ વર્ષથી વધુનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો અનુભવ. પદ્મશ્રી તથા અર્જુન એવોર્ડથી સન્માનિત. મહિલા ક્રિકેટને લોકપ્રિય બનાવવામાં મોટું યોગદાન આપેલ છે.



**– મીરાબાઈ ચાનુ** (ભારતની વેઈટલિફ્ટિંગ ચેમ્પિયન)

ટોકિયો ઓલિમ્પિક્સ ૨૦૨૦માં સિલ્વર મેડલ જીત્યો. કોમનવેલ્થ ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ વિજેતા. 'પદ્મશ્રી' અને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર'થી સન્માનિત. નમ્રતા અને દ્રઢસંકલ્પનું ઉદાહરણ.



**– સાયના નેહવાલ**

ભારતની પ્રથમ બેડમિન્ટન ખેલાડી જેણે ઓલિમ્પિક્સમાં મેડલ જીત્યો (બ્રોન્ઝ, ૨૦૧૨) 'પદ્મ ભૂષણ', 'પદ્મશ્રી' અને 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત. યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરતી પ્રવૃત્તિઓમાં સક્રિય. ભારતીય બેડમિન્ટનના સુવર્ણ યુગની પ્રેરણા બની છે.



**– હરમન પ્રીત કૌર –** ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વર્તમાન કપ્તાન (ટી-૨૦).

૨૦૧૭ વર્લ્ડ કપ સેમિફાઈનલમાં ૧૭૧ રનની ઐતિહાસિક ઈનિંગ માટે જાણીતી. આક્રમક બેટિંગ સ્ટાઈલથી લોકપ્રિય. અર્જુન એવોર્ડ પ્રાપ્ત મહિલા ક્રિકેટર.



**– ગગનદીપ કાંગ –** જાણીતી વાયરોલોજિસ્ટ અને પબ્લિક હેલ્થ વૈજ્ઞાનિક.

રોટાવાઈરસ રસીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન. ફેલોશિપ ઓફ ધ રોયલ સોસાયટીમાં સામેલ થનાર પ્રથમ ભારતીય મહિલા વૈજ્ઞાનિક. ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ, વેલ્લોરમાં પ્રોફેસર. જાહેર આરોગ્ય અને બાળ આરોગ્ય સંશોધનમાં અગ્રેસર.



**– નંદિની હરીનાથ** ISROની સિનિયર વૈજ્ઞાનિક.

મંગળયાન (Mars Orbiter Mission) પ્રોજેક્ટમાં અગત્યની ભૂમિકા. ISROમાં 20+ વર્ષનો અનુભવ. વિજ્ઞાનમાં મહિલાઓના પ્રોત્સાહન માટે ખૂબ સક્રિય. અનેક ટેકનોલોજી એવોર્ડ પ્રાપ્ત કરનાર મહિલા વૈજ્ઞાનિક.

આ તમામ મહિલાઓએ સફળતા મેળવવા માટે સખત મહેનત અને સંઘર્ષ કર્યા છે. પોતાના સપનાને સાકાર કરવા માટે તેમજ અપડેટ થવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. નિષ્ફળતા અને અવરોધોનો સામનો કરીને તેઓ આગળ વધ્યાં છે. પોતાના ક્ષેત્રમાં નવીનતા અપનાવવી અને બીજા કરતાં કંઈક અલગ કરવું તેમજ સમયનો સદુપયોગ તેમની સફળતાના મુખ્ય પાસા છે. આત્મવિશ્વાસથી ભરપૂર અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં શાંતિ અને સંયમ જાળવીને પ્રગતિ કરતાં રહે છે. સમાજ અને પરિવારના સહયોગથી સફળતા મેળવી ભારતના ભાગ્યને પણ ચમકાવે છે.

II Shree Satya II

DAMODARDAS
JEWELLERS
DMC Group SINCE 1961



અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭

એમ.જી.રોડ, માંડવી, વડોદરા.  ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

II Shree Satya II

# DAMODARDAS
## JEWELLERS

DMC Group SINCE 1961



અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭

એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧



■ જયેશ શાહ



# સદીઓથી ભારતનું ભાગ્ય ઘડતી પ્રાચીન શિક્ષણ પ્રણાલી

આપણા દેશમાં શિક્ષણ વ્યવસ્થા તથા પાઠશાળાઓ અંગ્રેજોએ જ શરૂ કરી એમ કહેવામાં આવે છે. અંગ્રેજોના આવતા પહેલાં શિક્ષણને મામલે દેશમાં અંધારું જ હતું એમ પણ કહેવામાં આવે છે પણ વાસ્તવિક પરિસ્થિતિ શું હતી? અંગ્રેજો અને મુસ્લિમ આક્રમકોના આવતા પહેલાં ભારતમાં જે શિક્ષણપદ્ધતિ હતી તેનો મુકાબલો કરી શકે તેવું વિશ્વભરમાં કોઈ નહોતું. અત્યંત વ્યવસ્થિત પદ્ધતિથી રચાયેલી આ ભારતીય શિક્ષણવ્યવસ્થા બધાં જ આવશ્યક ક્ષેત્રોમાં જ્ઞાન અને પ્રશિક્ષણ પ્રદાન કરતી હતી.

તક્ષશિલા ભારતમાં સ્થપાયું તે દિવસોમાં ભારતમાં 'અશિક્ષિત' જેવો કોઈ શબ્દ પ્રચલનમાં નહોતો. આજે આપણાં બાળકો ભણવા માટે જુદા જુદા દેશોમાં જાય છે. તે કાળમાં વિભિન્ન દેશોનાં બાળકો ભણવા માટે ભારત આવતા હતા. એક પણ ભારતીય યુવાન તે કાળમાં વિદેશમાં ભણવા જતો નહોતો. એક પરિપૂર્ણ શિક્ષણ પદ્ધતિ ભારતમાં કાર્યરત હતી.

છોકરા/છોકરીઓને સામાન્ય રીતે આઠ વર્ષની ઉંમર સુધીનું શિક્ષણ ઘરમાં જ અપાતું હતું. આઠમા વર્ષે છોકરાઓનો ઉપનયન સંસ્કાર કરી તેમને ગુરુ પાસે અથવા ગુરુકુળમાં મોકલવાની પરંપરા હતી.

'ગુરુ' શબ્દનો અર્થ માત્ર સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપનારા ઋષિ એવો નહોતો થતો. 'ગુરુ' પોતાના કોઈ વિશિષ્ટ ક્ષેત્રનો દિગ્ગજ રહેતો હતો. સમુદ્ર કિનારે રહેતા પરિવારોનાં બાળકો જહાજ બનાવનારા પોતાના 'ગુરુ' પાસે રહી જહાજ નિર્માણનું પ્રત્યક્ષ શિક્ષણ ગ્રહણ કરતા હતાં. ભવનનિર્માણ, લુહારી, ધનુર્વિદ્યા, મલ્લવિદ્યા જેવી જુદી જુદી કલાઓનાં શિક્ષણની બાબતમાં પણ લાગુ હતી. એ પછીનાં ૮-૧૦ વર્ષ સુધી ગુરુને ત્યાં શિક્ષણ મેળવીને તેમાંથી જ કેટલાક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે વિશ્વવિદ્યાલયોમાં જતા હતાં. ત્યાં વિભિન્ન શાસ્ત્રો અને કલાઓના શિક્ષણની વ્યવસ્થા હતી.

મહિલાઓને પણ ઉચ્ચ શિક્ષણ આપવાની પદ્ધતિ અને પરંપરા હતી. ઋગ્વેદમાં સ્ત્રી શિક્ષણની બાબતમાં અનેક ઉલ્લેખો મળે છે. પ્રારંભિક શિક્ષણ ગ્રહણ કરનારી બાલિકાઓને 'ઋષિકા' અને ઉચ્ચશિક્ષિત સ્ત્રીઓ 'બ્રહ્માવાદિની' તરીકે ઓળખાતી. પાણિનિએ પોતાના ગ્રંથમાં છોકરીઓના શિક્ષણ બાબતે લખ્યું છે. વિદ્યાર્થિનીઓ માટે છાત્રાવાસ પણ બનાવાતાં હતાં. તેને માટે પાણિનિએ 'છાત્રીશાળા' શબ્દનો પ્રયોગ કર્યો છે.

વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણ-સત્ર શરૂ થવાના અને સત્રસમાપ્તિના સમયે મોટો ઉત્સવ થતો. સત્રારંભ ઉત્સવને 'ઉપકર્ણમન' તથા સત્રસમાપ્તિ વખતે થનારા





## હારુન અલ રશીદ
### પહેલો કેમ્પસ ઈન્ટરવ્યૂ

ઉત્સવને 'ઉત્સર્ગ' કહેવાતો હતો. ઉપાધિ (ડિગ્રી) પ્રદાન વખતે થતા ઉત્સવને 'સમવર્તના' કહેવાતો.

'હારુન-અલ-રશીદ' નામક અરબી કથાઓનો નાયક (૭૫૪-૮૪૯) બગદાદમાં રાજ્ય કરતો હતો. આ હારુન-અલ-રશીદે અને અલ મન્સૂરે ભારતીય વિશ્વવિદ્યાલયોમાંથી પ્રતિભાવાન યુવાનોને લઈ આવવા માટે પોતાના વિશેષ દૂતો મોકલ્યા હતા. આ હતો ૧૨૦૦ વર્ષ પહેલાંનો વિશ્વનો સૌથી પહેલો 'કેમ્પસ ઈન્ટરવ્યૂ'.

પરંતુ લગભગ નવસો વર્ષ પહેલાં જ્યારે મુસ્લિમ આક્રાંતાઓના આક્રમણો થતાં ગયાં ત્યારે પરિસ્થિતિ બદલાઈ.

બખતિયાર ખીલજી જેવા અભણ અને જંગલી સરદારે નાલંદા સહિત મોટાભાગનાં વિશ્વવિદ્યાલયોનો સર્વનાશ કરી નાખ્યો. આપણી જ્ઞાનપરંપરા ખંડિત થઈ ગઈ. એટલે આપણે માની લીધું કે આપણી બધી જ શિક્ષણ વ્યવસ્થા ઠપ્પ થઈ ગઈ. પરંતુ એવું નહોતું. મુસ્લિમ આક્રમકોએ આપણાં નાનાં મોટાં વિશ્વવિદ્યાલયો ધ્વસ્ત કર્યાં, અનેક ગુરુકુલો સળગાવી દીધાં, પરંતુ તેમની પાસે તો શિક્ષણનું કોઈ મોડેલ હતું જ નહીં.

અંગ્રેજો જ્યારે ભારતમાં શાસન કરવાની સ્થિતિમાં આવ્યા ત્યારે તેમણે સૌપ્રથમ ભારતની શિક્ષણ પદ્ધતિનું સર્વેક્ષણ કર્યું. એ સર્વેક્ષણના રિપોટર્સ (અહેવાલો) ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને કેટલેક અંશે ભારતમાં પણ ઉપલબ્ધ છે. આ બધા જ રિપોર્ટસ સનસનાટીભર્યા છે. આપણી બધી જ માન્યતાઓને અને આપણને આજ સુધી ભણાવવામાં આવેલા ઈતિહાસને ખોટા પાડતા આ રિપોર્ટસ છે. ૧૭૫૭માં પ્લાસીનું યુદ્ધ જીત્યા પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો બંગાળ પર કબજો થઈ ગયો. જ્યારે તેમણે પોતાનું પ્રશાસન તંત્ર અમલમાં લાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને ખબર પડી કે આખા બંગાળમાં કરવસૂલીને લાયક ભૂભાગમાંથી ૩૪ ટકા જમીન પર કોઈ પણ પ્રકારની કર વસૂલી થતી નથી. એનું કારણ એ છે કે આ બધી જમીન પાઠશાળાઓ માટે ફાળવાયેલી છે. આ જોઈને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારીઓએ જ્યાં જ્યાં તેમનું શાસન હતું તે બધાં જ ક્ષેત્રોમાં શિક્ષણનું સર્વેક્ષણ કરવાની યોજના બનાવી.

મદ્રાસ પ્રેસિડેન્સીમાં ગવર્નર જનરલ થોમસ મુનરોએ બહાર પાડેલા એક આદેશ પ્રમાણે મદ્રાસ પ્રેસિડેન્સીના બધા જ કલેક્ટર્સને આદેશ હતો કે તેઓ બધાં જ ગામોની પાઠશાળાઓની માહિતી એકત્ર કરીને મોકલે. ઈસ્ટ ઈન્ડિયા કંપની અને અંગ્રેજ શાસન પ્રત્યે અત્યધિક સમર્પિત થોમસ મુનરો ભારતીયોને અપાતા શિક્ષણ વિશે સજાગ હતા. એટલે તેમના કલેક્ટર્સે મોકલેલા રિપોર્ટસનું અધ્યયન કરતાં તેમને ચાર વર્ષ લાગ્યાં. ૧૮૨૬ની ૧૦ માર્ચે તેમણે આ સર્વેક્ષણના રિપોર્ટસને પ્રકાશિત કર્યા. આ રિપોર્ટમાં જનરલ મુનરોના શબ્દો છે 'પ્રેસિડેન્સીમાં શિક્ષણનું સ્તર આપણા દેશ (ઈંગ્લેન્ડ) કરતાં ઓછું છે પરંતુ અન્ય લગભગ બધા જ યુરોપિયન દેશો કરતાં સારું છે.'

જનરલ મુનરો ઈંગ્લેન્ડના શિક્ષણના સ્તરને નાનું કેવી રીતે બતાવી શકે તેમ હતા? અનેક સમકાલીન બ્રિટિશ અધિકારીઓ અને ઈસાઈ મિશનરીઓએ લખી રાખ્યું છે કે ભારતીય શિક્ષણ વ્યવસ્થા ઈંગ્લેન્ડની શિક્ષણ વ્યવસ્થા કરતાં સારી છે. જનરલ મુનરો મદ્રાસમાં જ્યારે શિક્ષણ પદ્ધતિના સર્વેક્ષણનો આદેશ આપી રહ્યા હતા લગભગ ત્યારે જ બોમ્બે પ્રેસિડેન્સીના ગવર્નર એલ્ફિન્સ્ટને પણ આ જ પ્રકારના આદેશો કમિશનર ઓફ ડેક્કનને તથા ગુજરાત અને કોંકણના કલેક્ટર્સને પણ આપ્યા. એલ્ફિન્સ્ટને તેને માટે જે કમિટી બનાવી તેના રિપોર્ટમાં લખ્યું છે There is hardly a village, great or small, throughout our territories, in which there is not at least one school, and in large villages, more.

તે દિવસોમાં બંગાળમાં આ સર્વેક્ષણનું કામ કર્યું વિલિયમ એડમે. ત્યારે મરાઠાઓને હરાવ્યા પછી અંગ્રેજોએ લગભગ આખા દેશ પર પોતાની હકૂમત સ્થિર કરી. લોર્ડ વિલિયમ બેન્ટિક તે દિવસોમાં ભારતના ગવર્નર જનરલ હતા. અંગ્રેજ સત્તાની રાજધાની કોલકાતા હતી. બેન્ટિકે વિલિયમ એડમ્સને શિક્ષણ વિભાગમાં અધિકારી પદ પર નિયુક્ત કર્યા તથા તેમને બંગાળ અને બિહારની પાઠશાળાઓની બાબતમાં રિપોર્ટ આપવા કહ્યું. વિલિયમ એડમ્સ દ્વારા ૧૮૩૮ સુધી ત્રણ રિપોર્ટ પ્રસ્તુત કરાયા, જે 'એડમ્સ રિપોર્ટસ'ના નામથી પ્રસિદ્ધ છે. પોતાના રિપોર્ટમાં એડમ્સ લખે છે 'બંગાળ (તે સમયનું આખું બંગાળ) અને બિહારમાં લગભગ એક લાખ શાળાઓ છે. આ બંને પ્રાંતોની જનસંખ્યા લગભગ ચાર કરોડ છે. અર્થાત દર ૪૦૦ સંખ્યાએ એક શાળા છે.'

પંજાબમાં આવું સર્વેક્ષણ જી. ડબલ્યુ. લેટનર નામના બ્રિટિશ આઈ સી એસ અધિકારીએ કર્યું હતું. તેમાંથી કેટલાક સર્વેક્ષણોના રિપોર્ટસને આધારે તેમણે






પુસ્તક પણ લખ્યું History of Indigenous Education in Punjab: Since Annexation and in 1882. તેમાં લેટનર કહે છે, ભારતમાં ઘણી સારી વિકેન્દ્રિત શિક્ષણ વ્યવસ્થા છે. લગભગ દરેક ગામની પોતાની પાઠશાળા છે જે ગામલોકો જ ચલાવે છે. આ પાઠશાળાઓ માટે ભૂમિ ફાળવાયેલી છે જેની આવકમાંથી પાઠશાળાનો ખર્ચ નીકળે છે. લેટનર આગળ લખે છે, 'એમાંથી અનેક શાળાઓનું સ્તર આપણાં ઓકસફર્ડ અને કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયના સ્તરને સમાન છે. શિક્ષકોને સારું વેતન અપાય છે.'

અંગ્રેજો ભારતથી ગયા ત્યારે સન ૧૯૪૮માં કરાયેલાં સર્વેક્ષણમાં શિક્ષણનો દર ૮૪%થી ઘટીને માત્ર ૯% હતો. આ દરમિયાન અંગ્રેજોએ ગામની પાઠશાળાઓને ફાળવાયેલી જમીનો હડપ કરી. વિકેન્દ્રિત શિક્ષણ વ્યવસ્થા બંધ કરી. અને પાઠ્યક્રમ તેમના કહ્યા મુજબ નિર્ધારિત થવા લાગ્યો. ત્યારબાદ ધીમે ધીમે ભારત શિક્ષણ ક્ષેત્રે સતત પાછળ પડતું રહ્યું. આઝાદી પછી મેકોલેએ દાખલ કરેલા સુધારાઓને બદલવા માટે ૭૦ વર્ષ સુધી કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નહીં. સરકાર દ્વારા નવી શિક્ષણનીતિનો અમલ થતાં શિક્ષણક્ષેત્રે સારા પરિણામો આવશે.

તક્ષશિલા અને નાલંદાના વિનાશ પછી હવે આવનારા દસકોમાં ગુજરાતમાં પારુલ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, ડીડીઆઈટી, પીડીપીયુ જેવા વિશ્વવિદ્યાલયો નામના કાઢશે અને ભારતના શિક્ષણના પરચમ સમગ્ર વિશ્વમાં લહેરાવીને એની પ્રાચીન ગરિમા પાછી અપાવશે એવું ક્ષિતિજે દેખાઈ રહ્યું છે. ફી









## PROGRAMS

### MEDICAL
*MBBS | MD | MS | DM | MCH*
*M Sc | PhD*

### DENTAL
*BDS | MDS | PhD*
*Dip (Dental Mechanics)*

### AYUSH
*BAMS | BHMS*

### PARAMEDICAL SCIENCES
*Dip | B Sc | PG Dip | MSc | PhD*

### PROSTHETICS AND ORTHOTICS
*BPO | DPO*

### YOGIC SCIENCES
*Certification/ Diploma/ B.Sc./*
*BA/M.Sc./ MA/PhD*

### PHARMACY
*D.PHARM | B.PHARM | PHARM.D*
*PHARM. D. (PB) | M.PHARM |PhD*
*M Sc in clinical research*

### NURSING
*ANM | GNM | BSc (N) | PBBSc (N)*
*M Sc (N) | NPCC | PhD*

### PHYSIOTHERAPY
*BPT| MPT |PhD*

### AUDIOLOGY
*BASLP | Dip (Hearing Aid Repair &*
*Ear Mould Technology) | PhD*

### OPTOMETRY
*B. Optometry, M. Optometry*

### PUBLIC HEALTH
*Bachelor/Master/PhD*

At & Post Piparia, Tal.Waghodia, Dist. Vadodara-391760, Gujarat (INDIA)
M : +91 89808 00123



▪ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા




# ત્રણ રાષ્ટ્રીય ગીતોમાં અભિવ્યક્ત થઈ 'ભારત ભાગ્ય વિધાતા' ની કથા...

રાષ્ટ્રની પાસે જેમ ભૂતકાળ હોય છે, તેમ તેનો વર્તમાન અને ભવિષ્ય પણ એટલાં જ મહત્વના છે. ભગિની નિવેદિતાએ કહ્યું હતું 'ભારત દેશ પાસે અતીતની પગદંડી પરથી વર્તમાનનો રસ્તો બંધાય છે, અને ત્યાંથી ભવિષ્યનો મહા-પથ નિર્માણ પામે છે.' આ રીતે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ત્રણે વચ્ચે એક સાતત્યનો સેતુ હોય છે.

ભારત ભાગ્ય વિધાતા કોણ? જવાબ છે, તેની સંસ્કૃતિ, તેનો સમાજ, તેની શક્તિ, તેનું સાહિત્ય, તેનું શિલ્પ-સ્થાપત્ય-સંગીત. તેની શરૂઆત અનંત છે. તેના એકથી વધુ પડાવ હોય છે. એવો એક પડાવ તે વેદ યુગ. બીજો રઘુકુલ સહિતના વંશોનું સામ્રાજ્ય, ગુપ્તથી ચૌલ રાજવીઓ, મરાઠા વીર છત્રપતિ શિવાજીની હિંદુ રાજ્યની સ્થાપના, રાજસ્થાનમાં રાણા પ્રતાપનો જંગ અને ઈસ્લામિક આક્રમણોના સામના. પછી આવ્યું બ્રિટિશ રાજ્ય તેમાં ૧૮૫૭ની પહેલા આદિવાસી જનજાતિઓનો ઠેરઠેર વિગ્રહ, ૧૮૫૭નો પ્રચંડ વિસ્ફોટ, બંગાળના ભાગલા સમયે ક્રાંતિકારીઓની શહીદી, કેનેડામાં ગદર પાર્ટીનો પંજાબ સુધી વિપ્લવ, લંડનમાં ઈન્ડિયા હાઉસના પંડિત શ્યામજી અને વિનાયકરાવ સહિતના ક્રાંતિકારીઓનો વ્યાપક પ્રભાવ, ભારતમાં બંગ-ભંગ, ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદના ભારત નવજવાન સભા તેમજ હિંદુસ્તાન રિપબ્લિકન એસો. અનુશીલન સમિતિથી શરૂ થઈને ૧૯૪૩માં રંગૂનમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં આઝાદ હિન્દ ફોજની રચના, ૧૯૨૦થી ૧૯૪૨ ગાંધીજીની અસહકાર ચળવળ, ૧૯૪૫માં ઈન્ડિયન નેવી રેવોલ્ટ આવા ઘણાં બધાં સ્વાતંત્ર્ય આંદોલનોમાં લગભગ ૬ લાખ, ૧૦ હજાર જેટલા લોકોએ ભારત ભાગ્ય વિધાતા સ્વરૂપે બલિદાન આપ્યા.

આજે તેનો શક્તિશાળી અવાજ બની ગયેલા આપણા ત્રણ રાષ્ટ્રીય ગીતોની વાત કરવી છે. એક તો છે ૧૯૫૦થી રાષ્ટ્રગીતનો દરજ્જો પામેલું ગીત. આપણે સમૂહમાં સલામી સાથે ગાતા હોઈએ છીએ એ તો અધૂરું ગીત છે, રવીન્દ્રનાથ ટાગોરે લખેલું સંપૂર્ણ ગીત આ પ્રમાણે છે...

**જન-ગણ-મન અધિનાયક જય હે,**
**ભારત ભાગ્ય વિધાતા.**
**પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા,**
**દ્રાવિડ ઉત્કલ બંગ**
**વિંધ્ય હિમાચલ જમુના ગંગા,**
**ઉચ્છલ જલધિતરંગ**
**તવ શુભ નામે જાગે,**
**તવ શુભ આશિષ માગે,**
**ગાહે તવ જય ગાથા.**
**જન-ગણ મંગલ દાયક જય હે,**
**ભારત ભાગ્ય વિધાતા**
**જય હે, જય હે, જય હે,**
**જય જય જય જય હે.**

**અહરહ તવ આહ્વાન પ્રચારિત, શુનિ તવ ઉદાર બાણી**
**હિન્દુ બૌદ્ધ શિખ જૈન પારસિક,**
**મુસલમાન ખ્રિસ્તાની**
**પૂરબ પશ્ચિમ આસે, તવ સિંહાસન પાશે,**
**પ્રેમહાર હય ગાથા**
**જન-ગણ-ઐક્ય-વિધાયક જય હે,**
**ભારત-ભાગ્ય-વિધાતા,**
**જય હે, જય હે, જય હે, જય જય જય જય હે...**

**પતન-અભ્યુદય-વન્ધુર-પન્થા, યુગ-યુગ-ધાવિત યાત્રી,**
**હે ચિર સારથિ, તવ રથચક્રે, મુખરિત પથ દિન રાત્રિ**
**દારુણ વિપ્લવ-માઝે, તવ શંખધ્વનિ બાજે, સંકટ દુ:ખત્રાતા**
**જન-ગણ-પથ-પરિચાયક જય હે,**
**ભારત-ભાગ્ય-વિધાતા,**
**જય હે, જય હે, જય હે, જય જય જય જય હે...**


Read online : www.feelingsmultimedia.com

અનંત અનાદિ
વડનગર
પુરાતત્વિક અનુભવાત્મક સંગ્રહાલય

ગુજરાત સરકાર



# વડનગર મ્યુઝિયમ


## ભારતનું સૌપ્રથમ આર્કિયોલૉજિકલ એક્સપિરિએન્શિયલ મ્યુઝિયમ

**અહીં ઇતિહાસ માત્ર જોવાતો નથી, અનુભવાય છે**
વડનગરના ગૌરવશાળી ભૂતકાળને હવે AR, VR, 3D પ્રૉજેક્શન અને ઇન્ટરેક્ટિવ વૉકવેના માધ્યમથી વધુ નજીકથી અનુભવ કરો.




## વડનગર મ્યુઝિયમની વિશેષતાઓ

| ગુજરાતનું ગૌરવ | વાસ્તવિક ઉત્ખનન સ્થળ | અત્યાધુનિક ટેક્નૉલૉજી | 5,000+ કલાકૃતિઓ | તમામ ઉંમરના લોકો માટે ખાસ અનુભવ |
|---|---|---|---|---|
| માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની જન્મભૂમિ હવે વૈશ્વિક વિરાસત સ્થળ | 50 મીટરના વૉકવે પરથી વાસ્તવિક પુરાતત્વીય ઉત્ખનન સ્થળ જોવાની તક | AR, VR અને 3D પ્રૉજેક્શન દ્વારા જીવંત બનતો ઇતિહાસ | સિક્કા, આભૂષણો સહિત અનેક વસ્તુઓ | શીખવા, જાણવા સાથે ગૌરવની અનુભૂતિ |







વડનગર, જિલ્લો મહેસાણા, ગુજરાત
vadnagararchaeologymuseum.com

વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો.

ઘોર તિમિરઘન નિબિડ નિશીથે, પીડિત મુર્ચ્છિત દેશે
જાગૃત દિલ તવ અવિચલ મંગલ, નત નયને અનિમેષે
દુ:સ્વપ્ને આતંકે, રક્ષા કરિલે અંકે,
સ્નેહમયી તુમિ માતા,
જન-ગણ-દુ:ખત્રાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા,
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે...

રાત્રિ પ્રભાતિલ, ઉદિલ રવિચ્છવિ, પૂર્બ-ઉદયગિરિભાલે
ગાહે વિહંગમ, પૂણ્ય સમીરણ,
નવજીવનરસ ઢાલે,
તવ કરૂણારૂણરાગે, નિદ્રિત ભારત જાગે,
તવ ચરણે નત માથા,
જય જય જય હે, જય રાજેશ્વર, ભારત-ભાગ્ય-વિધાતા,
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે...

૧૯૫૦ની ૨૪ જાન્યુઆરીએ રાતે ૧૧ વાગે સંવિધાન સભાની બેઠકમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે ઘોષિત કર્યું કે 'જન ગણ મન' એ રાષ્ટ્રગીત (નેશનલ એન્થેમ) અને વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીત (નેશનલ સોંગ) નક્કી કરવામાં આવ્યાં છે.

હવે વંદે માતરમ્ ગીત. તેની પણ એક જ કડી ગાવામાં આવે છે. જો કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યક્રમોમાં તે સંપૂર્ણ ગીત તરીકે ગાવામાં આવે છે. પંડિત ઓમકારનાથ ઠાકુર, લતા મંગેશકર, પંડિત ભીમસેન જોશી, વિષ્ણુ દિગંબર પલુસકર, વિનાયક રાવ પટવર્ધન, પંડિત જસરાજ, દિલીપકુમાર રાય, ગીતા રોય વગેરેના સ્વરમાં વંદે માતરમ્ ગીત વહેતું રહ્યું છે. જેની જન્મતિથી છે, કાર્તિક શુક્લ નવમી, ૭ નવેમ્બર ૧૮૭૫. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું આ અમર ગીત જેને હોઠ પર વહેતું કરીને અનેક યુવકો ફાંસીના માચડે ચડ્યા ખુદીરામ બોઝથી લઈને ભગતસિંહ, મદનલાલ ઢિંગરા અને સરદાર ઉધમસિંહ સુધીના ક્રાંતિનાયકો. કેવું પ્રેરક છે આ ઐતિહાસિક ગીત !

વંદે માતરમ્
સુજલાં સુફલાં મલયજશીતલામ્
શસ્યશ્યામલાં માતરમ્
શુભ્રજ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલ્લકુસુમિત દ્રુમદલશોભિનીમ્
સુહાસિનીં સુમધુર ભાષિણીમ્

સુખદાં વરદાં માતરમ્
કોટિ કોટિ કણ્ઠ કલકલનિનાદ કરાલે
કોટિ કોટિ ભુજૈર્ધૃતખરકરબાલે
કે બલે મા તુમિ અબલે
બહુબલધારિણીં નમામિ તારિણીમ્
રિપુદલવારિણીં માતરમ્

તુમિ વિદ્યા તુમિ ધર્મ, તુમિ હૃદિ તુમિ મર્મ
ત્વમ્ હિ પ્રાણ શરીરે
બાહુતે તુમિ મા શક્તિ
હૃદયે તુમિ મા ભક્તિ
તોમારૈ પ્રતિમા ગડિ મન્દિરે મન્દિરે

ત્વમ્ હિ દુર્ગા દશપ્રહરણધારિણી
કમલા કમલદલ વિહારિણીમ્
વાણી વિદ્યાદાયિની ત્વામ્
નમામિ કમલાં અમલાં અતુલામ્
સુજલામ્ સુફલામ્ માતરમ્

શ્યામલાં સરલાં સુસ્મિતાં ભૂષિતામ્
ધરણીં ભરણીં માતરમ્

આ છે આપણાં ભારત ભાગ્ય વિધાતા ગીતો. પણ એક વધુ રાષ્ટ્રીય ગીતને પણ અત્રે યાદ કરવા જેવુ છે જે ૬૦૦૦૦ સૈનિકો દ્વારા આઝાદ હિન્દ ફોજ સ્વરૂપે નેતાજી સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં રંગુનથી ઈમ્ફાલ સુધી રક્તરંજિત સ્વાતંત્ર્ય યુદ્ધ લડવામાં આવ્યું હતું જેમાં ૨૧૦૦૦ સૈનિકો શહીદ થયા હતા. અંદામાન નિકોબાર પર ૧૯૪૩માં જ્યાં ત્રિરંગો ધ્વજ ફરક્યો હતો. આઝાદ હિન્દ સરકાર, બેન્ક, ચલણ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત પણ પોતાનું. રવીન્દ્રનાથના જનગણમનનું શહીદોને શોભે તેવું સરળ, સહજ પણ પ્રેરિત ગીત બની ગયું. તે ગીત...

સબ સુખ ચૈન કી બરખા બરસે, ભારત ભાગ હૈ જાગા.
પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગા,
ચંચલ સાગર, વિંધ્ય હિમાચલ, નીલા યમુના ગંગા
તેરે નિત ગુણ ગાયે, તુઝસે જીવન પાયે,
સબ જન પાયે આશા,
સૂરજ બનકર જગ પીઆર ચમકે, ભારત નામ સુહાગા.
જય હો, જય હો, જય હો, જય જય જય જય હો!
સબ કે દિલમે પ્રીત બસાયે, તેરી મીઠી બાની
હર સૂબે કે રહનેવાલે, હર મઝહબ કે પ્રાણી,
સબ ભેદ ઔર ફર્ક મિટાકે, સબ ગોદ મે તેરી આ કે,
ગૂંથે પ્રેમ કી માલા, સુરજ બન કર....
સુભા સબેરે પંખ પખેરૂ, તેરે હી નિત ગુણ ગાયે
બાસ-ભરી ભરપૂર હવાયે, જીવનમે ઋત્ત લાયે,
સબ મિલકર હિન્દ પુકારે, જય આઝાદ હિન્દ કે નારે...
પ્યારા દેશ હમારા, સુરજ બન કર...

આ છે ભારત ભાગ્ય વિધાતાની સમર્પિત કહાણી કહેતા આપણાં રાષ્ટ્રીય ગીતોનો અનમોલ વારસો. ફી



DJ TOYOTA

TOYOTA

# DJ TOYOTA

Dholakiya (Apco) & Joisar Group Venture

# DRIVEN BY TRUST



TOYOTA U TRUST

Buy | Sell | Exchange - Used Car

BUY | SELL | EXCHANGE ANY BRAND
CERTIFIED PRE-OWNED CARS

## *VISIT US ACROSS AHMEDABAD*




Convenient locations at Vastral, SG Highway, and Ognaj.
Our friendly team is ready to assist you with test drives, expert advice, and exclusive offers.

1. S.G Highway, Ground Floor, Spinel, Opp. Kargil Petrol pump, S.G Highway, Ahmedabad
2. Gota, Sarkhej – Gandhinagar Hwy, nr. Hathi Mandir, Gota, Ahmedabad, Gujarat 382481
3. Ognaj, FP No-248, T.P No-55, Near, Alpha English School, Gota-Ognaj Road, Ognaj. Ahmedabad
4. Vastral, Opp. Podar International School, Nr. Raf Camp, S.P. Ring road , Vastral, Ahmedabad
5. Balva, Rajvi complex, Nr.Riwaz Resturant. Bavla-Sharkhej Highway, Ahmedabad.
6. Dholka, Royal Business Park, Kalikund , Dholka , Ahmedabad

SALES: 9909004567 | SERVICE: 9909074567



■ યજ્ઞેશ આચાર્ય





# સંગીતની વૈભવશાળી ભવ્ય ઈમારતનું સમૃદ્ધ આભૂષણ
# હિન્દુસ્તાની સંગીતના એક ડઝન ઘરાના

સંગીતને સો દુઃખોનો એક ઈલાજ કહેવાય છે, એટલે જ છેલ્લા કેટલાક વર્ષોથી મ્યુઝિક થેરાપીના હેતુથી શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગોને રોગ પ્રમાણે પંડિતોએ તારવ્યા છે. વર્ષો પહેલાં ભાવનગરની એક ઈન્ડસ્ટ્રીમાં નોકરીના સમય દરમિયાન ૧૫ મિનિટ માટે લંચ ટાઈમની સાથે વાદ્ય સંગીતની સીડી મૂકવામાં આવતી. અમદાવાદમાં અદાણીના કોર્પોરેટ હાઉસમાં રોજ કચેરીના શરૂઆતના કલાકોમાં સરસ વાદ્ય સંગીત વગાડવામાં આવતું.

એવું કહેવાય છે કે, ભારતીય સંગીતનું દિવ્ય અવતરણ અઢી ત્રણ હજાર વરસ પહેલાં સામવેદનીઋચાઓમાંથી થયું છે અને તેથી જ તેમાં શુદ્ધિ અને સમૃદ્ધિ છે. પશ્ચિમી સંગીતના ધુરંધર સગીતજ્ઞ ગણાતા યહુદી મેન્યુહીને કહેલું કે, દુનિયાના સાત મહાસાગરો કરતાં પણ ભારતીય સંગીતનું ઊંડાણ વધુ છે. ભારત દુનિયાનો એક માત્ર એવો દેશ છે જ્યાંનું ઋતુચક્ર વિવિધતાનો વૈભવ પાથરે છે. દા.ત. ગુજરાત જ્યારે ઉનાળાની અનુભૂતિ કરે છે એ જ સમયે કાશ્મીર કે હિમાચલમાં ઠંડી અનુભવાય છે, આ સંદર્ભમાં દેશના જુદા જુદા પ્રદેશોની સંસ્કૃતિ, તેના સાહિત્ય, સંગીત અને કલાના સાધકોની ખૂબી-ખામીઓ વિકસી છે.

હિન્દુસ્તાની સંગીત ગુરુમુખ વિદ્યા છે અર્થાત ગુરુની સામે બેસીને જ સંગીતની શિક્ષા-દીક્ષા લેવી પડે. ઋષિતુલ્ય અને સંગીતને સમર્પિત આ ગુરુઓ દ્વારા જે પરંપરા શરૂ થઈ એ ઘરાના તરીકે ઓળખાય છે. સ્વરના આરોહની લગાવટ કે અવરોહમાં સ્વરની ફેંક, સ્વરને આડબીડમાં ગાવાની કે તેને લાડથી રમાડવાની લયકારી પ્રત્યેક ઘરાનાની વિશિષ્ટતા છે.

ભારતીય સંગીતના ત્રણ મુખ્ય અંગો છે, એક સમયે એવું કહેવાતું કે શ્રેષ્ઠ ગાના, મધ્યમ બજાના ઔર કનિષ્ઠ નાચના. જો કે આજના સંગીતમાં આ ત્રણેય અંગો સમાન ધરીએ આવી ગયા છે. છતાં પણ ગાયકીના ઘરાનાનું મહત્વ અદકેરુ જળવાઈ રહ્યું છે. ભારતીય સંગીતના મુખ્ય દસથી બાર ઘરાના નોંધાયા છે. જેમાં આગ્રા ઘરાના, બનારસ ઘરાના, ભીંડીબજાર ઘરાના, ગ્વાલિયર ઘરાના, દિલ્હી ઘરાના, ઈંદોર ઘરાના, મેવાતી ઘરાના, કિરાના ઘરાના, પતિયાલા ઘરાના, અતરૌલી ઘરાના, જયપુર ઘરાના અને રામપુર સહસ્વાન ઘરાના છે. પરંતુ આ બધા વચ્ચે કેટલાક એવા કલાકારો હતા જેમણે પોતાની અલગ ગાયન શૈલી વિકસાવી. જેમાં નામ લઈએ તો કુમાર ગંધર્વ. તેમના વિષે એવી વાત બહાર આવી હતી કે, નાની વયમાં તેમને કોઈ એવી બીમારી થઈ હતી જેના કારણે તેમના ફેફસાં ચાળણી જેવા થઈ ગયેલા. આથી સાજા થવા સૂકી હવા ધરાવતા મહારાષ્ટ્રના મીરજ વિસ્તારમાં જઈ વસ્યા. તેઓ સાજા તો થયા પણ તેમની ગાયકીમાં મર્યાદા આવી ગઈ. તેઓ ગાયન માટે જરૂરી એવા લાંબા કે ઉંડા શ્વાસ લઈ શકતા ન હતા. પરંતુ સંગીતના આ જીવે સખ્ત તપસ્યા દ્વારા નાની નાની સરગમ સાથે ગાવાની પોતાની આગવી શૈલી વિકસાવી હતી. યોગાનુયોગે તેમના સ્વરની લગાવટનું સંધાન ગુજરાતના ભરૂચના પંડિત ઓમકારનાથ ઠાકુરની ગાયકી સાથે થયું હતું. કુમાર ગંધર્વની ગાયન શૈલીમાં પંડિતજીના સંગીતનો પ્રભાવ રહ્યો હતો.

ઘરાના શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ગૃહ પરથી બનેલા ઘરમાંથી અવતર્યો છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો ગુરુના ઘરમાં રહીને તેમની સેવા કરીને જે સંગીતની શિક્ષા-દીક્ષા પ્રાપ્ત થાય તેને ગુરુ-શિષ્ય પરંપરા અથવા ઘરાના કહેવાય. ઉત્તર ભારતીય સંગીતમાં જેને ઘરાના કહે છે તેને દક્ષિણ ભારત (કર્ણાટક સંગીત)માં સંપ્રદાય કહે છે. પારંપારિક સંસ્કૃતિઓના ભારતમાં ખૂણે ખૂણે ઋષિતુલ્ય ગુરુઓ વસેલા હોવાથી જે તે પ્રદેશનું નામ ત્યાંની ગુરુ-શિષ્ય પરંપરા સાથે જોડાઈ ગયું.

ભારતીય સંગીતના ભીષ્મ પિતામહ કહેવાય એવા સ્વામી હરિદાસજીના જગપ્રસિદ્ધ શિષ્ય તાનસેનથી ઘરાનાની શરૂઆત થઈ એમ કહી શકાય. તાનસેનના વંશજોમાં વજીરખાન તથા મહંમદઅલીખાન રામપુર હતા. તાનસેન ઉપરાંત રાજી બુઆ, નાયક બૈજુ, નાયક ગોપાલ, ચિંતમણ મિશ્ર, ડાગર બ્રધર્સ જેવા પંડિતોએ ધ્રુપદને સમૃદ્ધ



ઉસ્તાદ અમીર ખાન　અબ્દુલ રાશિદખાન　પંડિત વી.ડી પલુસ્કર　દીનાનાથ મંગેશકર　યશવંતરાય પુરોહિત　બળવંતરાય ભટ્ટ　સુમતી મુટાટકર　કિશોરી આમોનકર

કર્યો છે. જે સેનિયા ઘરાનાના સાધકો તરીકે ઓળખાય છે. ઘરાના શબ્દના ઉપયોગની દ્રષ્ટિએ જોતા મધ્યપ્રદેશના ગ્વાલિયર રજવાડાને હિન્દુસ્તાની ગાયકીની આદ્ય વિદ્યાપીઠ તરીકે ઓળખવી પડે. ગ્વાલિયરના રાજા માનસિંહ તોમરથી ઘરાના શબ્દનો પ્રયોગ શરૂ થયો.અને આમ ક્રમશઃએક પછી એક એમ એક ડઝન ઘરાના જે તે પ્રદેશના નામથી ઓળખાતા થયા. હકીકતની દ્રષ્ટિએ તાનસેન અને સ્વામી હરિદાસ પણ ગ્વાલિયરમાં જન્મ્યા હતા. બાદમાં સ્વામી હરિદાસ વૃંદાવનમાં વસ્યા અને તાનસેન શહેનશાહ અકબરના દરબારમાં રાજગાયક તરીકે જોડાયા.

મોગલો પહેલાં ભારતીય સંગીત મુખ્યત્વે ભક્તિપ્રધાન હતું જેને ધ્રુપદ ગાયકી તરીકે ઓળખાવાય છે. એટલે લગભગ દરેક ઘરાનાના આદ્યસ્થાપક મનાતા કલાકારો આરંભે તો ધ્રુપદ શૈલીના જ ગાયક હતાં. આ શૈલીની ગાયકીને ચાર પ્રકારોમાં મૂકવામાં આવી છે જેમાં ખંડાર, નોહાર, ડાગુર અને ગોબુરહારે છે જે બાનીવાણી તરીકે ઓળખાય છે. તેનો આવિષ્કાર કે મુખ્ય પ્રચાર ગ્વાલિયરના રાજા માનસિંહે કર્યો હોવાનું મનાય છે. પાછળથી સદારંગ અને અદારંગ નામના બે ભાઈઓએ આજે ખયાલ તરીકે ઓળખાતી ગાયન શૈલી શરૂ કરી. ત્યારબાદ મહદઅંશે ખયાલ ગાયકીના ઘરાના શરૂ થયા. ગ્વાલિયર ઘરાનાના દિગ્ગજ કલાકારોના નામોલ્લેખ કરીએ તો ભરૂચના પંડિત ઓમકારનાથ ઠાકુર, રાષ્ટ્રપિતા ગાંધીજીના સાબરમતી આશ્રમ માટે રાગ આધારિત ભજનો તૈયાર કરાવનારા પંડિત નારાયણ મોરેશ્વર ખરે, પંડિત વિષ્ણુ દિગંબર પલુષ્કર, ગુરુરાવ દેશપાંડે, દત્તાત્રેય વિષ્ણુ પલુષ્કર, અબ્દુલ રાશિદ ખાન, માલિની રાજકુમાર, નીલા ભાગવત અને ભારતની સ્વર સામ્રાજ્ઞી લત્તા મંગેશકર છે. લત્તાજીના પિતા પંડિત દીનાનાથ મંગેશકર ગ્વાલિયર ઘરાનાના સ્વરસાધક હતા. દ્રુત અને અતિ દ્રુત ગાયન શૈલી આ ઘરાનાની ખૂબી ગણી શકાય. ધ્રુપદ ગાયકીની સંસ્કૃતિના સંવર્ધન માટે વડોદરાના એલેમ્બિક પરિવારે યુવાન ધ્રુપદ ગાયક ભાવનગરના ચિંતન ઉપાધ્યાયના વડપણ હેઠળ ઘણા વર્ષોથી એલેમ્બિક ધ્રુપદ એકેડેમી ચલાવે છે, જેના કારણે આ શૈલીને લુપ્ત થતી બચાવી શકાશે.



હીરાબાઈ બરોડેકર　રસિકલાલ અંધારીયા　કૌશિકી ચક્રવર્તી

આગ્રા ઘરાનાને સૌથી વધુ લોકપ્રિય બનાવનાર અને આફતાબ-એ-મૌશિકી અર્થાત સંગીતના સૂર્ય ગણાતા અને વડોદરાના રાજપરિવારે જેમને આશ્રય આપેલો એ ઉસ્તાદ ફૈયાઝ ખાન આજીવન વડોદરામાં રહ્યા હતાં. કુંદનલાલ સાયગલની અમર ગણાતી ઠુમરી 'બાબુલ મોરા નૈહર છુટો જાય' તેમને ફૈયાઝ ખાન સાહેબે શીખવેલી. આ ઠુમરીને નવી ટ્રીટમેન્ટ સાથે 'આવિષ્કાર' ફિલ્મમાં જગજીતસિંઘ અને ચિત્રા સિંઘે ગાઈ છે. આજે મુંબઈમાં આ ઘરાનાના સૌથી વધુ કલાકારો વસે છે. આ ઘરાનાને વિશેષતઃ મહિલા ગાયકોએ અપનાવ્યો છે. આગ્રા ઘરાનાનાં જાણીતાં કલાકારોમાં મોહસિન ખાન, સુમતિ મુટાટકર, વિલાયત હસન ખાન, પંડિત તુષાર દત્તા, સુગ્રા ગુહા ઉપરાંત વસિમ અહેમદ ખાન, ભારતી પ્રતાપ, પૂર્વ આઈ.એ.એસ. કશિષ મિત્તલ છે.

અન્ય ઘરાનાની તુલનામાં ઈંદોર ઘરાના નવા છે. અડધો ડઝન ફિલ્મોમાં કંઠ આપનારા અને ખયાલ ગાયનમાં ક્રાંતિકારી પરિવર્તન માટે જાણીતા ઉસ્તાદ અમીરખાં સાહેબે ઈંદોર ઘરાનાની સ્થાપના કરી હતી. તેઓ ઈંદોરના હતા. મૂળ તો તેમના પિતા ઉસ્તાદ શાહમીરખાં સાહેબ ટોચના સારંગીવાદક હતા અને પુત્ર આમીરખાંને સારંગી શીખવતા હતા. પરંતુ એકવાર શાહમીરખાં સાહેબના એક શિષ્ય અને કોઈ રજવાડાના નબીરાએ શરાબના નશામાં સારંગીને કોઠાનું સાજ છે એવી ટકોર કરતા ખાંસાહેબે પુત્રને સારંગી છોડાવીને ગાયન શીખવ્યું. પછીથી અમીરખાંએ કિરાના ઘરાનાના ઉસ્તાદ વહીદ ખાન, ભીંડીબજાર ઘરાનાના અમાન અલી ખાન (જેમની પાસે લત્તાજીએ પિતાના અકાળ અવસાન બાદ તાલીમ લીધી હોવાનું કહેવાય છે) અને પોતાના પિતાની તાલીમ આ ત્રણ ઘરાનાને ભેગા કરી આ ગાયન શૈલી વિકસાવી તે ઈંદોર ઘરાના. હિંદુસ્તાની સંગીતને ઈબાદત, બંદગી કે પ્રાર્થના કહેતા અને એટલા ઉચ્ચ સંસ્કારી હતા કે રૂઢીચુસ્ત મુસ્લિમ પરિવારના હોવા છતાં એ કહેતા 'કાન્હા બિના ગાના ક્યા'? આજના મોટાભાગના ટોચના કલાકારો અમીરખાં સાહેબની ગાયકીનું અનુસરણ કરે છે.

સૌથી લોકપ્રિય થયેલા કિરાના ઘરાનાનું મૂળ હરીયાણા નજીક પણ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં પાણીપત નજીક આવેલ ગામનું નામ છે. અહીંની ગુરુ-શિષ્ય પરંપરાને આ ગામના ઉસ્તાદ અબ્દુલ કરીમખાં સાહેબે લોકપ્રિય કરી. વિદુષી ડૉ.પ્રભા અત્રેએ જાહેરમાં કહેલું કે, હું અમીરખાં સાહેબની ગાયકીને અનુસરું છું. પંડિત ભીમસેન જોષી કહેતા કે, 'લોકો મને સાંભળે છે અને હું ઉસ્તાદ અમીરખાંસાહેબને સાંભળું છું.' ભીમસેન જોષી પણ અબ્દુલ કરીમ ખાંસાહેબની રેકર્ડ સાંભળીને જ શાસ્ત્રીય સંગીતના પ્રેમમાં પડ્યા હતાં. ૭-૮ વર્ષની વયે તેઓ ઘર છોડીને ગુરુની શોધમાં નાસી ગયા હતાં. આ ઘરાનાના જાણીતા કલાકારોમાં પંડિત અમરનાથ અને તેમના દીકરી હીરાબાઈ બરોડેકર, ઉસ્તાદ ફૈયાઝ અહમદખાન તેમના જ ભાઈ ઉસ્તાદ નિયાઝખાન, અજય પોહનકર, અમઝદઅલી ખાન વૈષ્ણવ સંપ્રદાયના ગોસ્વામી પરિવારના પૂ.ગોકુલનાથ મહારાજ, મુંબઈના મોટા મંદિરના મુખ્ય ગોસ્વામીજી અને પ્રખર વીણાવાદક મુકુંદ ગોસ્વામીજી, અમદાવાદના પંડિત મહેન્દ્ર ટાકે, ભાવનગરના 'સૂરમણી' રસિકલાલ અંધારિયા, પંડિત નટવરલાલ નાયક અને પંડિત સુલતાન ખાન છે.

જયપુર-અતરૌલી ઘરાના. તેના નામ પ્રમાણે રાજસ્થાનના જયપુર અને અલીગઢથી ૩૦ કિલોમીટર દૂર આવેલા અતરૌલી એમ બે જુદા જુદા સ્થાનોના સ્વર સાધકોએ વિકસાવેલી આ ગાયન શૈલી પણ લોકપ્રિય છે. આ શૈલીના મૂળ ગાયકો

ધ્રુપદિયા હતા. અમીર ખાન અતિ વિલંબિત લયમાં ગાતા. આ ગાયકી એક જમાનામાં આ ઘરાનાની ખૂબી હતી. આ ઘરાનાના ગાયકો અલંકારિક તાનો અને તે પણ વક્ર ગતિથી રજૂ કરતાં, જેને કેટલેક અંશે જનરંજની કહી શકાય. આ શૈલીને ઉસ્તાદ અલ્લાદિયા ખાન જેમનું સાચું નામ હતું ગુલામ અહમદ ખાને મશહૂર બનાવી. આ ઘરાનાના કલાકારોમાં હૈદરઅલી ખાન, બદ્રુદ્દીન ખાન, મોંઘુબાઈ કુર્દીકર, કેસરબાઈ કેલકર, કિશોરી આમોનકર, વામનરાવ દેશપાંડે અને શ્રુતિ સડોલીકરનો સમાવેશ થાય છે.


ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રસિદ્ધ સંગીતકાર એ.આર.રહેમાન તેમજ જાણીતા ગાયક સોનુ નિગમ જે ઘરાનાના શિષ્ય છે એવા રામપુર સહસવાન ઘરાનાના ટોચના ગવૈયા ઉસ્તાદ ગુલામ મુસ્તફા ખાન પાસેથી ભારતીય સંગીતની તેમણે તાલીમ લીધી છે. લગભગ ૧૯મી સદીની મધ્યમાં ઈનાયત ખાનસાહેબે આ ઘરાનાની સ્થાપના કર્યાનું કહેવાય છે. સ્વર, લય, સરગમ તાન અને શુદ્ધ તાન આ ઘરાનાના સાધકોની ખૂબી ગણાય છે. દિવંગત ઉસ્તાદ રાશીદ ખાન આ ઘરાનાના સાધકો પૈકીના એક હતા.

મેવાતી ઘરાનાના સ્થાપક રાજસ્થાનના જોધપુરના નઝીર ખાન સાહેબ ગણાય છે. તેમનો અવાજ મૂળે ઘોઘરો હતો પરંતુ જ્યારે તેઓ ગાતા ત્યારે ભલભલાના લોચનને ભીના કરી દે એવી તેમની ગાયકીમાં તાકાત હતી. પરંતુ પંડિત જશરાજે આ ઘરાનાને જગપ્રસિદ્ધ કર્યો છે. તેમણે એક તબલાવાદક તરીકે સંગીત શીખવાની શરુઆત કરેલી, પોતાના મોટાભાઈ પંડિત મણીરામજી સાથે તબલા સંગત કરતા. પરંતુ એક કાર્યક્રમમાં આયોજકે તબલાવાદક વિશે અણછાજતી ટકોર કરતા જસરાજે તબલા ત્યજી દીધા અને ગાયનની તાલીમ શરૂ કરી. તેમણે ઉસ્તાદ અમીર ખાનની મેરખંડની ખૂબીને પોતાની રીતે વિકસાવી. તબલાના અભ્યાસી હોવાથી આડબીડ લયકારી તેમની વિશિષ્ટતા હતી. પંડિતજીને અમદાવાદ સાથે લેણું રહેલું. તેમના મોટાભાઈ અને પિતાશ્રી સાણંદના રાજવી જસવંતસિંહજીના રાજગાયક હતા. તેમની વિદેશમાં એટલી લોકપ્રિયતા હતી કે અમેરિકામાં તો એક હોલને પંડિત જસરાજનું નામ અપાયું છે. આ ગાયકીના અન્ય કલાકારોમાં પંડિત રતન મોહન શર્મા, અમદાવાદના કૃષ્ણકાંત પરીખ અને તેમના પુત્રો સ્વ.નીરજ અને વિકાસ પરીખનો સમાવેશ થાય છે.


હિન્દુસ્તાની સંગીતનું એક સમયે શિખર શોભાવનાર પ્રસિદ્ધ બંધુ રાજન-સાજન મિશ્રા બનારસ ઘરાનાના હતા. આ બેલડી પૈકીના પંડિત રાજન મિશ્રાનું કોરોનાથી અવસાન થતાં આ જોડી ખંડિત થઈ છે. તેઓએ તાલીમ તેમના પિતરાઈ ભાઈ પંડિત બડે રામદાસજી અને પિતા હનુમાન પ્રસાદ પાસેથી લીધી હતી. બાદમાં અન્ય ઘરાનાની ખૂબીઓ આત્મસાત કરીને પોતાની રોમેન્ટિક શૈલી વિકસાવી. ખયાલ ગાયકી ઉપરાંત ઠુમરી અને ભક્તિ ગીતોમાં આ બન્ને ભાઈઓનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. તેમના શિષ્યોમાંના એક અમદાવાદના જાણીતા કલાકાર વિદૂષી વિરાજ અમર ભટ્ટ છે. આશરે ૩૦૦ વર્ષ જૂના બનારસ ઘરાનાના નામે તબલાનું અલગ ઘરાનું પણ છે. નેપાળના રાજ શંભુપ્રસાદ મિશ્રા અને મીરા રાણા આ ઘરાનાના વિખ્યાત કલાકારો હતા.

પંજાબના પતિયાલા આસપાસના સ્વરસાધકોએ પતિયાલા ઘરાનાની સ્થાપના કરી હતી. તમામ ઘરાનાની તુલનાએ આ ઘરાના શ્રૃંગારરસિક છે. આ ઘરાનાને લોકપ્રિયતાની ટોચે લઈ જવામાં બડે ગુલામ અલી ખાનસાહેબનો શિરમોર ફાળો છે. જો કે બડે ગુલામ અલી ખાન પણ અમીર ખાનની જેમ મેરુખંડની આડબીડ ગાયકીના બાદશાહ હતા. ગુલામ અલી ખાનના પૂર્વજો મોટે ભાગે સારંગીવાદકો હતા, ખાન સાહેબ ખુદ સારંગીના ટોચના કલાકાર હતાં.

કીવંદતી મુજબ ઠુમરીના સૂરસામ્રાજ્ઞી અને ગઝલ એ તરન્નૂમ બેગમ અખ્તરે તેમને એકવાર કંઈ ગણગણતા સાંભળ્યા ત્યારે કહ્યું, 'ઈતની અચ્છી આવાજ ખુદાને દી હૈ તુમ્હે, તો ફિર સારંગી ક્યું બજાતે હો?' ખાન સાહેબને આ વાત સ્પર્શી ગઈ. સારંગી છોડીને તેમણે ગાવાનું શરૂ કર્યું. અમીરખાનની જેમ તેઓ પણ યુગ સર્જક ગાયક બની ગયા. ગુલામ અલી ખાનના ઈંતેકાલ થયાનું જાણ્યા બાદ અમીર ખાનને એટલો આઘાત લાગ્યો કે તેમણે કહ્યું હતું કે, 'અબ મૈં ગાઉ તો કિસકે લિયે? યહ એક હી થા, જો મેરે સામને બૈઠ સકતા થા.' આ ઘરાનાની ચાલ પકડીને કોલકત્તાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કલાકાર પંડિત અજય ચક્રવર્તીની હોનહાર કલાકાર દીકરી કૌશિકી ચક્રવર્તી, રાહુલ દેશપાંડે, સોમદત્ત વગેરે ગાયકો તેને સરસ રીતે લોકભોગ્ય બનાવી રહ્યા છે.


વિદુષી શુભા ગુહા   ઉસ્તાદ સુલતાન ખાન   રાજન-સાજન મિશ્રા

ગાયકીની જેમ વાદન અને નૃત્ય પરંપરાનાં પોતપોતાના ઘરાનાં છે. અલબત્ત, આ વિષય અલગ છે. તબલા વાદનની વાત કરીએ તો તેના મુખ્યત્વે છથી આઠ ઘરાના છે જેમાં અઝરારા, બનારસ, દિલ્હી, ફરૂખાબાદ, દિલદાર, તાન ખાન, લખનઉ અને પંજાબ ઘરાના છે. હિન્દુસ્તાની સંગીતના વિવિધ તાલ છે એ તાલના શાસ્ત્રીય સ્વરૂપમાં આ પૈકીનું કાઈ ઘરાનું કશો ફેરફાર કરી શકે નહીં. જેમ કે સોળ માત્રાનો ત્રિતાલ દરેક ઘરાનામાં ત્રિતાલ તરીકે જ શીખવવામાં આવે છે. પરંતુ દરેક ઘરાનાના ઉસ્તાદે દરેક તાલના પોતાની રીતે પલટા, કાયદા, તિહાઈ વગેરે વિકસાવ્યા હોવાથી દરેક ઘરાનાનું તબલાવાદન અલગ પડી જાય છે. એથી જ કોઈ ઘરાનામાં ટાંચીનો રણકાર અલગ હોય તો કોઈ ઘરાનામાં બાયાંના ઘુઘવાટનું અધિપત્ય હોય છે. બનારસ ઘરાનાના જગપ્રસિદ્ધ કલાકાર પંડિત કિસન મહારાજ અને પંડિત સામતા પ્રસાદની સાથોસાથ અમદાવાદની વિખ્યાત 'સપ્તક'ના સ્થાપક પંડિત નંદન મહેતા બની રહ્યા. તો પંજાબ ઘરાનામાં ઉસ્તાદ અલ્લારખાં અને તેમના એટલા જ પ્રતાપી પુત્ર ઉસ્તાદ ઝાકિર હુસેન હતાં. ઝાકિર હુસેને તો તબલા વાદનમાં ફ્યુઝનના પ્રયોગો કરવા સાથે તબલા


પંડિત જસરાજ   ભીમસેન જોષી   પુરુષોત્તમદાસ જલોટા   બિસમિલ્લા ખાન   પન્નાલાલ ઘોષ   અમજદ અલી ખાન   કિસન મહારાજ   ઝાકીર હુસેન

વાદનના ઈતિહાસને પલટી નાંખ્યો છે.

સિતાર-સરોદ જેવા તંતુવાદ્યોના પણ પોતાના આગવા ઘરાના છે. ઉસ્તાદ અલ્લાઉદ્દિન ખાનના શિષ્યો મૈહર ઘરાનાના શાગિર્દો ગણાયા. પંડિત રવિશંકર, નિખિલ બેનર્જી, પન્નાલાલ ઘોષ, હરિપ્રસાદ ચૌરસિયા, વિદૂષી મંજુબહેન મહેતા, ઉસ્તાદ અલી અકબરખાન અને મા અન્નપૂર્ણા દેવીનો સમાવેશ થાય છે. સિતાર-સરોદ વગેરે નખલીના હુલામણા નામે ઓળખાતા મિજરાબથી વગાડવામાં આવે છે. આ વાદ્યોના પણ અડધો ડઝન ઘરાના છે. દરેક ઘરાનાએ વધતા-ઓછા અંશે ગાયકીને પોતાના સાજમાં ઉતારવા ભગીરથ કામ કર્યું છે. ઈમદાદ ખાની ઘરાના, જાફરખાની બાજ વગેરે શૈલીથી ઓળખાતી આ પરંપરામાં પણ દરેક કલાકારની પોતાની વિશેષતા રહી છે. અન્ય વાદ્યોની તુલનાએ સિતાર અને સરોદ દુનિયાભરમાં પ્રખ્યાત છે. બીટલ્સના જ્યોર્જ હેરિસનથી લઈ અમદાવાદના 'સપ્તક'મહોત્સવમાં સરોદવાદન કરનાર કેન ઝુકરમેન સહિત અનેક વિદેશીઓ આ બન્ને વાદ્યો શીખી રહ્યાની વાત જાણીતી છે.

ભજન સમ્રાટની નામના ધરાવનાર પુરુષોત્તમદાસ જલોટા અખંડ હિન્દુસ્તાનના લાહોરના માસ્ટર રતનના શિષ્ય હતા. એ શામચોરાસી ઘરાના તરીકે જાણીતું હતું. આ ઘરાનાના ગાયકોમાં ઉસ્તાદ સલામતઅલી અને તેમના ભાઈ નઝાકતઅલી પ્રસિદ્ધ હતાં. મશહૂર કવ્વાલ અને સૂફી ગાયક નુસરત ફતેહઅલી ખાન આ ઘરાનાના હતાં. અતિ દ્રુત લયમાં સરગમ ગાવા માટે આ ઘરાનાની લોકપ્રિયતા એટલી હતી કે પતિયાલા ઘરાનાના ગુલામ અલી ખાન તેના તરફ આકર્ષાયા હતાં. પરંતુ તેમના કાકાએ 'ધીર ગંભીર' અને વિલંબિત ગાયકી જ સાચી ગાયકી છે એમ કહી તેમને વાર્યા હતાં.

આ બધા વચ્ચે કેટલીક વિભૂતીઓ ભારત ભાગ્ય વિધાતાએ આપી છે જેમણે કોઈ ઘરાનાના શિક્ષણ મેળવ્યા વિના ભારતીય શાસ્ત્રીય સંગીત કે વાદ્યની તાલીમ લઈને આગવા અંદાજમાં પોતાનું આગવું ઘરાનુ વિકસાવ્યું છે. જેમાં કુમાર ગંધર્વ, શહનાઈના શહેનશાહ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન, પંડિત શિવકુમાર શર્મા, પંડિત રામ નારાયણ, બેગમ અખ્તર, શોભા ગુર્તુ, શૂભા મુદગલ, પંડિત જીતેન્દ્ર અભિષેકીને ગણાવી શકાય. જમ્મુમાં જન્મેલા સંતુરવાદક પંડિત શિવકુમાર શર્માએ તો એક ડગલું આગળ વધીને સંતુરની ડિઝાઈન બદલીને વિવિધ પ્રયોગો કર્યા.

ભાવનગરના રસિકલાલ અંધારિયા, પંડિત બળવંતરાય ભટ્ટ 'ભાવરંગ', પંડિત યશવંતરાય પુરોહિત અને હવેલી સંગીતમાં વિઠ્ઠલભાઈ બાપોદરાનું પ્રદાન બહુ મૂલ્ય રહ્યું છે. રાજ્ય સરકારે ભાવનગરમાં નિર્માણ કરેલા નાટ્યગૃહને યશવંતરાય પુરોહિતના નામ સાથે જોડીને ઉચિત સન્માન આપ્યું છે. ફી



બડે ગુલામ અલી ખાન | લતા મંગેશકર | મોહમ્મદ રફી | એ.આર રહેમાન

**લત્તાજી અને રફીજીને ગીતના રૂ.૫૦૦ મળતા ત્યારે ગુલામ અલી ખાનને રૂ.૫૦,૦૦૦ મળતાં.**

૧૯૮૩-૮૪માં આવેલી ગિરીશ કર્નાડ અને જયા પ્રદા અભિનીત ફિલ્મ 'સૂરસંગમ'ના બધા ગીતો પંડિત રાજન સાજન મિશ્રાએ ગાયા હતાં તો અમીર ખાને શબાબ, બૈજુ બાવરા, ઝનક પાયલ બાજે અને ગુંજ ઉઠી શહેનાઈ જેવી ફિલ્મોમાં કંઠ આપેલો. કે. આસિફની યાદગાર ફિલ્મ 'મુઘલે આઝમ'માં બડે ગુલાબ અલી ખાને બે ગીતો ગાયા હતાં. ૧૯૫૦ના દાયકામાં જ્યારે લતાજી અને રફી સાહેબને એક ગીત ગાવાના ૪૦૦-૫૦૦ મળતા ત્યારે બડે ગુલામ અલી ખાન સાહેબ ગીત ગાવાના રૂ.૫૦ હજાર લેતા હતાં. ટોચની ગાયિકા અનુરાધા પૌડવાલ અને સાધના સરગમ મેવાતી ઘરાનાના પંડિત જસરાજના શિષ્યા રહ્યા છે. બાંસુરીવાદક પન્નાલાલ ઘોષે મુગલે આઝમ સહિતની અનેક ફિલ્મોમાં બાંસુરીના સ્વરો રેલાવ્યા હતા. તો હરિપ્રસાદ ચૌરસિયાએ લગભગ એક હજારથી વધારે ફિલ્મોમાં બાંસૂરી છેડી છે. સિતારવાદક અબ્દુલ હલીમ જાફર ખાન અને રઈસ ખાને ૫૦૦થી વધુ હિટ ગીતોમાં સિતારના તાર રણકાવ્યા હતાં. 'સિલસિલા' ફિલ્મમાં હરિપ્રસાદ ચૌરસિયા અને શિવકુમાર શર્માની જોડીએ શિવ-હરિના નામે યાદગાર સંગીત આપ્યું છે. શિવકુમાર શર્માએ ૧૨૦૦થી વધુ ફિલ્મોમાં સંતુરનો ઝંકાર કર્યો છે.

પંડિત સામતા પ્રસાદે અસંખ્ય ફિલ્મોના રાગ આધારિત ગીતોમાં તબલાંનો સાથ આપ્યો છે. આમ શાસ્ત્રીય અને ફિલ્મ સંગીત એક સિક્કાની બે બાજુ બની રહ્યા છે.



ઓમકારનાથ ઠાકુર | પંડીત રવિશંકર | હરીપ્રસાદ ચૌરસિઆ | શિવકુમાર શર્મા

**ફિલ્મ સંગીતે શાસ્ત્રીય સંગીતને જીવંત રાખ્યું છે.**

૧૯૪૭માં આઝાદી મળ્યા બાદ સરદાર સાહેબે નાના મોટા છસ્સો રજવાડા નાબૂદ કર્યા ત્યારે રાજ-રજવાડાનો રાજ્યાશ્રય ધરાવતા શાસ્ત્રીય સંગીતના કલાકારો માટે આ નિર્ણયે જીવનગુજારાની ચિંતા સર્જી હતી. મોટાભાગના કલાકારો જરૂર પૂરતું શિક્ષણ ધરાવતા હતાં. રાજ્યાશ્રય વિના સંગીતના સહારે આમ પ્રજા સુધી પહોંચવાની તેમની ક્ષમતા નહોતી. એ સમયે ફિલ્મ સંગીત આ કલાકારોની વહારે આવ્યું હતું. એ સમયના ફિલ્મ સંગીતકારોએ વિવિધ મ્યુઝિક કોન્ફરન્સમાં હાજરી આપીને કાનને જે ગમ્યું તેની ગુરુદક્ષિણારૂપે ઉસ્તાદોને રાગદારી આધારિત ફિલ્મ ગીતોના સ્વરાંકન કરવાનું કામ આપ્યું. ૧૯૩૧માં પહેલી બોલતી ફિલ્મ ટોકી આવી. ત્યારથી શરૂ કરીને સલમાનખાનની ફિલ્મ કીક અને સંજય લીલા ભણસાલીની કેટલીક ફિલ્મો આવી તેમાં હિન્દી ફિલ્મી દુનિયાએ ૧૫ હજારથી વધુ ગીત રાગરાગિણી આધારિત આપ્યા.જેના કારણે આમ આદમી કેટલાક રાગો સમજતો થયો. તો આકાશવાણીના વિવિધ ભારતી કેન્દ્રો રાગ આધારિત કાર્યક્રમોનું નિર્માણ કરતા થયા. ભારત સરકાર અને રાજ્ય સરકારોએ સાંસ્કૃતિક આદાન-પ્રદાનના ભાગરૂપે સંગીત મહોત્સવના આયોજનો કરીને દેશના આ મહાન કલાકારોને, તેમની કલાને પ્રોત્સાહિત કરી અને આજે પણ કરી રહી છે. એ વાત પણ નોંધવા જેવી છે કે, આરંભના દાયકાઓમાં પંડિત રવિશંકરે 'અનુરાધા'માં યાદગાર સંગીત પીરસ્યું તો ઉસ્તાદ અલી અકબર ખાને દેવ આનંદની કેટલીક ફિલ્મોમાં સંગીત આપ્યું. પંડિત ઓમકારનાથ ઠાકુરે તો 'કબીર' ફિલ્મમાં હીરો કબીરનો રોલ કરેલો.




7 Seas
PARTY LAWN

The Belvedere
Golf and Country Club

EVARA
GREENS

KARNAVATI
CLUB LTD.

# BOOK YOUR CELEBRATIONS FOR 2025-2026




+91 89800 00333
+91 72038 26499

**Karnavati Club,** S.G. Hwy, Opp. Shalby Hospital - 380058.
**7 Seas,** Nr Science City Circle, Sardar Patel Ring Road - 380060.
**Evara Greens,** off Sindhu Bhavan Marg, PRL Colony, Thaltej - 380059.
**The Belvedere Golf and Country Club,** Nr Vaishnodevi Circle, Adani Shantigram - 382421.



વિરલ રાઠોડ




# પદ્મ પુરસ્કારના પ્રકાશમાં નિરખીએ... 'ભારત ભાગ્ય વિધાતા' પ્રતિભાઓને

દર વર્ષે આપણા દેશમાંથી કેટલીક એવી વ્યક્તિઓની પસંદગી કરવામાં આવે છે જેણે પોતાના ક્ષેત્રમાં અસાધારણ કામ કરીને સમાજ સામે એક માઈલસ્ટોન ઊભો કર્યો હોય. સમાજની પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે એમનું સન્માન કરવાના કાર્યક્રમો ભલે સમયાંતરે થાય, પરંતુ જ્યારે દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ પુરસ્કાર મળે ત્યારે એમના કાર્યોની સુવાસ પ્રત્યેક દેશવાસીઓ સુધી પહોંચે છે.



બલબીરસિંહ દોસાંજ

વર્ષ ૧૯૫૪માં પદ્મ પુરસ્કાર આપવાની શરૂઆત થઈ હતી. એ પછી ત્રણ વર્ષ બાદ બીજા સર્વોચ્ચ સન્માન જાહેર કરાતાં ત્રણ કેટેગરીમાં જુદા જુદા સન્માન અંતર્ગત દેશવાસીઓની સિદ્ધિઓને વધાવવામાં આવી.

સૌથી પહેલો પદ્મ પુરસ્કાર સ્પોર્ટ્સ ક્ષેત્રમાંથી આપવામાં આવ્યો હતો. ઓલિમ્પિકમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ બલબીરસિંહ દોસાંજને પદ્મ પુરસ્કાર મળ્યો હતો. એ પછી અલગ-અલગ ક્ષેત્રોનો તેમાં ઉમેરો થતો ગયો અને પદ્મ પુરસ્કાર માટે લાયક પ્રતિભાઓની એક આખી હરોળ તૈયાર થવા લાગી. આ માટેની એક ચોક્કસ પ્રક્રિયા જેને નોમિનેટ કે નામાંકન કહેવામાં આવે છે એ શરૂ થઈ. એની સ્ક્રૂટિની કરીને નામો ફાઈનલ કરવામાં આવે છે. આમ પદ્મ પુરસ્કાર એટલે કે દેશ તરફથી મળેલા સર્વોચ્ચ સન્માન સાથે કેટલીક સવલતો પણ શરૂ કરવામાં આવી.

દેશને યશ અને કીર્તિ અપાવવામાં ગુજરાતીઓ આઝાદીકાળથી સક્રિય રહ્યા છે. દેશની આઝાદી માટે ભારતનાં અગણિત લોકોએ બલિદાન આપ્યું છે. ક્રાંતિકારીઓ અને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનથી આપણને સ્વતંત્રતા મળી છે એ વાત પણ સ્વીકારવી



ડૉ. તેજસ પટેલ

પડે. સફળતાની ચમકતી દુનિયા પાછળ દિવસ - રાતનો પુરુષાર્થ હોય છે. અશક્યમાંથી પણ અ છૂટો પડે તો શક્ય બને છે. આવું જ કામ મેડિકલ ક્ષેત્રે કરનારા ગુજરાતી વીર એટલે ડૉ. તેજસ પટેલ. અમદાવાદના જાણીતા કાર્ડિયોલોજિસ્ટ તેજસ પટેલને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. હાર્ટ સંબંધિત રોગોમાં એક્સપર્ટ આ તબીબ ઘણા અસાધારણ કેસમાં સફળતા પ્રાપ્ત કરીને દુઆ સાથે નામ પણ કમાયા છે. જેની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી છે. અપગ્રેડ થતી ટેકનોલોજીના યુગમાં હવે તો વીડિયો કોન્ફરન્સથી લાઈવ ઓપરેશન વખતે

માર્ગદર્શન આપીને દર્દીનો જીવ બચાવવા માટે તેઓ હંમેશાં સક્રિય રહે છે. માત્ર ગુજરાતી તરીકે જ નહીં પરંતુ એક ભારતીય તરીકે ગૌરવ થાય એવું આ તેજસ્વી નામ છે.


ઉષા ઉથુપ

કપાળે મોટો ચાંદલો અને પહાડી અવાજ. આંખ પર ફેન્સી ચશ્મા અને હાથમાં અવનવા બ્રેસલેટ. આ ઓળખ છે ભારતીય ગાયિકા ઉષા ઉથુપની... સંગીતની યાત્રામાં પોતાના કર્ણપ્રિય અવાજથી અનેક ગીતોને કંઠ આપીને તેમણે પોતાની અલગ ઓળખ ઉભી કરી છે. આ એ સમયની વાત છે જ્યારે પોપ આલ્બમનો જમાનો હતો. હરિ ઓમ હરિ, નાકાબંધી, શાન, ડાર્લિંગ જેવા ગીતોને પોતાનો અવાજ આપીને ખરા અર્થમાં તેમણે યુનિક બનાવી દીધા છે. સૌથી મોટી વાત એ છે કે, કોઈ એક ગાયન શૈલીને અનુસરવા કરતાં જુદી જુદી ગાયન શૈલીથી સંગીત ક્ષેત્રે નવા પ્રયોગો કરીને તેમણે એક માઈલસ્ટોન સેટ કર્યો છે. આવા પ્રયોગો થકી એમની ગાયિકી અન્ય ગાયકોની શૈલી કરતાં ઘણી અલગ પડી રહી છે. આથી જ એમની પસંદગી પદ્મભૂષણ એવોર્ડની કેટેગરીમાં થઈ છે.


પ્યારેલાલ શર્મા

સંગીત ક્ષેત્રની યાત્રાને હજુ આગળ વધારીએ તો પદ્મ પુરસ્કાર સન્માનથી મ્યુઝિક ડાયરેક્ટર પ્યારેલાલ શર્માને સન્માનિત કરવામાં આવ્યા છે. જેમણે 'નામ,' 'હમ,' 'દોસ્તી,' 'મહેબુબ કી મહેંદી' અને 'સરગમ' જેવી ફિલ્મોમાં પોતાનું સંગીત પીરસ્યું છે. આ સંગીતકાર એટલે પ્યારેલાલ શર્મા. લક્ષ્મીકાંત અને પ્યારેલાલની જોડી તો હવે તૂટી ગઈ છતાં સંગીત સાથેનું જોડાણ અકબંધ રહ્યું છે. આ સંગીતમય પુરુષાર્થની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાઈ જ્યારે પદ્મભૂષણ એવોર્ડ માટે એમનું નામ જાહેર થયું. એકથી એક ચડિયાતું સંગીત આપીને તેમણે સંગીતની દુનિયામાં એક માઈલસ્ટોન સેટ કર્યો છે.

આ એક એવા યુગની વાત છે જ્યારે સંગીતની દુનિયામાં ધુરંધર કહેવાતા લોકો કામ કરતા હતા. એવા સમયે કોઈ જ શૈલીને અનુસર્યા વગર પોતાની એક આગવી છાપ ઊભી કરનારા સંગીતકાર એટલે લક્ષ્મીકાંત પ્યારેલાલ. જેમાંથી પ્યારેલાલ શર્માને સંગીતક્ષેત્રે ઉત્તમ યોગદાન બદલ પદ્મ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. જાણીતી ફિલ્મ નાગીનની ધૂન અને છૂપ ગયે સારે નઝારે જેવા ગીતો આજે પણ સાંભળવા ગમે છે. એની પાછળ સંગીતનો જાદુ જ કહી શકાય.


શૈલેષ નાયક

વિદેશી પોર્ટફોલિયો પણ સંભાળે અને વિજ્ઞાનના કોયડા પણ ઉકેલે એવી વ્યક્તિ એટલે શૈલેષ નાયક. જેઓ આજે વિજ્ઞાન ભવનમાં વૈજ્ઞાનિક છે. ગતવર્ષે પદ્મશ્રી એવોર્ડથી તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. ઓસેનિક સ્ટડીઝ એટલે કે સમુદ્રશાસ્ત્ર પર આ સાહેબની જોરદાર પકડ છે. સમુદ્રના ફેરફારથી લઈને જે તે સમુદ્રની તાસીર કેવી અને ક્યારે બદલાય છે એનો આખો એનસાઈક્લોપીડિયા આ વ્યક્તિ પાસે છે, એ પણ પોતાના રિસર્ચમાં. 'ઈસરો' જેવી મોટી સંસ્થામાં તેઓ ઉચ્ચ પદ પર યોગદાન આપી રહ્યા છે. આ પ્રતિભાશાળી વ્યક્તિનું યોગદાન લખવા બેસીએ તો આખું પુસ્તક બની જાય પરંતુ એક જ લાઈનમાં કહીએ તો સમુદ્રની લહેર પરથી સ્ટેટ ઓફ ધ આર્ટ અર્લી વોર્નિંગ સિસ્ટમ તૈયાર કરવામાં આ વ્યક્તિ પાયોનિયર છે. આ ઉપરાંત વેવ આધારિત પ્રદૂષણ માટે આખી મોનિટરિંગ સિસ્ટમ તેમણે તૈયાર કરી છે. જે દિલ્હી જેવા શહેર માટે તો આશીર્વાદ રૂપ નીવડી શકે છે.


રામભાઈ નાઈક


રાજકીય ક્ષેત્રે પાયોનિયર કામ કરનારી વ્યક્તિ તરીકે રામભાઈ નાઈકનું નામ ભૂલ્યા વગર લેવું પડે. આમ તો તેઓ ભારતીય જનતા પાર્ટીના નેતા છે. પક્ષની વિચારધારા અને તેઓના જનકલ્યાણના કાર્યોની સુવાસ ચોમેર ફેલાઈ છે. રાજકીય પાસાને બાજુએ મૂકતાં ઘણા એવા કાર્યો રામભાઈએ કરેલા છે જેની સાક્ષી પ્રજા ખુદ પૂરે છે. મૂળ મહારાષ્ટ્રના સાંગલીમાં જન્મેલા અને મહારાષ્ટ્રના ડામાડોળ થતા રાજકીય માહોલમાં સ્થિરતાથી આગળ આવેલ નેતા છે. આ નેતાની છબીને ફોક્સ કરવાની સાથો-સાથ તેમણે કરેલું કેટલુંક હોમવર્ક પણ ધ્યાને લેવા જેવું છે.

મહારાષ્ટ્રના રાજકીય વર્તુળમાં રામભાઈને ૯૦ વર્ષના યુવાનેતા તરીકે સૌ ઓળખે છે. મહારાષ્ટ્રમાં પોલિટિકલ ક્રેક થાય ત્યારે આખા દેશમાં એના પડઘા પડે છે. યુપી જેવા રાજ્યના રાજ્યપાલ પણ તેઓ રહી ચૂક્યા છે. સ્પષ્ટ અને સ્વચ્છ છબી ધરાવતા આ નેતા લોકસેવામાં અગ્રેસર રહ્યા છે.


હોર્મુસજી કામા

સોશિયલ મીડિયાના યુગમાં નિષ્પક્ષ અને નીડર સમાચાર લાવવા એ કઠિન કામ છે. ન્યૂઝમાં પણ ન્યૂઝ જ જોઈએ કોઈ જ વ્યૂઝ કે રીવ્યૂઝ નહીં. આવી એજન્સી એટલે પીટીઆઈ. દેશ અને

દુનિયામાં જે બને છે એ જ બતાવે છે. આ સમાચાર એજન્સીના પાયામાં છે હોર્મુસજી કામા. પારસી સાહસનું આપણા દેશમાં કેવું અને કેટલું યોગદાન છે એ માટે કોઈ ગ્રંથ બનાવે તો પણ ટૂંકો પડે. એમાં આ નામ ભાગ્યે જ કોઈ જાણતું હશે. મીડિયા સાથે જોડાયેલા લોકો સિવાય ભાગ્યે જ કોઈને ખ્યાલ હશે કે, કામાજીએ વર્ષો સુધી ગ્રાઉન્ડ રિપોર્ટિંગ કરેલું છે. એશિયાના સૌથી જૂના અખબાર એવા 'મુંબઈ સમાચાર'ના ડાયરેક્ટર તરીકે પણ રહ્યા છે. ગુજરાતી ભાષાને એના મૂળ રૂપે સાચવવા અને પ્રચાર-પ્રસારમાં તેમણે ઘણી મોટી ભૂમિકા અદા કરી છે. પદ્મભૂષણ એવોર્ડથી એમનું સન્માન એ પત્રકારત્વ જગત માટેની મોટી ઘટના છે.


પાર્બતી બરૂઆ

હાથીની માવજત કરતા લોકોમાં મોટાભાગના પુરુષો હોય છે. પણ આ ક્ષેત્રમાં પુરુષોનો દબદબો હોય એ વાતનું ખંડન કરતી મહિલા એટલે આસામ રાજ્યની પાર્બતી બરૂઆ. જેમને 'હાથીની પારી' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓને સામાજિક કાર્ય પશુ કલ્યાણમાં પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

પાર્બતી બરૂઆ ભારતની પ્રથમ મહિલા મહાવત છે. આસામના ગુવાહાટીની પાર્બતી બરૂઆ, રૂઢિવાદી વિચારધારાને પડકાર આપે છે. પુરુષપ્રધાન ક્ષેત્રમાં પાર્બતીએ પોતાની એક મજબૂત જગ્યા બનાવી છે. માનવ તેમજ હાથી વચ્ચેના સંઘર્ષને ઘટાડવા માટે પોતાની પ્રતિબદ્ધતાના કારણે તેઓ આજે ચર્ચામાં છે. આ પ્રયત્નોમાં પાર્બતીએ જંગલી હાથીઓને સાચવવા અને પકડવામાં ત્રણ રાજ્ય સરકારોની મદદ પણ કરી હતી. ઘણા લોકોનો જીવ બચાવવામાં પણ તેઓની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

ખાપ પંચાયત જેવા રૂઢિચુસ્ત રાજ્યમાં જ્યાં પંચાયતનો નિર્ણય સુપ્રીમકોર્ટ


ડૉ. સુકમા આચાર્ય

કરતાં પણ ઉપર માનવામાં આવે છે, એવા હરિયાણા રાજ્યમાં દીકરીઓની સાક્ષરતા તથા સમાજમાં એમના અધિકાર માટે લડનારી વ્યક્તિ એટલે ડૉ. સુકમા આચાર્યજી. એમણે કરેલા કાર્યો માટે એમની ગરિમા વધારતું આ પદ્મ પુરસ્કાર સન્માન પ્રોત્સાહક છે.

સમાજમાં માત્ર 'બેટી બચાવો અને બેટી પઢાવો પૂરતું નથી.' એ માટે નક્કર પરિણામ લાવે તેવા કાર્યો કરવા પણ જરૂરી હોય છે. હરિયાણાના રોહતકમાં આવેલા વિશ્વવારા ગુરુકુલ કન્યા કેન્દ્રમાં તેઓ હજારો દીકરીઓને અક્ષરજ્ઞાનથી લઈને ઉચ્ચ શિક્ષણની માટે તૈયારી કરાવી રહ્યા છે. ખાસ કરીને છેવાડાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારોને એમાં પણ ખાસ શિક્ષણનું વિશેષ મહત્ત્વ સમજાવીને અનેક દીકરીઓના અંધકારમય જીવનમાં અભ્યાસની અખંડ જ્યોત તેમણે પ્રજ્વલિત કરી છે. જે આજે એક મિસાલ અને મશાલ બનીને બીજાને પણ જાગૃત કરવાનું કામ કરે છે. ગુરુકુલ પ્રથાને દાયકાઓ બાદ ફરી જીવંત કરીને સાચા અર્થમાં મહિલા સશક્તિકરણને સાચી શૈક્ષણિક દિશામાં સુકમાજીએ વેગ આપ્યો છે.


એસઆરડી પ્રસાદ ગુરૂક્કલ

કુંફૂ કરાટે અને માર્શલ આર્ટનું જન્મસ્થળ એટલે કેરળ રાજ્ય. જ્યાંથી વિજ્ઞાનની વિચારધારામાંથી એવું વિરાટ વ્યક્તિત્વ દેશને મળ્યું જેમણે દેશ માટે કંઈક કરી છૂટવાની નેમ સાથે પગલાં ભર્યા. કલા, કુદરતી સમૃદ્ધિ અને દક્ષિણ ભારતની શુદ્ધ સોના જેવી સંસ્કૃતિને સાચવી બેઠેલું કેરળ રાજ્ય. જ્યાં પારંપરિક સ્પોટ્ર્સને કેરિયર બનાવી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે ડંકા વગાડનારા રમતવીરો પણ પાકયા છે. એસઆરડી પ્રસાદ ગુરૂક્કલને માર્શલ આર્ટમાં યોગદાન બદલ સંગીત નાટ્ય અકાદમી પુરસ્કાર ઉપરાંત પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે. પાંચ વર્ષની ઉંમરમાં કલારીપૈયટ્ટુંની તાલીમ લઈને બીજાને સ્વરક્ષણ માટે તૈયાર કરનારા એસઆરડી સાચા અર્થમાં ગુરુપદે બિરાજમાન થઈ ગયા. પોતે પણ શીખ્યા અને બીજા યુવાનોને પણ આ કલામાં તૈયાર કર્યા. સ્પોટ્ર્સ ક્ષેત્રમાં આવતી કેટેગરી અંતર્ગત એમને આ પદ્મ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.


અરુંધતી ભટ્ટાચાર્ય

અરુંધતી ભટ્ટાચાર્ય નામ ક્યાંક સાંભળેલું લાગે છે ને? સરકારી બેંક સાથે ખોટા ચેડાં થયા એ સમયે ખરા અર્થમાં એક્શનમાં આવેલી અને બેંકિંગ સેક્ટરમાં એક નવી દિશા ટેકનોલોજીના માધ્યમથી ખોલીને માઈલસ્ટોન ઊભો કરનાર અરુંધતી ભટ્ટાચાર્ય.

વિવાદના વમળમાં ફસાવવા કરતા પોતાની સાહસિક સફરમાં સતત આગળ વધવાની એમની વિચારધારાથી એસબીઆઈ જેવી બેંકે કરેલી પ્રગતિને આજે દેશવાસીઓ માણી રહ્યા છે એમ કહેવામાં જરાપણ ખોટું નથી. સેલ્સફોર્સના ચીફ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરીને નિવૃત્ત આ બેંકર મહિલાને માત્ર પદ્મ સન્માન જ નહીં વિશ્વ સ્તરે શક્તિશાળી મહિલાઓની યાદીમાં પણ સ્થાન મળ્યું છે. અનાથી પણ આગળ ફોર્બ્સની ટીમે ઘરે આવીને તેમનો ઈન્ટરવ્યૂ કર્યો હોવાનું રિપોર્ટ કહે છે. કોરોના કાળમાં આ નારીશક્તિએ પોતાના બાહુબળથી સીઈઓનું પદ મેળવ્યું હતું. 'પુરુષાર્થ એ જ પરમેશ્વર' અને 'પ્રયાસ એ જ પારસમણિ'ના સૂત્રને ચરિતાર્થ કરી અરુંધતીએ જે કરી બતાવ્યું તેને સર્વિસ અને બેંકિંગ સેક્ટર સાથે જોડાયેલા સૌ આજે માનભરી નજરે જુએ છે. ફી

Chandan®
MOUTH FRESHENER
Khaane ki Happy Ending!

Manufacturer of
**Mouth Freshener**
**Digestive**
**Paan**



HAPPY Independence DAY

For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284

For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285

For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287

**The house of Chandan hereby solicit enquiries for:**
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts


Premium Natural Ethnic

Mouth Fresheners, Digestives, Paan, Confectionaries, Superfood & Snacks.

*Reach us on* /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas

*Products are also Available at* www.chandanmukhwas.com
SMART SUPERSTORE HAIKO big basket SWIGGY instamart amazon.in

ફીલિંગ્સ ટીમ



# જળ-જમીન અને પર્યાવરણને પ્રદૂષણના પંજામાંથી મુક્ત કરાવતા રાષ્ટ્રીય પુરસ્કારને યોગ્ય સ્વર્ણિમ ભારતના ભાગ્ય વિધાતા
# મનસુખભાઈ સુવાગીયા

**કિસાન પુત્ર મનસુખભાઈ સુવાગીયાએ વિશ્વને પાંચ યોજના અને સાત શાસ્ત્રો આપ્યાં.**

જળસંકટ, દેશી ગોવંશ વિનાશ, કૃષિમાં ઝેર-રસાયણથી જીવસૃષ્ટિ વિનાશ, લુપ્ત થતાં દેશી કૃષિબીજ-પ્રાકૃતિક સંપદા અને ભાંગતી ગ્રામ સંસ્કૃતિ ભારત અને વિશ્વની પ્રધાન સમસ્યા છે. ઈજનેર, વૈજ્ઞાનિકો અને સરકાર પાસે આ સમસ્યાઓનો કોઈ ઉપાય નહોતો, ત્યારે ગામડાંમાં જન્મેલા અને માત્ર ૧૨ ધોરણ ભણેલા મનસુખભાઈ સુવાગીયાએ અંતઃસ્ફુરણામાંથી આ વૈશ્વિક સમસ્યાઓના કાયમી નિવારણની નવી યોજનાઓ આપી. માત્ર પ્રચારક ન બનતા તેમણે જાતે જ આ પ્રશ્નોને મૂળમાંથી ઉખેડવાનો સંકલ્પ કર્યો.

**જળક્રાંતિ :** જળસંકટને મૂળમાંથી ઉખેડવા ઈ.સ. ૧૯૯૬માં પાંચ સિદ્ધાંતની નવી યોજના તેમણે બનાવી. ગ્રામસંગઠન, લોકફંડ, ચેકડેમ-તળાવની યોગ્ય સ્થળ પસંદગી, ચેકડેમની નવી ડિઝાઈન અને શ્રમદાન લોકોને પ્રેરણા આપવા ૧૦૦થી વધુ ગામોમાં લોકફંડ આપ્યું, અને ૨૪ વર્ષ લોકો સાથે શ્રમદાન કર્યુ. ૩૦૦થી વધુ ગામોમાં ૩૨૦૦થી વધુ ચેકડેમ-તળાવો બંધાવ્યા. ૪૦૦૦થી વધુ ખાણોમાં વરસાદી જળનો સંગ્રહ કર્યો. ગાયથી મધમાખીને જીવનદાન મળ્યું અને પર્યાવરણ સમૃદ્ધ થયું. ચેકડેમ-તળાવ યોજના વિશ્વજળસંકટ નિવારણની સૌથી સરળ-સફળ-સસ્તી-સ્વાવલંબી અને પર્યાવરણ મિત્ર યોજના છે. સરકાર કે ઈજનેરોની સહાય વગર લોકફંડ-શ્રમદાનથી હજારો ચેકડેમ બંધાવનાર મનસુખભાઈ સુવાગીયા વિશ્વના પ્રથમ વ્યક્તિ છે. જે વિશ્વ જળક્રાંતિના પ્રણેતા છે.

**ગોક્રાંતિ :** વેદકાળથી ગાય-માનવ-કૃષિ-રાષ્ટ્રની કામધેનુ છે. આયુર્વેદ વિજ્ઞાન અનુસાર દેશી ગાયના દૂધ-ઘી-છાશ માનવ માટે સૌથી પોષક પદાર્થ છે. આવી વિશ્વ કામધેનુ ગાય ભારતમાં લુપ્ત થવા આવી, તેનાથી સરકાર, ધર્મક્ષેત્ર અને વૈજ્ઞાનિકો અજાણ હતાં. ત્યારે મનસુખભાઈએ ગોવંશ ઘટાડાના સાચા કારણો શોધીને ઈ.સ. ૨૦૦૦માં ગોરક્ષાની નવી યોજના બનાવી. ગીર ગાય ગ્રંથ, કાંકરેજ ગાય ગ્રંથ, ગોસત્ત્વ અને ગાવેદ ગ્રંથ લખ્યાં. હજારો ગામોમાં જઈ ગૌરક્ષાના સિદ્ધાંતો સમજાવી લોકોને ગૌપાલનનો સંકલ્પ લેવડાવ્યો. જેનાથી ગીર-કાંકરેજ ગાયની સંખ્યાં ૨૫ હજારમાંથી વધીને **પાંચ લાખ** થઈ. બે થી પાંચ હજારમાં વેચાતી ગાયનું મૂલ્ય ૧ થી ૧૫ લાખ રૂપિયા થયું. સંપૂર્ણ ઉપેક્ષિત ગાયના દૂધનું મૂલ્ય ૧૦૦ રૂપિયા લીટર અને ઘીનું મૂલ્ય ૨૦૦૦ રૂા. કિલો થયું જે વિશ્વ ઈતિહાસની પ્રથમ ઘટના છે. સમગ્ર ભારત અને વિશ્વને ગૌરક્ષાની સાચી દિશા મળી. વિદ્વાનોએ આ પરિવર્તનને **ગોક્રાંતિ** નામ આપ્યું.

**ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ :** કૃષિમાં રાસાયણિક ખાતરો-જંતુનાશક ઝેરની ભયાનકતા વિશ્વને સમજાઈ છે પરંતુ કૃષિ વૈજ્ઞાનિકો-પ્રચારકો પાસે બીજો સફળ વિકલ્પ નથી. ઈ.સ. ૨૦૦૪માં ભારતમાં સૌ પ્રથમ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિનો પ્રારંભ કરીને જમીનની ફળદ્રુપતા વૃદ્ધિ ૧૦૦ પ્રકારના કૃષિ પાકોમાં પ્રાકૃતિક પદાર્થોથી





સંપૂર્ણ રોગ નિયંત્રણ ૨૦ થી ૧૦૦ ટકા ઉત્પાદન વૃદ્ધિ કૃષિ ઉત્પાદનોનો પ્રાકૃતિક સંગ્રહ ક્ષેત્રે ૧૦૦ નવા સંશોધનો કરીને તેમણે વિશ્વને ઝેર-રસાયણ મુક્તિનો સંપૂર્ણ સફળ પ્રાકૃતિક કૃષિનો માર્ગ બતાવ્યો.

**દેશી કૃષિબીજ-દેશી આંબા સુરક્ષા યોજના :** મનસુખભાઈ સુવાગીયાના સંશોધન મુજબ દરેક પ્રદેશના દેશી અનાજ-ફળ-શાકભાજી જ માનવ અને જીવોનો પૂર્ણ પ્રાકૃતિક આહાર છે. હાઈબ્રીડ અને જિનેટિકલ મોડીફાઈડ બીજના પાગલપનમાં સૃષ્ટિના પ્રાણરૂપ દેશી બીજ લુપ્તતાના કિનારે આવી ગયાં. એ જોઈને ઈ.સ. ૨૦૦૭થી દેશી કૃષિબીજ-દેશી આંબા-દેશી ફળઝાડ સુરક્ષાનો પ્રારંભ કર્યો. ૧૦૦ પ્રકારના દેશી કૃષિબીજ અને ૩૦૦ પ્રકારના દેશી આંબાના બીજ શોધી કિસાનોને તેનું મહત્વ સમજાવી સમગ્ર ભારતમાં વાવેતર કરાવ્યું. જે પ્રકૃતિરક્ષાનું સૌથી પાયાનું કાર્ય છે.

**દિવ્યગ્રામ યોજના :** પ્રકૃતિ અને સંસ્કૃતિથી ભાંગતા ગામડાંને બચાવવા ઈ.સ. ૨૦૧૮માં જળ-જમીન-જંગલ-જીવસૃષ્ટિ અને જનસમાજનું જતન અને ઉત્થાનની દિવ્યગ્રામ યોજના બનાવી. મધ્યપ્રદેશમાં જળક્રાંતિ ટ્રસ્ટના આર્થિક સહયોગ અને આદિવાસીઓના શ્રમદાનથી ૧૦૦ ચેકડેમ અને તળાવો બનાવ્યાં છે. જેનાથી કૃષિ ઉત્પાદનમાં ૧૦ ગણી વૃદ્ધિ થઈ. મનસુખભાઈ પોતાની ફેક્ટરી-ઘર છોડીને ભેખડિયા-જામલી જેવા ગામોમાં રહ્યાં. જેથી બે આદિવાસી ગામો તમાકુ, ગુટખા, દારૂ, શિકાર, માંસાહાર મુક્ત ભારતના પ્રથમ વ્યસનમુક્ત અને દિવ્યગ્રામો બન્યાં છે. જેનો પ્રભાવ ગુજરાત-મધ્યપ્રદેશ-મહારાષ્ટ્રના ૨૦૦૦ આદિવાસી ગામો ઉપર પડ્યો છે. ધર્માંતરણ અને નકસલવાદનો અંત આવ્યો છે.

**વ્યસનમુક્ત ભારત અને વિશ્વ :** તમાકુ-ગુટખા-સીગારેટ-દારૂનું વ્યસન, એ આનંદ નથી પરંતુ આરોગ્ય, બળ, ફળદ્રુપતા અને આયુષ્ય વિનાશ સાથે ધન-સમયનો વેડફાટ, ગરીબી-ઝઘડા-અકસ્માતો-હત્યા અને અશાંતિનું કારણ છે. એથી અજ્ઞાન અને અધર્મ છે. આવી પ્રેરણા આપીને ગામોના હજારો લોકોને વ્યસનમુક્ત કર્યા છે.

સંપૂર્ણ પ્રકૃતિરક્ષા, પ્રાકૃતિક આહાર, આત્મનિર્ભતા અને વેદશાસ્ત્રોના માનવમૂલ્યોના આચરણથી સુવર્ણભૂમિ ભારત નિર્માણ અને ઈશ્વરે સર્જેલ સૃષ્ટિની શાશ્વત સુરક્ષાએ મનસુખભાઈ સુવાગીયાનું ધ્યેય છે.

ઈશ્વર પ્રેરિત આત્મજ્ઞાન તથા ૩૦ વર્ષનું કર્મતપ-અનુભવો-સંશોધનોથી મનસુખભાઈએ ગોવેદ-ગીર ગાય ગ્રંથ, કાંકરેજ ગાય ગ્રંથ, ગોસત્વ, કૃષિસંહિતા, જળક્રાંતિ અને દિવ્યગ્રામ ગ્રંથો લખ્યાં છે. જેની **૯ લાખ** જેટલી પ્રતનું ભારતમાં વિતરણ કર્યુ છે.

૩૦ વર્ષમાં ભારતના ૬૦૦૦ ગામોમાં જઈને ૧૦૦૦૦ ગ્રામસભાઓ દ્વારા આ કાર્યોને સમગ્ર ભારતમાં વિસ્તારિત કર્યા છે. આ ગ્રંથોનું હિન્દી-અંગ્રેજી ભાષાંતર કરીને પ્રસિદ્ધ કરતાં વિશ્વના ૨૦૦ દેશને આ યોજનાથી પ્રેરણા અપાશે.

આ યોજનાઓના પરિણામોને વિદ્વાનોએ ચેકડેમ યોજનાને-જળક્રાંતિ, ગીર-કાંકરેજ ગાય યોજનાને ગોક્રાંતિ, ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને કૃષિક્રાંતિ અને દેશી આંબા સુરક્ષાને આમ્રક્રાંતિ નામ આપ્યું છે. આ યોજનાઓ ભારતના ૨૫૦૦૦થી વધુ ગામોના અને વિશ્વના ૫૦ દેશના લોકોએ રૂબરૂ મુલાકાત લઈ નિહાળી છે.

મનસુખભાઈ સુવાગીયા જણાવે છે કે, શિક્ષણ અને ટેકનોલોજી સર્વ સમાન્ય બની ગયાં છે. ત્યારે જે રાષ્ટ્ર ફળદ્રુપ જમીન, પાણી-ગાય-ઉત્તમ પ્રાણીઓ, ઉત્તમ જાતના દેશી કૃષિબીજ અને પ્રકૃતિ વૈભવથી સંપન્ન હશે. એવા રાષ્ટ્રો જ ચિરંજીવ વિકસિત-સુખી રાષ્ટ્રો હશે. મનસુખભાઈ જણાવે છે કે, ગોરક્ષા યોજનાથી વિશ્વના લુપ્ત થતા ગોવંશની સુરક્ષા છે. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વિશ્વની સૌથી મોટી અહિંસા છે. દિવ્યગ્રામ યોજના ઈશ્વરે સર્જેલ સૃષ્ટિની શાશ્વત સુરક્ષાની ઈશ્વરીય યોજના છે.

મનસુખભાઈ સુવાગીયાની યોજનાની જરૂરિયાત અને પરિણામોથી પ્રભાવિત થઈને ગુજરાત અને ભારત સરકારે જળરક્ષા-ગોરક્ષા-ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અને દિવ્યગ્રામ યોજના અમલમાં મુકી છે. ધર્મક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર અને શિક્ષણક્ષેત્રને આ કાર્યોમાં સામેલ કર્યા છે.

આ યોજનાઓનો ભારતના ૬ લાખ ગામો અને વિશ્વના ૨૦૦ દેશોમાં વિસ્તાર કરવાનું મનસુખભાઈ સુવાગીયા અને જળક્રાંતિ ટ્રસ્ટનું ધ્યેય છે. તેમાં આર્થિક સહયોગ આપવા અને પ્રચારક તરીકે જોડાવા ભારત અને વિશ્વના લોકોને આવાહ્‌ન છે.

**જળક્રાંતિ ટ્રસ્ટ**

ફ્લોટેક એન્જીનિયરિંગ પ્રા. લિ., કનેરિયા ઓઈલ મિલ સામે, શાપર મેઇન રોડ, મુ. શાપર (વેરાવળ) જિ. રાજકોટ. (ગુજરાત)
મો. ૯૯૭૯૮ ૬૪૫૦૩, ૯૪૨૬૨ ૫૧૩૦૧

webssite : jalkrantitrust.org

E-mail : jalkrantirajkot@gmail.com

info@jalkranti.org








જીત. જે. ભટ્ટ
એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ


# જ્યાં ન્યાય અડીખમ છે ત્યાં ભારત અખંડ છે.

## સુપ્રીમ કોર્ટના સીમા ચિહ્નરૂપ ચૂકાદાઓ મા-ભારતીનું ભાલ તિલક

ભારતની સર્વોચ્ચ અદાલતે છેલ્લા ૭૫ વર્ષમાં સંવિધાનના અર્થઘટન, કાયદાના વિકાસ અને નાગરિક હકોના રક્ષણ દ્વારા રાષ્ટ્રજીવનને દિશા આપી છે. ૫૧ મુખ્ય ન્યાયાધીશો અને અદાલતના ન્યાયમૂર્તિઓએ 'મૂલ માળખુ'થી શરૂ કરીને ગોપનીયતા, સમાનતા, સંઘવાદ, શૈક્ષણિક સ્વાયત્તતા, ચૂંટણીફંડિંગમાં પારદર્શિતા, ન્યાયિક સમીક્ષા જેવા ક્ષેત્રોમાં માર્ગદર્શક નિર્ણયો આપીને બંધારણીય મૂલ્યોને જીવંત અને કાર્યક્ષમ રાખ્યા છે. આ નિર્ણયો માત્ર કાનૂની વિવાદોનું નિરાકરણ નથી. તેઓ રાજકીય પ્રશાસકીય સત્તાને સંવિધાનની મર્યાદામાં બાંધી રાખે છે, કેન્દ્ર-રાજ્ય વચ્ચે સમતોલન સુનિશ્ચિત કરે છે અને એક ભારત-એક ન્યાયના ધોરણોને વ્યાપક બનાવે છે, જેથી સામાન્ય નાગરિકને ભરોસો રહે કે કાયદો સર્વોપરી છે.

આ યાત્રાનો સૌથી મર્મસ્થ અધ્યાય એ છે કે અદાલતે જનહિત વાદ (Public Interest Litigation PIL) ને સશક્ત સાધન તરીકે વિકસાવી, ન્યાય સુધી પહોંચ ન ધરાવતા ગરીબ, વંચિત અને નિરાધાર નાગરિકોની વાણી બની. પરંપરાગત લોકસ સ્ટેન્ડીની સીમાઓને વિસ્તારી અને અદાલતે સામાન્ય નાગરિક કે સ્વૈચ્છિક સંસ્થાઓના પત્રો/અરજીઓને પણ મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન તરીકે સાંભળી અને વ્યાપક રાહતો આપી. તેના પરિણામે અન્ડરટ્રાયલ કેદીઓ માટે ઝડપથી ટ્રાયલ, બાળમજૂરી વિરોધી દિશા-નિર્દેશ, ફૂટપાથ નિવાસીઓ અને જીવિકાના અધિકાર સંબંધિત માનવીય વ્યવસ્થાઓ, પર્યાવરણ રક્ષાને આર્ટિકલ ૨૧ના ગૌરવ સાથે જોડતી નીતિ-દિશાઓ, મફત કાનૂની મદદ, લોક અદાલતો, અને પોલીસ વર્તનમાં ફરજીયાત પ્રક્રિયાત્મક ગાઈડલાઈન્સ જેવી સિસ્ટમિક સુધારાઓ સંભવ બન્યા છે. વિષાખા માર્ગદર્શિકાઓથી કાર્યસ્થળ પર જાતીય હેરાનગતિ વિરુદ્ધ કાયદાકીય બંધારણ ઉભું થયું. આરોગ્ય, પોષણ, શિક્ષણ અને 'રાઈટ ટુ ફૂડ' જેવા ક્ષેત્રોમાં પસાર થયેલ વિશાળ દિશા-નિર્દેશોએ કલ્યાણ યોજનાઓને જમીન પર પહોંચાડવામાં સશક્ત પ્રેરણા આપી. આ રીતે અદાલતે અધિકારોને 'પેપર રાઈટ્સ'માંથી 'લિવ્ડ રાઈટ્સ'માં બદલી નાખીને નાગરિકના રોજિંદા જીવનમાં ગૌરવ અને સુરક્ષાની અનુભૂતિ પહોંચાડી છે.

લોકશાહી બંધારણીય વ્યવસ્થામાં ન્યાયપાલિકા, વિધાનમંડળ અને કાર્યકારી સાથે ત્રીજો અને અતિમહત્વનો આધારસ્તંભ છે. કેટલાંક સંજોગોમાં બીજા સ્તંભો ડગમગ્યા કે ઢીલાં

### બંધારણથી રાષ્ટ્રના ભાગ્યલેખ સુધી

ભારતના સંવિધાનનો અમલ (૨૬ જાન્યુઆરી, ૧૯૫૦) સાથે જ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ અને ૨૮ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ પાર્લામેન્ટ ભવનના પ્રિન્સિસ ચેમ્બરમાં તેની પ્રથમ બેઠક યોજાઈ. ફેડરલ કોર્ટના ન્યાયાધીશો કલમ ૩૭૪ હેઠળ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો બની ગયા. પ્રથમ પીઠમાં મુખ્ય ન્યાયાધીશ એચ.જે. કણિયા તથા ન્યાયમૂર્તિ સૈયદ ફઝલ અલી, પતંજલી શાસ્ત્રી, મહેરચંદ મહાજન, બિજનકુમાર મુખર્જી અને એસ.આર. દાસ સામેલ હતાં.

પછીના ૭૫ વર્ષમાં ભારતની સર્વોચ્ચ અદાલતે લાખો કેસોમાંથી ૩૭,૩૦૦થી વધુ રિપોર્ટેડ ચુકાદા આપ્યા છે, જેમાં કાયદા-વ્યવસ્થાનું માળખું, નાગરિક અધિકારો અને સંઘવાદી સંતુલન માટે માર્ગદર્શક માપદંડો વિકસ્યાં. આ ૭૫ વર્ષની સમગ્ર સફરમાં ૫૧ મુખ્ય ન્યાયાધીશો (CJI) એ ન્યાયતંત્રને દિશા, ગતિ અને ગૌરવ આપ્યું, એટલા માટે જ તેઓ ભારત ભાગ્ય વિધાતાના સાચા અર્થમાં ભાગીદાર છે.




# Choose Your Own Style

Designer Suits • Sherwanis • Indo Western • Waist Coat
Kurta Payjama • Shirts & Trousers • T-Shirts & Jeans

**R.K**
**Garments. Cloth. Tailor**
**Only at Satellite**

**Address:** 8, Ground Floor, Shital Varsha, Shivranjani Crossroads, Satellite, Ahmedabad. (Guj) India. **Ph: 079 – 26750153 / 54**

For Corporate, Festival & Special Occasion Gifting Inquiry, Please **Call: +91 90999 85031**

E-mail: rk@rkgarments.com | Website: www.rkgarments.com

### જ્યુરીમેટ્રિક ઝાંખીઃ પદકાળ, ઉત્પન્નતા અને બેન્ચ-વ્યવહાર

૭૫ વર્ષના સફરમાં સરેરાશ CJI પદકાળ આશરે ૧ વર્ષ ૨૧૮ દિવસ; જ્યારે સરેરાશ સુપ્રીમ કોર્ટના જજોની સેવા આશરે ૮ વર્ષ ૧૯૦ દિવસની રહી છે. ૭૫ વર્ષના લાંબા ઇતિહાસમાં માત્ર પાંચ CJIને ૩ વર્ષથી વધુ પદકાળ મળ્યો, જ્યારે અતિલઘુ પદકાળ ધરાવતા CJI કેએન સિંહ માત્ર ૧૭ દિવસ. બીજી તરફ સર્વાધિક સમય સુધી સેવા આપનાર CJI વાય.વી. ચંદ્રચૂડ સાત વર્ષ ૧૩૯ દિવસ સુધી CJI રહ્યા.

રિપોર્ટેડ ચુકાદાઓમાં ન્યાયમૂર્તિ જે સી. શાહ પાસે રિપોર્ટેડ ચુકાદાની સર્વાધિક સંખ્યા (૧૫૩૭) છે. જ્યારે લેખિત ચુકાદાઓમાં CJI ડી.વાય. ચંદ્રચૂડ ૮૫૨ જેટલા ચુકાદાઓ સાથે મહત્વપૂર્ણ યોગદાન ધરાવે છે. સર્વોચ્ચ અદાલતના તમામ ન્યાયાધીશો વચ્ચે અરજિત પાસાયતના ૨૨૦૨ લેખિત ચુકાદાઓ અગ્રેસર રહ્યાં છે.

બેન્ચ-ભાગીદારીમાં કે.એન. વાંચૂઓ-૫-જજ પીઠોમાં ૫૫૬ અને ૫-થી-ઉપર પીઠોમાં ૫૮૫ વખત અદ્વિતીય ભાગીદારી ધરાવે છે. ગજેન્દ્ર ગડકર ૫૨૦ સાથે નજીક છે. આ આંકડા દર્શાવે છે કે CJI-ઓ અને વરિષ્ઠ ન્યાયાધીશો માત્ર અધ્યક્ષત્વ નહીં, પરંતુ કાયદા-અર્થઘટનના કેન્દ્રમાં રહ્યા છે.

પડ્યા ત્યારે પણ સર્વોચ્ચ અદાલત "Sentinel on the qui vive' જાગૃત પહેરેદાર તરીકે અડીખમ ઊભી રહીઃ હેબિયસ કોર્પસથી લઈને PIL સુધી, ચૂંટણીની નિષ્પક્ષતાથી લઈને વ્યક્તિગત ગૌરવ સુધી મૂળભૂત અધિકારોનું કવચ બની. આ અડગતા માત્ર તાત્કાલિક રાહત પૂરતી નથી. તે દીર્ઘકાળે નીતિ-શાસન, પારદર્શિતા, જવાબદારી અને અનુમાનિયતા જેવા ગવર્નન્સ-ધોરણોને ઘડે છે, જે આર્થિક વૃદ્ધિ, સામાજિક સમરસતા, રોકાણ અને નવીનતા માટે અનિવાર્ય છે.

ભારત ભાગ્ય વિધાતાના વિઝનમાં સર્વોચ્ચ અદાલતની યાત્રા એ સાબિત કરે છે કે સંવિધાન માત્ર દસ્તાવેજ નથી, પરંતુ Constitution-in-Action છે, દૈનિક શાસનમાં ધબકતું હૃદય. ન્યાયપાલિકાએ સત્તા પર નિયંત્રણ, નબળા વર્ગનું સંરક્ષણ, બહુમતી પર મર્યાદા અને કાયદાની સમક્ષ સર્વની સમાનતા આ ચાર સ્તંભો પર રાષ્ટ્ર વિકાસનો આધુનિક નકશો દોર્યો છે. આગળના દાયકાઓમાં ટેકનોલોજી, ડિજિટલ અધિકારો, પર્યાવરણ અને માનવીય ગૌરવ જેવા નવા પડકારો સામે પણ સુપ્રીમ કોર્ટે જ સજાગતાથી કાર્ય કરી Rule of Lawને અડીખમ રાખે છે.

આ રીતે, ન્યાયપાલિકા આપણા લોકશાહી ઢાંચાનો ભરોસાપાત્ર આધારસ્તંભ બની રહી છે, સંવિધાનના પ્રકાશમાં રાષ્ટ્રના ભાગ્યલેખને સતત સમૃદ્ધ કરતી દરેક નાગરિકના અધિકારોને ચિરંજીવ સુરક્ષા આપતી અને આવનારા સમયમાં પણ 'Rule of Law'ને અડીખમ રાખી ભારતને વધુ ન્યાયસંગત, સમાન અને માનવ ગૌરવભર સમાજ તરફ દોરી જશે તેવી મને ખાતરી છે. જ્યાં ન્યાય અડીખમ છે, ત્યાં ભારત અખંડ છે સુપ્રીમ કોર્ટએ આ સત્યને વ્યવહારમાં ઉતાર્યું છે અને હંમેશા રાખશે.

### મહા-પીઠોના ઐતિહાસિક નિર્ણયોઃ નાગરિક જીવન અને સમાજ વિકાસ પર તેમનો પ્રભાવ

ભારતના સંવિધાનને જીવંત અને સક્રિય રાખતી સર્વોચ્ચ અદાલતની મહા-પીઠો (૧૩, ૧૧, ૯, ૮ અને ૭ ન્યાયાધીશોની પીઠો) માત્ર કાનૂની પ્રશ્નો ઉકેલતી સંસ્થાઓ નથી, પરંતુ રાષ્ટ્રજીવનના મૂળભૂત મૂલ્યો, લોકશાહી, સમાનતા, સ્વાતંત્ર્ય, ગોપનીયતા, સંઘવાદ અને પારદર્શિતાને દિશા આપતા વિચારોની વિશાળ સંસદ છે.

સર્વોચ્ચ અદાલતના આ સીમાચિન્હરૂપ ચુકાદાઓ બન્યા છે ભારત માતાનું ભાલ તિલક....

#### ૧૩-જજ પીઠ

**૧) કેશવાનંદ ભારતી - કેરળ રાજ્ય (૧૯૭૩) - મૂળ માળખું સિદ્ધાંત**

આ ઐતિહાસિક નિર્ણયે સ્પષ્ટ કર્યું કે સંસદ બંધારણમાં સુધારો કરી શકે છે, પરંતુ તે સુધારો બંધારણના મૂળ માળખા જેમ કે લોકશાંહી, ન્યાયિક સમીક્ષા, સમાનતા, ધર્મનિરપેક્ષતા, સંઘવાદ અને નાગરિક હકો ને નષ્ટ કરી શકતો નથી. આર્થિક/સામાજિક વિકાસ માટે આ સર્વોપરી છે.

#### ૧૧-જજ પીઠ

**૧) કાઠી કાલુ ઓઘાડ v. ગુજરાત રાજ્ય (૧૯૬૧) : આત્મદોષારોપણથી રક્ષણની સરહદ**

કોર્ટે જણાવ્યું કે આર્ટિકલ ૨૦(૩) હેઠળ કોઈ વ્યક્તિને testimonial compulsion માટે મજબૂર કરી શકાતું નથી. પરંતુ આ રક્ષણ મુખ્યત્વે મૌખિક/લખિત નિવેદનો માટે છે. આંગળીના નિશાન, લોહી-નમૂના કે લખાવેલા હસ્તાક્ષર જેવા પુરાવાઓ ટેસ્ટિમોનીઅલ નથી.

**૨) ગોલકનાથ v. પંજાબ રાજ્ય (૧૯૬૭): સુધારાની સીમાઓ પર પહેલો પ્રકાશ**

આ ચુકાદાએ પ્રારંભિક રીતે માન્યું કે સંસદ મૂળભૂત અધિકારોમાં ઘટાડો કરી શકતી નથી.
જે શિક્ષણ, અભિવ્યક્તિ અને ઉદ્યોગોની વૃદ્ધિ માટે સહાયરૂપ છે.

**૩) આર.સી. કૂપર v. યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૭૦): 'અસર' કસોટી અને આર્થિક નીતિઓ**

### ૫-જજ પીઠ-Constitution Benchનું વર્કહોર્સ

આર્ટિકલ ૧૪૫(૩) મુજબ બંધારણીય મહત્વના પ્રશ્નો માટે ન્યૂનત્તમ ૫ સભ્યો અનિવાર્ય છે. ૧૯૫૦થી દર વર્ષે સરેરશ ૨૬ જેટલા ૫-જજ ચુકાદા સુપ્રીમ કોર્ટએ આપ્યા છે. ૧૯૬૨માં ૧૮૦ ચુકાદા ૧૯૬૦ના દાયકામાં ૯૩૯ ચુકાદા. છેલ્લા વર્ષોમાં ૨/૩-જજ પીઠોનું પ્રમાણ વધ્યું છતાં ૫-જજ પીઠોએ પુનર્જાગરણ જોયું છે.

**તાજેતરના માઇલસ્ટોન્સ ચુકાદાઓ :**

(૧) Electoral Bonds યોજના અસંવિધાનિક; ચૂંટણી નાણાકીય પારદર્શિતા,
(૨) **આર્ટિકલ ૩૭૦:** જમ્મુ-કાશ્મીર એકીકરણનું સંવિધાનિક માર્ગદર્શન,
(૩) **અનૂપ બરનવાલઃ** ECI નિમણૂક માટે PM+LoP+CJI સમિતિ (કાયદો આવે ત્યાં સુધી),
(૪) **જોઝેફ શાઇનઃ** IPC 497 અસંવિધાનિક,
(૫) **નવતેજ સિંહ જોહરઃ** ધારા ૩૭૭નો અંશ અસમર્થ,
(૬) **કોમન કોઝઃ** Passive Euthanasia સ્વીકાર,
(૭) **જનહિત અભિયાનઃ** EWS 10% અનામત,
(૮) **મો. સિદ્દીક (અયોધ્યા):** ઐતિહાસિક વિવાદનો કાનૂની ઉપસંહાર,
(૯) **સુપ્રિયો ચક્રવર્તીઃ** Samesex Marriage વિધીકરણ વિધાનક્ષેત્ર,
(૧૦) NJAC-ન્યાયપાલિકાની સ્વતંત્રતા.


Read online : www.feelingsmultimedia.com

Aatithya
Multi-Cuisine Veg Restaurant
PUNJABI | SOUTH INDIAN | CONTINENTAL
CHINESE | FAST FOOD | DESSERT

www.neejanand.com

Neejanand
Bliss Within | Luxurious Resort
There is nowhere, like here...

Welcome to
# NEEJANAND RESORT

THE PERFECT DESTINATION FOR WEDDINGS & RELAXATION





## AMENITIES

Banquet Hall (6250sq.Ft)
106 Cottages
Salon & Spa
Weddings Venues
Landscaped Gardens
Outdoor Amphitheatre
Temple
Board Room
Games Room
Gym
Multi Cuisine Restaurant
Gardens For Walking

- Weddings
- Birthday Party
- Receptions
- Ring Ceremony
- Sangeet
- Conferences
- Mehndi
- Garba
- Mehfil
- Manglik Prasango
- Day Picnic
- Kitty Party

info@neejanand.com | inquiry@neejanand.com

FOR MORE INFORMATION CALL US ON
+91 76228 80002/ 3/ 4

Neejanand, Anand-Borsad Road, Nr Andharia Chakla, Khandhali 388 560, Anand, Gujarat, India

બેંક નેશનલાઇઝેશનના કેસમાં કોર્ટએ ''કાયદાની અસર હક્કો પર કેટલી પડે છે'' તે મુખ્ય કસોટી બનાવી અને આર્ટિકલ ૧૪, ૧૯ અને ૨૧ ની પરસ્પર જોડાણવાળી વ્યાખ્યાઓ મજબૂત થઈ. રોકાણ, વ્યાપાર અને સંપત્તિ હકો માટે કાનૂની અનુમાનિયતા વધે છે જેથી વિકાસને શાશ્વતતા મળે છે.

**૪) માધવરાવ સિંહ રાજા સ્કિન્દિયા V. યુનિયન ઑફ ઈન્ડિયા (૧૯૭૧): Rule of Law નો સંદેશ**

રાષ્ટ્રપ્રમુખના ઓર્ડર સહિત કાર્યકારી સત્તા પણ ન્યાયિક સમીક્ષા હેઠળ છે. રાજકીય પ્રશ્નો હોવા છતાં કાયદાની સરહદો પાર નથી કરી શકાતી. શાસનના સર્વોચ્ચ સ્તરે પણ કાયદો સર્વોપરી છે.

**૫) T.M.A. પાઈ ફાઉન્ડેશન કર્ણાટક રાજ્ય (૨૦૦૨): શૈક્ષણિક સ્વાયત્તતા**

અલ્પસંખ્યક તથા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનના અધિકારોને માન્યતા આપતાં કોર્ટએ રીઝનેબલ રેગ્યુલેશનનો માર્ગ નક્કી કર્યો. જે માનવીય મૂડીના વિકાસને ગતિ આપે છે.

## ૯-જજ પીઠ

**૧) ઇન્દ્રા સાહી v. યુનિયન ઑફ ઈન્ડિયા (૧૯૯૨): અનામત અને ક્રીમી લેયર**

સમાજમાં ઊર્ધ્વગતિ માટે માર્ગ ખૂલે છે, અને ક્ષમતા-વિકાસ સાથે પ્રતિભા આધારિત વિકાસ નિશ્ચિત થાય છે.

**૨) S.R. બોમ્માઇ v. યુનિયન ઑફ ઈન્ડિયા (૧૯૯૪): ફેડરલિઝમનું રક્ષણ**

આર્ટિકલ ૩૫૬ હેઠળ રાજ્ય સરકારો ખતમ કરવાની સત્તા પર કોર્ટએ ન્યાયિક નિયંત્રણ સ્થાપ્યું; બહુમતી સાબિત કરવા માટે ફ્લોર ટેસ્ટ જેવા ધોરણો નક્કી થયા. લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારોને મનસ્વી રીતે દૂર કરવાની શક્યતા ઘટી.

**૩) I.R. કોએલ્હો v. તામિલનાડુ રાજ્ય (૨૦૦૭): નવમ શેડ્યૂલ પણ સમીક્ષાજોગ**

રાજ્ય કોઈ કાયદાને શેડ્યૂલમાં રાખીને હકોના હનનથી બચી શકતું નથી. જમીન સુધારાઓ, કલ્યાણ કાયદાઓ અને આર્થિક નીતિઓમાં સંવિધાનિક સંતુલન જળવાય છે.

**૪) કે.એસ. પુત્તસ્વામી V. યુનિયન ઑફ ઈન્ડિયા (૨૦૧૭): ગોપનીયતા મૂળ અધિકાર**

નવ-જજની બેંચે સર્વાનુમતે ગોપનીયતાને આર્ટિકલ ૨૧ હેઠળનો મૂળ અધિકાર જાહેર કર્યો. નવીન ટેકનોલોજી અને ડિજિટલ ગવર્નન્સ ટ્રસ્ટ-બાય-ડિઝાઈન તરફ આગળ વધે છે. આર્થિક-સામાજિક વિકાસ માટે વિશ્વાસ આધારિત માળખું બને છે.

**૫) Second Judges (1993) Third Judges (1998): કોલેજિયમ અને ન્યાયપાલિકાની સ્વતંત્રતા**

ન્યાયપાલિકા રાજકીય દબાણથી સ્વતંત્ર રહે છે. નાગરિકને નિષ્પક્ષ ન્યાયની ખાતરી મળે છે. કાનૂનના શાસન પર લોકવિશ્વાસ વધે છે, જે ઉદ્યોગ-નિવેશથી લઇ માનવ અધિકારો સુધી સર્વત્ર વિકાસને પ્રોત્સાહન આપે છે.

## ૮-જજ પીઠ

**૧) In re: બેરુબરી યુનિયન (૧૯૬૦): પ્રદેશ હસ્તાંતરણ માટે સુધારો જરૂરી**

રાષ્ટ્રપતિ રેફરન્સમાં કોર્ટએ કહ્યું કે ભારતનું ભૂભાગ અન્ય દેશમાં સોંપવા માટે બંધારણીય સુધારો (આર્ટિકલ ૩૬૮) અનિવાર્ય છે. આંતરરાષ્ટ્રીય સંધિઓ/સમજૂતીઓમાં કાયદેસર પારદર્શિતા વધે છે, જે નાગરિકોમાં વિશ્વાસ પેદા કરે છે.

## ૭-જજ પીઠ

**૧) મનેકા ગાંધી V. યુનિયન ઑફ ઈન્ડિયા (૧૯૭૮): ફેર, જસ્ટ અને રીઝનેબલ પ્રોસેસ**

રાજ્યની દરેક કાર્યવાહી ફેર, જસ્ટ અને રીઝનેબલ હોવી જ જોઈએ એ સિદ્ધાંત જમાવ્યો. અધિકારીય દુર્વલણ સામે બ્રેક; ગવર્નન્સ-સ્ટાન્ડર્ડાઈઝેશનથી વિકાસ-પ્રક્રિયા વધુ માનવ-કેન્દ્રિત બને છે.

**૨) એસ.પી. ગુપ્તા V. યુનિયન ઑફ ઈન્ડિયા (૧૯૮૧) - જાહેર હિત વાદનો (PIL) પાયો અને પારદર્શિતા**

સામૂહિક હિતના મુદ્દાઓ કોર્ટ સુધી લઇ જવાની સગવડ વધી. સમાજ વિકાસ પર અસરઃ પર્યાવરણ, વેતન-હકો, કચરા નિયંત્રણ, કેદી હકો જેવા ક્ષેત્રોમાં કાનૂની સુધારાઓને ગતિ મળી છે.

**૩) શમશેર સિંહ v. પંજાબ રાજય (૧૯૭૪) - એઇડ એન્ડ એડ્વાઇસ સિદ્ધાંત**

કોર્ટએ ઘોષિત કર્યું કે રાજ્યપાલ રાષ્ટ્રપતિની જેમ જ મંત્રીપરિષદની સલાહ પર કાર્ય કરે છે. 'ડોક્ટ્રિન ઑફ પ્લેઝર' પર ન્યાયસંગત મર્યાદાઓ છે. બંધારણીય પદાધિકારીઓની જવાબદારી સ્પષ્ટ થતાં શાસન વધુ સ્થિર બને છે.

**૪) N.M. થોમસ કેરળ રાજ્ય (1976) - સમાનતાનો સબસ્ટેન્ટિવ અર્થ**

કોર્ટએ સ્વીકાર્યું કે ઈતિહાસજન્ય અનુવંચિત વર્ગોને આગળ લાવવા વાજબી રિલેક્ષેશન/રિઝર્વેશન સમાનતાને ખંડિત કરતું નથી પરંતુ તેને સાકાર કરે છે. સામાજિક ગતિશીલતા વધે છે. પ્રતિભા અને તકોનું સંતુલન સમાજમાં સ્થિર રીતે વિકસે છે.

**૫) એલ. ચંદ્રકુમાર v. યુનિયન ઑફ ઈન્ડિયા (1997) - ન્યાયિક સમીક્ષા મૂળ માળખાનો ભાગ**

ન્યાયિક સમીક્ષા બંધારણનું મૂળ તત્વ છે. પરિણામે નોકરી, ટેક્સ, સર્વિસ, ઔદ્યોગિક વિવાદો જેવા કેસોમાં અંતિમ ન્યાય સુધીની દસ્તક ખુલ્લી રહે છે.

### બેન્ચ-વાઈઝ પરિદશ્ય અને ન્યાયિક અર્થવ્યવસ્થા શાસ્ત્ર

સુપ્રીમ કોર્ટના અંદાજે ૭૩% રિપોર્ટેડ ચુકાદા ૨-જજ પીઠો દ્વારા અને ૨૧% ૩-જજ પીઠો દ્વારા, જ્યારે ૫-જજ અને વધુની કોન્સ્ટિટ્યુશન બેન્ચનો ભાગ આશરે ૫%. જે દર્શાવે છે કે દૈનિક કાયદાસર્જન અને પ્રિસિડન્ટ સમાધાનનું મોટાભાગનું ભારણ ૨/૩-જજ પીઠો વહન કરે છે. જ્યારે દિશાસૂચક સિદ્ધાંતો માટે મોટી પીઠોની રચના થાય છે.

માનવી-સંસાધન અને સમયબળનું સચોટ ઉપયોગઃ Case Management, Roster, અને રેફરન્સ મિકેનિઝમ ઝડપી તથા સમાન ન્યાય માટે અગત્ય.

### કાયદો સમાજ-રાષ્ટ્રનો ત્રિકોણ

૫૧ મુખ્ય ન્યાયાધીશોનો વારસો બતાવે છે કે સુપ્રીમ કોર્ટ માત્ર વિવાદ-નિવારણ મંચ નથી; તે રાષ્ટ્રના ભાગ્યનું કાનૂની રૂપરેખાંકન કરતું સંસ્થાન છે. બેઝિક સ્ટ્રક્ચરનો મર્મ, ન્યાયિક સમીક્ષાનું સાહસ, માનસિક ગૌરવનો ઉત્સવ, ચૂંટણી-પારદર્શિતાનો માપદંડ, અને સંઘવાદી સંતુલનનો ધર્મ આ બધું મળીને ભારત ભાગ્ય વિધાતા બને છે.

આજે જ્યારે ભારત ૨૧મી સદીના બીજા ક્વાર્ટરમાં પ્રવેશ કરે છે, ત્યારે સુપ્રીમ કોર્ટનું યોગદાન માત્ર ઇતિહાસ નથી સતત ચાલતી Constitution in-Actionની જીવંત કથા છે; એક એવી કથા જેમાં કોર્ટ, બંધારણ અને નાગરિક ત્રણે એક ભારત એક ન્યાયનો ભાવ સાકાર કરે છે.



Read online : www.feelingsmultimedia.com

# *Spreading Joy for Generations*

CELEBRATING 180 years 1845

SINCE 1845



SINCE 1845

KANDOI®
Bhogilal Mulchand
કંદોઈ ભોગીલાલ મુળચંદ
Pure Ghee's Sweet Merchant

Purity • Surety • Quality

Spreading sweetness
since Six generations,
Believing in quality,
trust and satisfaction.
Something for every palate
and every occasion.

Scan Me

**HERITAGE MAIN SHOP :**
2715, Kandoi Ole, Manekchowk,
Ahmedabad-380 001. : +91 99795 05811

**CORPORATE OFFICE & SHOP**
Ashram Road : +91 99795 05810

**SATELLITE**
Nehrunagar Char Rasta : +91 90997 44455

**MANINAGAR :**
Opp. Ravjibhai Tower : +91 94094 14540

**STADIUM**
Sardar Patel Stadium Road : +91 99791 55855

**PRAHLADNAGAR**
Anandnagar 100 Ft. Ring Road : +91 99785 22200

**SCIENCE CITY**
GF 1 & 2, The Capital 2, Sola : +91 98240 79994

**AHMEDABAD AIRPORT**
Domestic Airport : +91 97122 21845

E-mail : support@kandoisweets.com
www.kandoisweets.com



■ પ્રવીણ કે. લહેરી
(પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત સરકાર)

ભારત ભાગ્ય વિધાતા



શ્રી બી.ડી. શર્મા | શ્રી બી.જી. દેશમુખ | શ્રી એચ.સી.સરીન | શ્રી નરેશ ચંદ્ર | શ્રી ટી.એન. શેષાન | શ્રી એન.કે. સિંઘ | શ્રી ટી.એસ.આર સુબ્રમણ્યમ | શ્રી વિનય બંસલ



શ્રીમતી મંજુલા સુબ્રમણ્યમ | શ્રીમતી અનિતા કરવાલ | શ્રીમતી હર્ષિતા ગોયલ | શ્રીમતી અવંતિકા સિંહ | શ્રીમતી માર્ગી શાહ | શ્રી વીઆરએસ કૌલગી | શ્રી વાય.વી. રેડ્ડી

# આઈ.એ.એસ. અધિકારીઓનું ભારત ભાગ્ય વિધાતામાં યોગદાન

ભારતને આઝાદી મળી તે પહેલાં બ્રિટિશ સામ્રાજ્યનો વ્યવહાર ઈન્ડિયન સિવિલ સર્વિસ (આઈસીએસ) અધિકારીઓ મારફત થતો હતો. આઈસીએસમાં જોડાવા માટેની પરીક્ષા ખૂબ કડક હતી અને શરૂઆતમાં માત્ર અંગ્રેજોને આ તક મળતી હતી. ૨૦મી સદીની શરૂઆતથી અનેક ભારતીયોએ પણ આઈસીએસમાં જોડાવામાં સફળતા મેળવી હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝ પણ આઈસીએસની પરીક્ષામાં ચોથા નંબરે ઉત્તીર્ણ થયા હતા પરંતુ તેમણે બ્રિટિશ સામ્રાજ્યની નોકરી કરવા કરતાં સ્વતંત્રતા આંદોલનમાં જોડાવાનું પસંદ કર્યું હતું. આઈસીએસ અધિકારીઓ બ્રિટિશ સામ્રાજ્યના એજન્ટો છે અને તેઓમાં દેશભક્તિ નથી તેવો મત પણ પ્રવર્તતો હતો. પંડિત જવાહરલાલ નહેરુએ આઈસીએસ માટે કહેલું કે, 'આ ઈન્ડિયન નથી, કે નથી સિવિલ અને સેવા તો નથી જ કરતાં' અન્ય લોકોના મત પ્રમાણે આઈસીએસ અધિકારીઓ સામ્રાજ્યના વહીવટનું લોખંડી માળખું હતું.

બંધારણ સભામાં આઈસીએસ અધિકારીઓને નોકરીમાં ચાલુ રાખવા તેમજ બ્રિટિશ સરકારે આપેલા વિશેષ અધિકારો પણ ચાલુ રાખવા માટે બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે ગૃહમંત્રી સરદાર ઉપર ટીકાઓનો વરસાદ વરસ્યો હતો. જે અધિકારીઓ સામ્રાજ્યને વફાદાર હોય તેમને આઝાદ ભારતે સત્તાસ્થાને ન રાખવા જોઈએ તેવો મત હતો. ચર્ચાના સમાપનમાં સરદારે કહ્યુ હતું કે, 'આ લોકો શિક્ષિત, હોશિયાર અને અનુભવી છે. તેમને ગમે ત્યાં સારી નોકરી મળી રહેશે. આપણને અનેક સમસ્યાઓ ઉકેલવા માટે આવા અનુભવી અધિકારીઓની ખૂબ જરૂર છે. તેમની સાથે કામ કરતાં મેં અનુભવ્યું છે કે, તેઓની દેશભક્તિમાં શંકા રાખવાનું કોઈ કારણ નથી. જો બંધારણ સભા મારી આ ભલામણ ન સ્વીકારે તો હું પણ તેમની સાથે ફરજમુક્ત થઈશ.

સરદારના આ સ્પષ્ટ અભિપ્રાય બાદ આઈસીએસ અધિકારીઓ માનભેર વહીવટમાં ચાલુ રહ્યાં. સાથે સાથે સરદારે આઈસીએસની જગ્યાએ ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ–ભારતીય પ્રશાસન સેવા (IAS) અને ઈન્ડિયન પોલીસ સર્વિસ એ બંનેને અખિલ ભારતીય સેવા તરીકે બંધારણમાં સમાવી લીધી. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ગુણવત્તાને ધોરણે ૧૯૪૮થી આજસુધી દર વર્ષે ૧૦૦ જેટલાં આઈએએસ અધિકારીઓની પસંદગી કરવામાં આવે છે અને તેમની સેવાઓ જુદા જુદા રાજ્યોમાં ફાળવવામાં આવે છે.

રાજ્ય વહીવટ અને કેન્દ્ર સરકારમાં તમામ મહત્ત્વના હોદ્દાઓ ઉપર આઈ.એ.એસ. અધિકારીઓની સેવાઓ લેવામાં આવે છે. આ સેવા ઉપર રાજ્ય સરકારનો અને કેન્દ્ર સરકારનો સંયુક્ત અંકુશ હોય છે પરંતુ અમુક જોગવાઈઓમાં કેન્દ્રની સત્તાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. છેલ્લાં ૭૭ વર્ષમાં ૮૦૦૦ થી વધારે વ્યક્તિઓને ભારતીય પ્રશાસન સેવામાં નિમણૂક મળી છે. આઈ.એ.એસ. અધિકારીઓમાં સૌથી મહત્ત્વના પ્રદાન માટે ટી. એન. શેષાનનું નામ મોખરે છે. ચૂંટણી કમિશનર તરીકે તેમણે ચૂંટણીને ન્યાયી બનાવવા માટે સખત કાર્યવાહી કરી અને તેમાં રાજકીય પક્ષો

સાથેના સંઘર્ષમાં સફળતા પણ મેળવી. શ્રી નરેશચંદ્રએ અમેરિકામાં એમ્બેસેડર તરીકે કામ કરી ભારતીય મૂળના લોકોના સહકાર સાથે અમેરિકન સરકાર ઉપર પ્રભાવ પાથર્યો હતો.

એચ.સી.સરીન નામના અધિકારીએ લાંબાગાળા માટે સંરક્ષણક્ષેત્રમાં મહત્ત્વની કામગીરી કરી હતી. આ જ રીતે મહારાષ્ટ્રના બી. જી. દેશમુખે શ્રમ વિભાગમાં મહત્ત્વના ફેરફારો કર્યા હતાં. શ્રી ટી. એસ. આર. સુબ્રમણ્યમે કેબિનેટ સેક્રેટરી તરીકે નેત્રદીપક કામગીરી કરી હતી. બી. ડી. શર્મા નામના અધિકારીનું નામ ગ્રામીણ વિકાસ અને આદિજાતિના વિકાસ માટે આજે પણ ગૌરવપૂર્વક લેવામાં આવે છે. શ્રી વાય. વી. રેડ્ડી અને અન્ય આઈએએસ અધિકારીઓએ રિઝર્વ બેંકના ગવર્નર તરીકે નોંધપાત્ર સેવાઓ આપી છે.

પશ્ચિમ બંગાળના જ્યોતિ બાસુના મુખ્યમંત્રી તરીકેના દીર્ઘ શાસનમાં લગભગ એક દશક જેટલા સમય માટે શ્રી પી.એન. મેનન નામના અધિકારીએ નોંધપાત્ર કામગીરી કરી હતી. રાજસ્થાનમાં આદર્શ કિશોર અને ગુજરાતમાં આ લેખકે અનેક મુખ્યમંત્રીઓ સાથે સૌનો વિશ્વાસ સંપાદન કરીને કામગીરી કરી હતી. મહારાષ્ટ્રના શ્રી વિનય બંસલે એનરોન સાથેના કરારને નિષ્ફળ બનાવી મહારાષ્ટ્ર ઉપર આવનાર અબજો રૂપિયાનો બોજો નિવારવામાં સફળતા મેળવી હતી. તેમના પત્ની કુમુદ બંસલનું શિક્ષણક્ષેત્રનું પ્રદાન મહારાષ્ટ્ર અને સમગ્ર દેશમાં અનન્ય રહ્યું છે.

આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શરૂઆતમાં શ્રી નૃપેન્દ્ર મિશ્રા, ડૉ. પી. કે. મિશ્રા અને તાજેતરમાં શશિકાંત દાસે ખૂબ મહત્ત્વની ભૂમિકાઓ નિભાવી છે. વિશ્વ વ્યાપાર સંગઠનમાં પ્રથમ પ્રતિનિધિ તરીકે નારાયણ નામના અધિકારીનું પ્રદાન પણ મહત્ત્વનું છે. ગુજરાતના શ્રી શ્યામ મોહન ઘોષનું ઔદ્યોગિકક્ષેત્રમાં અવિસ્મરણીય પ્રદાન છે. શ્રી એન. કે. સિંઘે નાણાં વિભાગ, નાણાં પંચ સહિત અનેક સ્થાઓમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.

અનેક જિલ્લા કલેક્ટરોએ કુદરતી આપત્તિના સમયે, કોમી તોફાનો વખતે અને ચૂંટણી વગેરેમાં ઉમદા કામગીરી કરી લોકકલ્યાણની ભાવના માટે આદર પ્રાપ્ત કરેલ છે. ભારતીય પ્રશાસન સેવામાં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય સચિવ સુશ્રી મંજુલા સુબ્રમણ્યમની કારકિર્દી પણ પ્રેરણાત્મક રહી છે. અન્ય મહિલા અધિકારીઓમાં ગુજરાતમાં શ્રીમતી રશ્મિબેન શ્રોફ, શ્રીમતી નેત્રા શિનોય, સુ. શ્રી સ્વતંત્ર શૈંખો, શ્રીમતી નિલા નારાયણ, શ્રીમતી અનુરાધા માનસિંગ, શ્રીમતી અનિતા કરવાલ, શ્રીમતી અવંતિકા સિંહ જેવા ઉત્તમ કાર્યકુશળ અને બાહોશ આઈ.એ.એસ. અધિકારીઓએ ભારત સરકાર અને ગુજરાત સરકારમાં સુશાસનનો પરિચય કરાવ્યો છે. અગાઉ ગુજરાતમાંથી ત્રણ-ચાર વર્ષે એકાદ-બે ગુજરાતીઓ આઈએએસમાં પસંદગી પામતા હતા પરંતુ ગત વર્ષે સમગ્ર ભારતમાં હર્ષિતા ગોયલે બીજું સ્થાન અને માર્ગી શાહે ચોથું સ્થાન પ્રાપ્ત કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે નમૂનારૂપ કામગીરી બજાવવા માટે એસ. જગદીશનને પણ ખૂબ યશ અને સફળતા પ્રાપ્ત થયા હતાં. ગુજરાત કેડરના શ્રી વી.આર.એસ. કૌલગીએ વર્ષો સુધી સચિવાલયમાં આયોજન સહિત અનેક યોજનાઓને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં ઉલ્લેખનીય યોગદાન આપ્યું હતું.

ગુજરાતના શ્રી એચ. આર. પાટણકર અને શ્રી એચ. કે. ખાન તેમના લોકાભિમુખ અને પ્રગતિશીલ વહીવટ માટે જાણીતા છે. ગુજરાતમાંથી શ્રી એસ. એચ. કોહેલોને ૧૯૬૫ના યુદ્ધમાં કચ્છમાં સુંદર વહીવટ કરવા માટે અને શ્રી એસ. આર. રાવની પ્લેગ પછી સુરતની સફાઈની અને વિકાસની કામગીરી માટે પદ્મશ્રી એવોર્ડ દ્વારા કદર કરવામાં આવેલી છે. અનેક આઈએએસ ઑફિસરોએ અનેકવિધ નોંધપાત્ર કામગીરી કરી છે તેના આ થોડાં ઉદાહરણો છે.

સરદાર પટેલની દૂરંદેશીને કારણે સ્થપાયેલ અખિલ ભારતીય સેવાઓમાં આઈએએસનું સ્થાન સર્વોચ્ચ રહ્યું છે. ભારત ભાગ્ય વિધાતા તરીકે આપણે સરદાર પટેલને ઓળખીએ છીએ. તેમણે કરેલી વ્યવસ્થામાં જે જે અધિકારીઓએ રાષ્ટ્રહિતનું ધ્યાન રાખીને લોકકલ્યાણ માટે પોતાની શક્તિ અને સમય અર્પણ કર્યાં છે તે સૌ આપણા અભિનંદનના અધિકારી છે.

ભારતના વિશાળ વહીવટીતંત્રમાં અનેક સમસ્યાઓ અને મુશ્કેલીઓ રહેલાં છે. આમાંની અનેક સમસ્યાના ઉકેલમાં આઈએએસ અધિકારીઓનું પ્રદાન એટલા માટે મહત્ત્વનું છે કે તેઓ ગુણવત્તાના ધોરણે પસંદ થાય છે. બંધારણ દ્વારા કાયદાના શાસન માટે તેમની ક્ષમતા અને તટસ્થતા મહત્ત્વના છે. લાયકાત અને અનુભવની દૃષ્ટિએ આ અધિકારીઓની કાર્યદક્ષતા રાષ્ટ્રના વિકાસ અને લોકકલ્યાણમાં વપરાતી રહે તેવું આપણે ઈચ્છીએ. ફી






■ મયૂર શાહ

# શેર બજારના આ સ્તંભો પણ ભારતીય અર્થતંત્રને મજબૂત બનાવે છે.

ભારતના આર્થિક વિકાસની સફર એવા વૈચારિક નેતાઓના યોગદાનથી શક્ય બની છે જેમણે ભારતીય શેરબજારને વ્યવસ્થિત, પારદર્શક અને વિશ્વસનીય બનાવીને દેશના અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમાં મોતીલાલ ઓસવાલ, નિમેશ શાહ, નિમેશ કંપાણી, ખાંડવાલા એજન્સી, રાકેશ ઝુનઝુનવાલાના નામ માત્ર સૂચક છે પરંતુ આવા કેટલાય ઉદ્યોગપતિઓ અને રોકાણકારો આપણાં માટે માર્ગદર્શક બન્યા છે.

આ લેખમાં આપણે એવા કેટલાક પ્રતિષ્ઠિત ભારતીય શેરબજારના સ્તંભોના યોગદાનની વિગતવાર ચર્ચા કરીશું જેમણે માત્ર નાણાકીય લાભ નથી આપ્યો, પરંતુ ભારતીય અર્થતંત્રના ઢાંચાને મજબૂતી પણ પ્રદાન કરી છે.



મોતીલાલ ઓસવાલ

**– મોતીલાલ ઓસવાલ** (સંશોધન આધારિત ઈન્વેસ્ટમેન્ટ કલ્ચરના પ્રવર્તક)

મોતીલાલ ઓસવાલ એ એવું નામ છે જેમણે ભારતીય બ્રોકરેજ ઉદ્યોગમાં નવું ધોરણ સ્થાપિત કર્યું. ૧૯૮૭માં તેમણે રામદેવ અગ્રવાલ સાથે મળીને એક નાનકડી ઓફિસમાંથી બ્રોકરેજ ફર્મ શરૂ કરી હતી. તેમનો પાયો હતો, વિશ્વસનીય સંશોધન અને લાંબા ગાળાનું રોકાણ.

'મોતીલાલ ઓસવાલ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ' આજે માત્ર બ્રોકિંગ સુધી સીમિત નથી રહી, તે એસેટ મેનેજમેન્ટ, વેલ્થ મેનેજમેન્ટ અને ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ જેવા ક્ષેત્રોમાં પણ અગ્રણી ગણાય છે. તેમનો નારો 'Buy Right, Sit Tight' એ માત્ર સંકલ્પ નહીં પરંતુ ભારતીય રોકાણકારો માટે એક નવો દૃષ્ટિકોણ બને છે.

તેમની સફળતા પાછળનું રહસ્ય છે આગળની પેઢીનું સંશોધન અને વર્ષો સુધી ધીરજથી કરેલ રોકાણ. તેમનો પ્રયત્ન સતત એ રહ્યો છે કે સામાન્ય રોકાણકાર પણ ક્વોલિટી શેર પસંદ કરીને સાચવે અને સંપત્તિ સર્જન કરી શકે.



રામદેવ અગ્રવાલ

**– રામદેવ અગ્રવાલ** (વેલ્યૂ ઈન્વેસ્ટિંગના પ્રણેતા)

મોતીલાલ ઓસવાલ સાથે જોડાયેલા રામદેવ અગ્રવાલ પણ મૂલ્યઆધારિત રોકાણનું નવું ભારતીય રૂપ છે. તેમણે ભારતીય શેરબજારમાં વોરન બફેટની મૂલ્યઆધારિત રોકાણનીતિને લોકપ્રિય બનાવી છે. તેઓ દર વર્ષે 'Wealth Creation Study' રજૂ કરે છે જે રોકાણકારો માટે માર્ગદર્શિકા સમાન છે.

તેમણે Hero Honda, Infosys, Eicher Motors જેવા શેરોમાં લાંબા ગાળાનું રોકાણ કરીને બહુમૂલ્ય વળતર મેળવ્યું હતું. તેમના વિચારો અને સંશોધનથી આજે અનેક યુવા ફંડ મેનેજરો અને રોકાણકારો પ્રેરણા મેળવે છે.



નિમેશ શાહ

**– નિમેશ શાહ** (મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના માર્ગદર્શક)

નિમેશ શાહ, ICICI પ્રુડેન્શિયલ એસેટ મેનેજમેન્ટ કંપનીના CEO તરીકે, ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં જેઓ નેતૃત્વની પ્રતિમા બની ચૂક્યા છે. તેઓના નેતૃત્વ હેઠળ કંપનીએ રોકાણકારો માટે વિવિધ નવીન ફંડ રજૂ કર્યા-જેમ કે બેલેન્સ્ડ એડવાંટેજ ફંડ, ડાયનામિક એસેટ એલોકેશન વગેરે.

તેમના કાર્યકાળ દરમિયાન ICICI AMC એ રોકાણકારોનો વિશ્વાસ જીત્યો અને તે બ્રાન્ડમાં રૂપાંતરિત થયો. મ્યુચ્યુઅલ ફંડ્સ હવે નાના શહેરોના લોકો સુધી પહોંચ્યા છે. આ ક્રાંતિ પાછળ નિમેશ શાહ જેવી હસ્તિના દૃઢ નેતૃત્વની ભૂમિકા અતિ મહત્વપૂર્ણ ગણાય છે.


Awards & Accolades Winner
Shri Hari Rady-to-Cook Masala
SINCE 2008
Ready to Cook...
SHRI HARI
READY TO COOK MASALA
EMINENCE AWARDS 2019
NO onion garlic
NO tuber-roots
100% natural product
Farali
Farali
Panipuri Masala
Paneer Tikka Masala
Punjabi Masala
Paneer Masala
Dal Fry Masala
Kesar Milk Masala
65 different types of Ready-to-Cook spices for Breakfast, Lunch and Dinner of Chinese / Punjabi / Gujarati and Kathiawadi cuisines...
Well-established firms operating in the
USA, Canada, Australia, Africa, and Dubai with
distributor and retail networks are welcome to connect.
E-mail: shriharimasalahalol@gmail.com
+91 91068 57489
Mfg. by: SHRI HARI MASALA, Guj., INDIA.
AN ISO 22000 CERTIFIED CO.
CUSTOMER CARE :
+91 94092 00015 / +91 63536 87099
NOW, Shop on line at
www.shrihrimasala.com
IMAGE MAKER-09327020557




**– નિમેશ કંપાણી** (ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગના પાયોનિયર)

JM Financialના સ્થાપક નિમેશ કંપાણી એ ભારતના સૌથી પહેલાના ઈન્વેસ્ટમેન્ટ બેંકરોમાંના એક છે. તેમણે રોકાણકારો અને ભારતીય ઉદ્યોગપતિઓ વચ્ચે પુલના રૂપમાં કામ કર્યું છે. તેઓ ટાટા ગ્રૂપ, રિલાયન્સ, એવિન્ડો જેવી કંપનીઓના ઈશ્યુઝ અને મર્જર્સ પાછળ મુખ્ય સલાહકાર તરીકે રહ્યા છે.

તેમની એક મુખ્ય વિશેષતા હતી વિશ્વસનીયતા. રોકાણકારો તેમની પર આંધળો વિશ્વાસ મૂકે છે કેમ કે, તેઓ વ્યવસાયમાં પારદર્શિતા અને ગોપનીયતાને મહત્વ આપે છે. તેઓના ઉત્તમ કાર્યોથી ભારતીય મૂડીબજારે આજે વૈશ્વિક સ્તરે નામના મેળવી છે.




**– ખાંડવાલા એજન્સી** (ભારતીય બ્રોકરેજ જગતમાં એક અદ્વિતીય વારસો)

ખાંડવાલા એજન્સી એ ભારતના સૌથી જૂના અને વિશ્વસનીય બ્રોકરેજ હાઉસ પૈકીનું એક છે. શતાબ્દી જૂની આ એજન્સીએ મહારાષ્ટ્ર અને ગુજરાતના અનેક વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શેરબજારમાં પ્રવેશ અપાવ્યો. ખાસ કરીને એવા સમયગાળામાં જ્યારે માહિતીની ઉપલબ્ધિ ઓછી હતી, ત્યારે આ એજન્સીએ વિશ્વસનીય માર્ગદર્શન રોકાણકારોને પૂરું પાડ્યું હતું.

તેમની એથિક્સ, ગ્રાહક કેન્દ્રિતતા તેમજ નોલેજેબલ એજન્ટોના કારણે તેઓ આજે પણ રોકાણકારો માટેનું વિશ્વાસપાત્ર નામ છે.




**– રાકેશ ઝુનઝુનવાલા**

એક એવા લોકપ્રિય રોકાણકાર જે આખા દેશ માટે પ્રેરણા બન્યા હતાં. 'ભારતના વોરન બફેટ' તરીકે ઓળખાતા રાકેશ ઝુનઝુનવાલા એ માત્ર નાની મૂડીમાંથી શરૂ કરીને કરોડપતિ બન્યા એવા ઉદાહરણ તરીકે નથી, પણ તેઓ એ છે જેમણે સમગ્ર ભારતને શેરબજારમાં વિશ્વાસ કરવાનું શીખવ્યું. Infosys, Titan, Lupin જેવા શેરોમાં લાંબા ગાળાનું રોકાણ કરીને તેમણે દર્શાવ્યું કે ધીરજ અને વિશ્લેષણોથી કેવી રીતે સંપત્તિ ઊભી થાય.

માત્ર શેરમાર્કેટમાં નહીં, પરંતુ અનેક સ્ટાર્ટઅપ્સમાં પણ તેમણે રોકાણ કર્યું છે જેમાં Akasa Air, Nazara Technologies, Star Health નો સમાવેશ થાય છે. તેમનો આત્મવિશ્વાસ અને ભારતીય અર્થતંત્રમાં અડગ વિશ્વાસ એ જ સાચી પ્રેરણા બન્યો છે.

**અન્ય ઉલ્લેખનીય નામો જોઈએ તો...**




**– રાધાકિશન દામાણી**

D Martના સ્થાપક તરીકે દામાણી એક રોકાણકાર અને ઉદ્યોગપતિ બંને રીતે તેઓ સફળ રહ્યા છે. તેમની બજાર વિશેની ઉંડી સમજ અને ગ્રાહકલક્ષી વ્યવસાય મોડેલ આજે ભારતના સૌથી નફાકારક રિટેલ બ્રાન્ડ પૈકીનું એક છે.

**– પોરિન્જુ વેલિયાથ**

મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં રોકાણ કરીને તેમણે સામાન્ય લોકો માટે રોકાણ શક્ય બનાવ્યું. તેમણે સંખ્યાબંધ નાનાં શેરોને ઓળખી અને તેમની મૂલ્યવૃદ્ધિથી રોકાણકારોને લાભ




અપાવ્યો છે.




**– ઉદય કોટક**

કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક ઉદય કોટક બ્રોકરેજ, બેંકિંગ અને એસેટ મેનેજમેન્ટમાં માર્ગદર્શક તરીકે જાણીતા છે. તેમણે પોતાની દૂરંદેશી દૃષ્ટિથી ભારતીય નાણાકીય વ્યવસ્થાને વૈશ્વિક સ્તરે પહોંચાડી છે.

આ ઉદ્યોગપતિઓ માત્ર નાણાંકીય વિકાસ નથી લાવ્યા, નવી પેઢીને આગવો દૃષ્ટિકોણ, અધ્યયન અને ધીરજની મહત્તા પણ સમજાવે છે. તેઓ સાબિત કરે છે કે, ભારતના શેરબજાર માત્ર નફો મેળવવાનું માધ્યમ નથી પરંતુ દેશના અર્થતંત્રની શક્તિનો આધાર પણ બન્યા છે. ફી

**આપણાં અર્થતંત્ર પર તેમણે શું અસર પાડી તે જોઈએ ?**

- પૂંજી સંચાલનઃ કંપનીઓ માટે પૂંજી ઉપલબ્ધ કરાવી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોની વૃદ્ધિમાં સહાય કરી.
- વિશ્વાસઃ પારદર્શિતા અને શિસ્તભર્યા વ્યવહાર દ્વારા રોકાણકારોને માર્કેટ તરફ આકર્ષ્યા.
- નાણા યોગ્યતાનું વિસ્તરણઃ મ્યુચ્યુઅલ ફંડ્સ, ETFs અને સ્ટોક માર્કેટ શિક્ષણ દ્વારા સામાન્ય નાગરિકોને પણ આમાં રોકાણકાર બનાવ્યા.
- વિશ્વવ્યાપી માન્યતાઃ ભારતનું મૂડી બજાર હવે વિશ્વમાં નોંધપાત્ર સ્થાન પામ્યું છે. તેમાં આ તમામ શેર બજારના નેતાઓની ભૂમિકા અમૂલ્ય છે.

*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**
Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.




**S.S. White Technologies** Milton Keynes, UK



**S.S. White Technologies** Wadhwan, Gujarat, India




**S.S. White Technologies Inc.** **Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com

■ જગદીશ ઠક્કર (CA)




# ભારતના ભાગ્ય નિર્માણમાં શેરબજારનો પણ સિંહફાળો રહેશે...

ભારતીય કેપિટલ માર્કેટનાં મંડાણ તો ૧૮૭૫માં થયા હતા, જ્યારે હાલનાં BSE એટલે બોમ્બે સ્ટોક એક્ષચેંજનો પાયો નખાયો હતો. આમ ગણો તો વિશ્વમાં મૂડી બજારની પાપા પગલી કદાચ થઈ હોય તો એ ભારતમાંથી જ ઉદ્ભવી ગણાય.

આજથી ૩૫-૪૦ વર્ષ પહેલાં શેરબજાર શું છે તથા રાષ્ટ્રનાં વિકાસમાં શું યોગદાન આપી શકે એની ખબર મોટા ભાગના ભારતીયોને ન હતી. માત્ર સ્ટોક એક્ષચેંજના એક વિશાળ ઓરડામાં, ખીચોખીચ ભરેલાં લોકો જોરશોરથી ઘાંટા પાડે અને 'લીધા-વેચ્યા'ના બૂમબરાડા સિવાય અન્ય કશુંય ખબર ના પડે એ શેરબજાર આજે આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા તે વખતે દુનિયાના સૌથી મોટા ૧૦ સ્ટોક એક્ષચેંજમાંથી પાંચમું સ્થાન ધરાવતું સ્ટોક એક્ષચેંજ બની ગયું. વિકસિત ભારતના ધ્યેયને સિદ્ધ કરી દુનિયાનાં કેટલાય દેશોને આ વિકાસમાં આપણે પાછળ રાખી દીધા. શેરબજાર હંમેશાં રાષ્ટ્રની આર્થિક સધ્ધરતા અને પ્રગતિનો પુરાવો છે.

**વિશ્વના સૌથી મોટા પાંચ શેરબજાર :**

પ્રથમ અમેરિકાના ન્યુયોર્ક સ્ટોક એક્ષચેંજ અને નાસ્ડેક છે, જે વર્ષો જૂનું હોઈ એનું માર્કેટ કેપિટઈલાઝેશન ૫૦.૬૮ ટ્રિલિયન ડોલરનું છે. બીજા ક્રમાંકે ચીનનું શાંઘાઈ શેરબજાર છે જેનું માર્કેટ કેપિટઈલાઝેશન ૯.૫૩ ટ્રિલિયન ડોલર છે. ત્રીજા ક્રમાંકે જાપાન છે જે ટોકિયો સ્ટોક એક્ષચેંજથી ઓળખાય છે, જેનું માર્કેટ કેપિટઈલાઝેશન ૬.૨૫ ટ્રિલિયન ડોલર છે. ચોથા ક્રમાંકે હોંગકોંગનું ધ હોંગકોંગ સ્ટોક એક્ષચેંજ જેનું માર્કેટ કેપિટઈલાઝેશન ૫.૭૨ ટ્રિલિયન ડોલર છે અને પાંચમા ક્રમે ભારતમનું બોમ્બે સ્ટોક એક્ષચેંજ અને નેશનલ સ્ટોક એક્ષચેંજ છે, જેનું માર્કેટ કેપિટઈલાઝેશન આશરે પાંચ લાખ (૫.૦૦) ટ્રિલિયન ડોલર છે. દુનિયાના બાકીના તમામ સ્ટોક એક્ષચેંજ એ પછીનાં ક્રમમાં આવે છે.

દેશમાં મૂડી બજારે જે રીતે હરણફાળ ભરી છે, વર્ષ પ્રતિવર્ષ અનેક નવા આઈ.પી.ઓ.ની રફતાર જે રીતે છેલ્લાં બે વર્ષમાં ચાલી છે એ જોતાં ભારતીય સ્ટોક એક્ષચેંજીસ બીજા કે ત્રીજા ક્રમાંકે આવી જાય તો નવાઈ નહિ. સાથે આટલી ઝડપથી થયેલા વિકાસની પાછળનો થોડો રસપ્રદ ઈતિહાસ પણ જાણવો જરૂરી છે.

**બોમ્બે સ્ટોક એક્ષચેંજ:**

૧૮૭૫માં પ્રેમચંદ રાયચંદ નામના નાના પણ સફળ વેપારીએ એક વડના ઝાડ હેઠળ એક 'નનેટિવ શેર સ્ટોક બ્રોકર્સ એસોસિએશન' ચાલુ કર્યું. જે આજે વટવૃક્ષ થઈને મુંબઈના દલાલ સ્ટ્રીટમાં 'રોતુંડા' નામના વિશાળકાય બિલ્ડિંગમાં બોમ્બે સ્ટોક એક્ષચેંજ નામથી વિશ્વ વિખ્યાત છે. હાલમાં ૬૦૦૦થી પણ વધુ લિસ્ટેડ કંપનીઓ સાથે આશરે ૪.૦૦ ટ્રિલિયન ડોલરના માર્કેટ કેપિટાલાઈઝેશન સાથે બોન્ડસ, સ્ટોક્સ અને ડેરિવેટિવ્ઝમાં અગ્રેસર છે. ત્યાં મૂકેલી ઓટોમેટેડ ટ્રેડિંગ સિસ્ટમ ૧ (એક) સેકંડમાં ૨૦,૦૦૦થી પણ વધુ ટ્રેડ કરવાની ક્ષમતા



SHETH BROTHERS
BHAVNAGAR
AYURVEDIC
KAYAM
CHURNA | TABLET | GRANULES
'આયુર્વેદ' ભારતે વિશ્વને આપેલ અનમોલ ભેટ છે
નિર્દોષ આયુર્વેદિક ઔષધિઓમાંથી બનાવેલ
કાયમ ગ્રેન્યુલ્સ
કાયમ ચૂર્ણ
કાયમ ટેબલેટ
AYURVEDIC MEDICINE
KAYAM
CHURNA
ADVANCE
GRANULES
SHETH BROTHERS
BHAVNAGAR
AYURVEDIC MEDICINE
KAYAM
CHURNA
कायम चूर्ण
Mfg. By:
SHETH BROTHERS
AYURVEDIC
KAYAM
TABLET
SHETH BROS.
સોનામુખી
કબજીયાત તેમજ ગેસમાં મદદરૂપ
હરડ
એસિડિટી તથા પાઈલ્સની સમસ્યામાં મદદરૂપ
અજમો
અપચામાં મદદરૂપ
નિશોત
પેટની સમસ્યામાં મદદરૂપ
UIN:GUJARAT/0088/2025
*અહીં આપેલા ઘટકોના ફાયદા ફૂડ એન્ડ ડ્રગ વિભાગના માન્ય આયુર્વેદના પુસ્તકોના જણાવ્યા મુજબ છે.
Mfg. By:
SHETH BROTHERS
૩૦, જીઆઈડીસી, વિઠલવાડી, ભાવનગર - ૩૬૪૦૦૧, ગુજરાત
મેડિકલ શોપ, આયુર્વેદિક સ્ટોર અને મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ
ટોલ ફ્રી નંબર : 1800 419 0807
: contact@kayamchurna.com

ધરાવે છે.

અત્યારે આ બોમ્બે સ્ટોક એક્ષચેંજ ભારતનું નાણાકીય બજાર અને પબ્લિક-લિમિટેડ કંપનીઓનાં લિસ્ટેડ શેર સાથે એશિયાનું સૌથી મોટું સ્ટોક એક્ષચેંજ બની ગયું છે. આ ઉપરાંત એની સબસિડીયરી કંપની CDSLમાં ૧૦ કરોડથી પણ વધુ ડીમેટ ખાતાઓ છે અને આ તો હજી શરૂઆત છે. BSE અને CDSLના લિસ્ટેડ શેરોએ અનેક રોકાણકારોને માલામાલ કર્યા છે.

### નેશનલ સ્ટોક એક્ષચેંજ

૧૯૯૨માં પ્રસ્થાપિત થયેલ આ એક્ષચેંજે માત્ર ૩૦ વર્ષમાં એટલી મોટી પ્રગતિ કરી છે કે આને રોજિંદા ઈક્વિટી ટ્રેડિંગ વોલ્યુમમાં ન્યુયોર્ક સ્ટોક એક્ષચેંજ અને નાસ્ડેક પછી ત્રીજા ક્રમાંકે મૂકવામાં આવ્યું છે. ૧૯૯૩માં ડેટ માર્કેટથી કરેલી શરૂઆતે આ સ્ટોક એક્ષચેંજનું રોજિંદુ વોલ્યુમ આજે ૧૦ બિલિયન ડોલરની આસપાસ પહોંચી ગયું છે. 'ટ્રેડિંગ રિંગ' માંથી કંપલીટ ઓટોમેટેડ ઓન લાઈન ટ્રેડિંગ અને ૩૦ દિવસની સેટલમેન્ટ સાઈકલને ઘટાડી માત્ર ૧ દિવસ (૨૪ કલાક) કરવાનો શ્રેય આ બંને સ્ટોક એક્ષચેંજીસને જાય છે. ભારતના આ માત્ર બે જ સ્ટોક એક્ષચેંજ છે જે એક જ દિવસમાં કરોડો કે અબજો રૂપિયાના ટ્રેડિંગનું સેટલમેન્ટ કરે છે, જે વિશ્વમાં ક્યાંય નથી થતાં.

### સેબી અને પ્રાદેશિક શેરબજારો

સિક્યુરિટીઝ એન્ડ એક્ષચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ની સ્થાપના ૧૯૮૮માં થઈ અને ૧૯૯૨માં એ સંપૂર્ણપણે તમામ સત્તા સાથે કાર્યરત થઈ. ત્યારબાદ ગ્રામીણજનો શેરબજારના લાભથી વંચિત ના રહી જાય એ માટે SEBI દ્વારા સમગ્ર દેશમાં આશરે ૨૪ જેટલાં પ્રાદેશિક શેરબજારોને મંજૂરી આપવામાં આવી હતી. પ્રતિ રાજ્ય દીઠ માત્ર એક જ પ્રાદેશિક શેર બજાર ફાળવવાની કાર્ય પદ્ધતિ હોવા છતાં ગુજરાત રાજ્યને વડોદરા, અમદાવાદ અને રાજકોટ સહિત ત્રણ પ્રાદેશિક શેરબજારની ફાળવણી કરવામાં આવી. શેરબજારોમાં ગુજરાતીઓનો દબદબો વર્ષોથી ચાલતો આવ્યો છે અને ચાલતો રહેશે. જો કે થોડાક ટેકનિકલ અને વહીવટી કારણોને લઈને ૨૦૧૭-૧૮માં પ્રાદેશિક શેરબજારોને બંધ કરી એની પેટા કંપનીઓને ટ્રેડિંગ મોટા બે સ્ટોક એક્ષચેંજ થકી કરવાની છૂટ આપી છે. હાલમાં SEBIની કાર્યપદ્ધતિ, રોકાણકારોનું હિત જાળવવામાં લેવાતાં પગલાં, ફરિયાદોનું ઝડપી નિરાકરણ, IPOના DRHPની ઝીણવટભરી ચકાસણી, એલોટમેન્ટ સમય ૩૦ દિવસથી ઘટાડી ત્રણ દિવસ કરવો અને BSE તથા NSEમાં લિસ્ટેડ કંપનીઓ પર બાજ નજર તથા વિદેશી રોકાણકારોની જરૂરિયાતો ધ્યાને રાખી ભારતની અર્થવ્યવસ્થામાં યોગદાન આપી શકે એ માટે સતત પ્રયત્નશીલ છે. આજના વિકસિત ભારતમાં મૂડીબજાર ખૂબ જ મહત્વનું યોગદાન આપી રહ્યું છે અને ૨૦૩૦ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી વિકસિત હરોળમાં બેસવાની ભારતીયોની ઇચ્છા પરિપૂર્ણ થાય એ માટે જરૂરી તમામ સુદૃઢ અને સુનિશ્ચિત પગલાં લેવાય છે.

શેરબજાર સટ્ટા બજારમાં ના ફેરવાય અને લાંબા ગાળા માટે રોકાણ કરતાં રોકાણકારોની સલામતી જળવાય તથા પારદર્શિતા સાથે તમામ કારોબાર થાય એ માટે રિસ્ક મેનેજમેન્ટ અને સર્વેલન્સના આકરાં નિયમો પણ અમલમાં મૂકાયા છે. સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતાં આશરે ૪૦ કરોડ ભારતીય રોકાણકારોને આજની મૂડી બજારની કાર્યપદ્ધતિ પર સંપૂર્ણ વિશ્વાસ છે. માત્ર અને માત્ર બેંક અને










સરકાર માન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા જ પૈસાની લેવડ-દેવડ થાય છે. ૧૯૯૨, ૨૦૦૧, ૨૦૦૯ અને ૨૦૧૩માં થયેલા સ્ટોક માર્કેટ SCAM હવે ઈતિહાસ બની ચૂક્યા છે. દરેક રોકાણકારોના રૂપિયા સુરક્ષિત છે, શરત માત્ર એટલી છે કે સેબીમાં રજિસ્ટર્ડ થયેલા બ્રોકરો મારફતે જ લેણ-દેણ કર્યું હોવું જોઈએ.

ભારતનું મૂડી બજાર ૨૦૩૦ સુધીમાં લગભગ ૭૦% જેટલાં ભારતીયોને એની ઉપલબ્ધિ અને સફળતામાં સામેલ કરશે. વિકસિત ભારતના સ્વપ્ન માટે ભારતીય શેરબજારે પોતાના ભગીરથ પ્રયાસો ચાલુ રાખ્યાં છે. સ્ટોક માર્કેટમાં ગુજરાતીઓનું યોગદાન વધારે રહ્યું છે ત્યારે દરેક ગુજરાતી ગર્વથી કહી શકશે કે, 'મેરા ભારત મહાન.' જયહિંદ.


xpertz holidays
EXPERIENCE DELIVERED
Cruises & Yatchs
Hotels & Resorts
Events
Cruises for all sort of events and groups
Sail the seas across the world.
End to end solutions with cruise and land packages.
Pick up hotels of your choice across the globe
Seamless hospitality and logistic support
Competitive rates for Corporate bookings or social events.
Flawless event planning
Ideal venues
Unlimited options for entertainment
SCAN QR
FOR MORE UPDATES
MEETINGS
INCENTIVES
CONFERENCES
EXHIBITIONS
602, 603, Brooklyn Tower, Sarkhej - Gandhinagar Highway,
Beside YMCA Club, Makarba, Ahmedabad, Gujarat 380015
www.xpertz.in
operations.team@xpertz.in
+91 85111 90790 | +91 97255 05981




■ ભરત મહેતા

# હમ ભી કિસીસે કમ નહીં ભારતના અંતરીક્ષ વૈજ્ઞાનિકો

ભારતની અવકાશ સંશોધન યાત્રા અસાધારણ અને સર્વોત્તમ છે. ૨૦૧૩માં મંગળ ગ્રહ અભિયાન અને ૨૦૨૩માં ભારત ચંદ્ર પર અવકાશયાન સફળતાપૂર્વક ઉતારનાર ચોથો દેશ બન્યો. ભારતનું મંગળ મિશન અને ચંદ્રયાન-૩ મિશનની સફળતાએ ભારતને એક સક્ષમ અવકાશશક્તિ તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી. આપણી વધતી જતી અવકાશ મહત્વાકાંક્ષાઓને મજબૂત બનાવી. ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) ૧૯૬૯માં તેની સ્થાપનાથી જ અવકાશ સંશોધન અને ઉપગ્રહ ટેકનોલોજીમાં મોખરે રહ્યું છે. તેને કુલ ૧૨૪ અવકાશયાન મિશન હાથ ધર્યા છે, જેમાં ખાનગી ખેલાડીઓ અથવા વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલ ૧૭ ઉપગ્રહો અને ૪૩૨ વિદેશી ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે.

**આ ભવ્ય સફળતા રાતોરાત પ્રાપ્ત થતી નથી, ઘણા સ્વપ્નદ્રષ્ટાઓના દિવસ-રાતના કઠોર પ્રયાસો છે જે તેને શક્ય બનાવે છે અને તેમના સમર્પણ અને મહાન દ્રષ્ટિકોણથી આપણા રાષ્ટ્રને ગૌરવ અપાવે છે. આપણે તેમને સલામ કરવી જોઈએ. જો આપણે તેમના પ્રયત્નો પર નજર નાખીએ, તો આપણે ખરેખર તે નાયકોની પ્રશંસા કરીશું જેઓ 'નવભારતના ભાગ્ય વિધાતા' છે, જેમણે દુનિયાને પડકાર ફેંક્યો અને ગર્વથી કહ્યું કે, 'હમ ભી કિસી સે કમ નહીં.'**

ભારતના રોકેટ વિજ્ઞાનનો મૂળ ઉપયોગ પ્રાચીન સમયમાં શરૂ થયો હતો જ્યારે દેશમાં ફટાકડાનો પ્રથમ ઉપયોગ થયો હતો, જે ટેકનોલોજી પડોશી દેશ ચીનમાં શોધાઈ હતી. બ્રિટિશરો સામે મૈસુર યુદ્ધ દરમિયાન ટીપુ સુલતાન દ્વારા રોકેટના લશ્કરી ઉપયોગથી વિલિયમ કોંગ્રેવને ૧૮૦૪માં આધુનિક આર્ટિલરી રોકેટના પુરોગામી કોંગ્રેવ રોકેટની શોધ કરવા પ્રેરણા મળી. ૧૯૪૭માં ભારતને બ્રિટિશ સામ્રાજ્યમાંથી સ્વતંત્રતા મળ્યા પછી, ભારતીય વૈજ્ઞાનિકો તથા રાજનેતાઓએ સંરક્ષણ કાર્યક્રમો, સંશોધન અને વિકાસ આ બંનેમાં રોકેટ ટેકનોલોજીની સંભાવનાને ઓળખી. ભારત જેવા વસ્તી વિષયક રીતે મોટા દેશને પોતાની સ્વતંત્ર અવકાશ ક્ષમતાઓની જરૂર પડશે તે ઓળખીને તેમજ રિમોટ સેન્સિંગ અને સંદેશાવ્યવહારના ક્ષેત્રોમાં ઉપગ્રહોની પ્રારંભિક સંભાવનાને ઓળખીને આ સ્વપ્નદ્રષ્ટાઓએ અવકાશ સંશોધન સંગઠનની સ્થાપના કરવાનું નક્કી કર્યું.

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)ની સ્થાપના ૧૯૬૯માં થઈ હતી, પરંતુ ભારતનો અવકાશ કાર્યક્રમ

૧૯૬૦ ના દાયકાની શરૂઆતમાં ભારતીય રાષ્ટ્રીય અવકાશ સંશોધન સમિતિ (INCOSPAR)ની રચના સાથે શરૂ થયેલો. તેના મુખ્ય સીમાચિહ્નોમાં ૧૯૭૫માં ભારતના પ્રથમ ઉપગ્રહ, આર્યભટ્ટનું પ્રક્ષેપણ, ૧૯૯૦ના દાયકામાં ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (PSLV) વિકસાવવાનો અને ૨૦૧૩માં માર્સ ઓર્બિટર મિશન (MOM) સાથે મંગળ પર સફળતાપૂર્વક અવકાશયાન મોકલવાનો સમાવેશ થાય છે. ISRO ૨૦૨૫ માટે આયોજન કરાયેલ પ્રથમ અવકાશયાત્રી વગરના મિશન સાથે સ્પેસફ્લાઈટ મિશન, ગગનયાન તરફ પણ કામ કરી રહ્યું છે.

આધુનિક અને સમકાલીન યુગના દિગ્ગજોમાં સત્યેન્દ્રનાથ બોઝ, શ્રીનિવાસ રામાનુજન, જગદીશચંદ્ર બોઝ, હરગોવિંદ ખુરાના વગેરેને યાદ કરવા પડે પરંતુ આજે તે પૈકીના અંતરીક્ષના Fantastic Four વૈજ્ઞાનિકો વિષે અહીં જાણીએ.



**ડૉ. વિક્રમ સારાભાઈ:** ભારતીય અવકાશ ટેક્નોલોજીના 'ભીષ્મ પિતામહ'

વિક્રમ સારાભાઈનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદમાં એક ગુજરાતી શ્વેતામ્બર શ્રીમાળી જૈન પરિવારમાં થયો હતો. તેમના પિતા અંબાલાલ સારાભાઈ ભારતીય સ્વતંત્રતા ચળવળ માટે પ્રતિબદ્ધ એક મોટા ઉદ્યોગપતિ હતા. ડૉ. વિક્રમ સારાભાઈ એક દ્રષ્ટા વૈજ્ઞાનિક, એક ભારતીય ભૌતિકશાસ્ત્રી ખગોળશાસ્ત્રી અને અવકાશ કાર્યક્રમના પ્રણેતા હતા જેમણે ભારતના અવકાશ કાર્યક્રમના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના કારણે તેમને ભારતીય અવકાશ કાર્યક્રમના 'ભીષ્મ પિતામહ'નું બિરુદ મળ્યું હતું. અમદાવાદમાં ભૌતિક સંશોધન પ્રયોગશાળા (PRL)ની સ્થાપનામાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અવકાશ ઉપરાંત, સારાભાઈએ ભારતના પરમાણુ કાર્યક્રમમાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

સારાભાઈએ ભારતના અવકાશ સંશોધન પ્રયાસોનું નેતૃત્વ કર્યું હતું. થુમ્બામાં પ્રથમ રોકેટ લોન્ચિંગ સ્ટેશનની સ્થાપના કરી અને ભારતના પ્રથમ રોકેટના લોન્ચિંગનું પરીક્ષણ કર્યું. તેમણે સ્પેસ એપ્લિકેશન સેન્ટર અને પ્રાયોગિક ઉપગ્રહ સંચાર અર્થ સ્ટેશનની પણ સ્થાપના કરી. આ ઉપરાંત ભારતના ન્યુક્લિયર પ્રોગ્રામમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. હોમી ભાભાના મૃત્યુ પછી સારાભાઈએ અણુ ઊર્જા આયોગના અધ્યક્ષ તરીકે સેવા આપી. ભારતની પરમાણુ ક્ષમતાઓના વિકાસને ચાલુ રાખ્યો. તેઓ રાષ્ટ્રીય વિકાસ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં માનતા હતા, ખાસ કરીને શિક્ષણ અને ઉપગ્રહ ટેકનોલોજી દ્વારા સંસાધન વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં.

ડૉ. સારાભાઈને ૧૯૬૬માં પદ્મ ભૂષણ અને ૧૯૭૨માં પદ્મ વિભૂષણ (મરણોત્તર) થી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ૧૨ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ તેમના ૧૦૦મા જન્મદિવસ પર, ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)એ વિક્રમ સારાભાઈના નામે એક પુરસ્કારની જાહેરાત કરી હતી. જેમાં અવકાશ વિજ્ઞાન, ટેક્નોલોજી અને સંશોધન ક્ષેત્રે યોગદાન આપનારા પત્રકારોને ડૉ. વિક્રમ સારાભાઈ પત્રકારત્વ પુરસ્કાર આપવામાં આવે છે.



**ડૉ. એ.પી.જે. કલામ:**

'મિસાઈલ મેન ઓફ ઈન્ડિયા' અને 'પીપલ્સ પ્રેસિડેન્ટ' એવા ભારતના લોક લાડીલા ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ (અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ) એક પ્રભાવશાળી ભારતીય વૈજ્ઞાનિક અને રાજકારણી. ભારતના અવકાશ અને મિસાઈલ કાર્યક્રમોમાં તેમની મુખ્ય ભૂમિકા માટે અને ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ તરીકે ખ્યાતનામ છે. તેમની સિદ્ધિઓ, શિક્ષણ પ્રત્યેનું સમર્પણ અને અટલ ભાવના માટેના પ્રેરણાસ્ત્રોત માનવામાં આવે છે. ૧૫ ઓક્ટોબર, ૧૯૩૧ના રોજ તમિલનાડુના રામેશ્વરમમાં જન્મેલા ડૉ. કલામ એક સામાન્ય પરિવારમાંથી આવ્યા હતાં.

મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં ભૌતિકશાસ્ત્ર અને એરોસ્પેસ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો. વિજ્ઞાનમાં કારકિર્દી, ઇસરો (ભારતીય અવકાશ સંશોધન સંગઠન ISRO) અને DRDO (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન)માં કામ કર્યું. તેમણે DRDO ખાતે ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ના ચીફ એક્ઝિક્યુટિવ તરીકે પણ સેવાઓ આપી હતી. દેશના સંરક્ષણ પ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે પણ તેઓ રહી ચૂક્યા છે. ભારતના પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (Satellite Launch Vehicle), SLV-3ના વિકાસમાં મુખ્ય કર્તા. ૧૯૯૮માં પોખરણ-II પરમાણુ પરીક્ષણોમાં પણ તેમણે મુખ્ય ભૂમિકા ભજવેલ.

ઈ.સ.૨૦૦૨થી ૨૦૦૭ સુધી ભારતના રાષ્ટ્રપતિ તરીકે સેવાઓ આપનાર. સરળ સ્વભાવ, યુવાનો અને શિક્ષણ પર ભાર મૂકતા ડૉ. કલામ 'લોકોના રાષ્ટ્રપતિ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતાં. 'વિંગ્સ ઓફ ફાયર' સહિત અનેક પુસ્તકો પણ તેમણે લખ્યા છે જે ઘણા લોકોને પ્રેરણા આપે છે.

તેઓને અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ જેમાં ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન, 'ભારત રત્ન' સહિત અનેક પુરસ્કારોનો સમાવેશ થાય છે. વિજ્ઞાન અને શિક્ષણમાં તેમના યોગદાન માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત. કલામ સાહેબનું જીવન જાહેર સેવા, શિક્ષણ અને વૈજ્ઞાનિક પ્રગતિ પ્રત્યેના સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. ૨૭ જુલાઈ, ૨૦૧૫ ના રોજ ઈઈખ શિલોંગ ખાતે વ્યાખ્યાન આપતી વખતે તેમનું અવસાન થયું હતું.

**ડૉ. હોમી ભાભા:**

ડૉ. હોમી જહાંગીર ભાભા, તેમને 'ભારતીય પરમાણુ કાર્યક્રમના પિતા' તરીકે ગણવામાં આવે છે. તેઓ એક પ્રખ્યાત ભારતીય ભૌતિકશાસ્ત્રી અને વહીવટકર્તા હતાં જેમણે ભારતની વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિ, ખાસ કરીને પરમાણુ ઊર્જાના ક્ષેત્રમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓનો જન્મ



૧૯૦૯માં થયો હતો.

ડૉ. ભાભાએ ૧૯૨૭માં ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. ઓનર્સની ડિગ્રી સાથે, તેમણે ૧૯૩૦માં કેમ્બ્રિજની કેવેન્ડિશ લેબોરેટરીઝમાં સંશોધન શરૂ કરી ૧૯૩૫માં ડોક્ટરેટની પદવી મેળવેલ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે ડૉ. ભાભા રજાઓ ગાળવા માટે ભારતમાં હતાં. યુરોપમાં અશાંતિ વચ્ચે તેમણે ત્યાં જ રહેવાનું નક્કી કર્યું અને ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગ્લોર (બેંગલુરુ)ના ડિરેક્ટર, ભૌતિકશાસ્ત્રી સર ચંદ્રશેખર વેંકટ રમનના (Sir C V Raman) કહેવાથી તેઓ ૧૯૪૦માં ભૌતિકશાસ્ત્રમાં વાચક તરીકે સંસ્થામાં જોડાયા. તેઓ એક દૂરંદ્રષ્ટા નેતા હતા તેમણે ૧૯૪૫માં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR) તથા ૧૯૫૪માં ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (BARC)ની સ્થાપના કરી હતી. જે ભારતમાં વૈજ્ઞાનિક સંશોધન માટે મહત્વપૂર્ણ સંસ્થાઓ બની છે. ડૉ. ભાભાએ પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગોના સમર્થનમાં ખૂબ કામ કર્યું અને ૧૯૫૫માં જીનીવામાં પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગો પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદનું નેતૃત્વ પણ કર્યું હતું.

તેમણે વડા પ્રધાન જવાહરલાલ નેહરૂ અને લાલ બહાદુર શાસ્ત્રીના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે સેવાઓ આપી ભારતની વૈજ્ઞાનિક અને તકનીકી નીતિઓનું માર્ગદર્શન કરેલ. ૧૯૩૦ના દાયકામાં ભાભાના કોસ્મિક કિરણોના વરસાદ અને ઈલેક્ટ્રોન-પોઝિટ્રોન સ્કેટરિંગ પરના સંશોધને પરમાણુ ભૌતિકશાસ્ત્રમાં તેમના પછીના કાર્યનો પાયો નાખ્યો. તેમના માનમાં BARC નામ આપવામાં આવ્યું છે, જે પરમાણુ સંશોધન માટે એક મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ૧૯૬૬માં ડૉ. ભાભાનું અવસાન થયું હતું.



**ડૉ. ટેસી થોમસઃ** ધ મિસાઈલ વુમન ઓફ ઈન્ડિયા

'ભારતની પ્રથમ મિસાઈલ વુમન' તરીકે ઓળખાતા ડૉ. ટેસી થોમસ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)માં એક અગ્રણી મહિલા વૈજ્ઞાનિક છે. ડૉ. ટેસીએ અગ્નિ-IV મિસાઈલ પ્રોજેક્ટનું નેતૃત્વ કરેલ.

ટેસી થોમસનો જન્મ એપ્રિલ ૧૯૬૩માં કેરળના અલાપ્પુઝાના થથમપલ્લીમાં થયો હતો. ગણિત અને વિજ્ઞાનના વિષયો પ્રત્યેના તેમના જુસ્સાને કારણે તેઓ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગતા હતાં. થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન પાસે ઉછરેલી થોમસને બાળપણથી જ રોકેટ અને મિસાઈલો પ્રત્યે આકર્ષણ હતું. ડૉ. ટેસી થોમસે માર્ગદર્શન, નિયંત્રણ, ઈનર્શિયલ નેવિગેશન, ટ્રેજેક્ટરી સિમ્યુલેશન અને મિશન ડિઝાઈન જેવા વિવિધ ક્ષેત્રોમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેઓ પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે AGNI-4 નામના એક મોટા પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહ્યા હતા, જેમાં ઘણી નવી ટેકનોલોજીઓ સાથેની અત્યાધુનિક સિસ્ટમનો સમાવેશ થાય છે. તેઓ લાંબા અંતરની AGNI-5 સિસ્ટમ અને સફળતાપૂર્વક ઉડાનનું પરીક્ષણ માટે થયેલા પ્રોજેક્ટના ડિરેક્ટર પણ હતાં.

આ તો માત્ર થોડા ઘણા ભારતીય વૈજ્ઞાનિકો અને ટેક્નોલોજિસ્ટ્સના ઉદાહરણો છે જેમણે વિશ્વ પર નોંધપાત્ર પ્રભાવ પાડ્યો છે. તેમનું સમર્પણ અને અગ્રણી કાર્ય, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રોમાં સંશોધકો અને નવી પેઢીઓને પ્રેરણા આપે છે. આ વૈજ્ઞાનિકોએ રાષ્ટ્રીય અને વૈશ્વિક બંને પ્રગતિને પ્રભાવિત કરીને, તેમના સંબંધિત ક્ષેત્રોમાં કાયમી અસરો ઉભી કરી છે. ફી

**અમે એસ્ટ્રોનોટ પૂલ પણ તૈયાર કરી રહ્યાં છીએ. આપણાં યુવા સાથીઓના સ્વપ્નોને ઉડાન આપવા આ એસ્ટ્રોનોટ પૂલમાં જોડાવા માટે હું આમંત્રિત કરું છું. આવનારા સમયમાં અંતરીક્ષ ક્ષેત્રે ભારતની યાત્રા નવી ઉંચાઈઓ સર કરશે.**

**- રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ઉદગારો**





**સતીશ ધવન :** ભારત સરકાર દ્વારા વિજ્ઞાન અને અવકાશ ક્ષેત્રે તેઓના નોંધપાત્ર યોગદાન બદલ ૧૯૭૧ માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ બેંગ્લુરૂના ભારતીય વિજ્ઞાન સંસ્થાન સાથે ૨૦ વર્ષ સંલગ્ન રહ્યા હતા. તેમનું પ્રમુખ યોગદાન ટર્બ્યુલેંસમાં ભારતીય શોધનો વિકાસ તથા સુપરસોનિક વિંડ ટનલના વિકાસમાં રહ્યું છે.

**ઉડિપી રામચંદ્ર રાવ :** ભારતના આ અંતરિક્ષ વૈજ્ઞાનિક ઉપગ્રહ કાર્યક્રમના જનક હતા. ભારતની ભારતીય સંચાર પ્રણાલીમાં તેઓનું મૌલિક યોગદાન રહ્યું છે. તેઓ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન ના પૂર્વ અધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓના નેતૃત્વમાં ૧૯૭૫માં ભારતનો પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ સફળતા પૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. ભારત સરકાર દ્વારા ૧૯૭૬ માં પદ્મભૂષણ અને ૨૦૧૭માં તેઓને પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા.







For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284

For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285

For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287

**The house of Chandan hereby solicit enquiries for:**

• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts


Premium Natural Ethnic

Mouth Fresheners, Digestives, Paan, Confectionaries, Superfood & Snacks.

*Reach us on* /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas

*Products are also Available at* /www.chandanmukhwas.com SMART SUPERSTORE HAIKO big basket SWIGGY instamart amazon.in

# ભારતના ભાગ્ય ઘડતરમાં નિમિત્ત બની આસ્થાની



# અમૃતવર્ષા કરતાં આ દેવસ્થાનો પણ દર્શનીય છે.



# ભારતના ભાગ્ય ઘડતરમાં નિમિત્ત બની આસ્થાની




# અમૃતવર્ષા કરતાં  આ દેવસ્થાનો પણ દર્શનીય છે.






































■ ડૉ. રાજુ એમ. ઠક્કર

# સનાતન ભારતીય સંસ્કૃતિના ભાગ્યને કંડારતા યશસ્વી શિલ્પકારો

ભારત હમેશા પોતાના માટે નહીં પરંતુ સમસ્ત વિશ્વનો વિચાર કરે છે. આજનું વિશ્વ જ્યારે યુદ્ધો-સલામતી, પર્યાવરણનું અસંતુલન અને આધ્યાત્મિક શૂન્યતાનો સામનો કરી રહ્યું છે ત્યારે સનાતન ભારતીય સંસ્કૃતિના વૈદિક મૂલ્યો, સહઅસ્તિત્વ, સહાનુભૂતિ અને સહયોગ માનવજાતિને માટે આશાનો પ્રકાશપૂંજ છે. સનાતન સંસ્કૃતિના આ ત્રણ સ્તંભો સત્ય, અહિંસા અને કરુણા જ વસુધૈવ કુંટુંબકમ્‌ની ભાવનાને ઉજાગર કરી માનવ માત્રને આવતી કાલનું ઉજ્જવળ ભવિષ્ય આપી શકે તેમ છે. એટલે જ તો આપણાં વેદ - ઉપનિષદ રામાયણ - મહાભારત - શ્રીમદ ભગવદ્ ગીતા જેવા ધર્મગ્રંથો તથા ઋષિ-મુનિઓ અને ધર્મગુરુઓને સનાતન ભારતીય સંસ્કૃતિના શિલ્પને કંડારતા યશસ્વી શિલ્પકારો કહ્યા છે. તેમાં જરા પણ અતિશયોક્તિ નથી.

**'હે પરમાત્મા અમને અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જા.'**


બૃહદારણ્યક ઉપનિષદની આ પ્રાર્થના આપણને એ અહેસાસ કરાવે છે કે, ભારત ભૂમિ એ માત્ર એક ભૂગોળ નથી પરંતુ પ્રભુ શ્રીરામના આદર્શોને સાચવી ભગવાન શ્રીકૃષ્ણના કરુણામય ઉપદેશ દ્વારા નિર્માણ થયેલ માનવજાતના કલ્યાણનો વૈશ્વિક રાજમાર્ગ છે.

આ ધરા પર એવા મહાન યોગી, સંત, રાજા અને સ્વાતંત્ર્ય સેનાનીઓ જન્મ્યા, જેઓએ પોતાનું સર્વસ્વ રાષ્ટ્ર, ધર્મ અને માનવજાત માટે અર્પણ કર્યું છે.

ભગવાન બુદ્ધે કરુણા, અહિંસા અને મધ્યમ માર્ગના સિદ્ધાંત દ્વારા સમાજને શાંતિનો માર્ગ બતાવ્યો છે. તેમણે જાતપાતના ભેદોને તોડીને સર્વ માટે સમાનતા અને દયા ભાવને જીવંત કર્યો છે.

ભગવાન મહાવીરે અહિંસા પરમો ધર્મના સિદ્ધાંતને જીવનમાં ઉતારવાનો ઉપદેશ આપ્યો. જેમાં અપરિગ્રહ, સત્ય અને ક્ષમા પર વિશેષ ભાર હતો.

**- આદિ જગદગુરુ શંકરાચાર્યજી -**



અદ્વૈતના મહામહોપાધ્યાય

**'ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः'**

(અદ્વૈત સિદ્ધાંત)

આદિ શંકરાચાર્યે માત્ર ૩૨ વર્ષની વયમાં સમગ્ર ભારતભ્રમણ કરી ચાર ધામ અને ચાર મઠોની સ્થાપના કરી. ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ ગીતા પર અવિસ્મરણીય ભાષ્યો આપ્યા. તેમણે અદ્વૈત વેદાંતને જીવંત બનાવી આત્મજ્ઞાનને સર્વોચ્ચ ધ્યેય તરીકે સ્થિર કર્યું. આવનારી પેઢીઓ માટે તેમણે શાસ્ત્ર અને સાધના વચ્ચે અખંડ સેતુનું નિર્માણ કર્યું.

**- સંત જ્ઞાનેશ્વર**




મહારાષ્ટ્રના સંત કવિ જ્ઞાનેશ્વરે ભગવદ ગીતાનું 'જ્ઞાનેશ્વરી' રૂપે અભૂતપૂર્વ કાવ્યાત્મક ભાષાંતર કરીને ભક્તિ અને જ્ઞાનનો સુંદર સમન્વય સાધ્યો છે.

**- સંત એકનાથ**



સંત એકનાથજી સમાજ સુધારક, કવિ અને ભક્ત હતા. તેમણે વેદાંત અને ભક્તિમાર્ગને સામાન્ય જન સુધી પહોંચાડ્યા.

**- સંત તુકારામ**



સંત તુકારામે અભંગ ગાથાઓ દ્વારા ભક્તિ, સત્ય અને સદાચારના સંદેશો આપ્યા. તેઓ વારી પરંપરાના પ્રેરક શક્તિ હતા.

**- સંત સમર્થ રામદાસ**



સમર્થ રામદાસે શારીરિક શક્તિ અને આધ્યાત્મિકતા વચ્ચેનું સંતુલન શીખવ્યું. તેઓ છત્રપતિ શિવાજી મહારાજના ગુરુ અને પ્રેરણાસ્રોત હતા.


Fastest Growing Dairy FMCG Brand in India
Goshala
Sign of prosperity
vastu
GHEE
Ab Har Ghar Vastupurn
शुद्धता जो दिल
से जुड़ जाए
Goshala
Sign of prosperity
BILONA GIR COW'S
GHEE
PURE & NATURAL
FARM FRESH
REAL AROMA
IMMUNITY BOOSTER
vastu
AGMARK
GHEE
vastu
GOLD
PREMIUM COW'S GHEE
RADHE DAIRY
FARM & FOODS LIMITED.
info@vastudairy.com
customer care no : 1800 120 3191
Available on:
amazon
Flipkart
vastughee.com
Jio Mart

**– છત્રપતિ શિવાજી મહારાજ**



સ્વતંત્રતા અને ન્યાયનું સ્વપ્ન.

શિવાજી મહારાજે સ્વરાજ્ય સ્થાપીને હિંદુ સંસ્કૃતિની રક્ષા કરી. તેમના શૌર્ય, નીતિ અને ન્યાયની વ્યૂહરચના આજે પણ અનેકને પ્રેરણા આપે છે.

**– મહારાણા પ્રતાપ**



મેવાડના ગૌરવ મહારાણા પ્રતાપે અકબર સામે સ્વાભિમાન અને સ્વતંત્રતાની લડત લડી. તેમનું જીવન પરાક્રમ અને અડગ સંકલ્પનું પ્રતિક છે.

**– રાણી લક્ષ્મીબાઈ (ઝાંસી રાણી)**



૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંઘર્ષની વીરાંગના જેમણે કહ્યું, હું મારી ઝાંસી નહીં આપું. શૌર્ય અને દેશભક્તિ એવમ્ નારી શક્તિનું પ્રતિક છે.

**– ગુરુ ગોવિંદસિંહજી**



દસમા શીખ ગુરુ, જેમણે ખાલસા પંથની સ્થાપના કરી. ધર્મ, ન્યાય અને શૂરવીરતાના અનન્ય પ્રેરણા સ્રોત બન્યાં.

**– રામકૃષ્ણ પરમહંસ**



રામકૃષ્ણ પરમહંસે સર્વધર્મ સમભાવનું જીવંત ઉદાહરણ આપ્યું. તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદે વિશ્વમાં ભારતના આધ્યાત્મિક તેજનું પ્રસારણ કર્યું છે.

**– યોગીરાજ અવધૂત સંતરામ મહારાજ**



યોગ, ભકિત અને જનસેવાના સંગમરૂપ અવધૂત સંતરામ મહારાજે સમાજના પછાત વર્ગોમાં ભક્તિનો દીવો પ્રગટાવ્યો. તેમની ઉપદેશશૈલીમાં સરળ ભાષા અને ઊંડો આધ્યાત્મિક સ્પર્શ હતો. તેમના આશ્રમો સેવા, અન્નદાન અને સાધનાના કેન્દ્ર બન્યા છે.



**– જલારામ બાપા**

પૂ. જલારામ બાપાના જીવનનું એકમાત્ર ધ્યેય અખંડ અન્નદાન અને જરૂરિયાતમંદોની સેવા હતું. અતિથિ દેવો ભવનું જીવંત પ્રતિક બની, તેમણે સનાતન ધર્મના મૂળ સિદ્ધાંતોને લોકજીવનમાં ઉતાર્યા.

**– આનંદમયી મા**



માતૃરૂપે વિખ્યાત આનંદમયી મા મૌન, સ્મિત અને અનુકંપાથી લાખો હૃદયોને સ્પર્શ્યા. તેમનો ઉપદેશ હતો કે જીવનનું સાચું ધ્યેય આત્મજ્ઞાન છે, અને આ માટે તેમણે ભક્તિને સરળ માર્ગ ગણાવ્યો.

**– ડૉ. કેશવ રાવ બલિરામ હેડગેવાર**



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક, ડૉ. હેડગેવારજીએ ૧૯૨૫માં એક એવી સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રભક્ત સંસ્થા ઉભી કરી જેના માધ્યમથી પેઢીઓ સુધી દેશભક્તિ, સંસ્કાર અને સંગઠનશક્તિનો સંદેશ જગતમાં વહેતો રહેશે. તેમનું જીવન સંગઠન, શિસ્ત અને સ્વયંસેવાના મૂલ્યોનું જીવંત ઉદાહરણ હતું.

**– માધવસદાશિવ ગોલવલકર (ગુરુજી)**



ડૉ. હેગડેવારજીના અનુગામી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક, ગુરુજી ગોલવલકરે સંગઠનને વિસ્તરણ આપ્યું અને સનાતન મૂલ્યો પર આધારિત રાષ્ટ્રનિર્માણના વિચારોને મજબૂત કર્યા. તેમના પ્રવચનોમાં રાષ્ટ્રને માતૃરૂપે પૂજવાની ભાવના અને સાંસ્કૃતિક એકતાનો સંદેશ પ્રબળ હતો.

**– મહા મહોપાધ્યાય કે.કા. શાસ્ત્રીજી**



ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકાર, ઈતિહાસકાર અને સંસ્કૃતિ સંશોધક કે.કા. શાસ્ત્રીએ ગુજરાતી સાહિત્ય, ઈતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન આપ્યું. લેખન અને સંશોધન દ્વારા ગુજરાતની અસ્મિતા અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરનાર આ બહુશ્રુત વિભૂતિ વર્યને વંદન.



**– સ્વામી નૃત્ય ગોપાલદાસજી મહારાજ**

અયોધ્યાના અગ્રણી સંત, જેમણે શ્રીરામ જન્મભૂમિ આંદોલનમાં આધ્યાત્મિક નેતૃત્વ કરી સનાતન સંસ્કૃતિનો નવો અધ્યાય આલેખ્યો છે.

**– શ્રી અશોક સિંઘલજી**



વિશ્વ હિંદુ પરિષદના કાર્યકારી અધ્યક્ષ તરીકે શ્રી અશોક સિંઘલજીએ શ્રીરામ જન્મભૂમિ આંદોલન, ગૌરક્ષા અભિયાન તેમજ હિંદુ સંસ્કૃતિના રક્ષણ માટે સમગ્ર ભારત અને વિશ્વમાં અભિયાન ચલાવ્યું હતું. તેમની વાણીએ અનેક લોકોને સનાતન મૂલ્યો માટે કાર્યરત થવા પ્રેરિત કર્યા છે.

**– સ્વામી ચિન્મયાનંદજી – ચિન્મય મિશન**



સ્વામી ચિન્મયાનંદજીએ ભગવદ ગીતાના તાત્વિક જ્ઞાનને આધુનિક માનસને અનુરૂપ શૈલીમાં રજૂ કર્યું. વિશ્વભરમાં ચિન્મય મિશનની સ્થાપના કરી, શાસ્ત્ર સંસ્કૃતિ અને આધુનિક શિક્ષણનું અનોખું સંકલન કર્યું.

**– સ્વામી દયાનંદ સરસ્વતી**



તર્કપૂર્ણ વેદાંતના વિશારદ સ્વામી દયાનંદ સરસ્વતીએ જિજ્ઞાસુઓને શ્રવણ, મનન અને નિદિધ્યાસનના માર્ગે આગળ ધપાવ્યા. તેમણે વેદાંતને માત્ર વિદ્વત્તા સુધી સીમિત રાખ્યા વિના સૌને જીવનમાં ઉતારવા પ્રેરણા આપી.

**– સ્વામી તિમિર બરન**

ભક્તિ, જ્ઞાન અને સુમેળના પ્રણેતા સ્વામી



તિમિર બરન સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ સાથે સામાજિક સંવાદના યોગદાન માટે જાણીતા રહ્યા હતા.

**– સ્વામી રામદુલારે બાપુ – માધવપુર**



માધવપુરની પવિત્ર ધરતી પરથી ગોપી-ગોવિંદ ભક્તિનું અમૃત વહાવનાર સ્વામી રામદુલારે બાપુએ ગ્રામ્ય સમાજમાં ભક્તિની સુગંધ પ્રસારી છે.

**– શ્રી રંગ અવધૂત મહારાજ – નારેશ્વર**



દત્ત તત્વના પરમ ઉપાસક, શ્રી રંગ અવધૂત મહારાજે નારેશ્વરને ભક્તિ અને તપસ્યાનું કેન્દ્ર બનાવી દીધું. તેમના ઉપદેશોમાં શાસ્ત્રોક્ત તત્વજ્ઞાન સાથે ગ્રામ્ય જીવનની સહજતા જોડાયેલી હતી.

**– પૂજ્ય મોટા**



પૂજ્ય મોટાના જીવનમાં સાધના અને સેવા સાથે સંસ્કારયુક્ત સમાજની સ્થાપનાનો ઊંડો સંકલ્પ ઝીલાતો હતો.

**– સ્વામી મુક્તાનંદ બાબા – ગણેશપુરી**



કુંડલિની જાગૃતિ અને ગુરુભક્તિના પ્રણેતા સ્વામી મુક્તાનંદ બાબાના આશીર્વાદથી ગણેશપુરી આજે આધ્યાત્મિક જગતના યાત્રાળુઓનું તીર્થ બન્યું છે.

**– સ્વામી રંગનાથાનંદ મહારાજ – રામકૃષ્ણ મિશન**



તેઓ આધુનિક શિક્ષણ અને આધ્યાત્મિક મૂલ્યોના સંગમના મહાન પ્રવક્તા હતા. તેમના વ્યાખ્યાનોમાં જીવનનું વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનું અનોખું સંયોજન અનુભવાય છે.

**– જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ મહારાજ – દ્વારકા**



દ્વારકા પીઠના આ શંકરાચાર્યએ ઋષિ પરંપરાની શુદ્ધતા અને અદ્વૈત સિદ્ધાંતના પ્રર્વતન માટેનું અદ્ભૂત યોગદાન આપી સનાતન સાંસ્કૃતિ વારસાને સમૃદ્ધ બનાવ્યો છે.

**– આચાર્ય મહામંડલેશ્વર સ્વામી મહેશાનંદ ગીરી મહારાજ–માઉન્ટ આબુ**



સંન્યાસ પરંપરા, યોગ અને વૈદિક સંસ્કૃતિના જીવંત પ્રવક્તા તરીકે તેમણે વિશ્વમાં ખ્યાતિ પ્રાપ્ત કરી છે.



**– પરિવ્રાજક પરમહંસ સ્વામી ઈશ્વરાનંદ મહારાજ**

ભારતભરમાં પ્રવાસ કરીને ભક્તિ અને ધર્મજાગૃતિના દીપક પ્રગટાવ્યા.

**– માતા અમૃતાનંદમઈ (અમ્મા)**



હગિંગ સેંટ તરીકે જાણીતા અમ્મા માતૃસ્નેહ અને કરુણાથી કરોડો લોકોના હૃદયમાં સ્થાન મેળવી પ્રેમ, સેવા અને આધ્યાત્મિક ઉન્નતિનું પ્રતિક બન્યાં.

**– આદરણીયા નિવેદિતા દીદી**



કન્યાકુમારી મેમોરિયલની ઉપાધ્યક્ષ તરીકે યુવતીઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરક કાર્યો થકી મહિલાઓના ઉત્થાન અને ઉત્કર્ષને અર્થે તેઓ સમર્પિત છે.

**– સ્વામી સોમગિરીજી મહારાજ**



ગીતાપ્રેમી સંત, જેઓ શાસ્ત્રીય જ્ઞાન અને ભક્તિમાર્ગને લોકમાનસ સુધી લઈ ગયા.

**– દિગમ્બર મુનિ તરુણસાગર મહારાજ**



'કડવે પ્રવચન' દ્વારા ત્યાગ, સત્ય અને અહિંસાના અસરકારક ઉપદેશ વડે અનેકોના હૃદય પરિવર્તન કર્યા છે.

**– સ્વામી અવધેશાનંદ ગીરીજી મહારાજ**



પરમહંસ આશ્રમ, હરિદ્વારના અધ્યક્ષ તરીકે રાષ્ટ્રીય આધ્યાત્મિક પરિષદનું નેતૃત્વ અને સનાતન સંસ્કૃતિની સેવામાં અગ્રેસર.

**– કથાકાર પૂજ્ય ડોંગરેજી મહારાજ**



પૂજ્ય ડોંગરેજી મહારાજની વાણીમાં ભાવ, ભક્તિ અને તત્વજ્ઞાનનો અનોખો સંગમ જોવા મળે છે. તેઓએ ભગવદ ગીતા, ભાગવત, રામાયણ અને ઉપનિષદ જેવા શાસ્ત્રોના ઊંડા અર્થને સરળ ભાષામાં રજૂ કરીને લાખો શ્રોતાઓના હૃદયમાં સનાતન ધર્મ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવી છે. તેમના પ્રવચનોમાં વેદાંતનું જ્ઞાન, ભક્તિમાર્ગની મીઠાશ અને વ્યવહારિક જીવન માટે માર્ગદર્શન ત્રણેયનો સુંદર સમન્વય જોવા મળે છે.

**– શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી**



શાસ્ત્રવિદ્વાન અને વક્તા તરીકે શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીનું યોગદાન અદ્વિતીય છે. તેઓએ શાસ્ત્રોક્ત જ્ઞાનને માત્ર પંડિતો સુધી સીમિત ન રાખી, સામાન્ય જન સમુદાયમાં પ્રસરાવ્યું. સંસ્કૃતના ઊંડા અભ્યાસ સાથે તેઓએ વેદ, ઉપનિષદ, સ્મૃતિ અને પુરાણોમાં રહેલા જીવનમૂલ્યોને વર્તમાન પરિસ્થિતિમાં કેવી રીતે સુસંગત કરી શકાય તેની વિસ્તૃત મીમાંસા કરી. તેઓના પ્રવચનોમાં સંસ્કૃતિની ગૌરવગાથા અને વ્યક્તિત્વ નિર્માણનો સંદેશ મુખ્યત્વે જોવા મળે છે.

**– શ્રી ઈન્દિરા બેટીજી**



શ્રી ઈન્દિરા બેટીજી સનાતન સંસ્કૃતિના પ્રચાર –પ્રસાર માટે સતત કાર્યરત પ્રેરણાનો સ્રોત બન્યા. મહિલાઓમાં સંસ્કાર, નૈતિકતા તેમજ આધ્યાત્મિક જાગૃતિ માટે અનેક પ્રવૃત્તિઓ દ્વારા ભક્તિભાવ, સેવા અને શિક્ષણ આ ત્રણે ક્ષેત્રમાં તેમનું યોગદાન નોંધપાત્ર છે. પરંપરા અને આધુનિકતા વચ્ચેનું સંતુલન જાળવી યુવા પેઢીને સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને પ્રતિબદ્ધતા વિકસાવવામાં તેઓ ખૂબ સક્રિય રહ્યાં છે.

**– સ્વામી તદ્રુપાનંદ મહારાજ**



યુવાનોમાં આધ્યાત્મિક જાગૃતિ, ચરિત્રનિર્માણ અને રાષ્ટ્રપ્રેમ જગાડવાનો અવિરત યજ્ઞ ચલાવ્યો છે. તેમના પ્રવચનોમાં વેદાંતનું ઊંડું જ્ઞાન અને વ્યવહારુ જીવન માટેની સ્પષ્ટ દિશા હોય છે. સ્વામીજીનો સંદેશ છે કે આધ્યાત્મિકતા માત્ર મઠમાં નહિ, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશી જવી જોઈએ.

**– પૂ. નારાયણ બાપુ – તાજપુરા**



એક વિરક્ત, બ્રહ્મનિષ્ઠ સંત, જેમનું જીવન ત્યાગ, કરુણા અને નિર્વિકાર પ્રેમનું પ્રતિક છે. ખ્યાતિ, પદવી કે પ્રસિદ્ધિથી અલિપ્ત, પરંતુ મૌન સાધના અને સેવામાર્ગથી અનંત માનવ જીવને સ્પર્શ્યા છે. તેમની પ્રેરણાથી વિરાટ નારાયણ વન, પ્રાકૃતિક કૃષિ પ્રવૃત્તિઓ અને ગૌસેવા અભિયાન ચાલે છે.



**– પૂજ્ય મોરારી બાપુ**

રામકથાના વૈશ્વિક દૂત તરીકે રામાયણના મૂલ્યોને વિશ્વભરમાં પ્રસરાવ્યા.



**– સ્વામી ચિદાનંદ મહારાજ – ઋષિકેશ**

ગંગા, ગાય અને ગીતા માટે અવિરત સેવાયજ્ઞ ચલાવનાર પરમ સેવક.



**– પૂજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)**

જ્ઞાન, ભક્તિ અને કલાની ત્રિવેણી રૂપે વિશ્વમાં પ્રસિદ્ધ.



**– શ્રી શ્રી રવિશંકર**

આર્ટ ઑફ લિવિંગ દ્વારા યોગ, ધ્યાન અને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે કાર્યરત.

**– સદગુરુ જગ્ગી વાસુદેવ**



ઈનર એન્જિનિયરિંગ દ્વારા આત્મવિકાસ અને પર્યાવરણ સંરક્ષણ માટે વૈશ્વિક આંદોલન ચલાવનાર.



**– પ.પૂ.પ્રમુખ સ્વામીજી મહારાજ – BAPS**

સેવા, મંદિર નિર્માણ અને નૈતિક શિક્ષણના અગ્રણી પ્રણેતા.

**– પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી – હરિધામ સોખડા**




યુવાનોમાં ચરિત્રનિર્માણ અને નૈતિકતા માટે અંતિમ શ્વાસ સુધી કાર્યરત રહી સમાજમાં રાષ્ટ્રભક્તિ- ગુરુભક્તિ અને પ્રભુભક્તિનો સમન્વય પ્રગટાવ્યો.



**– બાબા રામદેવ**

યોગ અને આયુર્વેદના પ્રચારક, જેમણે લાખો લોકોને આરોગ્યમાર્ગે દોર્યા.

**– શ્રીલ પ્રભુપાદ – ઈસ્કોન**



કૃષ્ણભક્તિ અને ભગવદ્ ગીતાના સંદેશને વૈશ્વિક સ્તરે પહોંચાડી કૃષ્ણ ચેતના જગાવી.

**– ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમાર મહોદયશ્રી**



પુષ્ટિમાર્ગના જીવંત પરિચાયક અને સંસ્કૃતિ રક્ષક એવમ્ યુવાનોના સાચા પથદર્શક છે.

**– ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી**



વૈષ્ણવ સમાજના પથદર્શક ઉપરાંત યુવાનોના ફ્રેન્ડ-ફિલોસોફર અને ગાઈડ.

**– પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી (હરિધામ સોખડા)**



દેશ-વિદેશના અનેક યુવાનોના જીવનમાં સદ્‌ગુણોની વસંત લાવનાર સંત તથા મોટિવેશનલ સ્પીકર.

**– પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી**



સનાતન સંસ્કૃતિના વિચારોને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડતાં વિખ્યાત મોટિવેશનલ સ્પીકર.

**– ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી (બાગેશ્વર ધામ)**



જેમને બાગેશ્વર ધામ સરકાર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ હનુમાનજીના ઉપાસક તથા શાસ્ત્રી રામભદ્રાચાર્યના શિષ્ય છે.

**– રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**



ગુરુદેવ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબનો જન્મ ૨૬ સપ્ટેમ્બર ૧૯૭૧ના નાગપુરમાં રત્નકુક્ષિણી માતા શ્રી પુષ્પાબેન કનૈયાલાલ ભાયાણીની કુખે થયો હતો. નાનપણથી દૈવી શક્તિને અનુભવનારા અને અનુસરનારા આ મહાવીરને ૧૮ વર્ષની વયે સંકેત પ્રાપ્ત થયો, 'તારું આયુષ્ય અલ્પ છે. જે કરવું હોય તે કરી લે.

પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજે અર્હમ યુવા સેવા ગ્રૂપની પ્રેરણા કરી છે. એમાં દેશ-પરદેશમાં ૫૫થી વધુ શાખાઓમાં હજારો જૈન-અજૈન યંગસ્ટર્સ જોડાયા છે. માનવતા અને જીવદયાના ઉત્તમ સત્કાર્યો સાથે વિશ્વ શાંતિ અને વિશ્વ મૈત્રીની ભાવના વડે તેઓ રાષ્ટ્રસંતના ગૌરવવંતા પદના અધિકારી બન્યાં છે.

**– આચાર્ય રત્નસુંદર સૂરિજી મહારાજ**



જેઓને ભારત સરકારે પદ્મવિભૂષણથી સન્માનિત કરેલ છે. તેમના ૫૦૦માં પુસ્તકનું વિમોચન કરવાનું આમંત્રણ શ્રી મોદીજીએ સ્વીકાર્યું છે. આ એક અનોખો રેકોર્ડ છે. ભુવન ભાનુ સૂરિસ્શ્વરજી મહાવીરના તેઓ શિષ્ય છે. હાલમાં જૈન યંગ એલર્ટ ગ્રૂપના તેઓ રાહબર છે.

**– ગચ્છાધિપતિ આચાર્ય ધર્મધુરંધરસૂરિ મહારાજ**



૨૦૨૨માં આઝાદીના ૭૫ વર્ષ પછી કોઈ હિન્દુ સંત અથવા જૈન સંતો પાકિસ્તાનમાં આવેલ ગુજરાનવાલામાં આત્માનંદજી મહારાજ (વિજયાનંદ સૂરિ)ની જે સમાધિ છે ત્યાં પગપાળા સંઘ લઈને ગયા હોય તેવી આ પ્રથમ ઘટના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશના વિભાજન વખતે વડોદરાના પનોતા પુત્ર આચાર્ય વિજય વલ્લભ સૂરિશ્વરજી મહારાજ (જેઓના નામથી ભારતભરમાં અનેક સ્થળે સ્કૂલો હોસ્પિટલો કાર્યરત છે.) ત્યારે ગુજરાનવાલામાં ચાતુર્માસ બિરાજમાન હતા. દેશના ગૃહપ્રધાન સરદાર પટેલ તેઓને ભારત આવવા વિનંતી કરેલ ત્યારે વલ્લભ સુરિ મહારાજે કહેલું કે, 'હું એકલો નહીં આવું' તમારે લાવવા હોય તો મારી સાથેના જૈનો અને હિન્દુ પરિવારોને પણ હિન્દુસ્તાન લાવવાની વ્યવસ્થા કરો તો હું આવીશ અને સરદાર પટેલે તે વ્યવસ્થા કરી હતી. ગુરુદેવે સમગ્ર ભારતમાં અનેક દેરાસરો તથા ઉપાશ્રયોની ધર્મ આરાધના માટે સ્થાપના કરેલ છે. હરિયાણામાં અંબાલા ખાતે હાલમાં તેઓ ભારતનું મોટામાં મોટું ગુરુમંદિર તથા જિનાલયનું નિર્માણ કરી રહ્યા છે. જેમાં ૧૦૮ શાસન પ્રભાવક આચાર્ય ભગવંતોની પ્રતિમા પ્રતિષ્ઠા આવતા વર્ષે થનાર છે. પાલિતાણા જૂની તળેટીની પ્રતિષ્ઠા કરનાર જિનશાસનમાં આગમ સંશોધક તરીકે જૈન આચાર્યોમાં જેમની ગણના થાય છે.

**– ગચ્છાધિપતિ આચાર્ય નિત્યાનંદ સૂરિ મહારાજ**



હાલમાં જ ભારત સરકારે પદ્મશ્રીનો ખિતાબ આપી તેમનું સન્માન કર્યું છે. ભારતભરમાં ભ્રમણ કરી જૈન સિદ્ધાંતોનું તેઓ પ્રવર્તન કરી રહ્યાં છે. ભગવાન મહાવીરના જન્મ સ્થળ (લચ્છવાડાં)માં મોટી હોસ્પિટલનું નિર્માણ કરેલ છે તેમજ સ્કૂલો તથા રમતગમત સંકુલોનું નિર્માણ કરેલ છે.

**– પૂ. ધીરજમુનિ મહારાજ સાહેબ**



રાજકોટ મુંબઈ અને કોલકતા તેમના સેવા કાર્યોની કર્મભૂમિ રહી છે. જીવદયા માટે અનેક પાંજરાપોળોનું નિર્માણ તેમજ જિન શાસનના પુસ્તકોનું પ્રકાશન તેમની સેવાનો એક ભાગ છે. તદઉપરાંત સ્થાનકવાસી જૈન ઉપાશ્રયોના નિર્માણ અને જિર્ણોદ્ધારમાં તેમનું અદભૂત યોગદાન રહ્યું છે.

**– શ્રી વિજય યોગતિલકસૂરિજી મ.સા.**



આચાર્યશ્રી વિજય યોગતિલક સૂરિજી મહારાજાની ખ્યાતિ દીક્ષાના મહાનાયક તરીકે રહી છે. તેમના ઉપદેશથી પ્રભાવિત થઇને ૩૫થી વધુ સ્ત્રી પુરુષોએ અમદાવાદ ખાતે ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ છે. આચાર્ય વિજયયોગતિલક સૂરિજી મહારાજ મુંબઈની એચ.આર. કોલેજમાં ભણીને ૨૧ વર્ષની ઉંમરે સી.એ. થયા હતા અને તેમણે પ્રેક્ટિસ છોડીને ઈ.સ.૧૯૮૮માં દીક્ષા લીધી. તેમના પ્રવચનો સાંભળીને ૧૨૫ જેટલા ભાઈઓ અને ૨૩૩ બહેનો અત્યાર સુધી દીક્ષા લઈ ચૂક્યા છે.

**– આચાર્યશ્રી ભગવંત શ્રીમદ્ વિજય તીર્થભદ્ર સૂરિશ્વરજી મ. સા.**



આચાર્યશ્રી ભગવંત શ્રીમદ્ વિજય તીર્થભદ્ર સૂરિશ્વરજી મહારાજ સાહેબ દ્વારા સંપાદિત વિવિધ રાગમાલાઓનો સંચય એટલે ૫૦૦ વર્ષ પૂર્વે વિદ્વાન જૈન સાધુઓ દ્વારા લખાયલો અને સચવાયેલો ગહન ગ્રંથ 'રાગોપનિષદ્'નું સર્જન. જે સંગીતની દુનિયાનો એન્સાઈક્લોપીડિયા છે એવમ્ ભારતની સમૃદ્ધ શાસ્ત્રીય સંગીતની દુનિયાનું પુનરુત્થાન છે. જે ભાવિ પેઢીઓને આપણાં સમૃદ્ધ સંગીત વારસાનું સન્માન કરવાની પ્રેરણાં આપતું રહેશે.

આ દુર્લભ ગ્રંથ આધ્યાત્મિકતા અને શાસ્ત્રીય સંગીત વચ્ચેનો સુભગ સમન્વય છે. વિજય તીર્થભદ્ર સૂરિશ્વરજી મહારાજે ફરમાવ્યું હતુ કે, પરમાત્મા મહાવીર સ્વામી પ્રભુ જ્યારે સમવસરણમાં બિરાજમાન થઈને માલકૌંસ રાગમાં દેસના આપતા હતા ત્યારે ત્યાં ઉપસ્થિત માનવોના પાષાણ જેવા હૃદય પણ પીગળી જતા અને તેમની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગતી હતી આ તાકાત છે 'રાગ'ની અને 'સંગીત'ની.


**– શ્રીમદ્ વિજયરાજયશસૂરિશ્વર મહારાજ**



આ એક એવા ગચ્છાધિપતિ હતા જેમનું જીવન જિનશાસનને સમર્પિત હતું. તેમણે ઘણા-બધા પ્રાચીન જૈન તીર્થોનો જિર્ણોદ્ધાર તથા જિનાલયોનું નિર્માણ પણ કરાવ્યું હતું. તેમના પ્રવચનોથી હજારો લોકોના જીવન બદલાયા છે. પ્રભુ મહાવીરની આજ્ઞા જેમની રગ-રગમાં દોડતી હતી તેવા આ મહાવીરનું જીવન સંયમ અને વાત્સલ્યના મહાસાગર સમાન હતું.

તેમણે જે જિનાલયોનું નિર્માણ કરાવેલું જેમાં ભરૂચનું સમડી વિહાર વિશ્વનું અજોડ ભકતામર મંદિર છે. તેમના પરમ ભકત પી.સી. સરકાર પરિવારે તેમની પ્રેરણાથી પ્રેરાઈને ૧૦૮ જેટલા ઉપાશ્રય વિહારધામનું નિમાર્ણ કરાવ્યું છે.

**– પ.પૂ.પંન્યાસ પ્રવર ચન્દ્રશેખર વિજયજી મ.સા.**



અનહદ જીવદયા અને શિક્ષણની સાથે સંસ્કારને મહત્વ આપી ગુજરાતમાં ૧૦ તપોવન વિદ્યાલયોની સ્થાપના એવમ્ સફળ સંચાલન દ્વારા તેમણે હજારો બાળકોને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરી સમાજની બહુ મોટી સેવા કરી છે. તેઓ કોઈ પશુને પણ જુએ અને એ જીવને જો જરાપણ તકલીફ થતી દેખાય તો તરત જ તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગતા કે આ જીવનું શું થશે ? એની સંભાળ કોણ રાખશે? આવી અજોડ જીવદયા તેમના હૃદયમાં હતી.

**– પૂ. ગુરુદેવશ્રી રાકેશજી મહારાજ : શ્રીમદ્ રાજચંદ્રમિશન, ધરમપુર**




શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભકત અને આત્મજ્ઞાની સંત 'પૂજય ગુરુદેવશ્રી રાકેશજી' દ્વારા સંસ્થાપિત આ મિશન 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના યુગકાર્યને ખૂબ સારી રીતે આગળ ધપાવી રહ્યું છે. બુદ્ધિ અને હૃદયનો સુમેળ સાધી આનંદપૂર્વક અંતર્યાત્રા સાધવાની પ્રેરણા આપનાર પૂ. ગુરુદેવશ્રી એકવીસમી સદીની એવી પ્રબુદ્ધ ચેતના છે જે સ્વયં સ્થિર રહીને વૈશ્વિક સ્તરે લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવે છે.

ભારતનો સંદેશ સ્પષ્ટ છે કે ધર્મ, જાતિ, ભાષા કે પ્રદેશના ભેદ વગર, દરેક જીવનું સન્માન કરો. ઋષિ-મુનિઓએ શીખવ્યું છે કે, પૃથ્વીમાતા, ગૌમાતા અને વૃક્ષો આપણા જીવનના અંગ છે. આવનારી સદીમાં ભારત વિશ્વને બતાવી શકે કે કેવી રીતે પ્રકૃતિને નુકસાન પહોંચાડ્યા વિના પણ વિકાસ શક્ય છે. પ્રાકૃતિક કૃષિ, નવતર ઊર્જા અને પર્યાવરણમિત્ર જીવનશૈલી દ્વારા.

સ્વામી વિવેકાનંદનું સૂત્ર 'ઉઠો, જાગો, લક્ષ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી થંભશો નહીં' એ આવનારી સદીના યુવાનો માટે દીપસ્તંભ છે. ભારતનો યુવાન વૈશ્વિક ટેક્નોલોજી સાથે જોડાઈને પણ પોતાની સંસ્કૃતિના મૂલ્યોને જીવનમાં જીવંત રાખે, એ જ ભવિષ્યની ચાવી છે.

અણુશસ્ત્રો અને હિંસા નહીં, પરંતુ નૈતિકતા અને સંવાદથી વિશ્વનું નેતૃત્વ કરવું એ ભારતની સંસ્કૃતિ છે. ભગવદ ગીતા શીખવે છે, સમગ્ર વિશ્વનું કલ્યાણ. ફી



PRIDE HOTELS & RESORTS



PRIDE PLAZA AEROCITY NEW DELHI



PRIDE PREMIER BENGALURU



PRIDE PREMIER NAGPUR



PRIDE PLAZA KOLKATA



PRIDE ELITE BECHARAJI



PRIDE ELITE DAMAN



PRIDE RESORT RAJKOT

# Weddings with PRIDE

Versatile Venues

60+* Hotels

79+* Venues

20-2000 capacity



*Operating & Upcoming

PRIDE PLAZA

Delhi I Ahmedabad I Kolkata I Jaipur
*Jim Corbett I *Bagodara

PRIDE PREMIER

Bengaluru I Chennai I Pune I Indore
Nagpur I Bhopal I Udaipur I Goa I Puri
Ambaji I Rajkot I Mussoorie
Dehradun I Jodhpur
*Amritsar I *Kanpur I *Greater Noida
*Poloforest I *Haldwani

*Opening Soon

1800 209 1400

# Events & Conferences

**From dynamic conferences to grand celebrations, our versatile venues and impeccable service ensure a seamless experience for every occasion.**

SCAN CODE FOR EXCLUSIVE OFFERS

**Prime Locations**

**Menu from award winning restaurants**

**3.25lakh sqft* Banquet spaces**

**Themed buffet breaks**



*Operating & Upcoming




PRIDE PLAZA AHEMDABAD



PRIDE HOTEL UDAIPUR




PRIDE RESORT AMBAJI



PRIDE HOTEL BHOPAL



PRIDE AMBER VILAS RESORT JAIPUR

PRIDE ELITE

Haridwar I Becharaji I Phaltan I Dwarka
Rishikesh I Daman I Rudraprayag
*Aurangabad I *Gandhinagar I *Raipur
*Veraval - Somnath I *Halol
*Nainital I *Alwar

Biznotel BY PRIDE

Vadodara : Alkapuri, Manjusar
Haldwani I Sasan Gir I Deoghar
Bharuch I Motera I Digha I Surat
*Himatnagar

*Opening Soon



PRIDE PREMIER JODHPUR



PRIDE PREMIER DEHRADUN

centralreservations@pridehotel.com   pridehotel.com



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ



# આવતી કાલનો ધર્મ નવી દૃષ્ટિ, નવી ખોજ !

આવતીકાલની ધર્મભાવના કેવી હશે? એનો વિચાર કરીએ ત્યારે યાદ આવે કે એક સમયે આ ધરતી પર રામ આવ્યા, બુદ્ધ, મહાવીર અને ક્રાઈસ્ટ આવ્યા અને એ સહુએ પોતાના ઉપદેશમાં માનવતાને ગૂંથી લીધી. ઉચ્ચ ભાવનાઓ અને ઉદાર ગુણોનો મહિમા કર્યો, પરંતુ આજે ધર્મ એ સત્તાપ્રાપ્તિની સીડી બની ગયો છે. પરિણામે સત્તાની સાઠમારીમાં ઝનૂની ધર્મભાવનાઓનું કુરુક્ષેત્ર ચાલ્યા કરે છે !

ધર્મ વિશે આપણે ત્યાં ઘણીઘણી વાતો, ચર્ચાઓ, વિવાદો અને આંદોલનો થાય છે, જ્યારે બીજી બાજુ વિશ્વધર્મ વિષેની પ્રવર્તમાન વિચારણાથી આપણે ઘણા દૂર ચાલ્યા ગયા છીએ. 'ધર્મો વચ્ચે શાંતિ અને ભાઈચારો નહીં હોય તો રાષ્ટ્રો વચ્ચે કદી શાંતિ શક્ય નથી. ધર્મ-ધર્મ વચ્ચે જો સંવાદિતતા હોય તો જ ધર્મ વચ્ચે શાંતિ પ્રવર્તે.'

ધર્મમાં પરંપરા ક્યારેક નદીના વહેતા પ્રવાહને બદલે બંધિયાર સરોવર જેવી બની જાય છે. આ પરંપરા સામે અનેક પડકારો હોય છે. એવું પણ બને છે કે ધર્મના મૂળ સિદ્ધાંતો અને વર્તમાન સમયે એને અનુલક્ષીને કરવામાં આવતાં ક્રિયાકાંડો કે વિચારધારાઓ સાવ ભિન્ન રૂપે પ્રવર્તતાં હોય છે. વિજ્ઞાનની શોધો અને પ્રગતિએ પણ ધાર્મિક પરંપરા પાસે પરિવર્તન માગ્યું છે. જગતનો ઈતિહાસ જોઈશું તો ખ્યાલ આવશે કે જે સંસ્કૃતિ પરિસ્થિતિ સાથે પરિવર્તન પામતી રહી તે જ આ જગતમાં ટકી શકી છે. એનો તાદશ અનુભવ કોરોનાકાળમાં થયો. આપણે આપણી કેટલી બધી માન્યતાઓ, પરંપરાઓ, ધર્મવિધિઓ અને ધર્મ આચરણોમાં ફેરફાર કરવો પડ્યો હતો. એટલે કે પરિવર્તન એ આવશ્યક બને છે. પરંપરા પ્રત્યે વિવેક દૃષ્ટિ રાખીને તથા હેય ઉપાદેયનો ઉચિત-અનુચિત વિચાર કરીને ધર્મભાવનાએ આગળ વધવું જોઈએ.

૧૯મી સદીમાં સ્વામી વિવેકાનંદ વર્લ્ડ પાર્લામેન્ટ ઑફ રિલિજિયન્સમાં ગયા. ૧૮૯૩ની ૧૧મી સપ્ટેમ્બરે યોજાયેલી આ વિશ્વધર્મ પરિષદમાં સૌરાષ્ટ્રના મહુવા ગામના ૨૯ વર્ષના યુવાન વીરચંદ રાઘવજી ગાંધી પણ ગયા હતાં. એ સાંખ્ય, વેદાંત, અદ્વૈત, બૌદ્ધદર્શન અને જૈનદર્શનને જાણતા હતાં. એમણે એ વખતે ત્યાં યુનિવર્સલ મેન (વિશ્વમાનવ)ની વાત કરી અને વિશ્વમાં સૌ પ્રથમ યુનિવર્સલ મેન અને યુનિવર્સલ બ્રધરહુડ (વૈશ્વિક ભાઈચારો)ની વાત સ્વામી વિવેકાનંદ અને વીરચંદ ગાંધીએ કરી હતી.

મહાત્મા ગાંધીએ આમાંથી જ એક સરસ વાત કરી છે અને તે વ્યાપક ધર્મભાવનાની. જુદા-જુદા ધર્મોના સુંદર અંશો લઈને એનો એક સરસ મજાનો સમુચ્ચય કરીને માણસ જીવે. વર્તમાન વિશ્વ આ ધર્મને બહુ જુદી રીતે જુએ છે.

દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેરમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદના પ્રારંભે પ્રાર્થનાનું ગાન કરાયું કે, 'હે ઈશ્વર, અમને આ એઈડ્સની બીમારીમાંથી ઉગારજે, કે જેને પરિણામે આજે આફ્રિકા ખંડમાં ૨૫,૦૦૦ માણસો આ બીમારીનો શિકાર બને છે.'

એનો અર્થ એ કે જે ધર્મ પૃથ્વી પર જીવતા માણસનો - માનવતાનો વિચાર કરતો નથી, એ ધર્મ નથી, કિંતુ અધર્મ છે. ૧૯૯૩ની શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં હું વક્તવ્ય આપવા ગયો, ત્યારે એના પ્રારંભે મારા ભારે આશ્ચર્ય વચ્ચે પ્રાર્થના રૂપે રેડઈન્ડિયનોએ ગીત રજૂ કર્યું હતું, જેમાં એમની પાસેથી વિના કારણે ભૂમિ છીનવી લેનારાઓ પર આક્રોશ ઠાલવ્યો હતો. જેને જંગલી અને આદિવાસી ગણીને અત્યાર સુધી ધુત્કાર્યા એવા રેડઈન્ડિયન્સનું ગીત રજૂ થયું. આ પ્રાર્થનાગીતમાં રેડઈન્ડિયનો સવાલ ઉઠાવતા હતા કે, 'અમે તમારો કશોય ગુનો કર્યો નથી, અમારી જમીનના ભાગ તમે શું કામ લઈ જાઓ છો? કેમ આટલો ત્રાસ આપો છો? અમારી નાની કોમને શાંતિથી જીવવા દો.'

આમ પ્રાર્થના હવે માત્ર મંગલમય ગાન નથી રહી. એ દબાયેલી, કચડાયેલી, રૂંધાયેલી માનવજાતની વેદનાની ચીસ બની ગઈ છે. હવે અગણિત ભેદો-મતભેદોને મિટાવીને માણસને પરસ્પરને ચાહવા એવમ્ શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે ધર્મ જોઈએ છે. માણસને રિબાવવા, શોષણ કરવા, અત્યાચાર અને આક્રમણ માટેના ધર્મની હવે જરૂર નથી. એકબીજાની લાગણી મેળવવા માટે અને માનવીય ગુણને મહોરવા માટે ધર્મ જોઈએ છે.

આજનો માનવી ઉત્તમ તત્ત્વોને લઈને અધ્યાત્મ તરફ જાય છે. પરિણામે એક સમયે ધર્માંતરની પ્રવૃત્તિ મહત્ત્વની બની હતી, એને બદલે આજે હું મારા ધર્મની સારી વાત કરું. તમે તમારા ધર્મની સારી વાત કરો અને આપણે બંને ઉમદા વિચારો કે માનવતાલક્ષી આચારોનો સમન્વય સાધીને આપણું જીવન ઘડીએ અને આ પૃથ્વી પર ધર્મોનું મેઘધનુષ્ય રચીએ.

આજે આપણા દેશમાં અને અન્યત્ર પોતાના ધર્મને સર્વશ્રેષ્ઠ બનાવવાનું ઝનૂન જાગ્યું છે, ત્યારે વૈશ્વિક ધર્મસંમેલનોની વિચારધારા સાવ જુદી છે. આ ધર્મવિષયક આંતરરાષ્ટ્રીય અધિવેશનોમાં પહેલી શરત એ હોય છે કે, 'તમારે એવું નહીં કહેવાનું કે તમારો ધર્મ જ મહાન છે.' વળી હકીકત એ છે કે, દુનિયાના ધર્મ ઉપાસકો એમ જ કહે છે કે એમનો ધર્મ સૌથી શ્રેષ્ઠ છે અને બાકીના

બધા તુચ્છ કે સામાન્ય છે. હવે ધર્મપરિષદોની પ્રથમ શરત જ એ કે તમારે એમ નહિ કહેવાનું કે તમારો ધર્મ મહાન છે, કારણ કે દરેકનો ધર્મ એમની રીતે મહાન હોય છે. તમારે તો એ દર્શાવવાનું કે તમારો ધર્મ વર્તમાન સમયમાં માણસજાતને માટે કઈ રીતે ઉપયોગી બને તેવો છે. એના વિકાસમાં એ કઈ રીતે સક્રિય યોગદાન આપી શકે તેમ છે. ધર્મ એ તલવારની ધાર નથી, પણ માણસ-માણસને જોડતી એક સરસ મજાની સેતુરૂપ સાંકળ છે.

લંડનમાં એક કોલેજમાં હું બેઠો હતો. ત્રણ છોકરીઓ વાત કરતી હતી. એક છોકરીએ પોતાના ત્રણ બોયફ્રેન્ડની વાત કરી. એણે કહ્યું કે મારી બર્થડે વખતે જ્હોને મને પચ્ચીસ પાઉન્ડની ગિફ્ટ આપી. જોનીએ મને ત્રીસ પાઉન્ડની ગિફ્ટ આપી, પણ વિલિયમ ઈઝ ગ્રેટ. એણે મને એકસો પાઉન્ડની ગિફ્ટ આપી. હવે લગ્ન તો એની સાથે જ કરવાની. આમ, માણસનું માપ અને મૂલ્યાંકન બદલાય છે. જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાય છે. આપણા દેશનાં ત્યાગ, સમર્પણ, પરમાર્થ અને કુટુંબભાવનાનાં મૂલ્યો જતાં રહેશે, તો પછી આ દેશમાં ગરીબી સિવાય બીજું કંઈ બચશે ખરું ?

માણસજાતનાં મૂલ્યોનું આમૂલ પરિવર્તન થાય છે ત્યારે ધર્મની શ્રેષ્ઠતાનાં યશોગાન કરવાને બદલે મારો ધર્મ તમને જીવન માટે શું આપી શકે છે ? તમારા ધર્મમાં એવી કઈ ભાવના છે જે મારા જીવનમાં ઉપયોગી બને તેમ છે ? એ વિચારવું જોઈએ. જૈનદર્શનનો વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિ મળે અને ઉપનિષદમાં પરા અને અપરા વિદ્યાનો વિચાર મળે. આ બંનેનો સમુચ્ચય સાધવાનો છે અને એ સમુચ્ચયમાંથી જે જાગે છે એ સાચી આધ્યાત્મિકતા છે.

વિશ્વમાં એક આંદોલન શરૂ થયું છે. વિવિધ ધર્મના અભ્યાસીઓ સાથે મળીને આવતીકાલના વિશ્વને પોતાની ભાવનાઓ પ્રદાન કરે છે. વિશ્વમાનવી હવે વિશ્વધર્મ અને વિશ્વસરકારનો વિચાર કરે છે. ૧૯૯૦ની ૨૩મી ઑક્ટોબરે લંડનના બકિંગહામ પેલેસમાં W.W.F.ના અધ્યક્ષ ડ્યૂક ઑફ એડિનબરો પ્રિન્સ ફિલિપને એક પુસ્તક અર્પણ કરવાનું હતું. બે દિવસ અગાઉથી અમને કેવી રીતે બેસવું, કેવી રીતે ચાલવું, પ્રિન્સ ફિલિપ જ્યારે બોલતા હોય ત્યારે વચ્ચે એક જ વ્યક્તિએ બોલવું, ખુરશીઓની વ્યવસ્થા આ પ્રમાણે છે તે નકશો આપીને જણાવ્યું. પ્રિન્સ ફિલિપ આવે ત્યારે કઈ રીતે હસ્તધૂનન કરવું તેની પણ માહિતી આપી. વળી કહ્યું કે બ્લૂ શૂટ જ જોઈએ, ટાઈ પણ બ્લૂ હોવી જોઈએ, પોલિશ કરેલા કાળા રંગના બૂટ હોવા જોઈએ – લાલ રંગના નહીં ચાલે – આમ બે દિવસ સુધી કવાયત ચાલી. હું ગયો ત્યારે મને થયું કે મહાત્મા ગાંધીમાં કેટલું આત્મબળ હશે કે એક પોતડી પહેરીને તેઓ બકિંગહામ પેલેસમાં ગયા હતા. કઈ શક્તિ હશે! કેવી તાકાત હક્ક! એમનામાં કેવું ખમીર હશે! એ કયું ખમીર ? એ અધ્યાત્મનું ખમીર...

પ્રસિદ્ધ ફ્રેન્ચ નવલકથાકાર વિક્ટર હ્યુગોનાં શબ્દો મને યાદ આવે છે.એમણે કહ્યું કે, 'વિશ્વનાં તમામ લશ્કરો કરતાં એક વસ્તુ બળવાન છે અને એ છે સવેળાનો વિચાર.' આજે ધર્મ એ અધ્યાત્મ તરફ ગતિ કરી રહ્યો છે. એનો ચહેરો માનવતા ભણી છે અને એટલે જ અનેક દેશોની પદયાત્રા કરનાર એવા શાંતિયાત્રાના પદયાત્રી શ્રી સતીશકુમારને એમના જુદા જુદા દેશોના ભ્રમણ દરમિયાન વિવિધ સંસ્કૃતિઓનો પરિચય થયો. હિંદુ, ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ, બૌદ્ધધર્મીઓને મળ્યા. તો રશિયન, અમેરિકન, યુરોપિયન, એશિયન લોકોને મળ્યા. શ્યામવર્ણા, ગોરા અને ઘઉંવર્ણા માનવીઓને મળ્યા. સામ્યવાદી, સમાજવાદી અને મૂડીવાદીઓને મળ્યા અને અંતે એમણે પોતાની યાત્રાનો નિષ્કર્ષ આપતાં એમ કહ્યું,

તમે તેઓને ઊંડાણથી તપાસશો અને તેમનામાં રહેલી માનવતાનો સ્પર્શ કરી જોશો તો બધે જ કાગડા કાળા જ છે, પણ તે એકતાને પારખી શકો તે પહેલાં તમારે તમારા પૂર્વગ્રહોથી મુક્ત થવું પડે. ભારતનો ઝંડો લઈને હું હિંદુ તરીકે જઈશ તો મને પાકિસ્તાની મળશે. હિંદુ તરીકે હિંદુ ધર્મ દુનિયામાં શ્રેષ્ઠ છે તેવું કહેતો હું જઈશ તો મને ખ્રિસ્તી કે મુસ્લિમ એમ કહેતા મળશે કે, 'ના, ના. તમે ખોટા છો. અમારો ધર્મ જ શ્રેષ્ઠ છે.' હું સમાજવાદી તરીકે જઈશ તો મને મૂડીવાદી મળશે. હું ઘઉંવર્ણા માનવી તરીકે જઈશ તો મને શ્યામવર્ણો કે ગોરો માનવી મળશે, પણ હું એક માનવી બનીને જઈશ તો જ મને માનવી મળશે.

આથી આજે ધર્મ એ માનવની ચિંતા કરે છે. માનવતાના પ્રસારની ખેવના રાખે છે અને આ જગત પર ટેક્નોલોજીમાં આવતાં પરિવર્તનો મનુષ્યજાતિ પર આધિપત્ય મેળવી રહ્યાં છે, ત્યારે આપણે એક એવા યુગમાં પ્રવેશી ગયા છીએ કે એના વિકાસના પરિમાણ અને એની ગતિ આપણને આશ્ચર્યચકિત કરતી રહેશે.

એકાએક કોઈ ભેખડ ધસી પડે કે હિમપ્રપાત થાય, એ રીતે થતું ટેક્નોલોજીનું પરિવર્તન મનુષ્યજાતિના સત્ત્વને અને શક્યતાને આકાર આપશે અને આ પરિવર્તન આપણા ગ્રહ પરની દરેક જીવસૃષ્ટિને એક યા બીજી રીતે પ્રભાવિત કરતું રહેશે. એ પરિવર્તન માત્ર ધર્મ, સમાજ, સંસ્કૃતિ કે વાણિજ્ય પૂરતું જ મર્યાદિત નહીં રહે, પરંતુ આપણા જીવવિજ્ઞાન, નીતિશાસ્ત્ર, આહારશાસ્ત્ર અને જીવનપદ્ધતિ એ સહુ કોઈ પર પ્રબળ પ્રભાવ પાડશે અને ત્યારે આવે સમયે પ્રત્યેક ધર્મએ વર્તમાન વિશ્વ સાથે અને આધુનિક માનવી સાથે તાલ મિલાવવા માટે નવી દૃષ્ટિની ખોજ કરવી પડશે.

આ નવી દૃષ્ટિની ખોજમાં ધર્મએ આધ્યાત્મિકતા તરફ જવું પડશે. સમગ્ર વિશ્વથી પોતાના આત્મપ્રદેશમાં પહોંચવાની અધ્યાત્મયાત્રા એટલે વૃક્ષની સૌથી ઊંચી ડાળીએ આવેલા ઊંચા પાંદડામાંથી મૂળ સુધી જવાની યાત્રા. આજે ભીતરનાં એ મૂળને સ્પર્શવાનો પ્રયત્ન થાય છે અને એટલે જ અધ્યાત્મની પહેલી શરત છે જીવનદૃષ્ટિ.

જેમ કે ઘડિયાળનું લોલક ફરતું હોય તેમ માનવીનાં જીવનમાં સુખ અને દુ:ખ આવે છે, ત્યારે દૃષ્ટિ પરિવર્તન થાય તો જ વેદના, ભય, વિષાદ એ સઘળું આવતાં અટકી જાય. આપણા આંતરજગતમાં રહેલા લોલકને સ્થિર રાખીને સ્વયંને જોતા રહેવાની આ આધ્યાત્મિક પ્રવૃત્તિ છે.

તો બીજી બાબત છે જીવન પરિવર્તન. જ્યારે વ્યક્તિ પરિગ્રહમાંથી અપરિગ્રહ તરફ જશે, હિંસામાંથી અહિંસા તરફ જશે અને ભૌતિકતામાંથી અધ્યાત્મ તરફ જશે, ત્યારે એના જીવનમાં પરિવર્તન આવશે. પહેલાં જે અત્યંત મહત્ત્વનું લાગતું હતું તે સહુ ગૌણ બની જશે અને ત્રીજી બાબત છે લક્ષ્ય પરિવર્તન. આ રીતે આવતીકાલનો ધર્મ એ વ્યક્તિને જુદી જ મનદૃષ્ટિ, જીવનદૃષ્ટિ, જગતદૃષ્ટિ અને લક્ષ્યદૃષ્ટિ આપશે અને એ દ્વારા ભવિષ્યનો અધ્યાત્મનિષ્ઠ માનવી વેરમાંથી અવેર તરફ, વિગ્રહમાંથી નિગ્રહ તરફ, સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ, વ્યક્તિમાંથી સમષ્ટિ તરફ, દ્રવ્યમાંથી ભાવ તરફ, નરમાંથી નારાયણ તરફ અને આત્મામાંથી પરમાત્મા તરફ ગતિ કરશે...

દિનેશ પટેલ (એર વોરીઅર)

ભારત ભાગ્ય વિધાતા



# સમયને પણ રોકીરાખતી જાંબાજ ભારતીય સેનાની ગૌરવ ગાથા



બીજા વિશ્વ યુદ્ધમાં હિટલર બર્મા (Barma)ના રસ્તે ભારત પર હુમલો કરી ભારતને જીતવા માગતો હતો. તે વખતે ભારત ઉપર બ્રિટનનું રાજ હતું. ભારતને જીતી લે તો આર્મી એના હસ્તક આવી જાય. હિટલર એમ કહેતો કે, IF I HAVE INDIAN ARMY WITH GERMAN OFFICER I CAN WALK OVER THE WORLD દુનિયાના સૌથી Powerful સરમુખત્યારનું આમ માનવું એ આપણી સેનાની તાકાત અને એ આપણી સેના માટેનું સર્વોચ્ચ સન્માન છે.

ભારતીય સેના દુનિયાની Second Largest Army છે. ૧૪.૫ લાખ સૈનિકો ઉપરાંત સપોર્ટ સ્ટાફ ધરાવે છે. આપણી ભારતીય વાયુસેના દુનિયામાં Fourth Largest Air Forceનું સ્થાન ધરાવે છે. ૧,૩૧,૦૦૦ વાયુ સૈનિકોનું સંખ્યાબળ ધરાવે છે. અને નેવી ૧,૦૦,૦૦૦ સમુદ્રી સૈનિકોનું સંખ્યાબળ ધરાવે છે.

આઝાદી પછી પાકિસ્તાન સાથે આપણી સેનાએ ૧૯૬૫માં ૧૭ દિવસનું યુદ્ધ લડ્યું. તેમાં આપણા ૩૦૦૦ સૈનિકો અને પાકિસ્તાનના ૩૮૦૦ સૈનિક શહીદ થયા. આપણે એમની ૨૫૦ જેટલી ટેન્કોનો પણ નાશ કર્યો હતો. આપણા પ્રધાનમંત્રીશ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા તાશ્કંદમાં કરાર અન્વયે Cease Fire કરવામાં આવ્યું. ભારતીય સેનાએ પોતાની બહાદુરીનો ડંકો દુનિયામાં વગાડી દીધો હતો.

ત્યારબાદ સૌથી મોટું અને ઐતિહાસિક યુદ્ધ ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન વચ્ચે થયું. જેમાં બાંગ્લાદેશ બોર્ડર ઉપર મેં પણ વાયુસૈનિક રૂપે ભાગ લીધો હતો. ૧૯૭૧નું યુદ્ધ એક નિર્ણાયક યુદ્ધ હતું, જેમાં ૩ ડિસેમ્બર ૧૯૭૧થી ૧૬ ડિસેમ્બરના ૧૩ દિવસના યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાનના બે ટૂકડા કરી નાખ્યા અને East Pakistanને છૂટું પાડી બાંગ્લાદેશ બનાવ્યું. છેલ્લા ૧૦૦ વર્ષમાં આવું નિર્ણાયક યુદ્ધ દુનિયામાં ક્યાંય નથી થયું. પાકિસ્તાનના ૯૩૦૦૦ સૈનિકોએ હથિયાર હેઠા નાખી શરણાગતિ સ્વીકારી તે પણ ફક્ત ૧૩ દિવસના યુદ્ધમાં જનરલ માણેકશો તે વખતે Chief of Army હતાં એમના નેતૃત્વમાં આ યુદ્ધ જીતવામાં આવ્યું. પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દીરા ગાંધીએ હિમ્મતભેર સેનાને મજબૂત મનોબળ પૂરું પાડયું અને યુદ્ધના હિરો જનરલ સેમ માણેકશોને ફિલ્ડમાર્શલની પદવીથી નવાજવામાં આવ્યા હતાં. આ યુદ્ધમાં આપણી વાયુસેના અને નૌસેનાએ પૂર્ણ રીતે ભાગ લીધો હતો. ભારતીય વાયુસેનાએ એટલા ભયંકર હુમલા કરેલા કે કરાંચી બંદરે ત્રણ દિવસ સુધી આગના ધુમાડા જોવામાં આવેલા. આપણા ૨૫૦૦ જવાનો શહીદ થયેલા જ્યારે પાકિસ્તાને ૮૦૦૦ જેટલા સૈનિકો ગુમાવ્યાં હતાં.

પાકિસ્તાનના પૂર્વીય કમાન્ડના કમાંડર લેફ્ટનન્ટ જનરલ એ.એ.કે. નિયાઝીએ આપણાં પૂર્વીય કમાન્ડના કમાંડર લેફ્ટનન્ટ જનરલ જે.એસ. અરોરા સામે શરણાગતિ સ્વીકારી એ ઐતિહાસિક ક્ષણના અમે સાક્ષી હતાં. નવાઈની વાત એ છે કે આ બન્ને કમાંડરે ભારતના ભાગલા પહેલાં બ્રિટિશ કમાન્ડ ટ્રેનિંગ સાથે લીધેલી તે દરમિયાન લેફ્ટનન્ટ જનરલ અરોરાએ એક

સાઈકલ લેફ્ટનન્ટ જનરલ નિયાઝીને આપેલી જેના પૈસા બાકી હતાં. એટલે મજાકમાં એમણે લેફ્ટનન્ટ જનરલ નિયાઝીને કહ્યું કે, તેં મને સાઈકલના પૈસા બાકી રાખેલા તેના બદલામાં તારે પૂર્વ પાકિસ્તાન ગુમાવવું પડ્યું. આ યુદ્ધમાં ભારતીય સેનાની ત્રણેય પાંખે પોતાની બહાદુરી અને યુદ્ધ કૌશલ્યનો પરચો બતાવ્યો જેના ઉપર દુનિયા આફરીન થઈ ગઈ. ફક્ત ૧૩ દિવસમાં એક દેશના બે ભાગલા પાડી દેવા અને ૯૩૦૦૦ સૈનિકોની શરણાગતિ એ એક અદભૂત ઐતિહાસિક ક્ષણ છે. આ યુદ્ધમાં આપણા હથિયારો અને ખાસ કરીને વિમાનો પાકિસ્તાન કરતાં જૂના અને ઓછા એડવાન્સ હતાં. જ્યારે પાકિસ્તાન પાસે મિરાજ ફાઈટર અને સેલર જેટ જેવા આધુનિક વિમાનો હતાં. અમેરિકાએ આપેલ Peton Tank હતી. જ્યારે આપણી પાસે જુના બ્રિટને આપેલ Hunter અને આપણે બનાવેલા નેટ વિમાનો તથા રશિયન વિમાનો MIG-21 હતાં. છતાં પણ આપણી સેનાઓના જુસ્સા અને બહાદુરી સામે એ ના ટકી શકયા. એમની 150 Peton ટેંકોનો ખાતમો આપણે બોલાવેલ જેણે અમેરિકાને પણ આશ્ચર્યમાં નાખી દીધેલું.

એટલે કહેવાય છે કે, 'જંગે હથિયારો સે નહીં, હૌંસલો સે જિતી જાતી હૈ.' અને આપણી સેનાએ સાબિત કરી દીધું. જનરલ માણેકશોએ અમને સૂત્ર આપેલું કે, 'A Soldier can be destroyed but can not be defeated' કહેવાનો મતલબ કે એક સૈનિકને ખતમ કરી શકાય પણ એને હરાવી ના શકાય, કાં તો એ મરે છે અથવા એ જીતે છે.

ત્યારબાદ આપણે પાકિસ્તાન સામે ૩ મે ૧૯૯૯થી ૨૬ જુલાઈ ૧૯૯૯ સુધી કારગીલ યુદ્ધ લડ્યા. એ હકિકતમાં Half War હતું. પ્રધાનમંત્રી તરીકે શ્રી અટલ બિહારી વાજપાઈ તે વખતે હતાં. આ યુદ્ધ એવું હતું જે આપણાં લદાખ વિસ્તારમાં પહાડોમાં છૂપી રીતે ઘૂસણખોરી કરી આપણી ચોકીઓ પાકિસ્તાને કબ્જે કરી લીધેલી. વિશ્વના દબાણને વશ તેમજ આર્થિક રીતે પાયમાલી ન થાય એટલે આપણી સેનાઓને હુકમ આપવામાં આવેલો કે, પાકિસ્તાન સૈનિકોને વધારે ખુવારી વગર એમને ખદેડવાના છે અને આપણો પ્રદેશ પાછો મેળવવાનો છે. યુદ્ધ ૮૨ દિવસ ચાલ્યું અને એક-એક પાકિસ્તાનના સૈનિકને આપણે ખદેડી મૂકયો.

કારગીલ યુદ્ધમાં આપણે ૫૨૭ સૈનિકો ગુમાવ્યા હતાં અને પાકિસ્તાને ૮૫૦ જેટલા સૈનિકો ગુમાવ્યા હતાં. આપણા બધા યુદ્ધોમાં કારગીલ યુદ્ધ સૌથી લાંબુ કહેવાય. દુનિયામાં યુદ્ધો ઘણાં લાંબા ચાલે છે. અમેરિકા વિયેતનામ સામે ૨૦ વર્ષ લડ્યું છતાં જીત્યું નહીં. અફઘાનિસ્તાનમાં પણ એ જ સ્ટોરી છે. રશિયા યુક્રેન વોર ૩ વર્ષ થયા પણ બંધ થવાનું નામ લેતું નથી. ઈઝરાયેલ અને ગાઝા યુદ્ધ પણ પતતું નથી. ફક્ત ભારતીય સેના એવી છે જે હંમેશાં શોર્ટ અને નિર્ણાયક યુદ્ધ લડે છે અને જીતે છે. ઈન્ડિયન ફોર્સિસ આર ગુડ ફિનિસર્સ.

હવે આપણી સેના ખૂબ જ આધુનિક અને ઈફેક્ટિવ થઈ ગઈ છે. હવે આપણી સેનાને સીમાડા નડતા નથી. દુશ્મનોના ઘરમાં ૧૦૦ કિ.મી. અંદર જઈને પોતાનું મિશન ટૂંક સમયમાં પૂરું કરી કોઈ પણ જાતના નુકસાન વગર આપણે સટીક ઓપરેશન પાર પાડીએ છીએ. એર સ્ટ્રાઈક અને સર્જિકલ સ્ટ્રાઈક એના અદભૂત દાખલાઓ છે. ૧૮ મિનિટમાં આ ઓપરેશન આપણે પાર પાડ્યા છે અને ૩૦૦થી વધુ આંતકવાદીઓનો ખાતમો બોલાવ્યો છે.

સૌથી તાજો દાખલો હાલનો 'ઓપરેશન સિંદૂર' છે. ચાર દિવસ યુદ્ધ ચાલ્યું પ્લાનિંગ એટલું અદભૂત રહ્યું કે, પાકિસ્તાનનો એક પણ હુમલો સફળ ના થયો અને ભારતનો એક પણ હુમલો નિષ્ફળ ના થયો. આપણા દેશમાં નિર્મિત અત્યંત આધુનિક હથિયારો જેવા કે, બ્રહ્મોસ મિસાઈલ, આકાશ મિસાઈલ અને આકાશ તીર વડે આપણી પોતાની Air Defence Systemથી અદભૂત યુદ્ધ આપણે લડ્યા. S-400 Air Defence System જે આપણને રશિયાએ આપેલ છે જેણે એક પણ હુમલો ચીની મિસાઈલ કે તુર્કીના ડ્રોનનો સફળ થવા ના દીધો. આપણી બ્રહ્મોસ મિસાઈલથી જે સટીક હુમલા થયા એમાં ફક્ત ૨૯ મિનિટમાં પાકિસ્તાનના ૯ એરબેઝને ઉડાવી દેવામાં આવ્યા. રન વે ઉપર ઉભેલા એક અમેરિકન એફ-૧૬ ફાઈટર પ્લેનને નષ્ટ કરી દેવામાં આવ્યું. બીજા ૫ ફાઈટર પ્લેન અને એક AWACS જાસૂસી પ્લેન (Air Bash Warning & Control System) જે ૨૦૦૦ કરોડનું હોય છે તેને પણ પાકિસ્તાનની જમીન પર જ તોડી પાડવામાં આવેલ. આપણી બ્રહ્મોસ મિસાઈલથી એમના અણુંમથકો સુધી હુમલા કર્યા જેનું રિઝલ્ટ જોઈને દુનિયા મોં માં આંગળા નાખી ગઈ. દુનિયાના ૧૫ દેશો તરફથી બ્રહ્મોસ ખરીદવાની ઈચ્છા જાહેર કરવામાં આવી છે. એ સમય હવે દૂર નથી કે ભારત સ્વદેશી હથિયારોનો નિકાસ કરતો દેશ બની જશે.

**જય ભારત – જય ભારતીય સેના...**

**'જંગ કયા મસલા હલ કરેગી**
**જંગ તો ખૂદ એક મસલા હૈ...'**




**Dinesh Patel** (Air Warrior)
1971 War Participants
Author of Two Best Seller Books
**FAIL TO WIN & SELL TO WIN**
Life Couch of Motivational Trainer
President:- Poorva Sainik Seva Parishad




Greatest Courage does not lye in Fighting the War, but Avoiding the War

**Joined Indian Air Force in 1969 at the age of six teen & half Years.**
**Caught 1971 War on Bangladesh Border**



■ અભિમન્યુ મોદી



# સ્વતંત્રતાની કહાની - પડદાની જુબાની! બને છે ભારત ભાગ્ય વિધાતા



એક એવા દેશમાં જ્યાં ઈતિહાસને લખવા કરતાં વધુ ગાવામાં આવે છે, જ્યાં સ્વતંત્રતા માટેના સંઘર્ષને ફક્ત પાઠ્ય પુસ્તકોમાં જ નહીં પરંતુ ગીતો, દ્રશ્યો અને વાર્તાઓમાં પણ યાદ કરવામાં આવે છે, એ દેશમાં સિનેમા ભારતની સ્વતંત્રતાની ગાથા માટે દર્પણ અને રેફરન્સની ગરજ સારે છે. સિનેમા શીખવાડે છે, સિનેમા બહોળા સમુદાયને ઈતિહાસ સાથે રૂબરૂ કરાવવાનું કામ કરે છે. સિનેમા ફક્ત મનોરંજન પીરસવાનું જ કામ નથી કરતું, તે આપણી સંસ્કૃતિનું સંવર્ધન કરવાનું ભગીરથ કામ પણ કરે છે. આપણે સ્વતંત્રતાની સિનેમેટિક ઉજવણી કરી શકીએ એટલી ફિલ્મો અને સિરિયલો આપણી પાસે છે. નવી પેઢી તો ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમ થકી જ જીવે છે. પુસ્તકો આપણો પાયો છે પણ સિનેમાએ આઝાદીની પળોનો અને ભારતના ઈતિહાસનો ફેલાવો કર્યો છે. ભારતના અનેક સપૂતોની ગાથા સિનેમાના પડદે ભજવાઈ છે. આપણાં શૂરવીરોના શૌર્યના ઉદાહરણો ઘર ઘરમાં ગુંજે છે. પોતાના વતનકાજે જીવ આપી દેનારા ક્રાંતિકારીઓ કેવા હતાં તે કલ્પના કરી રહેલા નાગરિકોની જિજ્ઞાસાની પૂર્તિ આ ફિલ્મોએ કરી છે. ફિલ્મોએ અનેક યુવાનોને દેશ માટે મરી ફિટવાની અને દેશને વફાદાર રહેવાની પ્રેરણા આપી છે. તેમાં સિનેમાનું બહોળું યોગદાન રહ્યું છે. તેમાંથી ઘણા કલાકારો નોંધપાત્ર છે.

૧૯૫૦ના દાયકામાં ભારતને સ્વતંત્રતા મળી. તેના પહેલાથી સિનેમામાં દેશપ્રેમ છલકાવા લાગ્યો હતો. જૂના જમાનાના આદર્શવાદથી લઈને ૨૧મી સદીના આધુનિક શસ્ત્રો ચલાવતા સૈનિકોની તકલીફો સુધી અનેક વાર્તાઓ ઈન્ડિયન સિનેમામાં આવી છે. સિનેમાએ તો રાષ્ટ્રીય ચેતનાના સર્જક, એકતાના સંદેશવાહક અને દેશભક્તિની સ્મૃતિના રક્ષક તરીકે સુપેરે ભૂમિકા ભજવી છે. આ વાર્તાઓ પાછળ એવા કલાકારો છે જે આઈકોન બન્યા. દેશપ્રેમને લગતા વિષયો પરત્વેની પ્રતિબદ્ધતા માટે વ્યવસાયીક જોખમ લેનારા દિગ્દર્શકો અને આવી ફિલ્મો બનાવવાની હિમ્મત દાખવનાર નિર્માતાઓને પણ આ અવસરે યાદ કરવા ઘટે.

### - મનોજ કુમાર

ભારતીય સિનેમામાં મનોજ કુમાર જેટલો બીજો કોઈ કલાકાર દેશભક્તિનો પર્યાય બન્યો નથી. માટે જ તેમને ભારત કુમારનું બિરુદ મળ્યું. આ બધું ફિલ્મ શહીદ (૧૯૬૫)થી શરૂ થયું હતું, જેમાં તેમણે ભગતસિંહની ભૂમિકા ભજવી હતી. એમના પરફોર્મન્સમાં આંતરિક આગ દેખાતી હતી. તે ફિલ્મ તત્કાલીન વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને ખૂબ જ પ્રભાવિત કરી ગઈ હતી, જેમણે મનોજ કુમારને વ્યક્તિગત રીતે 'જય જવાન, જય કિસાન' સૂત્ર પર ફિલ્મ બનાવવા વિનંતી કરી હતી જેના પરિણામ સ્વરૂપે ફિલ્મ ઉપકાર (૧૯૬૭) આવી. તે

ફિલ્મ ફક્ત વાર્તા ન રહેતા ખેડૂતોના ગૌરવની ગાથા બની ગઈ. જુવાનોના શૌર્યની કદર કરતી આ ફિલ્મ એટલે જાણે સિનેમાના પડદે બહાદુરીનું ગીત.




પૂરબ ઔર પશ્ચિમ (૧૯૭૦)માં, તેમણે ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી ભૌતિકવાદ વચ્ચેનો ભેદ કરોડો લોકોને સમજાવ્યો, જ્યારે રોટી કપડા ઔર મકાન (૧૯૭૪)માં ગૌરવ વિના પ્રગતિના ખોખલાપણાનું વિશ્લેષણ કરવામાં આવ્યું. મનોજ કુમારે ફક્ત દેશભક્તિની ફિલ્મોમાં માત્ર અભિનય કર્યો હતો એવું ન કહી શકાય. તેમણે આ બધી ફિલ્મો એવી રીતે બનાવી હતી જાણે તેઓ દેશ માટે કોઈ મહત્વનું કામ કરી રહ્યા હોય. તેઓ ગળાકાપ હરીફાઈ ધરાવતા ફિલ્મઉદ્યોગમાં આદર્શવાદ લાવ્યા.

**ત્રિમૂર્તિઃ રાજ કપૂર, દિલીપ કુમાર અને મનોજકુમારની શાંતરસ વાળી દેશભક્તિ**

જ્યારે મનોજ કુમારે ખુલ્લેઆમ તિરંગો લહેરાવ્યો, ત્યારે અન્ય કલાકારોએ ભારતના ધ્વજને શાંતિથી અને પ્રતીકાત્મક રીતે પકડી રાખ્યો. શોમેન તરીકે ઓળખાતા રાજ કપૂરે આપણને બૂટ પોલિશ આપી – અનાથોની એક હૃદયસ્પર્શી વાર્તા જે વસાહતીવાદ એટલે કે બ્રિટિશ શાસન પછીની સ્થિતિસ્થાપકતાનું રૂપક પણ બની. આવારા અને શ્રી ૪૨૦માં ભારતના મૂળભૂત સિદ્ધાંતોને નૈતિકતા તથા નવા ભારતની આધુનિકતા સાથે પશ્ચિમના ભૌતિકવાદની લોભવૃત્તિનો રસપ્રદ સંઘર્ષ બતાવ્યો હતો.




ટ્રેજેડી કિંગ દિલીપ કુમારે ગંગા જમુનામાં નૈતિક જટિલતાને મૂર્તિમંત કરી હતી. કાયદા અને નૈતિકતાની વિરુદ્ધ બાજુઓ પર ઉભા રહેલા બે ભાઈઓની વાર્તા, જે ન્યાય અને બળવા વચ્ચે ભારતના સંઘર્ષને પ્રતિબિંબિત કરે છે. પાછળથી કર્મ (૧૯૮૬)માં તેમણે એક જેલરની ભૂમિકા ભજવી હતી જે આતંકવાદ સામે લડવા માટે સુધારેલા કેદીઓને એકઠા કરે છે. આ ફિલ્મ ગુનેગારોના સુધારણા કાર્યક્રમ અને સ્ટેટ મશીનરી પર એક સૂક્ષ્મ ટિપ્પણી સમાન હતી.

આ માણસો જોરશોરથી તિરંગો લહેરાવવામાં માનતા ન હતા, પરંતુ તેઓ દરેક ભૂમિકા સાથે એક રાષ્ટ્રીય પાત્રનું નિર્માણ કરી રહ્યા હતા. તેઓ યાદ અપાવે છે કે દેશભક્તિ હંમેશાં ગર્જનાત્મક હોવી જરૂરી નથી. ક્યારેક, તે શાંત રીતે સર્જનાત્મક પણ હોઈ શકે છે.

**નવા યુગના યોદ્ધાઓઃ આમિર ખાનથી વિકી કૌશલ સુધી**

દેશભક્તિની કમાન હવે નવા હાથોમાં છે. દરેક અભિનેતાએ પોતાના દેશને પ્રેમ કરવાનો અર્થ શું છે તે અંગે એક નવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. ઉદાહરણ તરીકે, આમિર ખાને ફોર્મ્યુલાવાળી ફિલ્મો છોડી દીધી અને આપણને લગાન (૨૦૦૧) આપી





જેમાં ક્રિકેટ મેચ જ બ્રિટિશરો સામે બળવો બની જાય છે. પરંતુ રંગ દે બસંતી (૨૦૦૬), જ્યાં આમિર અને તેના કોલેજીયન દોસ્તોની ટીમ ભગતસિંહ અને તેમના ક્રાંતિકારી મિત્રોનો રોલ ભજવતા ભજવતા એમાંથી શીખતાં રહ્યા અને કપરા સંજોગોમાં ક્રાંતિકારીઓની જેમ લડતા થઈ ગયા. આ ફિલ્મમાં સમકાલીન ભ્રષ્ટાચાર પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. ભારતીય યુવાનોને ઉદાસીનતામાંથી બહાર નીકળવાની જરૂર છે એવું એ ફિલ્મે સમજાવ્યું.

અત્યારે તો જેન-ઝીનો જમાનો છે. એમાં વિકી કૌશલ પ્રસિદ્ધ છે. તેમણે 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં ઈન્ડિયાનો જોશ હાઈ કરી નાખ્યો. તે ફિલ્મની લાઈન 'હાઉ ઈઝ ધ જોશ?' હવે માત્ર સવાલ ન




રહેતાં તે એક રાજકીય, ભાવનાત્મક અને સાંસ્કૃતિક લાગણી બની ગઈ. ફિલ્ડ માર્શલ સેમ માણેકશાનું સંયમિત અને ચિંતનશીલ ચિત્રણ સેમ બહાદુર (૨૦૨૩)માં થયું. સામ માણેકશા એ શખ્સિયત હતા જેમણે ફક્ત ચૌદ દિવસમાં પાકિસ્તાનના બે ટુકડા કરી નાખ્યા હતા ને બાંગ્લાદેશને પાકિસ્તાનના ક્રૂર શાસનમાંથી આઝાદી મળી હતી.




અજય દેવગણે 'ધ લિજેન્ડ ઓફ ભગત સિંહ', તાનાજી અને રેઈડમાં એવી વાર્તાઓને સિનેમાના પડદે સતત પુનર્જિવિત કરી છે જ્યાં વ્યક્તિગત નૈતિકતા પ્રણાલીગત પતન સાથે ટકરાય છે.

જો દિગ્દર્શકો અને નિર્માતાઓએ પોતાની ફિલ્મોના વિષય તરીકે રાષ્ટ્રને પ્રાધાન્ય આપવાની હિંમત ન કરી હોત તો સિનેમામાં દેશભક્તિનો રંગ આવ્યો ન હોત.

જે.પી. દત્તા કદાચ બોલીવુડના સૌથી પ્રિય વોર-ફિલ્મમેકર છે. લોંગેવાલાના યુદ્ધ પર આધારિત તેમની બોર્ડર (૧૯૯૭) એક યાદગાર ફિલ્મ છે. તે દર સ્વતંત્રતા દિવસે અચૂકપણે ટીવી પર રજૂ થાય જ છે.




'LOC કારગિલ' અને 'પલટન' જેવી તેમની ફિલ્મો, વ્યાપારી જોખમો સંકળાયેલા હોવા છતાં, ભારતના લશ્કરી મિશનોને ગૌરવ સાથે માન આપે છે.

બહુ ઓછા જાણીતા, ચેતન આનંદે આપણને હકીકત (૧૯૬૪) આપી.

ભારત-ચીન યુદ્ધ પર આધારિત ભારતની પ્રથમ વાસ્તવિક યુદ્ધ ફિલ્મ. હૃદયસ્પર્શી સંગીત અને રિયલ લોકેશન શૂટિંગ સાથે, આ ફિલ્મનો ઉપયોગ હજુ પણ ભારતીય સેનાનું મનોબળ વધારવા માટે કરવામાં આવે છે.

રાકેશ ઓમપ્રકાશ મહેરાએ દેશભક્તિનું એક નવું વ્યાકરણ રચ્યું. તેમની 'રંગ દે બસંતી' બ્રિટિશરો સામે લડવા વિશે






નહોતી તે ઉદાસીનતા સામે લડવા વિશે હતી. તેમની ફિલ્મ મિલ્કા સિંઘમાં પણ ભારતના એક લિજેન્ડરી એથલીટની આત્મકથા હતી. તે ફિલ્મમાં આઝાદી સમયના કરુણ સત્યો દર્શાવવામાં આવ્યા હતાં.




રોની સ્ક્રુવાલા અને અક્ષય કુમારની 'કેપ ઓફ ગુડ ફિલ્મ્સ' જેવા નિર્માતાઓએ 'એરલિફ્ટ: એક પ્રેમ કથા' અને 'મિશન મંગલ' જેવી વાર્તાઓએ આધુનિક ભારતના ગૌરવશાળી પ્રકરણોને રજૂ કર્યા છે.

૧૯૪૩માં કિસ્મત નામની ફિલ્મ ફક્ત તેના સંગીત માટે જ નહીં, પણ એક ગીત 'આયે દુનિયા વાલોં, હિન્દુસ્તાન હમારા હૈ' ને કારણે પણ સુપરહિટ બની હતી. જે બ્રિટિશરો માટે એક મોટો પડકાર બન્યો હતો. ત્યારના ફિલ્મમેકરોને સમજાયું કે સિનેમાના પડદે રાષ્ટ્રવાદ બતાવવાથી સેન્સરશિપ લાગુ પડી શકે છે.





સરદાર (૧૯૯૩) જેમાં પરેશ રાવલ સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકામાં હતા, તે ભારતના પ્રાદેશિક એકીકરણની શોધ કરતી કેટલીક ગંભીર બાયોપિક ફિલ્મોમાંની એક છે.





રાજ કુમાર અને નાના પાટેકર અભિનીત તિરંગા (૧૯૯૩) ભલે સુસંસ્કૃત સિનેમા ન હોય, પરંતુ તેનું અતિ-રાષ્ટ્રવાદી રેટરિક એક સંપ્રદાય બની ગયું. તે ભારતના એક મોટા વર્ગના માનવા માંગતા હતા તે વાતનો પડઘો પાડે છે કે ખલનાયકોને હરાવી શકાય છે અને ભારત ગર્જના કરી શકે છે. આમ પણ મેહુલ કુમારની ગણતરી એવા ફિલ્મ નિર્માતાઓમાં થવી જોઈએ જેમણે દેશભક્તિને જનતા સુધી પહોંચાડી. તેમની પછીની ફિલ્મ ક્રાંતિવીરે (૧૯૯૪) આગળ




વધીને ભ્રષ્ટાચાર અને સાંપ્રદાયિકતા પર આકરી ટિપ્પણી કરી. મુખ્ય પ્રવાહની રૂઢિઓ અને મોટા સ્કેલ સાથે, મેહુલ કુમારે દેશભક્તિને તે સિંગલ-સ્ક્રીન સિનેમાની પહેલી હરોળમાં પહોંચાડી.

૧૯૭૦ના દાયકાની ફિલ્મ 'હિન્દુસ્તાન કી કસમ' જેનો મુખ્ય વિષય હવાઈ યુદ્ધ હતો. તે ભારતીય વાયુસેનાને




સિનેમેટિક રીતે દર્શાવતી પ્રથમ ભારતીય ફિલ્મોમાંની એક હતી. મધર ઈન્ડિયા (૧૯૫૭) પણ જેને ઘણીવાર સામાજિક




નાટક ગણવામાં આવે છે તે ફિલ્મ પણ તેના નૈતિક માળખામાં ખૂબ જ દેશભક્તિ બતાવતી ફિલ્મ છે. માતાનો પોતાના બળવાખોર પુત્રને ગોળી મારવાનો નિર્ણય પણ એક મેસેજ છે રાષ્ટ્ર પહેલાં અને લોહી પછી.

રાષ્ટ્ર ફક્ત કાયદાઓ અને નેતાઓથી બનતું નથી તે કલ્પનાથી બને છે, કળાથી બને છે, ફિલ્મો અને સ્પોર્ટ્સથી બને છે. ભારતીયોની દરેક પેઢીએ એક એવી ફિલ્મ જોઈ છે જેણે તેમના માટે 'ભારત' ના અર્થને ફરીથી વ્યાખ્યાયિત કર્યો છે. શહીદની બહાદુર વિધવાથી લઈને 'હકીકત' ના રડતા છોકરા સુધી, 'રંગ દે બસંતી' ના બળવાખોર ડીજેથી લઈને 'ઉરી' ના દઢ સૈનિક સુધી ભારતીય સિનેમાએ દરેક સ્વરૂપમાં દેશભક્તિ દર્શાવી છે. જેમાં દુઃખ, ગુસ્સો, આશા, રમૂજ અને પ્રેમ સહિત બધા રંગો સામેલ છે.

આઝાદીના અમૃતકાળની ઉજવણી કરતી વખતે એ યાદ રાખવું જરૂરી છે કે સિનેમાએ સ્વતંત્રતાની મહેક આપણાં સૌ સુધી પહોંચાડી છે. ફી





અસલ રાંદેરના જુના અને જાણીતા હાડવૈદ®

# ક્યોર ક્લીનીક

AN ISO 9001:2015 & 45001:2018 Certified Clinic



# ડો. ઈસ્માઈલભાઈ લાલા

- એમ.ડી (હર્બલ) રજી. આઈ.ડી, નં. ડી.એન.એસ.આઈ ગુજરાત - ૩૭૦૬/૨૦૧૩
- ડી.ઈ.એચ.એમ / ૨૦૧૬
- ડી.ઓ.એમ રજી. નં. એ-૩૦૧૦૧
- એન.ડી. આઈબીએએમ / આર.એમ.પી. એ-૨૨૨૪૦
- ડી.બી.ટી. રજી. નં. ૨૯૭૨૭
- ડી.સી.એચ.ટી રજી. નં. ૨૯૭૨૮
- ડી.એન.વાય.એસ. રજી. નં. ૪૯૬૬૦૫
- મેમ્બર ઓફ : FICCM, મેમ્બર ઓફ આયુષ, A, FWSIM (USA)
- મેમ્બર ઓફ : આયુષ ડોકટર અને પેરા મેડિકલ એસોસિએશન
- એડવાન્સ ન્યુટ્રીશન થેરાપી : લિંકન યુનિવર્સીટી, મલેશીયા.
- અસાધ્ય અને પીડા દાયક રોગોના ન્યુટ્રીશન અને પેઈન મેનેજમેન્ટ નિષ્ણાત



:: સ્પેશ્યલ નિષ્ણાંત ::

સર્વાઈકલ સ્પોન્ડિલોસિસ, લમ્બર-સ્પોન્ડિલોસિસ, એન્કીલોઝિંગ સ્પોન્ડિલાઈટિસ, ફ્રોઝન-શોલ્ડર જોઈન્ટ, રુમેટોઈડ સંધિવા, અસ્થિવા, અસ્થિભંગ, કેટલાક હાડકાં તૂટવા, હાડકામાં બહુવિધ ઈજાઓ, સાંધાઓનું અવ્યવસ્થા, જૂના દુખાવા અને અસ્થિભંગમાં કોઈ પણ પ્રકારની શારીરિક પીડા વિકલાંગ શરતો



**કન્સલ્ટન્ટ બોન સ્પેશિયાલિસ્ટ અને નેચરોપેથીસ્ટ, ઓપરેશન વગર સારવાર, સારવાર સરળતાથી હાડકાના સેટિંગ દ્વારા અને સર્જરીની તમામ મુશ્કેલીઓ અને પીડાને ટાળીને પૂરી પાડી શકાય છે.**

## હાડ વૈદ્ય

આ એક ઝડપથી વિકસતી અને ઓપરેશન વગર હાડકાના દર્દીને સાજા કરતી મેડીકલ ઉપચાર પધ્ધતી છે કે જેમાં બહુ જ ઓછા દર્દ સાથે અને સહેલી રીતે હાડકાઓ ફરી પાછા પોતાની નોર્મલ સ્થિતીમાં લાવે છે. ઓપરેશન વગર હાડકાના રોગોની સારવાર હોવાને કારણે આ પધ્ધતિ દ્વારા દર્દને પોતાના શરીર-સાંધા અને હાડકાની મુળભૂત અવસ્થા મળે છે. હાડકા-સાંધાની સારવારની આ પધ્ધતિ એક એવી પધ્ધતિ છે કે જે સર્જરી-કાપકૂપ દ્વારા થતી નુકસાનકારક અને જેને ફરી કયારેય સારી નથી કરી શકાતી તેવી ખોડ-ખાપણથી બચાવે છે. હાડવૈદ આજે હાડકાના રોગોની સારવારમાં એક અગત્યનો અને અમૂલ્ય ફાળો આપે છે.

## હાદવૈદ્ય દ્વારા થતી સારવાર

ગરદનના મણકાનો દુ:ખાવો, મણકાની ગાદીની તકલીફ, દરેક જાતના વા, સાંધાના દુ:ખાવા, હાડકાનું ભાંગી જવું, સાંધા ઉતરી જવા, ગાદી ખસી જવી, કમરના મણકાનો દુ:ખાવો, ખભો રહી જવાની તકલીફ, સાંધાનો ઘસારો, ઘણા બધા હાડકાનું એક સાથે ભાંગી જવું, તૂટી ગયેલા હાડકાના જુના દુ:ખાવા, ખોડ-ખાપણના દર્દીની તકલીફ


ઉપરોકત દરેક રોગની સારવારળ સરળ અને પીડા મુકત રીતે સાંધા અને હાડકાઓની મુળભૂત અવસ્થામાં લાવી ઓપરેશન વગર કરવામાં આવે છે.

## અડાજણ કિલનીક

**એલ-૬/૮, શાકુંતલ કોમ્પલેક્ષ, સંઘવી ટાવર પાસે, અડાજણ રોડ, સુરત.** Ph. 0261-2786055, 2785055

સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦

(રવિવારે ચાલુ શુક્રવારે બંધ રહેશે.)



## રાંદેર કિલનીક

**જી-૧, અમન એપાર્ટમેન્ટ, નાની પારસીવાડ, રાંદેર, સુરત.** Ph. 0261-2776055

સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦

રવિવારે : સાંજે ૪.૦૦ થી ૬.૦૦ ગુરૂવારે બંધ રહેશે

M. 98241 82055 / 97126 55055

આ સિવાય અમારી બીજી કોઈ શાખા નથી.

■ ફીલિંગ્સ ટીમ



ભારત ભાગ્ય વિધાતા

# 'એપિક ગુજરાત ફેશન શો'માં મિસિસ અને મિસ ગુજરાત બનેલ સૈન્ય પરિવારની વીરનારીઓ...

**તેરી આરઝૂ બહુંત હૈ, તેરા ઈંતજાર કમ હૈ,**
**યે વો હાદસા હૈ જિસ પે મેરા ઈખ્તિયાર કમ હૈ.**

જનાબ વસિમ બરેલવીએ એમની આ સરળ વાતમાં મનોવિજ્ઞાન અને આધ્યાત્મિકનો નિચોડ આપી દીધો છે. બીજી એક બહુ જ સૂચક વાત તેમણે એ કરી છે કે, જો તમારા જીવનમાં શરૂઆતથી સકારાત્મકતા સામેલ થઈ જાય તો તમારા ચહેરા પરનું હાસ્ય કયારેય વિલીન નહીં થાય. જીવનમાં સકારાત્મકતા એટલે નકારાત્મકતાની ગેરહાજરી નહીં પણ તેનો સામનો કરવાની ક્ષમતા. આલ્બર્ટ આઈનસ્ટાઈને પણ આ અંગે એકવાર સરસ વાત કરી હતી કે, 'નકારાત્મક વ્યક્તિ પાસે દરેક સમાધાન માટે સમસ્યા હોય છે. જ્યારે સકારાત્મક વ્યક્તિ ગમે તેવી અઘરી સમસ્યામાં પણ સમાધાન શોધી કાઢવા આશાવાદી હોય છે.'

ત્યારે આવતી કાલની ઉજળી આશાના સહારે જીવતરના તોફાની ઝંઝાવાતમાં ફસાયેલ પોતાની જીવનનૌકાને મિસિસ ગુજરાતની મંજિલ સુધી પહોંચાડનાર સૈનિક પરિવારની બે વીરનારીઓ શ્રીમતી જાનકી સોની અને પ્રીતિ જોશીનો પરિચય આ રહ્યો...

શ્રીમતી જાનકી સોનીના પતિ જમ્મુ અને કાશ્મીરમાં ડોડા ખાતે પોતાની ફરજ પર હતા ત્યારે એક ફિઝિકલ ટ્રેનિંગ દરમિયાન હાર્ટ એટેક આવતાં તેઓનું અવસાન થયું હતું. એકદમ યુવાનવયે પતિની છત્રછાયા ગુમાવ્યાનો આ કારમો આઘાત જાનકીબેનને જાણે અંદરથી મજબૂત બનાવી ગયો. નાની ઊંમરમાં પરિવારનું પાલન-પોષણ તથા પુત્ર આરૂષના ઉછેરની જવાબદારીનો બોજ પરંતુ મનની મક્કમતા, મમ્મી-પપ્પાની હૂંફ એવમ્ સકારાત્મક સોચના લીધે સહજતાથી વહન કરવા તેમણે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીમાં નોકરી સ્વીકારી હતી.

શહીદ સૈનિકના પરિવારો અને એમની પત્નીઓને (વીરનારીઓ) સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ ઘર-બેઠા મળી શકે તે માટે તેઓ સતત સક્રિય રહી આ પુણ્ય કાર્ય કરતાં રહે છે. પોતાના જેવી બીજી વીરનારીઓ પણ અભ્યાસ અને તાલીમ દ્વારા પોતાની કુશળતાનો વિકાસ કરી આત્મ સન્માનથી આગળ વધે તે માટે જાનકીબેન સતત પ્રયત્નશીલ રહે છે.

સામાન્ય રીતે સૌન્દર્ય સ્પર્ધાઓને લોકો ગ્લેમર સાથે જોડે છે પરંતુ વડોદરામાં તાજેતરમાં યોજાઈ ગયેલ એપિક ગુજરાત ફેશન શો એ સાબિત કર્યું કે રેમ્પ વોક એ શૈલી સાથે સંવેદનાનો પણ મંચ બની શકે છે જ્યાંથી દેશ માટે બલિદાન આપનાર સૈનિકોના પરિવારજનોની મનની વાતો લોકો સુધી પહોંચે. આ સ્પર્ધામાં શ્રીમતી જાનકી સોનીએ રેમ્પ વોક કરી 'મિસિસ ગુજરાત'નું ટાઈટલ જીત્યું હતું. પોતાનો આ વિજય તેમણે દેશ માટે બલિદાન આપનાર શહીદોની પત્નીઓ વીરનારીઓને સમર્પણ કર્યો હતો.

એ જ રીતે હવાઈદળના સ્વ.પંકજભાઈ જોશીની પુત્રી પ્રીતિ જોશીએ પણ 'મિસ ગુજરાત'નો ખિતાબ જીતી પિતાના દુ:ખદ અવસાનને આત્મબળમાં પલટાવી પોતાની જીવન સફરને એક નવી ઊંચાઈ બક્ષી છે. પિતાશ્રીના અવસાન પછી ઘણાં લાંબા સમય સુધી પોતાની લાઈફ ડિસ્ટર્બ રહી હોવા છતાં આ સફળતાનો શ્રેય પિતાજીના સ્વપ્નને પોતે જીવી રહી હોવાનું જણાવી સ્વર્ગસ્થ પિતાને તેમણે આપ્યો હતો.

આ સ્પર્ધાનું આયોજન શ્રીમતી શ્વેતા પ્રજાપતિ અને શ્રી મિલન વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિવૃત્ત લેફ્ટનન્ટ કર્નલ અને વડોદરા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન અધિકારી ડો. કમલપ્રીત સાગ્ગીએ ઉપસ્થિત રહી ઉપયોગી માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આવો મંચ સૈનિક પરિવારોની મહિલાઓમાં છૂપાયેલ ક્ષમતા બહાર લાવી તેમની આત્મશક્તિ અને જીવન મૂલ્યોને સમગ્ર સમાજ માટે ઉદાહરણરૂપ બનાવે છે. સાચું સશક્તિકરણ એ છે, જ્યારે વ્યક્તિ પોતાનો મંચ બીજાને ઉત્થાન આપવા માટે ઉપયોગમાં લે.

આ 'એપિક ગુજરાત ફેશન શો' આજે એક પગથિયું ઉપર ચઢી ગયો જ્યાં સૌન્દર્ય, સંવેદના અને સન્માનનો સંગમ દેખાય છે. અને અંતે વસિમ સાહેબની સકારાત્મતાને યાદ કરી લઈએ...

હાદસોં કી જદ પે હૈં તો મુસ્કુરાના છોડ દેં?
જલજલોં કે ખૌફ સે ક્યા ઘર બનાના છોડ દેં?

stb.bags

stbbags

Stb.bagS
CONCEPT BY SHYAM THELI BHANDAR

Uni Walk

SHYAM THELI BHANDAR

City : Munshi Khancha, Laheripura, Vadodara - 01. Ph. : (0265) 2427793, 9227949011
Alkapuri : Siddharth Complex, Next to Express Hotel, Vadodara - 05. Ph. : 9227639211
Website : www.stbbags.com | E-mail : hitesh@stbbags.com
(M) : 9227889211, 9227779211

Our Ventures

STBBAGS Trading Co.
First Floor, Bibla Complex, Munshi Khancha, Laheripura
Vadodara-01

SHIV ENTERPRISE
Munshi Khancha, Laheripura,
Vadodara - 01

Samsonite
Branch 1: Ground Floor, Opp. Sbi Bank, Nr. Shrenik Park Cross Roads(Cow Circle), Haveli Road, Akota, Vadodara-20
Branch 2: Gf-18, Ground Floor, Eva Mall, Manjalpur, Vadodara-11

AMERICAN TOURISTER
SINCE 1933
Branch 1: First Floor, Opp. Sbi Bank, Nr. Shrenik Park Cross Roads(Cow Circle), Haveli Road, Akota, Vadodara-20
Branch 2: 7 Seas Mall-Fatehgunj, Vadodara-02
Branch 3: First Floor, 09, Nilamber Triumph, Gotri - Vasna Rd, Vadodara-21

SCHOOL BAGS, OFFICE BAGS, TRAVELING BAGS, COLLEGES, LADIES PURSE,
BRANDED LUGGAGE BAGS
CORPORATE GIFTS, CONFERENCE BAGS, COMPLIMENTARY ITEMS

:Authorised Distributors:
Samsonite, American Tourister, Lavie, High Sierra,
Lipault, Kamiliant & many more



સૌરભ શાહ

નવી દિશા - નવી ખોજ
ભારત ભાગ્ય વિધાતા




# સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં ભૂલાઈ ગયેલ આ જૈન સપૂતોને શત્ શત્ નમન

હિન્દુસ્તાન એટલે વિવિધતામાં એકતાની પ્રતીતિ કરાવનારો દેશ. વિવિધ ભાષા, ધર્મ, જાતિઓની ભરમારમાં પણ મોતીની માળાની જેમ ભારતીયતાના એક તાંતણે બંધાયેલો દેશ. આધ્યાત્મિકતાની પવિત્ર ઊર્જા પથરાવનાર ઈશ્વરતત્વ અહીં જ પ્રગટ થાય છે અને વિશ્વને સાચા સુખની રાહ બતાવે છે. આવા મહાન દેશને પણ આશરે પોણા બસ્સો વર્ષની અંગ્રેજોની પ્રત્યક્ષ ગુલામી વેઠવી પડેલી. એ ગુલામીના બંધનમાંથી ભારતને મુક્ત કરાવવા માટે પોતાનું જીવન દાવ પર લગાડીને કુરબાન થનારાઓના નામ આજે અમર છે. તેમ છતાં મહાત્મા ગાંધી, સુભાષબાબુ, ભગતસિંહ, સરદાર પટેલને બાદ કરતાં સ્વતંત્રતા સંગ્રામના ઘણાં-બધાં અજાણ્યા રાષ્ટ્ર ભક્તોને આજની ફિલ્મ અને ક્રિકેટની ચાહક પેઢી ભૂલી ચૂકી છે.

ત્યારે આજે એવા સ્વાતંત્ર્યવીરોને યાદ કરીએ. જેઓ જન્મે જૈનધર્મી હતાં. ભગવાન મહાવીરના ઉપાસક હતા અને દ્રઢતાથી અહિંસા પ્રેમી હતાં. છતાં રાષ્ટ્ર માટે બલિદાન આપવામાં એમણે પાછું વળીને જોયું ન હતું.

જરા આંખ મે ભર લો પાની, યે અનસુની હૈ કહાની.

## પ્રથમ શહીદ લાલા હુકુમચંદ જૈન



૧૮૧૬માં હાંસી (હિસ્સાર,હરિયાણા) માં જન્મેલા લાલા હુકુમચંદજી જૈન મોગલ બાદશાહ બહાદુરશા જાફરના ખૂબ માનીતા હતા. સાત વર્ષ સુધી મોગલ રાજાના રાજમહેલનો વહીવટ સંભાળ્યા બાદ તેમને બાદશાહે સ્વયં હિસ્સાર ક્ષેત્રની જવાબદારી સોંપી હતી. તેઓ આ કર્તવ્ય નિભાવતા હતાં. ૧૮૪૧ આસપાસ આ ક્ષેત્ર મોગલ બાદશાહની અંગ્રેજો સામે હાર થવાથી અંગ્રેજોના કબજામાં આવ્યું. તેમ છતાં આ ક્ષેત્રનો તમામ રાજકીય વહીવટ તો લાલા હુકુમચંદના હાથમાં જ રહ્યો. ૧૮૫૭માં ભારતની સ્વતંત્રતાના પ્રથમ વખતના સંગ્રામમાં અંગ્રેજો વિરુદ્ધ લાલા હુકુમચંદજી તથા વિશ્વસનીય મુસ્લિમ સાથી મિજી મુનિર બેગ દ્વારા લખાયેલ પત્ર અંગ્રેજોના હાથમાં આવી ચડ્યો. પરિણામે ગુપ્ત રીતે અચાનક તે બંનેની ધરપકડ થઈ. ટૂંકી કોર્ટ કાર્યવાહી કરીને બંનેને લાલા હુકુમચંદજીની હવેલી સામે ૧૯-૧-૧૮૫૭ના રોજ અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી.

આઝાદીના જંગની આ સૌ પ્રથમ ફાંસી હતી. જે એક જૈન શ્રાવક ધર્માત્માને થઈ હતી. દુ:ખદ વાત એ છે કે અંગ્રેજોએ લોકોની ભાવનાની ક્રૂર મજાક કરીને તેમના શબને જમીનમાં દફનાવી દીધું અને મિજી મુનીર બેગના શબને અગ્નિસંસ્કાર કરાવી દીધા. લાલા હુકુમચંદને જ્યારે ફાંસી થઈ ત્યારે તેમનો મોટો દીકરો આઠ વર્ષનો અને નાનો દીકરો માત્ર ૧૯ દિવસનો હતો. આ બંનેને તેમની માતા રાતો-રાત ભગાડીને ગુપ્ત સ્થળે લઈ ગઈ હતી. આ ફાંસી બાદ અંગ્રેજોએ આ શહીદ દેશભક્તની સંપૂર્ણ

મિલકત જપ્ત કરી. જેમાં ૯૦૦૦ એકર તો જમીન હતી, ૪ કિલો સોનાના અને ૩૨૫ કિલો ચાંદીના સિક્કા હતાં. ૧૯૬૧માં હિસ્સારમાં અમર શહીદ લાલા હુકુમચંદ પાર્ક બનાવી તેમાં તેમની પ્રતિમા મૂકીને સ્મૃતિ સાચવવામાં આવી છે.

## સૌથી બાળ શહીદ ફકીરચંદ જૈન

માત્ર ૧૩ વર્ષનો આ દીકરો ઉપર જણાવેલ લાલા હુકુમચંદનો ભત્રીજો હતો. જે કાકા સાથે અંગ્રેજોની વિરુદ્ધ કામ કરતાં પકડાયો હતો, પણ કોર્ટે તેને નિર્દોષ છોડી મૂકેલ. જ્યારે પોતાના કાકાને એમના ઘર સામે જ ફાંસી અપાઈ રહી હતી ત્યારે ચિક્કાર ભીડની સામે આ ૧૩ વર્ષનો બાળક ખુન્નસ ભરી નજરે સમસમીને જોઈ રહ્યો હતો અને એની આંખના આ ખુન્નસના બદલામાં કોર્ટની પરવાનગી વિના તત્ક્ષણ તેને પકડીને તેના કાકા પછી તરત જ તેને ફાંસીના માંચડે લટકાવી દેવાયો. માત્ર ૧૩ વર્ષની વયે શહીદ થનાર ફકીરચંદ આઝાદીના સંગ્રામમાં સૌથી નાની વયે ફાંસીના માંચડે ચડી જનાર નરવીર હતો.

## શ્રી અમીરચંદજી બાંઠીયા



ગ્વાલિયરના ધનાઢ્ય અને ધર્મનિષ્ઠ જૈનશ્રાવક અમીરચંદજી બાંઠીયા ત્યાંના રાજાના અખૂટ ધનભંડાર 'ગંગાજલી' ના કોષાધ્યક્ષ હતાં. આ ખજાનામાં આખું ભારત ખરીદી શકાય તેટલું ધન હતું. ૧૮૫૭ની ચળવળમાં અંગ્રેજો સામે લડત આપનાર તાત્યા ટોપે, વીરાંગના લક્ષ્મીબાઈ જેવા ક્રાંતિવીરોની આખી સેનાનાં બધા સૈનિકોના પાંચ-પાંચ મહિનાના પગાર, શસ્ત્રો, ભોજન, સ્વાસ્થ્ય સુવિધા આ વીરમાણસે ગંગાજલિ કોષમાંથી આપ્યું હતું. બસ અંગ્રેજોના વિરોધીઓને ધન આપવાના આરોપસર તેમને ૨૨-૬-૧૮૫૮ના રોજ તેમના ઘર સામે લીમડાના ઝાડ પર ફાંસી આપવામાં આવી અને ત્રણ દિવસ સુધી તમેનું શબ ત્યાં જ લટકતું રાખ્યું! આઝાદી બાદ એ જ વૃક્ષ નીચે તેમની સ્મૃતિ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.

## શ્રી અયોધ્યાપ્રસાદ ગોયલ

તેજાબી ભાષણો દ્વારા ભારતીય પ્રજાના હૃદયમાં દેશભક્તિ પેદા કરનારા શ્રી અયોધ્યાપ્રસાદ ગોયલનો જન્મ ૭-૧૨-૧૯૦૨ના હરિયાણાના બાદશાહપુરમાં થયેલો. તેઓ દિલ્હીના ચાંદની ચોકમાં ચિક્કાર જનમેદનીને આગઝરતું ભાષણ કરતાં પકડાયા અને અંગ્રેજ સરકારે તેમને ત્રણ વર્ષની સજા કરી. ચુસ્ત જૈન આ ક્રાંતિકારીએ જેલમાં છ મહિના માત્ર રોટલી, મીઠું અને પાણીથી ચલાવ્યું. કારણ કે ત્યાં શાક કંદમૂળ આવતું હતું જે જૈન ધર્મના નિયમ મુજબ ત્યાજ્ય છે. આખરે છ મહિના પછી જેલના અધિકારીઓએ તેમના માટે અલગ શાક બનાવવાનું શરૂ કર્યું હતું.

## શ્રી અર્જુનલાલ શેઠી



૯/૯/૧૮૮૦માં જયપુર ખાતે જન્મેલ સાવ ગરીબ પરિવારના આ જૈન શ્રાવકને ૧૯૧૪માં વાઈસરોય લોર્ડ હાર્ડિંગ પર બોમ્બ ફેંકવાના ષડયંત્રમાં સામેલ હોવાના આરોપ હેઠળ જેલની સજા થઈ. જ્યારે મદ્રાસ પાસેની વેલ્લુર જેલમાં તેમને લઈ જવાયા ત્યારે ચુસ્ત જૈનધર્મી આ ક્રાંતિકારીએ પરમાત્માના દર્શન વિના ભોજન ન કરવાની પોતાની દૃઢ ટેક પાળી રાખી. પરિણામે તેમને પૂરા ૫૫ (પંચાવન) દિવસ સુધી સળંગ ઉપવાસ કરવા પડ્યા. આખરે અંગ્રેજ સરકારે તેમને જેલમાં ભગવાન લાવવાની છૂટ આપતાં સ્વતંત્રતાસેનાની ભગવાનદાસ છેક જયપુરથી ભગવાન લઈ આવ્યા અને તેમને પારણાં કરાવ્યા. ચંદ્રશેખર આઝાદ જેવા સુપ્રસિદ્ધ ક્રાંતિકારીને ગુપ્ત સ્થળ પર છુપાવવાની જવાબદારી પણ તેઓ અદા કરતાં હતાં. અત્યંત ગરીબીમાં જીવન જીવીને તેમણે કરેલી આ રાષ્ટ્રસેવા અને ધર્મદ્રઢતા અવશ્ય સ્મરણીય રહેશે.

## શ્રી સાતાપ્પા તોપન્નાવર

કર્ણાટકના બેલગામ જિલ્લાના નાનકડા ગામમાં જન્મેલા જૈન ખેડૂત પરિવારના સાતાપ્પા તોપન્નાવર એક જોશીલા દેશ ભક્તિવાન હતાં. ૧૯૧૪માં જન્મેલા આ ક્રાંતિકારી દ્વારા રાષ્ટ્રસેવાના વિવિધ ગુપ્ત કાર્યો થતા રહેતા પણ મુખ્યત્વે જાહેર સરઘસોમાં લીડરશિપ લઈને પ્રજામાં જોશ પેદા કરવાનું અઘરું કાર્ય તેઓ અવશ્ય કરતાં. એ જ રીતે સન ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલનના સમર્થનમાં નીકળેલા તિરંગા સાથેના સરઘસમાં સૌથી મોખરે 'જય હિન્દ'ના નારા બોલાવતા આ વીર સપૂતે અંગ્રેજોની બંદૂકની ગોળી સામી છાતીએ ઝીલી રાષ્ટ્રના ચરણે પોતાના જીવનની આહુતિ અર્પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, **'સ્વતંત્રતા સંગ્રામમેં જૈન'** નામના શ્રી કપૂરચંદજી અને શ્રીમતી જ્યોતિદેવી દ્વારા લખાયેલ પુસ્તકમાં તો ૫૦૦થી વધુ ક્રાંતિકારીઓ અને ૨૦ શહીદોના નામ અને જીવન આલેખાયા છે. આ વીર સપૂતોના લોહીથી સિંચાયેલી આઝાદીને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના પવિત્ર નિયમોના પાલન દ્વારા દીપાવશું એ જ આ સપૂતોને સાચી શ્રદ્ધાંજલિ લેખાશે. ફી

૧૮૫૭ની જનક્રાંતિથી શરૂ થયેલો ભારતીય સ્વતંત્રતા સંગ્રામ ૧૯૪૭ સુધી ચાલુ રહ્યો. આ સ્વતંત્રતા સંગ્રામમાં ઘણા જૈન દેશભક્તોએ જેલના ત્રાસ, પોલીસના લાઠીચાર્જનો માર સહન કર્યો અને હસતાં મોઢે મૃત્યુને ભેટીને શહીદી વહોરેલ. જોકે આપણો જૈન ધર્મ અહિંસા પર આધારિત છે. પરંતુ જ્યારે પણ રાષ્ટ્રનું સન્માન દાવ પર લાગે છે, ત્યારે જૈન ધર્મના અનુયાયીઓ ક્યારેય પાછળ રહ્યા નથી. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં કેટલાય જૈન સ્ત્રી-પુરુષોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું તેમના નામ નીચે જણાવેલ છે.

૧. મોતીચંદ શાહ જૈન, સોલાપુર(મહારાષ્ટ્ર) માર્ચ, ૧૯૧૫
૨. સિંઘાઈ પ્રેમચંદ જૈન, દમોહ (M.P.) ૯ મે, ૧૯૪૧
૩. વીર ઉદયચંદ જૈન, મહારાજપુર (M.P.) ૧૬ ઓગસ્ટ, ૧૯૪૨
૪. સાબુલાલ જૈન બૈસાખિયા, સાગર (M.P.) ૨૪ ઓગસ્ટ, ૧૯૪૨
૫. નાથાલાલ શાહ જૈન, અમદાવાદ (ગુજરાત) ૯ નવેમ્બર, ૧૯૪૩
૬. કુ. જયવતી સંઘવી જૈન, અમદાવાદ (ગુજરાત) ૫ એપ્રિલ, ૧૯૪૩
૭. અન્ના પત્રાવલે, જૈન, સાંગલી (મહારાષ્ટ્ર) ૨૪ જુલાઈ, ૧૯૪૩
૮. મગનલાલ ઓસવાલ, જવારા (M.P.) ૨૩ ડિસેમ્બર, ૧૯૪૫
૯. ભૂપાલ અંકુર જૈન, કોલ્હાપુર (મહારાષ્ટ્ર) ૧૯૪૫
૧૦. કાંધીલાલ જૈન, સિલાઉન્ડી (M.P.) ૧૫ સપ્ટેમ્બર ૧૯૩૦
૧૧. મુલાયમચંદ જૈન, જબલપુર (M.P.) ૧૯૪૨
૧૨. ચૌ. ભૈયાલાલ જૈન, દમોહ (M.P.)
૧૩. ચૌથમલ ભંડારી, ઉજ્જૈન (M.P.) ૨૨ જુલાઈ, ૧૯૪૩
૧૪. ભારમલ જૈન, કોલ્હાપુર (મહારાષ્ટ્ર) ૧૩ ડિસેમ્બર, ૧૯૪૨
૧૫. હરિચંદ્ર દગડોવા, પરભણી (મહારાષ્ટ્ર) ૧૯૪૬



# નાનકડા બીજમાંથી વટવૃક્ષ બનેલ
# આર.એસ.એસ.ની રોમાચંક સફર...

તારીખ ૨૭ સપ્ટેમ્બર ૧૯૨૫ના રોજ માત્ર ૨૬ સ્વયંસેવકોની હાજરીમાં નાગપુર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરનાર ડૉ. કેશવ બલિરામ હેડગેવારને ત્યારે કદાચ કલ્પના પણ નહીં હોય કે RSS નામનું આ નાનકડુ બીજ ભવિષ્યમાં રાષ્ટ્રીય અસ્મિતાનું વિશાળ વટવૃક્ષ બની હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ તથા હિન્દુ સમાજનું સંરક્ષણ કરી હિન્દુ રાષ્ટ્રનો રાજમાર્ગ તૈયાર કરનારું બની રહેશે.

સંસ્થાની સ્થાપનાના છ મહિના સુધી સંગઠનને કોઈ વિધિવત્ નામ અપાયું ન હતું પરંતુ ૨૬ એપ્રિલ ૧૯૨૮ના રોજ 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' (RSS) એવું વિધિવત નામાભિધાન કરાયું હતું. ઈ.સ.૧૯૨૯માં તેની કાર્યપદ્ધતિ નક્કી કરી અને સંસ્થાપક ડૉ. હેડગેવારને સર સંઘચાલકનું પદ તેમજ બાળાજી હુદ્દારને સરકાર્યવાહ (જનરલ સેક્રેટરી) તથા માર્તંડરાવ જોગને સરસેનાપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતાં.

ઈ.સ.૧૯૩૬માં નાગપુર શહેરની બહાર જંગલથી ઘેરાયેલ રેશમબાગ વિસ્તારમાં RSSનું હેડક્વાર્ટર શરૂ કરવામાં આવ્યું હતું. ઈ.સ.૧૯૩૬માં તેની મહિલા વિંગ 'રાષ્ટ્ર સેવિકા સમિતિ'ની સ્થાપના લક્ષ્મીબાઈ કેળકર દ્વારા કરવામાં આવેલ. ગાંધીજી દ્વારા ૧૯૩૦નો નમક સત્યાગ્રહ, ૧૯૩૧માં અસહકારનું આંદોલન તથા જંગલ સત્યાગ્રહમાં આ સંગઠને ભાગ લીધો હતો. ત્યારપછી ખિલાફત આંદોલન વખતે આ સંગઠનના કોંગ્રેસ સાથેના સબંધોમાં ઓટ આવવા માંડી અને હિન્દુ મહાસભાની વિચારસરણી પ્રત્યે સંગઠન વધુ ઢળતું ગયું.

૩૦ જાન્યુ. ૧૯૪૮ના રોજ મહાત્મા ગાંધીની હત્યા પછી હત્યાના કાવતરામાં આર.એસ.એસ.ની સંડોવણીના આરોપસર ફેબ્રુ. ૧૯૪૮માં આ સંગઠન પર સરકાર દ્વારા દેશવ્યાપી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઘણાં બધાં સ્વયંસેવકોની ધરપકડ પણ કરાઈ હતી. જેનો સંગઠન દ્વારા દેશવ્યાપી વિરોધ થતાં ૧૧ જુલાઈ ૧૯૪૯ના રોજ સરકારે આ પ્રતિબંધ ઉઠાવી લીધો. ૧૯૭૫માં દેશમાં લાદેલ કટોકટીના વિરોધમાં RSS દ્વારા સત્યાગ્રહ ઝૂંબેશ થયેલ. પરિણામે બહુ મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ ધરપકડ વહોરી હતી.


૧૯૨૫માં સંગઠનની સ્થાપના પછી ઘણાં લાંબા સમય સુધી તેનું બિનરાજકીય સ્વરૂપ અકબંધ હતું પરંતુ તેના કેટલાક કાર્યકરો હિન્દુ મહાસભા અને જનસંઘ જેવા હિન્દુત્વવાદી રાજકીય પક્ષોની પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યાં હતાં.

૧૯૪૭માં પાકિસ્તાને કાશ્મીર પર કરેલ આક્રમણ વખતે, ૧૯૫૪માં ગોવાના મુક્તિ સંગ્રામ, ૧૯૫૫માં પંજાબમાં આવેલ પૂર, આંધ્રપ્રદેશમાં આવેલ ભયંકર વાવાઝોડુ, ૧૯૫૬માં આવેલ કચ્છમાં ધરતીકંપ, ૧૯૭૯માં મોરબીમાં મચ્છુડેમ હોનારત, જાન્યુ. ૨૦૦૧માં વિનાશક ભૂકંપ વખતે બચાવ અને રાહતકાર્યમાં RSSની મહત્વની ભૂમિકા રહી હતી. તદ્ઉપરાંત રામજન્મ ભૂમિ તથા કાશ્મીરમાંથી ૩૭૦ની કલમને દૂર કરાવવા જેવા આંદોલનોમાં પણ સંઘનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

આઝાદી સમયે ભારત-પાકિસ્તાન વિભાજન વખતે હજારો નિરાશ્રિતોને રાહત શિબિરોમાં ઠરીઠામ કરવામાં પણ સંગઠનના સ્વયંસેવકોની પ્રશંસનીય કામગીરી રહેલી. આમ રાષ્ટ્રભક્તિ, હિન્દુત્વ તરફ અપાર નિષ્ઠા એવમ્ કઠોર શિસ્તબદ્ધતા RSSની આગવી ઓળખ છે. સંગઠનના સ્થાપનાકાળથી અત્યાર સુધીમાં તેના સરસંઘ સંચાલક તરીકે સેવાઓ બજાવનારા આ મહાનુભાવોને પણ અચૂક યાદ કરવા પડે તેમ છે. જેમાં કેશવ બલિરામ હેડગેવાર, માધવ સદાશીવ ગોળવલકર (ગુરુજી), મધુકર દત્તાત્રય (બાળાસાહેબ) દેવરસ, રજ્જુ ભૈયા (પ્રો. રાજેન્દ્રસિંહજી), કે. સુદર્શનજી તથા પ્રવર્તમાન સેવારત આદરણીય શ્રી મોહન ભાગવતજીનો સમાવેશ થાય છે. દત્તાત્રેય હોસબોલે તેમજ સુરેશ સોનીની આજદિન સુધીના સંગઠનને આપેલ સેવાઓની પણ આદરપૂર્વક નોંધ લેવી પડે તેમ છે.

આજે એક અંદાજ મુજબ દેશ અને દુનિયામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૫૦થી ૬૦ લાખ જેટલા શિસ્તબદ્ધ અને સેવાભાવી કાર્યકરો ભારતવર્ષને સશક્ત બનાવવા કામ કરી રહ્યા છે.

સંઘનું મુખ્ય કાર્ય મનુષ્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું છે. સંઘનો કાર્યકર હવે સફેદ શર્ટની સાથે ખાખી પેન્ટમાં જોવા મળે છે. આપણાં પૂર્વ વડાપ્રધાનશ્રી બાજપાઈજી તથા વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી પણ સંઘ પ્રચારકમાંથી રાષ્ટ્રને મળેલા તેજસ્વી નેતાઓ છે. ઉપરાંત RSSની પ્રાર્થના 'નમસ્તે સદા વત્સલમ માતૃભૂમે' ૯૯ વર્ષથી શાખાઓમાં તથા 'વંદે માતરમ્' ગીત સંપૂર્ણ આદરપૂર્વક ગવાય છે. ચાલુ વર્ષે વિજયા દશમીથી સંઘનું શતાબ્દી વર્ષ શરૂ થશે ત્યારે લોકજાગૃતિ અર્થે સંઘના પંચતંત્ર જેવા પાંચ મુદ્દાઓ સામાજિક સમરસતા, પર્યાવરણ, કુટુંબપ્રબોધન, સ્વદેશી તથા નાગરિક કર્તવ્યના માધ્યમથી RSSના ઉજ્જવળ ભવિષ્યની ફીલિંગ્સ પરિવાર અનેક શુભકામનાઓ પાઠવે છે.


जागो ग्राहक जागो !
नमक कम ही खाएँ
पर अच्छा खाएँ...
OVER 25 YEARS OF TRUST
Ankur SALT
"Ankur" Committed to Better QUALITY
अंकुर
अंकुर नमक
असली नमक TM
अच्छे लोग... अच्छी पसंद...
Ankur Committed to Better Quality
For Trade Inquiry Please Contact :
+91 98252 30857
info@ankurgroup.in | www.ankurgroup.in



સંજય થોરાત 'સ્વજન'

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આવિષ્કાર કે અભિશાપ ?

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અર્થ કૃત્રિમ રીતે વિકસિત બૌદ્ધિક ક્ષમતા ધરાવતી કમ્પ્યૂટર સિસ્ટમ. કમ્પ્યૂટર સિસ્ટમને પહેલા કરતાં વધુ ડેવલપ કરવામાં એનો મહત્વનો ફાળો છે. આજે સૌથી વધારે ચર્ચા જે શબ્દની થાય છે તે છે એઆઈ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. જે પ્રકારે તેનો વિકાસ થઈ રહ્યો છે તેના પરથી લાગે છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવબુદ્ધિનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. કમ્પ્યૂટર વિજ્ઞાનની અદભૂત શોધ પૈકીની એક અને સૌથી શક્તિશાળી શોધ એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેમાં માનવ બુદ્ધિ. વિચારો અને લાગણીઓ સિમ્યુલેટ થાય છે.**

એઆઈ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શબ્દ ન સાંભળ્યો હોય એવો ટેકનોસેવી માણસ મળવો મુશ્કેલ છે. દોડતી ભાગતી દુનિયામાં હવે માત્ર માનવ બુદ્ધિથી કામ ચાલતું નથી. એઆઈ એટલે કે કૃત્રિમ બુદ્ધિ (Artificial Intelligence)ના અમૂલ્ય યોગદાનથી શક્ય બન્યું છે. આજકાલ આપણા મોબાઈલથી લઈને ઓનલાઈન શોપિંગ, જીએસપી નેવિગેશન, મેડિકલ ડાયગ્નોસિસ, એજ્યુકેશન, સ્ક્રિપ્ટ રાઈટિંગ, મીડિયા અને દેશની સુરક્ષા સુધીના ક્ષેત્રે આ કૃત્રિમ બુદ્ધિ કામ કરી રહી છે.

**એઆઈ એટલે શું?**

કૃત્રિમ બુદ્ધિ એવા કમ્પ્યૂટર સિસ્ટમ અથવા મશીનો છે જે માનવી જેવી સમજ, અભ્યાસ, નિર્ણય લેવો, ભૂલમાંથી શીખવું અને વાતચીત કરવા જેવી ક્ષમતાઓ ધરાવે છે. સરળ શબ્દોમાં કહીએ તો માણસ જે રીતે વિચારે અને નિર્ણય લે છે, એવી રીતે એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કામ કરે છે.

**એઆઈના મુખ્ય પ્રકારોઃ**

- Narrow AI (સંકુચિત એઆઈ): ખાસ એક કાર્ય માટે ડિઝાઈન થયેલું, જેમ કે ગૂગલ આસિસ્ટન્ટ, આલેકસા, Netflixના રિકમન્ડેશન સિસ્ટમ.
- General AI (સામાન્ય એઆઈ): જે માનવી જેવી બુદ્ધિ ધરાવે અને કોઈપણ કાર્ય કરી શકે. હાલ એ સ્ટેજ સુધી આપણે પહોંચ્યા નથી.
- Super AI (અતિશક્તિશાળી એઆઈ): માનવ બુદ્ધિ કરતાં વધારે બુદ્ધિશાળી. આ હજુ ભવિષ્યની કલ્પના છે.

AI વિજ્ઞાનની એક એવી શાખા છે, જેની મદદથી એવા મશીનો તૈયાર કરવામાં આવે છે, જે મનુષ્યની જેમ વિચારીને નાની-મોટી સમસ્યાઓનું નિરાકરણ લાવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં માણસો દ્વારા સૂચવવામાં આવેલા ઉકેલો મશીનની મેમરીમાં સંગ્રહિત થાય છે. માણસનું જ્ઞાન, અનુભવો અને વિચારો કમ્પ્યૂટરની પોતાની ભાષામાં એટલે કે મશીનની ભાષામાં અલ્ગોરિધમના રૂપમાં સંગ્રહિત થાય છે, જેનો ઉપયોગ જરૂરિયાત મુજબ પણ થાય છે. આજના સમયમાં આપણે આપણા રોજિંદા જીવનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કોમ્પ્યૂટર ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ. AI ટેક્નોલોજીનો ઉપયોગ સમય, પૈસા અને શ્રમ જેવા ક્ષેત્રોમાં વધી રહ્યો છે. એ.આઈ એ કોઈ કુદરતી જ્ઞાનનો ભંડાર કે બુદ્ધિ નથી. તેમાં માનવ સંવેદનાઓ, જ્ઞાન, અનુભવો, વિચારો, લાગણીઓ અને બુદ્ધિનો ઉપયોગ થાય છે. તેથી તે કમ્પ્યૂટેશનલ ઈન્ટેલિજન્સ તરીકે પણ ઓળખાય છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શરૂઆત**

૧૯૫૦ના દાયકામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શરૂઆત થઈ હતી, પરંતુ તેને ઓળખ ૧૯૭૦ના દાયકામાં

મળી. ૧૯૮૧માં જાપાનની પહેલ બાદ ફિફ્થ જનરેશન નામની યોજના શરૂ થઈ હતી. જેમાં સુપર કમ્પ્યૂટરના વિકાસ માટે ૧૦ વર્ષની એક રૂપરેખા તૈયાર કરાઈ હતી. ત્યાર પછી બ્રિટને જાપાનના પગલે આગળ વધી એલવી નામનો પ્રોજેક્ટ તૈયાર કર્યો. પછી તો યુરોપિયન યુનિયન દ્વારા એસ્પ્રિંટ પ્રોજેક્ટ શરૂ કરાયો. ત્યાર પછી કેટલીક ખાનગી સંસ્થાઓએ મળીને ૧૯૮૩માં એક કન્સોર્ટિયમ માઈક્રો – ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્પ્યૂટર ટેક્નોલોજીની સ્થાપના કરી હતી. જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે લાગુ પડતી અદ્યતન ટેક્નોલોજી જેવી કે વેરી લાર્જ સ્કેલ ઈન્ટિગ્રેટેડ સર્કિટ વિકસાવે છે.




**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સૌથી વધારે ઉપયોગ રોબોટની ટેક્નોલોજીમાં થાય છે. હવે, અદ્યતન યુગમાં ડિજિટલ લક્ઝરી કાર, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન અને એરોપ્લેનમાં પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે. તે ઉપરાંત સુપર કમ્પ્યૂટર, પર્સનલ કમ્પ્યુટર, વીડિયો અને કમ્પ્યૂટર ગેમ્સ, આધુનિક ઉપકરણો જેવા કે માઈક્રોવેવ, ઓવન, હેલ્થ કેર અને હ્યુમન બોડી કેર તેમજ એર કંડિશનરમાં પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

**6G સાથે ઝડપી કનેક્ટિવિટી...**

હાલમાં વૈશ્વિક સ્તરે 5G ચાલી રહ્યું છે. પરંતુ વૈજ્ઞાનિકો અગાઉથી જ 6G ટેક્નોલોજી માટેનો રસ્તો તૈયાર કરી રહ્યા છે. 5Gની તુલનામાં 6G ૧૦૦ ગણી વધુ ઝડપનો દાવો કરે છે. ૨૦૨૬ સુધીમાં આપણે તેની ક્ષમતાઓનું પ્રદર્શન જોઈ શકીશું.

**હેલ્થકેરમાં ક્રાંતિકારી પરિવર્તન...**

જીનોમિક ટેક્નોલોજી અને ડેટા આધારિત આરોગ્યસંભાળ હેલ્થકેર ક્રાંતિકારી વિકાસ લાવશે તેવી અપેક્ષા છે. ૨૦૨૫ના અંતમાં આપણે કેન્સર અને દુર્લભ રોગોની સારવાર માટેની રસીઓમાં સફળતાની અપેક્ષા છે. વેરેબલ હેલ્થ ટેક્નોલોજી અને AI ક્રોનિક રોગોને શોધવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.

**મેટાવર્સ અને ઈમર્સિવ ટેકનોલોજીનો ઉદય...**

શિક્ષણ, સહયોગ અને મનોરંજન માટેની જગ્યા તરીકે મેટાવર્સની સંભાવના ૨૦૨૫માં વધી ગઈ છે. વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટીમાં વિકાસ વધુ ઈન્ટરેક્ટિવ અનુભવો માટે પરવાનગી આપશે, પછી ભલે વર્ચ્યુઅલ કોન્સર્ટમાં હાજરી આપવી હોય કે ઐતિહાસિક સ્થળોની શોધખોળ કરવાની હોય.

**સ્વચ્છ પરિવહનમાં સફળતાની આશા...**

ઈલેક્ટ્રિક વેહિકલ (EV) માર્કેટ ૨૦૨૫માં તેજી કરી રહી છે, જે સોલિડ-સ્ટેટ બેટરી જેવી નવીનતાઓ દ્વારા સંચાલિત હોઈ લાંબી રેન્જ અને ઝડપી ચાર્જિંગ પ્રદાન કરે છે. ઓટોનોમસ વાહનો જે એક સમયે માત્ર વિજ્ઞાન સાહિત્યનો ખ્યાલ હતો, તે હવે વાસ્તવિકતાની નજીક છે. એવી અપેક્ષા છે કે શહેરી વિસ્તારોમાં પણ તેનું પરીક્ષણ કરવામાં આવશે.

**પાણીની તંગીનો ઉકેલ...**

વિશ્વભરમાં પાણીની અછતથી પ્રભાવિત અબજો લોકો સાથે ડિસેલિનેશન અને જળ શુદ્ધિકરણ તકનીકોમાં સફળતા મેળવવા માટે AI ૨૦૨૫માં આશાનું કિરણ આપી શકે છે. કૃષિ અને શહેરી આયોજનમાં કાર્યક્ષમ જળ વ્યવસ્થાપન માટે AI-સંચાલિત તકનીકો આ ક્ષેત્રે વધતી કટોકટીને નાથવામાં પરિવર્તનકારી બની શકે છે.

**ભારતીય આરોગ્યસંભાળ પર અસર...**

ભારતમાં જ્યાં ડોક્ટર્સની અછત અને આરોગ્યસંભાળની અસમાનતા છે, ત્યાં AI આધારિત હોસ્પિટલ મોડેલ અપનાવવાથી આરોગ્યસંભાળની ગુણવત્તા અને ઉપલબ્ધતા સુધારી શકાય છે. તેમજ અંતરિયાળ વિસ્તારોમાં ટેલિ-મેડિસિન અને AI આધારિત નિદાન દ્વારા દર્દીઓને ઝડપી અને અસરકારક સારવાર મળી શકે છે. પરંતુ આ AI ટેક્નોલોજીના અમલ માટે યોગ્ય નીતિઓ, તાલીમ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પણ જરૂર પડશે.

**ચીનમાં એઆઈ હોસ્પિટલ...**

ચીનમાં એઆઈ હોસ્પિટલનો



વિકાસ તબીબી ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પ્રગતિ છે, જે આરોગ્ય સંભાળની પદ્ધતિઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. ભારતમાં પણ યોગ્ય આયોજન અને અમલ દ્વારા એઆઈ આધારિત આરોગ્ય સેવાઓનો સફળતાપૂર્વક ઉપયોગ આરોગ્યસંભાળની ગુણવત્તા અને ઉપલબ્ધતા બંનેમાં સુધારો લાવી શકે છે.

ચીનમાં એઆઈ આધારિત શરૂ થયેલ હોસ્પિટલ તબીબી ક્ષેત્રમાં એક ક્રાંતિકારી પગલું છે. એજન્ટ હોસ્પિટલ નામની આ સંસ્થા, ટિંગહુઆ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા વિકસાવવામાં આવી છે, જે સંપૂર્ણપણે કૃત્રિમ બુદ્ધિ (એઆઈ) પર આધારિત છે. આ હોસ્પિટલ ૧૪ ડોક્ટર અને ૪ નર્સ જેવા એઆઈ એજન્ટ્સ દ્વારા સંચાલિત છે, જે દરરોજ હજારો દર્દીઓની સારવાર કરી શકે છે. આનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય સંભાળની ગુણવત્તા અને ઉપલબ્ધતા સુધારવાનો છે.

**એઆઈ હોસ્પિટલના ફાયદા...**

**ઉચ્ચ કાર્યક્ષમતા:** એઆઈ ડૉક્ટર્સે US Medical Licensing Examમાં ૯૩.૦૬% મેળવીને સફળતા હાંસલ કરી છે, જે AI ડૉક્ટર્સ દ્વારા થતાં નિદાનની વિશ્વસનીયતા દર્શાવે છે.

**વિશાળ દર્દી સંખ્યા:** એઆઈ ડૉક્ટર્સ થોડા જ દિવસોમાં ૧૦,૦૦૦ દર્દીઓની સારવાર કરી શકે છે, જ્યાં માનવ ડૉક્ટર્સ વર્ષોનો સમય લે છે.

**અદ્યતન તાલીમ:** મેડિકલ વિદ્યાર્થીઓ માટે આ વર્ચ્યુઅલ હોસ્પિટલ તાલીમ માટે ઉત્તમ પ્લેટફોર્મ છે, જ્યાં તેઓ જોખમ વિના વિવિધ કેસો પર અભ્યાસ કરી શકે છે.

**અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્યસંભાળ:** દૂરના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યસંભાળ પહોંચાડવામાં એઆઈ હોસ્પિટલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**પડકારો અને ચિંતાઓ:**

**નૈતિક અને કાનૂની પ્રશ્નો:** એઆઈ દ્વારા કરવામાં આવેલા નિદાનમાં થતી ભૂલો બદલ જવાબદાર કોણ ?



**માનવીય સંવેદનશીલતાનો અભાવ:** એઆઈ ડૉક્ટર્સ માનવ ડૉક્ટર્સ જેવી સંવેદનશીલતા અને સહાનુભૂતિ પ્રદાન કરી શકે નહીં.

**ડેટા સુરક્ષા:** દર્દીઓની વ્યક્તિગત માહિતીની સુરક્ષા અને ગોપનીયતા જાળવવી મહત્વપૂર્ણ છે.

એક લેખક તરીકે મને રસ પડ્યો કે એઆઈ મહાશય મને કેવી રીતે મદદરૂપ થઈ શકે? એટલે એક વાત તો નક્કી કે એઆઈ માહિતી આપી શકે પરંતુ સંવેદના અને કલ્પના તો લેખક જ લાવી શકે. AI હાલમાં તો લેખકનો પર્યાય બની શકે એમ લાગતું નથી છતાં પણ તેના થોડાક ફાયદા જોઈ લઈએ.

કૃત્રિમ બુદ્ધિ આધારિત Writing Tools જેમ કે Grammarly, Chat GPT વગેરે લખાણને સુધારવામાં અને ટાઈમ બચાવવામાં મદદ કરે છે. અનુસંધાન સહેલું બને લેખ લખતી વખતે જરૂરી માહિતીનું અનુસંધાન ત્વરિત મળે.

**ભાષાંતર અને ભાષા સુધારણા:** કોઈપણ ભાષામાં લખાણ તૈયાર થઈ શકે છે.

**વિષય સૂચન:** એઆઈ વિષય સંબંધી ટાઇટલ, ફેક્ટ્સ અને સંદર્ભ આપતું રહે છે.

ડાયગ્નોસિસ, રિપોર્ટ એનાલિસિસ, સર્જરીમાં સહાયથી લઈને AI હોસ્પિટલ સુધી તેમજ રોગનું ઝડપથી નિદાન કરી શકે છે પરિણામે સારવારમાં ઝડપ આવે છે.

**એજ્યુકેશન:** વ્યક્તિગત અભ્યાસ પદ્ધતિ, પર્સનલાઈઝ્ડ ટ્યુટરિંગ, ભાષા અનુવાદ, રિવિઝન માટે AI આધારિત પ્લેટફોર્મ ખૂબ ઉપયોગી બનશે.

**ઉદ્યોગ અને વ્યવસાય:** ડેટા વિશ્લેષણ,



ગ્રાહક સેવા, ઓટોમેશન, માર્કેટિંગ પ્લાનિંગ વગેરેમાં સહાયરૂપ બને તેમ છે.

**સુરક્ષા અને ગુનાહિત તપાસ:** CCTV ફૂટેજમાંથી લોકોને ઓળખવા માટે AI ઉપયોગી છે.

**કૃષિ:** પાકની સ્થિતિ, જમીનનું તાપમાન અને પાણીની જરૂરિયાત વિશે ઉપયોગી માહિતી પણ મેળવી શકાય છે.

રોજિંદા જીવનમાં મોબાઈલ આસિસ્ટન્ટ્સ, ઓટોમેટિક કાર, સ્માર્ટ હોમ ડિવાઈસ, શોપિંગ સજેશનમાં ઉપયોગી થશે.

**AIની મર્યાદાઓ અને જોખમો:** નોકરીની તકો ઘટાડશે, ઓટોમેશનથી ઘણી જોબ્સ ખત્મ થઈ શકે છે.

**એઆઈ બુદ્ધિનો દુરુપયોગ:** Hacker, Deepfake, ફેક ન્યૂઝ જેવા ખતરાઓ વધી શકે છે. ડિજિટલ એરેસ્ટ કરીને લોકોને છેતરી શકે.

**માનવ સંવેદનશીલતા:** AI પાસે લાગણી નથી, એટલે એ દરેક નિર્ણયો માનવીય પરિસ્થિતિને સમજીને નહિ લે. દરેક કામ માટે AI પર આધાર રાખવાથી માનવ બુદ્ધિ અને કૌશલ્ય ઘટાડી શકે છે.

**AI વિષે રસપ્રદ વાતો:** ચેસમાં વિશ્વવિખ્યાત ખેલાડી Gary Kasparovને ૧૯૯૭માં IBM AI કમ્પ્યૂટર 'Deep Blue' એ હરાવ્યો હતો.

ChatGPT અને Google Gemini જેવા એઆઈ સમકક્ષ વાર્તા લખી શકે છે.

**AI નો એક રસપ્રદ કિસ્સો:**

યુએસમાં રહેલા Brian Mefford નામની વ્યક્તિને જન્મથીજ દ્રષ્ટિ હતી નહિ. તેણે દ્રષ્ટિ લોસ માટે ઘણા ઉપાય અજમાવ્યા હતા. પછી તેને એક નવા પ્રકારના એઆઈ આધારિત ચશ્મા વિશે ખબર પડી જે OrCam MyEye નામના ડિવાઈસ સાથે આવે છે.

આ નાનકડું ચશ્મા જોડાયેલું ડિવાઇસ એઆઈ ટેક્નોલોજીથી સજ્જ છે. તે યૂઝરની આગળ જે લખાણ હોય તે સ્કેન કરે છે, એને વાંચે છે અને યૂઝરના કાને સ્પષ્ટ રીતે સંભળાવે છે. એટલે કે Visually Impaired વ્યક્તિ હવે દવાઓના લેબલ, રેસ્ટોરન્ટ મેનુ, રસ્તાની નિશાની કે પુસ્તક એઆઈની મદદથી વાંચી શકે છે! Brian આજે પોતાનું મોટાભાગનું કામ સ્વતંત્ર રીતે કરી શકે છે. આવા ડિવાઈસ આજની તારીખે હજારો દ્રષ્ટિહીન લોકો માટે આશાનું કિરણ બન્યા છે. એટલે એવું કહી શકાય કે એઆઈ માત્ર ટેક્નોલોજી નથી એ માનવ જીવનને બદલતું સાધન છે. ખાસ કરીને જેમને સહારાની જરૂર હોય એવા લોકોને એ સશક્ત બનાવે છે.

**ગૂગલ અને એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) વચ્ચે શો ફરક છે?**

એઆઈ (AI) શું છે? એઆઈ એટલે એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીનું એવું ક્ષેત્ર જ્યાં કમ્પ્યૂટરને માનવ જેવા નિર્ણય લેવામાં, વિચારવામાં, શીખવામાં અને કામ કરવામાં સમર્થ બનાવવામાં આવે છે.

ઉદાહરણ: ચેટબોટ, ફેસ રેકગ્નિશન સિસ્ટમ, ઓટોમેટિક ટ્રાન્સલેશન, રોબોટિક સર્જરી...

Google શું છે? Google એ એક ટેક્નોલોજી કંપની છે, જે ઘણી પ્રોડક્ટ્સ અને સર્વિસ આપે છે, જેમ કે Google Search, Gmail, YouTube, Android, Chrome વગેરે.


SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU IS THE NEW NORMAL
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Amines® Biotech Pvt. Ltd.
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT



તમને જાણીને આશ્ચર્ય થશે પરંતુ Google પણ AI નો જ ઉપયોગ કરે છે.! Google Searchમાં એઆઈથી સ્માર્ટ સજેશન મળે છે, Google Mapsમાં ટ્રાફિક અને રૂટ સૂચન, Google Lens એ ફોટા પરથી માહિતી આપે, Google Assistant AI વોઈસથી ઓપરેટ થાય છે. એટલે Google AIનો ઉપયોગ કરતું પ્લેટફોર્મ છે, જ્યારે AI એ એક એવું વિજ્ઞાન છે જે Google સહિત અનેક જગ્યા પર કામ કરે છે.

પ્રયાગરાજ મહાકુંભમાં પણ આ વખતે એઆઈનો દબદબો રહ્યો હતો. જ્યાં રોજના લગભગ બે કરોડ લોકો ત્રિવેણીસંગમમાં સ્નાન કરવા આવતા હતા ત્યારે પણ એઆઈ ટેકનોલોજી કામમાં આવી હતી. પ્રયાગરાજ મહાકુંભ ૨૦૨૫માં (AI) ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરાયેલ, જેનાથી વિશ્વના સૌથી મોટા આ ધાર્મિક મેળામાં શ્રદ્ધાળુઓની સલામતી અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં મોટી રાહત મળી હતી. મહાકુંભના મેળા વિસ્તારમાં ૨,૭૫૦ CCTV કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા હતાં, જેમાંથી ૨૫૦ AI સક્ષમ હતાં. આ કેમેરાઓ Integrated Control and Command Centre (ICCC) સાથે જોડાયેલા હતા, જેનાથી તાત્કાલિક ભીડની માહિતી, વાહન પાર્કિંગની સ્થિતિ અને અન્ય મહત્વપૂર્ણ વિગતો પ્રાપ્ત થતી હતી.

અહીં ડ્રોનનો ઉપયોગ શ્રદ્ધાળુઓની ભીડ મોનિટર કરવા માટે થયો હતો, જ્યારે અંડરવોટર ડ્રોન ત્રિવેણી સંગમ વિસ્તારમાં પાણીની અંદર સલામતી સુનિશ્ચિત કરવા માટે ઉપયોગમાં લેવાયા હતાં.

**મોબાઈલ ટ્રેકિંગ એપ્લિકેશન:**

શ્રદ્ધાળુઓની સંખ્યાનો અંદાજ લગાવવા માટે મોબાઈલ ટ્રેકિંગ એપ્લિકેશનનો ઉપયોગ પણ થયો, જે સક્રિય મોબાઈલ ઉપકરણોના આધારે ભીડની ઘનતાના અંદાજો આપતો હતો.

**AI આધારિત ચેટબોટ:**

મહાકુંભ માટે ખાસ બનાવવામાં આવેલ એપ્લિકેશનમાં ૧૧ ભાષાઓમાં કાર્યક્ષમ AI આધારિત ચેટબોટ સામેલ કરવામાં આવ્યો, જે શ્રદ્ધાળુઓને માહિતી અને માર્ગદર્શન પૂરું પાડતો હતો.

**સેન્ટ્રલ કમાન્ડ સેન્ટર:**

પ્રયાગરાજમાં સ્થિત સેન્ટ્રલ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર દ્વારા AIના આધારે ભીડની ઘનતા મોનિટર કરવામાં આવતી હતી, અને કોઈ પણ અસામાન્ય પરિસ્થિતિમાં તાત્કાલિક પગલાં લેવામાં AI મદદરૂપ બનતું હતું.

**એઆઈ ટેકનોલોજીથી ટ્રાફિક કંટ્રોલ...**

એઆઈ ટેકનોલોજી ટ્રાફિક કંટ્રોલમાં પણ ખૂબ જ અસરકારક સાબિત થઈ રહી છે.

**સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ:**

એઆઈ આધારિત ટ્રાફિક સિગ્નલ કારના ફ્લો પ્રમાણે કેમેરા અને સેન્સર્સની મદદથી રસ્તા પર વાહનોની સંખ્યા ગણી શકાય છે અને અનુરૂપ લાલ લીલા સિગ્નલના સમય પણ આપોઆપ બદલાય છે.

**લાઈવ ટ્રાફિક મોનિટરિંગ:**

એઆઈ સાથે જોડાયેલ સિસ્ટમ CCTV ફૂટેજનું એનાલિસિસ કરીને ભીડ કે અકસ્માતનો તરત પત્તો લગાવે છે અને પોલીસ કે એમ્બ્યુલન્સને તુરંત જ જાણ કરી શકે છે.

**અનુમાન અને રૂટ પ્લાનિંગ:**

એઆઈ ટ્રાફિક મૂલ્યાંકન કરીને ભવિષ્યમાં કયા માર્ગે ટ્રાફિક વધી શકે છે તેનો અંદાજ પણ આપે છે. આ માહિતીથી નાગરિકોને એપ્લિકેશન દ્વારા સરળ માર્ગ દર્શાવાય છે (જેમ કે Google Maps, Waze).

**અનુશાસન જાળવવામાં મદદ:**

વાહનની સ્પીડ કે ટ્રાફિક નિયમનો ભંગ થાય ત્યારે એઆઈ રેકોર્ડ કરે છે. ઓટોમેટિક રીતે ચલાન ફાડે છે. એટલે કોઈ મંત્રી તંત્રીની ઓળખાણ કામમાં આવતી નથી.

**ટ્રાફિક ડેટાનું વિશ્લેષણ:**

અથડામણ કે ટ્રાફિક જામ કઈ વેળાએ, કયા વિસ્તારમાં વધુ ટ્રાફિક થાય છે તે ડેટાનું એનાલિસિસ કરીને આગામી યોજનાઓ બનાવી શકાય છે.

**ડ્રોન મોનિટરિંગ:**

કેટલાક મોટા શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને એઆઈ સંચાલિત ડ્રોનથી સંચાલિત રાખવામાં આવે છે. તે સતત ફોટોઝ કે લાઈવ વીડિયો મોકલે છે.

**AIનું ભવિષ્ય શું કહે છે?**

AIનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ત્યારે ભવિષ્યમાં એ શિક્ષણ, મેડિકલ, સુરક્ષા, કૃષિ, વ્યવસાય અને સમાજના દરેક ક્ષેત્રોમાં ક્રાંતિ લાવશે. પરંતુ તેના યોગ્ય ઉપયોગ માટે કાયદાકીય નિયમો, મર્યાદાઓ અને માનવીય દષ્ટિકોણ આવશ્યક છે.

જો આપણે એનો યોગ્ય ઉપયોગ કરીએ તો AI માનવ જીવનને વધુ સરળ, ઝડપી અને અસરકારક બનાવી શકે છે. પરંતુ જો આપણે માનવીય મૂલ્યો અને બુદ્ધિથી દૂર થઈ જઈએ તો એ આપણો શ્રેષ્ઠ મિત્ર નહીં, ભવિષ્યનો ભયંકર દુશ્મન પણ બની શકે છે. ફી



▪ પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી

# આપણે જ આપણાં ભાગ્ય વિધાતા




આપણે ત્યાં એમ કહેવાય છે કે, વિધાતા બાળકના જન્મ બાદ છઠ્ઠા દિવસે લેખ લખે છે અને વિધાતાના લેખમાં કોઈ મેખ મારી શકતું નથી મતલબ કે એ લેખ કોઈ બદલી શકતું નથી. પરંતુ હું વ્યક્તિગત રીતે એ વાત સાથે સંમત નથી. મને એવું લાગે છે કે, ભાગ્યને બદલવાની તાકાત પુરુષાર્થમાં રહેલી છે. એ સિવાય ઈશ્વરની કૃપા અને સદ્‌ગુરુના આશીર્વાદથી પણ ભાગ્ય બદલાય છે પરંતુ આપણે આ લેખમાં ભારતના ભાગ્ય વિધાતા કોણ થઈ શકે? અને કેવી રીતે થઈ શકે? એની વાત કરીશું.

આપણાં રાષ્ટ્રગીતની પહેલી જ લાઈન છે કે જન ગણ મન અધિનાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા. જન એટલે લોકો અથવા ભારતના નાગરિકો, ગણ એટલે ટોળી અથવા સંસ્થા, મન એટલે માણસનું મન અને અધિનાયક એટલે આગેવાન અથવા નેતા. આ ચાર શબ્દના સંદર્ભમાં આપણે ભારતના ભાગ્ય વિધાતા કેવી રીતે થઈ શકીએ એની ચર્ચા કરીશું.

૧) નાગરિક :-

દેશનો દરેક નાગરિક દેશપ્રેમી હોય અને જે મન વચન અને કર્મથી રાષ્ટ્રના હિતમાં જ જીવતો હોય એ જરૂરી છે. હું આ વાતને સમજાવવા માટે એક દ્રષ્ટાંતનો આશ્રય કરીશ. આપણા દેશનો એક નાગરિક તાઈવાનની કંપનીમાં નોકરી કરવા માટે ગયો. એ મહેનતુ હતો, નિર્વ્યસની હતો, સૌનો આદર કરતો હતો છતાં તેણે જોયું કે ત્યાં એની સાથે કામ કરતા તાઈવાનના નાગરિકો એની સાથે માત્ર કામથી કામ જ રાખતાં હતાં. એને છ મહિના થયા પણ કોઈ તાઈવાનીએ એ ભારતીયને નજીક આવવા દીધો નહીં, પોતાનું ઘર બતાવ્યું નહી અને મિત્ર પણ બનાવ્યો નહીં.

આ જોઈને આપણાં ભારતીયને બહુ આશ્ચર્ય થયુ. એણે એક દિવસ એ જ કંપનીમાં સિનિયર પોઝિશન ઉપર કામ કરતાં બીજા ભારતીયને આ વાત કરી અને આમ થવાનું કારણ પૂછ્યું તો એ સિનિયરે કહ્યું કે, આપણે કોઈ તાઈવાનના નાગરિકને જ પૂછીએ. એણે એક કર્મચારીને પોતાની ઓફિસમાં બોલાવ્યો અને ભારતીય સાથે મૈત્રી નહીં કરવાનું કારણ પૂછ્યું ત્યારે એ તાઈવાન નાગરિકે જે જવાબ આપ્યો એ વાંચીને તમને ભારતીય હોવાનું દુ:ખ થશે. એણે કહ્યું કે, જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે એ કેટલા હતાં? વીસ હજારથી વધારે નહોતા. એમણે ૩૦ કરોડ ભારતીયો ઉપર રાજ કર્યુ. જલિયાંવાલા બાગમાં નિર્દોષ ભારતીયોની હત્યા કરનાર કોણ હતા? જેમાં બધાં ભારતીયો જ હતા પરંતુ એમાંથી કોઈ એકને પણ એવો વિચાર ન આવ્યો કે એક ગોળી જનરલ ડાયર ઉપર ચલાવી દઉં. એનો અર્થ એ થયો કે, તમારા દેશની પ્રજા જે રૂપિયા આપે એને વફાદાર છે પરંતુ દેશને વફાદાર નથી.

મહારાણા પ્રતાપ અકબર સામે લડ્યા ત્યારે અકબરનો સેનાપતિ માનસિંહ નામનો હિન્દુ હતો. પૃથ્વીરાજ ચૌહાણને દગો કરનાર અમીચંદ નામનો હિન્દુ હતો. બીજી વાત આ બ્રિટિશરો જ્યારે હોંગકોંગ આવ્યા ત્યારે હોંગકોંગનો એકપણ નાગરિક અંગ્રેજોની નોકરી કરવા તૈયાર નહોતો. કારણ કે, એ ભૂખે મરી જવા તૈયાર હતા પણ પોતાના હમવતનીને નુકસાન કરવા તૈયાર નહોતા.

અમારો એકપણ તાઈવાની નાગરિક ભારતીય સાથે મિત્રતા એટલે રાખતો નથી કે એને દેશ અને દોસ્ત કરતાં દોલતને વધુ ચાહે એવા મતલબી અને ગદ્દાર માણસો પસંદ નથી. હવે તમે જ શાંતિથી વિચારો કે આપણાં દેશમાં દેશપ્રેમી અને


Read online : www.feelingsmultimedia.com



નમકહલાલ વધારે છે કે માનસિંહ અને અમીચંદ જેવા દગાખોર અને નમકહરામ વધારે છે? જ્યાં સુધી ભારતનો દરેક નાગરિક દેશપ્રેમી નહીં બને ત્યાં સુધી એ ભારતનો ભાગ્ય વિધાતા નહીં બની શકે. ભારતનું ભાગ્ય ૧૪૦ કરોડ નાગરિકોના હાથમાં છે એ કોઈ વિધાતાનાં હાથમાં નથી.

આપણે ત્યાં બિઝનેસમેનને પોતાની પ્રગતિ સાથે દેશની પ્રગતિમાં પણ રસ હોવો જરૂરી છે. ક્રિકેટર પોતાના વ્યક્તિગત વિક્રમ માટે રમે એના કરતાં દેશ માટે રમે એ મહત્વનું છે. વેપારી એવો વેપાર કરે જે પોતાના હિતમાં પછી હોય પરંતુ દેશના હિતમાં પહેલાં હોય. અત્યારે જગત જમાદાર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જેના માટે એમ કહેવાય કે ટ્રમ્પ, ટેરિફ અને ટેન્શન ત્રણે એક જ રાશિના સાથે જ રહે છે. સાઈકલ ત્યાં પંપ અને ઝઘડો ત્યાં ટ્રમ્પ. એ ટ્રમ્પબાબુએ મનફાવે એવો ટેરિફ ઝીંકી દીધો છે ત્યારે જે વેપારી સ્વદેશી વસ્તુઓ વેચશે અને જે ગ્રાહકો સ્વદેશી વસ્તુઓ ખરીદશે એ ટેરિફ સામે પણ ટકી જશે.

એવી જ રીતે કલાકારો પણ પોતાની કલા દ્વારા માત્ર પૈસો અને પ્રસિદ્ધિ તરફ ધ્યાન આપવાને બદલે સમાજસેવા પણ કરતાં રહે અને પોતાની કલા દ્વારા સારા વિચારો પણ ફેલાવતા રહે એ દેશસેવા જ ગણાશે. સાહિત્યકારો અંદરો અંદરની સ્પર્ધા, ઈર્ષા અને ખણખોદ બંધ કરે માત્ર પ્રસિદ્ધિ, પારિતોષિક કે પુરસ્કાર માટે જ ન લખે પરંતુ એવું સાહિત્ય રચે જે સમાજમાં સદ્‌ગુણોની વૃદ્ધિ કરે. એ રીતે સાહિત્યકારો પણ ભાગ્ય વિધાતા બની શકે છે.

ટૂંકમાં તમામ ક્ષેત્રના નાગરિકો સ્વ બદલે સર્વનો વિચાર કરે,સૌપ્રથમ દેશના હિતમાં વિચારતા થાય તો સામાન્ય જનસમુદાય પણ અવશ્ય ભારતના ભાગ્ય વિધાતા બની શકે છે.

**૨) સંસ્થા :-**

જે વાત નાગરિકોને લાગું પડે છે એ જ વાત અનેકગણી ગુણવત્તા સાથે દરેક સંસ્થાને લાગું પડે છે. મેં એવી ઘણી સંસ્થાઓ જોઈ છે જે સરકારી લાભ મેળવવા માટે જ ચાલે છે. અમુક સંસ્થાઓ સેવાનો અંચળો ઓઢીને માત્ર મેવા માટે જ ચાલે છે. આ પ્રકારની સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય હોય, જ્ઞાતિગત હોય કે કોઈ ઉદ્દેશ નીચે ચાલતી હોય પણ જો એ દેશને અને દેશના નાગરિકોને ઉપયોગી થવાને બદલે એમાં રહેલા લોકોના માત્ર વ્યક્તિગત લાભ વિશે જ વિચારશે તો ભારતનું ભાગ્ય ક્યાંથી બદલાશે?

મારો સ્વ અનુભવ છે ઘણી સંસ્થાઓમાં પદ માટે કાવાદાવા, મારામારી અને ખૂનખરાબા સુધીના ખેલ મેં જોયા છે. જે સંસ્થામાં આ પ્રકારના હીન માણસો હોય એ રાષ્ટ્રનું કંઈજ ભલું કરી શકવાના નથી કારણ એ પોતાના સ્વાર્થમાંથી જ ઉંચા આવતાં નથી. ત્યારે નાગરિકો જેટલી જ નૈતિક જવાબદારી સાથે સમૂહ અથવા સંસ્થાઓ પણ જો કાર્યરત રહે તો એ ચોક્કસ ભાગ્ય વિધાતા બની શકે છે. જે સંસ્થા જરૂરિયાતમંદનો સહારો બને, લોકોને પગભર કરે, સ્વદેશી વસ્તુઓનું ઉત્પાદન કરે, વિતરણ કરે અને દેશને આર્થિક રીતે મજબૂત બનાવી લોકોને આત્મનિર્ભર બનાવે એ અત્યંત આવશ્યક છે. દેશની અર્થવ્યવસ્થાને જુદી-જુદી યોજનાઓ વડે ઉધઈની માફક અંદરથી ખોખલી કરી નાંખતી એવી સંસ્થાઓ દેશની દોસ્ત બનવાને બદલે દુશ્મન ન બનવી જોઇએ.

**૩) મન :-**

માનવીનું મન અતિ ચંચળ છે. મનમાં સારા વિચારો ઝડપથી આવતા નથી. મન પાણી જેવું છે એ જ્યાં ઢાળ દેખાય એ દિશામાં જ દોડે છે. મન અને હૃદયમાં પિતા અને માતા જેટલો તફાવત છે. મનને ભેટમાં રસ છે તો હૃદયને ભેટવામાં રસ છે. મન લઈને રાજી થાય છે જ્યારે હૃદય આપીને રાજી થાય છે.

આમ મન બુદ્ધિપ્રધાન છે અને હૃદય લાગણીપ્રધાન છે. આ કર્તવ્યકાળમાં મનનાં તરંગોને શાંત કરી આપને માત્ર પોતાનો વ્યક્તિગત કે પોતાના પરિવારનો કે પોતાના વાડાનો જ વિચાર ન કરવાં 'સર્વે ભવન્તુ સુખીનઃ સન્તુ' વાળી વિશાળ હૃદયની વિચારધારા વિકસાવીએ તો આપણું મન પણ ભારતનું ભાગ્ય વિધાતા બની શકે નહીંતર મન જો સવળા માર્ગે ન ચાલે તો ભાગ્યને બદલે દુર્ભાગ્ય વિધાતા પણ બની શકે છે કારણ વિશ્વમાં જેટલાં યુદ્ધો થયાં, દુષ્કૃત્યો થયાં એ બધાં પ્રથમ માનવીના મનમાં ઉદભવ પામી પછી ધરતી પર થયા હતા માટે મન મિત્ર પણ છે અને શત્રુ પણ છે.

**૪) નેતા :-**

ભારતનું દુર્ભાગ્ય એ છે કે આપણને જેટલાં દેશપ્રેમી નેતાઓ ન મળ્યા એથી વધુ તો દ્વેષપ્રેમી મળ્યા. સત્તાની ખુરશી માટે દેશને વેચી નાખે એવા અમીચંદો વધું મળ્યા છે. તેમ છતાં ભારતે છેલ્લાં ૭૫ વરસમાં જેટલી પ્રગતિ કરી છે એટલી એ પહેલાનાં પાંચસો વરસમાં કરી નહોતી.

આપણાં રાષ્ટ્રપ્રેમી વડાપ્રધાન એમની પાસે જે ટીમ છે એ પણ સ્વર્ણિમ ભારતના ભાગ્ય વિધાતા છે.

આમ જન, ગણ, મન અને અધિનાયક ભારત ભાગ્ય વિધાતા બની શકે જો ચારેય નિઃસ્વાર્થ ભાવથી રાષ્ટ્રના ઘડતરમાં લાગી જાય તો. તો જ ભારત વિશ્વગુરુ બની શકે બાકી વાતો કરવાથી કંઈજ થવાનું નથી. કોઈ બીજો દેશ આવીને આપણાં દેશને મહાન બનાવી દે એ વાતમાં માલ નથી. માટે આપણે જ ટાંકણું અને હથોડી લઈને આપણી ખુદની પ્રતિમા કંડારવી પડશે અને વિધાતાની રાહ જોવાને બદલે આપણે જ આપણાં ભાગ્ય વિધાતા બનવું પડશે.

જય હિંદ...


Celebrity & Talent Management
Real Estate Management
Events & Exhibitions
BTL Activations
Cinema, In-Film Branding & Creatives
Digital & Social Media Marketing
BRIGHT
OUTDOOR MEDIA LIMITED
Mall & Multiplex
Public Relations (PR)
INDIA'S 1ST BSE LISTED OOH MEDIA COMPANY
POWERHOUSE OF OUTDOOR MEDIA EXCELLENCE
NOW LAUNCHES
360° MEDIA & BRANDING SERVICES
PAN INDIA & INTERNATIONAL
TV, Print & Radio Campaigns
Corporate Gifting Solutions
Transit Media - Train, Metro, Bus, Airport, Cab
Preview Theatre
OOH & DOOH (Digital LEDs) Advertising
Ad Film Production
45 Big Size Digital LED Billboards & Counting...
DR. YOGESH LAKHANI
(Chairman & Managing Director)
STUDIO LINK
A NEW VISION. A NEW HORIZON. POWERED BY NEW-AGE MEDIA & INDUSTRY EXPERTS
For enquiry : +91 9819371103 info@brightoutdoor.com

■ વિરલ રાઠોડ




# વર્લ્ડ રેકોર્ડની દુનિયામાં ભારતીયોના સાહસ, શૌર્ય અને શક્તિની અસાધારણ સફર

ભારતીયોની વિચારધારા ક્યારેક એવી સફળતા અપાવી દે જે કોઈએ ક્યારેય વિચારી ન હોય. દુનિયામાં એવો ડંકો એનાથી વાગી જાય કે પછી એમાં પેશનની ઊર્જા ઉમેરાતા દુનિયાએ નોંધ લેવી પડે. એ સ્તર સુધીની મહેનત, આવું જોમ, અને પેશનનો ત્રિવેણી સંગમ થાય ત્યારે જ કદાચ વર્લ્ડ રેકોર્ડની સૂચિમાં સ્થાન પ્રાપ્ત થાય. ભારતીયોની સ્ટાઈલ, સ્ટેટસ, સાહસ, શૌર્ય, સફળતા અને સંઘર્ષ પછીની સ્માઈલથી દુનિયા આજે દિવાની બની છે. સૌથી લાંબા વાળથી લઈ અને ભારે પાઘડી સુધી. શક્તિ, સહનશક્તિ અને સર્જનાત્મકતાના રેકોર્ડબ્રેક પરાક્રમો સુધી, ભારતીયોએ સતત એ સીમાઓ તોડી છે. જેની કોઈએ કલ્પના સુદ્ધાં ન કરી હોય. તે વ્યક્તિગત સિદ્ધિઓ દ્વારા હોય કે સામૂહિક પ્રયાસો દ્વારા, તેમની અનન્ય પ્રતિભાએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં ભારતીયોને સ્થાન અપાવ્યું છે, જે ભારતની નિશ્ચય અને નવીનતાની ભાવનાને ઉજાગર કરે છે. ભારતીયો દાયકાઓથી વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. પોતાની તાકાતનો ઉપયોગ કરીને લોખંડના સળિયા વાળવાથી લઈને વિશાળ લાડુ બનાવવા અને સામૂહિક યોગ કરવા સુધી, ભારતીયોએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાની છાપ છોડી છે.

વર્લ્ડ રેકોર્ડમાં ગુજરાતીઓ પણ મોખરે છે. શરૂઆત ગુજરાતથી કરીએ. દક્ષિણ ગુજરાતના મહાનગર સુરત શહેરના એથલિટ અને સ્પોર્ટ્સમાં કરિયર બનાવનારા વિસ્પી ખરાડીએ લાંબા સમય સુધી હર્ક્યુલસ પોલને પકડી રાખવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ કોઈ સામાન્ય વાત નથી. આમાં પોલની બંન્ને તરફથી પ્રેશર અને ખેંચતાણ બંન્ને સમયાંતરે વધે એવામાં બોડીને મેગ્નેટની જેમ સ્થિર રાખવું કઠિન છે.



અસાધારણ શક્તિ અને સહનશક્તિનું પ્રદર્શન કરતાં તેણે ૧૨૩ ઈંચ ઊંચાઈ, ૨૦.૫ ઈંચ વ્યાસ અને ૧૬૬.૭ કિગ્રા અને ૧૬૮.૮ કિગ્રા વજન ધરાવતા વિશાળ હર્ક્યુલસ સ્તંભોને અવિશ્વસનીય ૨ મિનિટ ૧૦.૭૫ સેકન્ડ સુધી પકડી રાખ્યા. જે અગાઉના ૧ મિનિટ ૩૦ સેકન્ડના રેકોર્ડને તોડી નાખે છે. તેમના આ પરાક્રમને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી અને રેકોર્ડ કરવામાં આવ્યો છે. વાહ... જીમબોય, સલામ છે ગુજરાતની આ તાકાતને.



Read online : www.feelingsmultimedia.com



કામ ભલે ઊંધા કરો પણ ઓથેન્ટિક અને અસાધારણ હોય તો દુનિયા સીધી રહીને સલામ ભરશે. પોતે ઊંધા થઈને દુનિયાને સીધી નજરે જોતા શીખવી દીધુ યુ.પી.ના વિકાસ સ્વામીએ. નવી અને ગળે ન ઊતરે એવી વાત તો એ છે કે, બાઈક એક્સિડન્ટમાં ગંભીર ઈજા પામનારે હેન્ડસ્ટેન્ડ કરીને પોતાના મોઢેથી સૌથી વધારે વજનદાર વસ્તુ ઊંચકીને જબરો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. એશિયા અને ગિનિસ બુકમાં પણ વિકાસ સ્વામીનું નામ છે. સ્પોર્ટ્સ જેની રગ-રગમાં હોય એના માટે અકસ્માત પણ અવસર બને. મૂળ ઉત્તર પ્રદેશ મેરઠના વિકાસે હેન્ડસ્ટેન્ડ કરીને પોતાના મોઢાથી ૮૦.૨૬ કિલો વજન ઉપાડીને ચોક્કસ સમય સુધી પકડી રાખી રેકોર્ડ બનાવી દીધો છે. આવો રેકોર્ડ બનાવવા પહેલા મનોબળ મજબૂત જોઈએ. પછી શરીરમાં બેલેન્સ અને કાંડામાં આખું શરીર ઊંચકી શકવાની તાકાત જોઈએ. એટલું જ નહીં એમના બે પુત્રો પણ આવી કરામત કરી શકે છે. આવું શક્ય કેવી રીતે છે એની પાછળનો જવાબ માત્ર એક જ શબ્દમાં છે, યોગ. પોતાના ગામમાં સૌને યોગ અંગે જાગૃત કરી શરીરને સ્વસ્થ અને સ્વચ્છ (અંદરથી) રાખવા માટે તેઓ દમદાર મહેનત કરે છે, સેલ્યુટ છે દાદા.

કોઈ પણ સ્ત્રી માટે એના વાળ એની શોભા છે બાયબોર્ન ઘરેણું છે એમ કહેવામાં પણ કંઈ ખોટું નથી. વાળને લાંબા કરવા અને ગ્રોથ વધારવા માટે અસંખ્ય મહિલાઓ લાખો પ્રકારના આઈડિયા અજમાવતી હોય છે. પણ 'સ્મિતા શ્રીવાસ્તવ'ના વાળની નોંધ વર્લ્ડ રેકોર્ડબુકમાં લેવાઈ ચૂકી છે. સ્મિતાની કુલ હાઈટ કરતાં એના વાળ માથાથી લઈને જમીનને સ્પર્શ કરે છે તથા વાળ જમીનને સ્પર્શ કર્યા બાદ વાળની જ ૫૦ જલેબી બની જાય એટલો મોટો અંબોડો પણ બની જાય.



૧૪ વર્ષની ઊંમરે સ્મિતાએ વાળ વધારવાનું શરૂ કર્યું હતું અને વાળની અસાધારણ લંબાઈ તથા હેલ્ધી હેર માટે તે પોતાના જિન્સ અને ફૂડને શ્રેય આપે છે. માતાથી પ્રેરિત થઈને, સ્મિતાએ હવે અવિશ્વસનીય રીતે ૨૩૬.૨૨ સેમી (૭ ફૂટ ૯ ઈંચ) લાંબા વાળ કર્યા છે. તેમનું માનવું છે કે, ભારતીય સંસ્કૃતિમાં, લાંબા વાળ સુંદરતાનું પ્રતીક છે અને દેવીની છબી સાથે સંકળાયેલા છે. હા, એક વાત એ પણ જાણવા જેવી છે કે, સ્મિતાને વાળ ધોતા ૧ કલાક થાય છે. જ્યારે એને સુકાતા બીજા બે કલાક જેટલો સમય જાય છે.

જ્યારે પણ ઝઘડો થાય ત્યારે એવું કાને પડઘાય છે કે, બત્રીસી બહાર પડી જશે. પણ કોઈ વ્યક્તિના મોઢામાં ૩૨ના બદલે ૩૮ દાંત નીકળે તો? ડેન્ટિસ્ટના ધ્યાને જ્યારે આ કેસ પહેલી વખત આવ્યો




ત્યારે એ પણ આશ્ચર્યચકિત થઈ ગયેલા કે આ મહિલા બાલન ૩૮ દાંત સાથે જીવન જીવે છે! કલ્પનાના દાંતના અસાધારણ કેસને મેડિકલની ભાષામાં પોલીડોંટિયા કહે છે. દાંત નિર્માણ માટેનું આ અસાધારણ કારણ છે. જોકે કલ્પનાના દાંતની રચના એવી રીતે છે કે, નીચેના ભાગમાં ચાર અને ઉપરના ભાગે બે દાંત છે. પણ ખાવા પીવામાં કે બોલવામાં આ દાંત એમને નડતા નથી. તબીબોએ પણ એના દાંતનો અભ્યાસ કર્યો એ સમયે તે ખૂબ જ સ્વસ્થ અને સુંદર દાંત હતા. વર્લ્ડ રેકોર્ડની ટીમે પણ એના દાંતના કેટલાક ફોટો સેમ્પલ લઈને તપાસ કરી. પણ જ્યાં કુદરતી આશીર્વાદ હોય ત્યાં માણસ બસ એવોર્ડ આપી શકે અને એ પણ ગિનિસની વર્લ્ડ રેકોર્ડ બુકમાં. જીઓ... દેવી જીઓ...

જન્માષ્ટમી નજીક આવે અને પત્તા પ્રેમીઓની મોસમ ખીલે. પત્તા રમવા એ આમ જોઈએ તો સારી વાત છે જ નહીં. પત્તા રમવા માટે પણ એના નિયમથી ચિટિંગ કરીને રમવું પડે. રાજકોટમાં આ ધંધામાં વધુ ચિટિંગ થાય એવી ટેકનોલોજી મળી આવતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો. રીફ્લેક્ટર ચશ્મા અને બીજા ડિવાઈસથી એ ખબર પડી જાય કે હરીફ પાસે ક્યા પત્તા છે? પરંતુ પત્તા બીજે પણ કામ આવી શકે અને વર્લ્ડ રેકોર્ડ સુધી ડંકો વગાડી શકે છે. રમીને નહીં દોસ્ત એમાંથી કંઈક બનાવીને. અર્ણવ ડાંગા



પત્તાની કેટના એક-એક કાર્ડથી બુર્જ ખલિફા જેવડી ઈમારત બનાવી ચૂક્યો છે. બંગાળી બાબુ તુસ્સી ગ્રેટ હો... એક કે બે નહીં ચાર-ચાર ગિનિસ રેકોર્ડને અર્ણવ પોતાના નામે કરી ચૂક્યો છે. ૧ લાખથી વધારે પત્તાના કાર્ડનો ઉપયોગ કરીને દુનિયાની સૌથી કાર્ડ અરેંજિંગ વસ્તુ બનાવીને અર્ણવે દુનિયાને ચોંકાવી દીધી છે. સૌથી વધું ચોંકાવનારી વાત એ છે કે, એક જ દિવસમાં ચાર ચાર રેકોર્ડ તેણે પોતાના નામે કરી લીધા છે, યે લગા દમદાર ચોગ્ગા. ૮ કલાકની મહેનતથી એવી ગગનચૂંબી ઈમારત એણે બનાવી જે વાસ્તવિકમાં તો શક્ય નથી પણ પત્તાના સહારે શક્ય છે. વાહ... દોસ્ત...

પંજાબના સરદારોની ઓળખ એટલે પાઘડી. જોકે પંજાબની લસ્સી,



પનીરની સબ્જી અને પરાંઠાએ દુનિયામાં અનેક લોકોને સદ્ધર કરી દીધા છે. પંજાબી લોકો પોતાના મોજીલા સ્વભાવને લીધે પણ ઘણી વાર ચર્ચામાં રહ્યા છે. એક પાજીએ પોતાના માથાના વજન કરતાં સાતગણી વજન ધરાવતી પાઘડી પહેરીને દુનિયાને ચોંકાવી દીધી છે. આ પાજી એટલે અવતારસિંહ મૌની. તેમનું નામ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું છે સૌથી ભારે પાઘડીને લઈને. અવતારસિંહ ખરા અર્થમાં અવતાર છે. તેઓ પટિયાલામાં રહે છે. એમની પાઘડી ૬૪૫ મીટર લાંબી છે અને તેનું વજન ૪૫ કિલોગ્રામ છે. તેને વીંટાળવામાં એમને ૫-૬ કલાક લાગે છે. એટલા માટે જ એમને ટર્બનમેન ઓફ ઈન્ડિયાથી ઓળખવામાં આવે છે. ૧૬ વર્ષ પહેલા એમણે પાઘડીને કંઈક અલગ રીતે પહેરવાનું શરૂ કર્યું હતું. આટલી વજનદાર પાઘડીને તેઓ કોઈ બોજ નથી માનતા પણ પોતાની ઓળખ માને છે. એટલું જ નહીં આટલું વજન તેઓ સાઈકલ પર ઉંચકીને ગુરુદ્વારા દર્શન કરવા માટે દરરોજ જાય છે.



આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામ ઉપર પણ એક રેકોર્ડ છે સૌથી મોંઘા સૂટનો રેકોર્ડ. વર્ષ ૨૦૧૫માં જ્યારે તેઓ અમેરિકાના પ્રવાસે રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાને મળવા માટે ગયા હતાં એ સમયે તેમણે જે સૂટ પહેર્યો હતો એની કિંમત ૧૦ લાખ રૂપિયા હતી. જ્યારે એની હરાજી કરવામાં આવી એ સમયે ગુજરાતના એક વેપારી 'હિતેશભાઈ લાલજીભાઈ પટેલે' આ સૂટને ૪ કરોડ ૫૦ લાખ રૂપિયામાં ખરીદી લીધો. આ પછી ગિનિસ બુકમાં તેને સૌથી મોંઘો સૂટ માનવામાં આવે છે. આ એ સૂટ છે જેની ઉપરની લાઈનિંગ્સમાં મોદી લખ્યું છે.

બોલિવૂડની ફિલ્મોમાં સંગીત અને એક્ટિંગનો દુનિયામાં ડંકો ન વાગ્યો હોય એવું તે કેમ બને? બાહુબલી એક સાથે પાંચ ભાષામાં રીલિઝ થઈ એ સમયે દુનિયાએ એની નોંધ લીધી. પણ સૌથી મોટા પોસ્ટર અને વોલ પેપર તરીકે પણ કોઈ ફિલ્મનું નામ આવે તો એ બાહુબલી છે. ગીતકારની દુનિયામાં સમીર અન્જાનનું નામ સૌ કોઈ જાણે છે. પોતાના પ્રાઈમ ટાઈમમાં એમણે




૪૦૦૦થી વધારે ગીત લખ્યા છે. આ પણ એક વર્લ્ડ રેકોર્ડ છે. કોઈ સિનેમાના પ્રોજેક્ટ પર ગીત લખવાનો રેકોર્ડ હાલ તો કોઈ વિચારી શકે એમ નથી. સમીરે પોતાના એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'એક જ રાતમાં તેમણે ૧૫ ગીતો લખી નાંખ્યા હતાં.' એ તમામ જુદી જુદી ફિલ્મમાં તો આવ્યા પણ કોઈ એક સિક્વન્સમાં ન હતાં. કોઈ સ્લો સોંગ હતું તો કોઈ ઢંગધડા વગરનું. જેમ કે, પકચિકપક રાજા બાબુ, ચલ ગયા કોઈ જાદુ. હવે આ ગીત સાંભળો તો એના અંતરા સિવાય બાકી ક્યાંય કોઈ મેળ પડતો નથી. હવે હીરો નંબર વનનું ગીત મૈ તુજકો ભગા લાયા હું તેરે ઘર સે, તેરે બાપ કે ડર સે. હવે ફિલ્મ જોઈ હોય તો ખબર હશે કે ફિલ્મમાં એક્ટ્રેસનો બાપ કોઈ છે જ નહીં. પણ સમીર અન્જાનની ફિલ્મી ગીતોની સફર કોઈ એક દિવસનો ખેલ નથી. અથાગ પરિશ્રમ અને દરેક ગીતમાં સફળતા એ તો ખરેખર નસીબ હોય તો પણ માંડ મેળ પડે.

દિવસે-દિવસે દેશના મોટા શહેરોમાં મેટ્રો રેલની સંખ્યા વધી રહી છે. શહેરોમાં એક વિસ્તારથી બીજા વિસ્તારની કનેક્ટિવિટી મજબૂત બની રહી છે. પણ મેટ્રો રેલ માટે આજે પણ દિલ્હીની મેટ્રો રેલ સિસ્ટમને માઈલસ્ટોન ગણવામાં આવે છે. જેના દરેક ઝોન ફરવા માટે દિલ્હીમાં ઓછામાં ઓછા સાત દિવસ સુધી રોકાવું પડે. કારણ કે, દરેક એરીયા એકબીજાથી ઘણા ખરા અંશે અલગ પડે છે. ઓછામાં ઓછા સમયમાં દિલ્હી મેટ્રોના તમામ સ્ટેશન ફરી લઉં તો? ન માન્યામાં આવે એવી વાત હકીકતમાં કરી બતાવી છે શશાંક મનુએ, જે એક રીસર્ચર છે. તેણે માત્ર ૧૫ કલાક ૨૨






મિનિટમાં પોતાની યાત્રા પૂરી કરી લીધી. તમે ખૂબ ઝડપથી જઈને ટ્રેન પકડી શકો ટ્રેનની સ્પીડ થોડી વધારી શકો? ૧૨ જુદી જુદી લાઈન પર ૨૦૦થી વધારે મેટ્રો સ્ટેશન કવર કરીને શશાંક મનુએ વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો. વાહ... રેલયાત્રી વાહ...




મહેન્દ્રસિંહ ધોની અને રોહિત શર્મા એટલે એવા બે કેપ્ટન જેણે દુનિયાના સર્વશ્રેષ્ઠ વર્લ્ડકપ ભારતના નામે કર્યા. 'રોહિત શર્મા'એ પોતાના નેતૃત્વમાં ટી૨૦ કપમાં સાબિત કરી બતાવ્યું કે, શોર્ટટર્મ ક્રિકેટમાં આપણે પિતામહ છીએ. રોહિતના ઓવરઓલ ક્રિકેટ કેરિયર પર નજર કરવામાં આવે તો ક્રિકેટની દુનિયામાં સૌથી વધારે સિક્સ મારવાનો રેકોર્ડ એના નામે છે. જેની નોંધ રેકોર્ડ બુકમાં થઈ છે. ૫૮૦થી વધારે સિક્સર મારીને તેણે ધોની અને કોહલીને પણ પાછળ મૂકી દીધા છે. તાજેતરમાં કે.બી.સી.ની નવી સીઝનમાં પણ રોહિત શર્માની સૌથી વધુ સિક્સર મારવાની સિદ્ધિ અંગેનો પ્રશ્ન અમિતાભ બચ્ચન દ્વારા પૂછાયો હતો. એટલું જ નહીં ક્રિસ ગેઈલનો રેકોર્ડ પણ શર્માજી કે બેટેને તોડ દિયા હૈ.

વર્લ્ડ રેકોર્ડની દુનિયામાં વિશ્વ સ્તરે ભારતનું નામ રોશન કરનાર ભારતના આ ભાગ્યવીરોને સો-સો સલામ... ફી

Mobile : +91 94283 19245

(Since - 1904) ®

MAHAVIR BANDHANI

*Home of Authentic Bandhani Products.*

BANDHANI
GHARCHOLA
LEHERIYA PATOLA
LEHENGA CHOLI
DRESS MATERIALS
SHAWL
DESIGNER KURTI
DUPATTA

Video Call
Facility Available.

Home Delivery
Facility Available.

Nr. Jain Temple Circle, Chandi Bazar, Jamnagar, Phone : 0288-2553018




# સોનાના દિલ વાળો મસ્કત ગુજરાતી સમાજ પણ ભારત ભાગ્ય વિધાતા...

જ્યાં 'જ્યાં વસે એક ગુજરાતી ત્યાં-ત્યાં સદાકાળ ગુજરાત' આ પંક્તિને સાર્થક કરતા મસ્કત ગુજરાતી સમાજે પરદેશની ભૂમિમાં પણ કલા, સંસ્કૃતિ, આરોગ્ય અને સમાજ સેવાની ભાગીરથી વહાવી છે. આપણાં સાંસ્કૃતિક, સાહિત્યિક વારસાની ભવ્યતાનો પરિચય નવી પેઢીને કરાવવામાં જેનો સૌથી મોટો ફાળો રહ્યો છે. તેવા મસ્કત ગુજરાતી સમાજની સિદ્ધિઓનું આદરથી સ્મરણ કરીએ તે પહેલાં તેનો ઈતિહાસ જાણી લઈએ. સુપ્રસિદ્ધ કોલમ લેખક જય વસાવડાએ માણેલું અને અનુભવેલું, મસ્કતના ગુજરાતી સમાજનું આતિથ્ય તેમના જ શબ્દોમાં... મને તો મસ્કત અને ઓમાન જોવાની ઉત્કંઠા હતી જ પણ ત્યાં જઈ અનુભવ્યું કે નગર તો સુંદર છે પણ એથી વધુ સરસ ત્યાં વસી ગયેલા ગુજરાતીઓના દિલ છે. આ સંસ્થા સોનેરી દિલ ધરાવતા માનવીઓનો મેળો છે. જે સુવર્ણ જયંતી ઉજવે છે. એક દૂરના રણપ્રદેશમાં પાંચ-પાંચ દાયકાથી મીઠા સ્વભાવનું સરોવર તરબોળ કરી રહ્યું છે બધાંને. ખુદ તો આનંદ કરે અને બીજાને પણ કરાવે. વૈચારિક વ્યાખ્યાનોને સંગીત-નૃત્ય જેટલું મહત્વ આપીને ગુજરાતી સંસ્કારિતાનો દીવડો ઝળહળાવે...

ગુજરાતની કલા સંસ્કૃતિની સુવાસ પરદેશમાં પ્રસરાવી ગુજરાતી હોવાના ગૌરવને વધારતો મસ્કત ગુજરાતી સમાજ પોતાની ગોલ્ડન જયુબિલી ઉજવી રહ્યો છે. ત્યારે છેલ્લા ૫૦ વર્ષોથી ઓમાનમાં વિવિધ સેવા પ્રવૃતિઓથી ગુજરાતને જીવંત રાખતી આ સંસ્થા ખૂબ-ખૂબ ધન્યવાદને પાત્ર છે.મસ્કતમાં વસતા ગુજરાતીઓ અને અન્ય ભારતીયોએ શરૂ કરેલી ઈન્ડિયન સોશિયલ કલબમાંથી અલગ થયેલી શાખા એટલે મસ્કત ગુજરાતી સમાજ. આરબ દેશોમાં મૂઠી ઉંચેરા માનવી એવા પ્રેમાળ અને પ્રતિભાશાળી વ્યક્તિ સ્વ. શેખશ્રી કનકશીભાઈ ખીમજીની પ્રેરણાથી મસ્કત ગુજરાતી સમાજની સ્થાપના ૧૯૭૬માં થયેલી. મસ્કત ગુજરાતી સમાજના વિકાસમાં શ્રી ચંદ્રકાંત ચોથાણી, શ્રી જિતેન્દ્ર શુકલ અને શ્રી બચુભાઈ ધોળકીયાનું પણ મૂલ્યવાન યોગદાન રહ્યું છે. તેમજ શેખશ્રી અનિલભાઈ ખીમજી, શ્રી સુધીરભાઈ લાટવાલા, શ્રી દિલીપભાઈ મહેતા, શ્રી અનિલભાઈ વાઘેર, શ્રી કિરણભાઈ આશર, શ્રી રાજેન્દ્રભાઈ વેદ, કલાબેન વેદ તેમજ શ્રી અરવિંદભાઈ ટોપરાણીના સહયોગની પણ અચૂક નોંધ લેવી પડે જ. આમાં એક મહત્વપૂર્ણ પાસું એટલે મસ્કતના રાજા (હિઝ હાઇનેસ)ની મસ્કત ગુજરાતી સમાજ પ્રત્યેની અપ્રતીમ ઉદારતા  પણ પ્રશંસાને પાત્ર છે.

વિશ્વ ગુજરાતી સમાજના સભ્ય તરીકે જોડાયેલ મસ્કત ગુજરાતી સમાજનું પ્રેરણા વાકય છે. 'સંપ, સહકાર અને સમર્પણ...' આજે મસ્કત ગુજરાતી સમાજ વિવિધ પ્રકારની સાંસ્કૃતિક તથા સમાજ



સેવાની જે પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. તેમાં સાહિત્ય, કલા, સંગીત, નાટક જેવા માધ્યમો સાથે સંકળાયેલ ગુજરાતના નામાંકિત કલાકારો, લેખકો અને બુદ્ધિજીવી વક્તાઓને આમંત્રિત કરી એક સરસ મજાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ નામાંકિત પ્રતિભાઓમાં જોઈએ તો જય વસાવડા, અંકિત ત્રિવેદી, ડૉ. સુરેશ દલાલ, જય છનીયારા, નેહલબેન ગઢવી, ડૉ. ગુણવંત શાહ, (ચિંતક અને લેખક) હાસ્યસમ્રાટ શાહબુદ્દિન રાઠોડ, સાંઈરામ દવે, જોરાવરસિંહ જાદવ, સુગમ સંગીત બેલડી શ્યામલ, સૌમિલ મુન્શી, હિતેન આનંદપરા, કૃષ્ણકાંત વખારીયા તથા સુપ્રસિદ્ધ ધારાવાહિક તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો જેઠાલાલ, દયાભાભી, અસિત મોદી અને ટપુનો સમાવેશ થાય છે.

પચાસ-પચાસ વર્ષોથી પરદેશમાં રહેવા છતાં મસ્કત ગુજરાતી સમાજનો નાતો ગુજરાત અને ગુજરાતી સંસ્કૃતિ સાથેનો આજે પણ એવો જ અકબંધ સચવાયો છે. પરિણામે કલા-સંસ્કૃતિ અને કલાકારોને તેનું સતત પ્રોત્સાહન મળતું રહે છે.

અત્રે એ યાદ કરવું આવશ્યક છે કે, કોરોના જેવા કપરા સમયમાં ૧૦ જેટલી ચાર્ટડ ફ્લાઈટ મારફતે મસ્કતથી - ગુજરાતી પરિવારોને પોતાના વતનમાં પહોંચાડવાની વ્યવસ્થા મસ્કતના ગુજરાતી સમાજે કરી હતી. તે સિવાય માનવ સર્જિત કે કુદરતી હોનારતમાં પણ આ સમાજ માતૃભૂમિ અને રાષ્ટ્રભૂમિની પડખે ઉભો હોય છે. આપણા દેશને વિદેશી હૂંડિયામણ કમાવી આપવામાં પણ આ સમાજ આગળ છે. ગુજરાતના કચ્છમાં ગૌ શાળા પ્રવૃતિ થકી જીવદયા તથા આરોગ્ય અને શૈક્ષણિક સેવા પ્રવૃત્તિઓમાં આ સમાજનું બહુ મોટું યોગદાન છે.

ટૂંકમાં પરમાર્થને જ પરમેશ્વરનું સ્વરૂપ ગણતા મસ્કત ગુજરાતી સમાજના માનદ્ પ્રમુખ શ્રી અરવિંદ ટોપરાણીના શબ્દોમાં કહીએ તો, અહીં આપણાં બાળકોને માતૃભાષા ગુજરાતીનું જ્ઞાન અને સંસ્કાર પ્રવૃત્તિઓનું જે સિંચન કરવામાં આવી રહ્યું છે, તે સમાજનું જમા પાસું છે. મહિલાઓ માટે સીવણ કામ, રસોઈ શો, મહેંદી શો, રંગોળી જેવી પ્રવૃત્તિઓ ઉપરાંત આ સંસ્થા વિશાળ વડલાની જેમ ઓમાનમાં વસતા પ્રત્યેક ગુજરાતીને હૂંફ આપી રહેલ છે. જેથી ઓમાનમાં સૌ સ્વમાનપૂર્વક આનંદથી જીવન જીવે છે. તેમાં હિઝ હાઈનેસ માનનીય સુલતાન સાહેબ અને ઓમાન ગવર્મેન્ટના અધિકારીઓની અમી દ્રષ્ટિનો પણ ફાળો રહેલ છે.

શ્રી ચંદ્રકાંતભાઈ ચોથાણી (માનદ્ ઉપ-પ્રમુખ તથા કન્વીનર)ના શબ્દો પણ સમજવા જેવા છે. મસ્કત ગુજરાતી સમાજે જે કાર્યો કર્યા છે તેને માટે તો અલાયદો ગ્રંથ તૈયાર કરવો પડે તેટલું વિશાળ અને વિરાટ કાર્યફલક છે. મસ્કત ગુજરાતી સમાજે જે કલ્પનાતીત સેવા કાર્યો કર્યા છે તેના મીઠા ફળ સમાજને મળી રહ્યા છે ત્યારે આપણા સૌના રાહબર આદરણીય સ્વ. કનકશીભાઈ ખીમજીના ઉષ્માપૂર્ણ સહયોગને ક્યારેય વિસરી શકાય તેમ નથી. પોતાના પરિવારના સાથ-સહકારને યાદ કરી ભારતીય રાજદૂતાવાસ તેમજ ઈન્ડિયન સોશિયલ કલબ ઓમાનના ઋણી હોવાનું તેમણે જણાવ્યું હતું. 'ફીલિંગ્સ પરિવાર' પણ સોનાના દિલવાળા મસ્કત ગુજરાતી સમાજને સુંવર્ણ જયંતી અવસરે એના અતિ ઉજ્જવળ ભવિષ્યની અનેક શુભકામનાઓ પાઠવી પ્રસન્નતા વ્યકત કરે છે... ફી







'ફીલિંગ્સ પરિવાર'ને પણ શેઠ શ્રી કનકસિંહ ખીમજી પરિવારને તથા મસ્કતના ગુજરાતી અગ્રણીઓને મળવાનો અવસર મળ્યો હતો.

## ફીલિંગ્સ ટીમની ઓમાન–મસ્કત યાત્રાના સંસ્મરણો



અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૧માં ફીલિંગ્સ ટીમે મસ્કતની મુલાકાત લીધેલ. ત્યાંના ગુજરાતી સમાજની મુલાકાત લઈ આ ગ્લોબલ ગુજરાતીઓએ બિઝનેસ, ટુરિઝમ તથા એજ્યુકેશન ક્ષેત્રે કરેલ અદ્દભૂત વિકાસની નોંધ લઈ ગુજરાતીઓની આ સિદ્ધિને કોફી ટેબલ બુક 'અમનનો દેશ ઓમાન' ના માધ્યમથી બિરદાવી હતી. તેનું વિમોચન ઓમાનના હિઝ હાઈનેસના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું, જેમાં મહત્વ પૂર્ણ યોગદાન શેખ કનકશીભાઈ ખીમજી, અનિલભાઈ ખીમજી, કિરણભાઈ આશર, શ્રી બકુલેશભાઈ મહેતા તથા શ્રી ચંદ્રકાંતભાઈ ચોથાણી સહિત ઘણાં બધાં ગુજરાતી મહાનુભાવોનું રહ્યું હતું.


Read online : www.feelingsmultimedia.com




■ સૌરભ શાહ



# ભારતના ઘડતરમાં મહત્વનું યોગદાન આપનાર આ રહ્યાં સન્માનનીય ગુજરાતીઓ...

મેગાસિટીની આપણી આ સુપરફાસ્ટ લાઈફ સ્ટાઈલમાં જ્યારે ઉંમરના એક પડાવે આપણે થાકીએ છીએ ત્યારે ગામડાની શાંતિ યાદ આવે છે અને એ શાંતિ પામવા પાછા રિસોર્ટમાં જઈને પૈસા ખર્ચીએ છીએ. પણ આ આધુનિક ભારતના નિર્માણમાં સાંસ્કૃતિક ભારત દટાઈ રહ્યું છે એની આપણને જાણ સુદ્ધાં નથી. 'ભારતનો આત્મા તેના ગામડાઓમાં વસે છે' મહાત્મા ગાંધીજીની આ વાતને ધ્યાને રાખીને ભારતના ગામડાઓ તેની સંસ્કૃતિ અને ગ્રામીણ લોકોની મૂકભાવે સેવા કરનારા કેટલાક સાવ અજાણ્યા યુવાન મિત્રોને મળીએ.



**- શ્રી ગિરીશભાઈ (સમસ્ત મહાજન)**

૩૫ વર્ષમાં પોતાના બળ પર શૂન્યમાંથી સર્જન કરીને હીરાબજારમાં નામ અને ચિક્કાર દામ કમાનાર આ અબજોપતિ વેપારી છેલ્લા ૨૦ વર્ષથી ભારતની ગૌશાળાઓ અને પાંજરાપોળોની જમીન પર સેવાની હરિયાળી ચાદર બિછાવી રહ્યા છે. સેંકડો ગામોના લાખ્ખો એકર ગૌચરોમાં વૃક્ષારોપણ અને ઘાસચારાની જાળવણી દ્વારા ગ્રામ્ય જીવનને તેઓ સ્વસ્થ બનાવી રહ્યા છે.

મહારાષ્ટ્રના પાણીની તંગી ધરાવતા વિસ્તારોમાં તેમના પ્રયત્નોથી તળાવો ઊંડા કરવાનું અભિયાન સફળ થતાં ગ્રામીણોની વર્ષોજૂની સમસ્યાનો અંત આવ્યો છે. પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ નામના ક્રાંતિકારી જૈન મુનિની પ્રેરણાથી આ સેવાકર્મ કરતા મુંબઈના ગિરીશભાઈ દર મહિને ઓછામાં ઓછા ૧૫-૨૦ દિવસ તો જાતે જ આ કામની દેખરેખ માટે ગામડાંઓમાં પહોંચી જાય છે. એ ઘણી પ્રેરક વાત છે.



**- શ્રી મનસુખભાઈ સુવાગિયા**

ભારતની વિશ્વપ્રસિદ્ધ ગીર ઓલાદની ગાયો આજથી ૨૫-૩૦ વર્ષ પૂર્વે સાવ જ સૂકાઈ ગઈ હતી અને મરણશૈયા પર હતી, ત્યારે આ કાઠિયાવાડી યુવકે ગિરનાર પાસેના જામકા ગામમાં ડેરા-તંબુ બાંધીને વર્ષો સુધી તનતોડ મહેનત કરી. પરિણામે આ જાતવાન ગૌવંશ આજે રોજનું ૧૫-૨૦ લિટર દૂધ આપતી થઈ છે. એમાં મનસુખભાઈના પરસેવાની મહક મહેંકે છે. આ રિઝલ્ટ મેળવવા તેમણે પૂર્ણતયા પ્રાકૃતિક ઉપાયો જ કર્યા છે. ઈન્જેક્શન જેવા કોઈપણ કૃત્રિમ ઉપાયો આચર્યા નથી. આ ઉપરાંત ચેકડેમ, પ્રાકૃતિક કૃષિ જેવા મુદ્દે પણ તેમનું યોગદાન અફલાતૂન છે.



**- શ્રી હર્ષ શાહ**

મુંબઈના હીરા બજારમાં ધીકતી કમાણી કરતા શાહ પરિવારના આ સપૂતે પૂજ્ય જૈનાચાર્ય શ્રી અજયસાગરજી મહારાજ અને મુનિ જિનપ્રેમ વિજયજી મહારાજની આવી પ્રેરક વાત સાંભળી કે, 'ધાબળા, કપડાં વહેંચીને ફોટો ફેસબુક પર શેયર કરવા એ મદદ નથી, પણ સામેનાને સમજીને તેની પ્રગતિમાં સહાય કરવી એ મદદ છે.'

ત્યારથી મુંબઈગરા હીરાના વેપારીએ છેલ્લા છ વર્ષથી દર શુક્ર, શનિ, રવિ પાલિતાણા આસપાસના ગામડાઓમાં સેવાની જબરજસ્ત ધૂણી ધખાવી છે. શત્રુંજય યુવક મંડળના સ્થાપક એવા ધર્મનિષ્ઠ યુવાન હર્ષ શાહને દેશ-વિદેશના જૈનો મદદ કરે છે.



NO ONION
NO GARLIC
SINCE 2008
Ready to Cook...
SHRI HARI
READY TO COOK MASALA
My Chinese
Chinese Spice Fusion
• My Chinese Masala is so Flavourful, there's no need for any Sauces, Spices, or Salt.
• Use onion and garlic as per taste...
Now @ Rs.10/-
Chinese Fried Rice Masala
चाईनीज़ फ्राईड राईस मसाला
Schezwan Fried Rice Masala
शेज़वान फ्राईड राईस मसाला
Combo Pack
Chinese Manchurian + Gravy Masala
चाईनीज़ मन्चुरियन + ग्रेवी मसाला
Chinese Noodles Masala
चाईनीज़ नूडल्स मसाला
Chinese Spice Fusion
Jab bhi Chinese ho Khana, 'My Chinese' hi Lana...
IMAGE MAKER-09327020557
• Chinese Manchurian + Gravy Masala
• Chinese Noodles Masala
• Schezwan Fried Rice Masala
• Chinese Fried Rice Masala
100% natural product
Mfg. by: SHRI HARI MASALA, Guj., INDIA. AN ISO 22000 CERTIFIED CO.
E-mail: shriharimasalahalol@gmail.com
NOW, SHOP ONLINE THROUGH WEBSITE : www.shriharimasala.com
ALSO AVAILABLE ON MAJOR PROVISION & KIRANA STORES
CUSTOMER CARE :
+91 94092 00015 / +91 63536 87099



- શ્રી પરાગભાઈ જરીવાલા

અમદાવાદના મધ્યમવર્ગીય સજ્જન માણસ. મદદનું વ્યસન એટલું કે પોતાનું ઘરનું કામ છોડીને મદદ કરવા દોડી જાય અને પરિવારજનોનો રોષ વહોરે!

ગુજરાતનાં મહેસાણા ખાતે ધીણોજ ગામમાં જૈનાચાર્યશ્રી નરરત્નસૂરિજી મહારાજની પ્રેરણાથી ચાલતી SBN વિદ્યાપીઠ ધીણોજ (નિ:શુલ્ક ગ્રામીણ બાળકોનું છાત્રાલય)માં કોઈપણ પદ વિના સહયોગ આપનારા આ જૈન માણસને ગુજરાતના કેટલાય ગામમાં સન્માન મળે છે. કારણ કે જે ગામના દીકરાઓ અહીં ભણે છે તે ગામોની પણ યથાશક્તિ સેવા કરવા પરાગભાઈ ત્યાં પહોંચે છે.



- શ્રી ગોપાલભાઈ સુતરીયા

અમદાવાદના બિલ્ડરલાઈનના આ સજ્જન પાસે જાતવાન ૩૦૦થી વધારે ગીર ગાયો છે. દૂધ-ઘીની નદીઓ વહેતી જોવી હોય તો એમની ગૌશાળા જોવી જોઈએ. ભલે વ્યાપારિક હેતુથી આ કામ કર્યું છે, પણ આપણાં દેશમાં દવાખાના-હોસ્પિટલ અને ડૉક્ટરોની જરૂર જ ના પડે તેવો તંદુરસ્ત સમાજ સર્જવા કટિબદ્ધ ગોપાલભાઈ પોતાની ગૌશાળામાં પૂર્ણ સ્વદેશી પદ્ધતિ જાળવીને વર્ષે લાખો-કરોડોની કમાણી કરે છે. ખુશીની વાત એ છે કે પોતાની આ બિઝનેસ પોલિસીને તેઓ નિ:શુલ્ક વહેંચતા રહે છે.



- શ્રી ડૉ. હર્ષિલ શાહ

માત્ર ૨૯ વર્ષની ઉંમરે અમદાવાદની ધીકતી ડૉક્ટરી કમાણીને તિલાંજલિ આપનાર ડૉક્ટર હર્ષિલ શાહ (M.B.B.S.) યુનિક કેરિયર બનાવવા ઈચ્છતા યુવકો માટે માઈલસ્ટોન છે. છેલ્લા સાત વર્ષથી શત્રુંજય તીર્થ (પાલિતાણા) ખાતે જૈન મહારાજ સાહેબો અને શ્રદ્ધાળુ યાત્રિકો ઉપરાંત ડોળીવાળા, ફૂલવાળા, ધર્મશાળા - ભોજનશાળાના કર્મચારીઓ કે દેરાસરોના પૂજારીઓના સ્વાસ્થ્યની સંભાળ રાખવાનું વ્રત લઈને પાલિતાણામાં વસનારા આ ડૉક્ટર સાહેબને તો ધન્યવાદ છે, પરંતુ તેમના ધર્મપત્નીએ પણ આ માટે અમદાવાદ જેવા શહેરનો મોહ છોડી પાલિતાણા જેવા નાના શહેરમાં રહેવાનું પસંદ કર્યું એ વિશેષ અભિનંદનને પાત્ર છે. તેમના ધર્મપત્ની શત્રુંજય ડુંગર આસપાસ મહિલા સ્વાવલંબનના વિવિધ પ્રોજેક્ટ જોરદાર રીતે હાથ ધરે છે. આમ આ યુવા કપલ સેંકડો લોકોના જીવન ઉત્થાનમાં કેવો સ્ટ્રોંગ સપોર્ટ કરે છે એ એમને મળો તો જ ખબર પડે. પાલિતાણા જાઓ તો આ સેવાભાવી દંપતીને મળવા જેવું છે.



- શ્રી જીતુ રેહાના

રાજકોટના વિશ્વનીડમ સંસ્થાના જીતુભાઈ અને તેમના ધર્મપત્ની રેહાનાબેનને ટૂંકમાં લોકો જીતુ-રેહાના તરીકે જાણે છે. (જાણે પત્નીનું નામ અટક બની ગયું..!) વર્ષોથી રાજકોટમાં મજૂરી કરવા આવેલા ગ્રામીણોના બાળકોના ઉત્કર્ષ માટે કટિબદ્ધ આ યુગલને આધુનિક વિચારધારાવાળા જૈન સંગઠન 'મુંબઈ યુવક સંઘ' દ્વારા ભરપૂર આર્થિક સહાય પૂરી પાડવામાં આવી ત્યારથી હરણફાળ ભરી રહ્યું છે.




- શ્રી ભાવેશ જીરાવલા

એક જોરદાર નામ.. આપણે ત્યાં કહેવત છે કે, 'ઘર બાળીને તીરથ ના કરાય' પણ આ મારવાડી યુવાન ગુજરાતમાં ભાડાના ઘરમાં વસે છે, ભાડાની દુકાનમાં ધંધો કરે છે. હપ્તા પર ગાડી લઈને ગામડે-ગામડે માલ પહોંચાડે છે. અને આવી નાજુક આર્થિક પરિસ્થિતિમાં દરરોજ અને બધા જ રવિવારે છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લાના સાવ અંતરિયાળ વિસ્તારમાં વસતા ગ્રામીણોની સેવા કરે છે.

બોડેલી જેવા નાનકડા શહેરમાં વસતા ભાવેશભાઈને ખબર પડે એટલે ધંધો છોડીને ગ્રામીણ આદિવાસીઓ પાસે પહોંચી જાય. આસપાસના ગામના જે છાત્રાલયો સરકારી ધોરણે ચાલે છે તેની પણ દેખરેખ રાખે. વળી ગામડાઓમાં ફરી ફરીને સારા વિદ્યાર્થીઓને શોધીને તેમના માતા-પિતાને મહામહેનતે સમજાવીને જાતે જઈને સારી સંસ્થામાં આજીજી કરીને ભણવા મોકલે. પ્રચાર વગર કામ કરતા આ સેવકની સુગંધ હજુ દેશ-વિદેશ પહોંચી નથી.

એવોર્ડને લાયક આવા અજાણ્યા ગુજરાતી ભારત ભાગ્ય વિધાતાઓને ખૂબ ખૂબ ધન્યવાદ.



એક સંકલ્પ.
હાથ માં હાથ,
સદાય સંગાથ.
ભલે રહ્યો દુર્ગમ પથ,
સુગમ બને,
સૌનો હોય જો સાથ.
ધ્યેય એક.
લક્ષ્ય એક.

ભારત ભાગ્ય વિધાતા
नवी दिशा - नवी खोज

|| चरैवेति ||

# Toprani Advanced Lab Systems

18, Urmi Society, Near Urmi Char Rasta, Akota, Vadodara – 390020.
Ph.: 2341442, 2339110.
Time: 6.30am to 9.30pm (Mon. to Sat.) 7.30am to 2.00pm (Sunday)

**Collection Centre's in Vadodara Contact Number**

- Bhayli - 2341442
- Gorwa - 2282245, 2341442
- Karelibaug - 2495193
- Makarpura - 2638224
- Nizampura - 2780342
- Padra - 9638211442
- Race Course - 2341442
- Raopura - 2437861
- Soma Talav - 2580085
- Waghodia Road - 2522555

**Collection Centre's Outside Vadodara Contact Number**

- Bodeli - 9316751521
- Dabhoi - 6351979438
- Rajpipla - 7211187890

email : *topranilabs@hotmail.com* web : *topranilabs.co.in*



+91 9227105410 / 7567446330

# Jeenitaa Interlines

QUALITY IS OUR MOTTO

nayan.gandhi08@gmail.com
GSTIN : 24AFAPG6643L1ZH

**AN EXCLUSIVE BAG MANUFACTURER**



## DHOLERASIR

(૨૨ ગામ અંદર અને બહાર)માં
જમીન (Land) ખરીદવા,
ઈન્વેસ્ટમેન્ટ કરવા, વેલ્થક્રિએટ,
કેરિયર બનાવવા માટે સંપર્ક કરો.

- 'ધોલેરાસર' ઈકવિટી શેર્સમાં રોકાણ કરવા માટે મળો.
- 'ધોલેરાસર' વિઝનરી – રાકેશ ખોખાણી (છેલ્લા ૧૫ વર્ષથી માર્ગદર્શન આપે છે.
- પાર્ટટાઈમ/ફ્રીલાન્સર બિઝનેસ, જોબ માટે સંપર્ક કરો.
- ટાટા, સેમીકોન નજીક મોજે ગામ ઝાંખી, ભડિયાદ, સોઢી, હેબતપુર, ધોલેરા વિગેરે.

**Mo.: 9327005595, 7878726244, 9725641969.**
E-Mail: vibrantconsultant4@gmail.com
(વાઈબ્રન્ટ ઈન્ફ્રા અને મીડિયા પ્રા.લિ.)

**Enjoy This Monsoon @**

# Khanvel

RESORT SILVASSA


**Ahmedabad : 079-48964488, 09327693308, 09824056861**
**Surat : 0261-2364422, 09327721459, 09824056861**
**Mumbai : 022 26352635/ 26305555**
sales@khanvelresort.com
www.khanvelresort.com

**કેશર કસ્તુરી રેશમ**



જ્યોતિષ અને વાસ્તુ માર્ગદર્શન
**લાલાશંકર જોષી**
મો. 9923663436





પ્રદીપ ત્રિવેદી

# ભારત ભાગ્ય વિધાતા તરીકે અખબારો અને રેડિયોનું પ્રદાન

વિશ્વમાં ભારત એક એવો ભાગ્યશાળી દેશ છે કે, જેનું ભાગ્ય એક માત્ર વિધાતાએ નહીં પણ અનેક મહાપુરુષો, સંતો, મહાત્માઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓ તેમજ માહિતી પ્રસારણના વિવિધ માધ્યમો દ્વારા લખાયું છે અને તેનું વિકાસોન્નોમુખ ઘડતર થયું છે.

ગમે તેવી સ્થિતિ અને પરિસ્થિતિમાં ભારત હંમેશાં ઉર્ધ્વ ગતિ કરતો રહ્યો છે. સમયની પરિપાટી પર તે અનેક યુગોનો અને બ્રિટિશરોની ગુલામીનો સામનો કરી આજે વિશ્વનો વિકાસશીલ દેશ બન્યો છે.

ભારતના ભાગ્ય વિધાતા તરીકે માહિતી પ્રસારણનાં મુખ્ય માધ્યમો અખબારો અને રેડિયો વિશે વાત કરીએ તો, ભારતને બ્રિટિશરોની ગુલામીમાંથી સ્વતંત્રતા અપાવવામાં અને વિકાસશીલ દેશ બનાવવામાં અખબારો અને રેડિયોનો બહુ મોટો ફાળો જોવા મળે છે. આજે ભારત માત્ર રાજકીય કે આર્થિક ક્ષેત્રે જ નહીં પણ કલા, સંસ્કૃતિ, મનોરંજન, રમત ગમત, સાયન્સ ટેક્નોલોજી, સ્પેસ, મેડિકલ, ટુરિઝમ, મોર્ડનાઇઝેશન, પર્યાવરણ તથા આર્કિટેક્ચર જેવા ક્ષેત્રોમાં અદ્‌ભૂત પ્રગતિ કરતો દેશ બન્યો છે. તેમાં અખબારો અને રેડિયોની ભૂમિકા પણ ખૂબ મહત્વની રહી છે. આધુનિક ઈલેક્ટ્રોનિક મીડિયામાં ટીવી, ખાનગી ટીવી ચેનલો અને સોશિયલ મીડિયાનો ફાળો પણ જોવા મળે છે.

- ભારતનું અને એશિયાનું સૌ પ્રથમ અખબાર 'હિકીસ બંગાળ ગેઝેટ' હતું, જેને 'ઓરિજિનલ કલકત્તા જનરલ એડવર્ટાઈઝર' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમ્સ ઓગસ્ટ્સ હિકી નામના એક આઈરિશમેન દ્વારા ૧૭૮૦માં પ્રકાશિત થયું હતું. ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ અખબાર ૧, જુલાઈ ૧૮૨૨ના રોજ મુંબઈથી ફર્દુનજી મર્ઝબાનએ 'બોમ્બે સમાચાર' (મુંબઈ સમાચાર) પ્રકાશિત કર્યું હતું.
- ભારતમાંથી પ્રકાશિત થતા અખબારોની સંખ્યા અંદાજે ૧,૧૦,૮૫૧ (૩૧.૦૩ ૨૦૧૬) છે. સૌથી વધુ ૩૫,૬૬,૬૧૭ સર્ક્યુલેશન ધરાવતું અખબાર 'દૈનિક ભાસ્કર' (હિન્દી ભાષા) છે. દ્વિતીય ક્રમે ૧૯,૨૦,૦૯૬થી 'મલાયમ મનોરમા' (મલયાલમ ભાષા) અને તૃતીય ક્રમે ૧૮,૭૨,૪૪૨ થી 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' (ઈંગ્લીશ ભાષા) આવે છે.
- ગુજરાતી ભાષામાં સૌથી વધુ ૫,૧૧,૮૭૧ના સર્ક્યુલેશનથી 'દિવ્ય ભાસ્કર' પ્રથમ આવે છે.
- ગુજરાતી ભાષામાંથી પ્રકાશિત થતા મુખ્ય અખબારોમાં મુંબઈ સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, ગુજરાત સમાચાર, અકિલા, મિડ ડે, નવગુજરાત સમય, ગુજરાત મિત્ર, કચ્છ મિત્ર, આજકાલ, વેસ્ટર્ન ટાઈમ્સ, નોબત, સાંજ સમાચાર, ગુજરાત મિરર, જન્મભૂમિ, ફૂલછાબ, જયહિન્દ, ગુજરાત ટુ ડે, સૌરાષ્ટ્ર સમાચાર, મેટ્રો, સરદાર ગુર્જરી, ખબર છે વગેરેનો સમાવેશ થાય છે.
- ગુજરાતી ન્યૂઝ ટીવી ચેનલઃ ટીવી ૯, ઝી ૨૪ કલાક, ન્યૂઝ ૧૮, એબીપી ગુજરાતી, જી એસ ટીવી, ગુજરાત સમાચાર, સંદેશ ટીવી, મંતવ્ય ન્યૂઝ, ડીડી ગુજરાતી ન્યૂઝ, વીટીવી વગેરે છે.

ભારતના ભાગ્ય નિર્માણમાં અખબારો અને રેડિયોએ પારદર્શિતા, જાગૃતતા, શિક્ષણ અને સાંસ્કૃતિક વિરાસતને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સત્ય આલેખન અને મહત્વની માહિતીના પ્રસાર દ્વારા ભારતની લોકશાહીને મજબૂત બનાવી દેશની એકતાને જાળવી રાખવામાં આ માધ્યમો હંમેશાં અગ્રેસર રહ્યાં છે.

આ માધ્યમોએ ભારતની વૃદ્ધિ અને સમૃદ્ધિમાં પડકારો ઝીલવામાં તથા દેશની અલગ ઈમેજ દેશ-વિદેશમાં ઊભી કરવામાં ખૂબ મહત્વનું કામ કર્યું છે.

અખબારો ભારતીય લોકશાહીનો ચોથો સ્તંભ ગણાય છે. સરકાર અને નાગરિકો વચ્ચે એક સેતુરૂપ કાર્ય કરે છે. અખબારો વિસશ્વનીય માહિતીનો સ્રોત ગણાય છે. અખબાર અને રેડિયો તેમજ ટીવી લોકોને સાંપ્રત ઘટનાઓ અને માહિતીથી વાકેફ કરે છે.

અખબારોનો સ્વતંત્રતા સંગ્રામ સાથે અતૂટ સંબંધ રહ્યો છે. ભારતીયોની રાષ્ટ્રીય ભાવનાને બહાર કાઢી સ્વતંત્રતાનો જુવાળ પેદા કરવામાં તેણે મહત્વનો ભાગ ભજવ્યો છે. સ્વતંત્રતા સંગ્રામના વિવિધ તબક્કાઓ દરમિયાન મહાત્મા ગાંધીજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ, રાજારામ મોહન

- રેડિયો પ્રસારણની શરૂઆત બ્રિટિશ રાજ દરમિયાન જૂન ૧૯૨૩માં 'બોમ્બે પ્રેસિડેન્સી રેડિયો કલબ' અને અન્ય 'રેડિયો કલબ' દ્વારા થઈ હતી.
- સૌ પ્રથમ રેડિયો સ્ટેશન 'મુંબઈ સ્ટેશન' ૨૩મી જુલાઈ ૧૯૨૭ના રોજ અને 'કોલકાતા સ્ટેશન' ૨૬મી ઓગસ્ટ ૧૯૨૭ના રોજ શરૂ થયું હતું.
- ૨૩મી જુલાઈ રાષ્ટ્રીય પ્રસારણ દિવસ તરીકે ઉજવાય છે.
- ઑલ ઈન્ડિયા રેડિયોની પ્રથમ મહિલા ન્યૂઝ રીડર સઈદાબાનો (ઓગસ્ટ ૧૯૪૭) હતાં.
- આકાશવાણી, ઑલ ઈન્ડિયા રેડિયોની શરૂઆત ૧૯૩૬માં થઈ હતી.
- ૧૯૫૬માં રેડિયોએ 'ઑલ ઈન્ડિયા રેડિયો' તરીકે ઓળખ મેળવી.
- ઑલ ઈન્ડિયા રેડિયોની સ્થાનિક સેવામાં દેશભરમાં ૪૭૦ સ્ટેશનોનો સમાવેશ થાય છે. જે ભારતનાં ૯૨% જેટલા ભૌગોલિક વિસ્તાર અને વસ્તીના ૯૯.૧૯% ભાગને આવરી લે છે. ૨૩ ભાષાઓ અને ૧૭૯ બોલીઓમાં કાર્યક્રમ પ્રસારિત થાય છે. ૧૫૦ દેશો સુધી સેવા પહોંચે છે.

રોય, બાલ ગંગાધર તિલક અને એની બેસન્ટ જેવા રાષ્ટ્રીય નેતાઓએ 'સ્વતંત્ર રાષ્ટ્ર' વિશેના તેમના વિચારો, મંતવ્યોને પ્રસારિત કરવા માટે અખબારો અને સામયિકોનો ઉપયોગ કર્યો હતો. તેમના પ્રભાવશાળી લેખો દ્વારા જનતાને એક કરી સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતાં. અંગ્રેજી તેમજ પ્રાદેશિક ભાષાઓમાં પ્રકાશિત થતા વિવિધ અખબારો જેવા કે, હરિજન, યંગ ઈન્ડિયા, નેશનલ હેરાલ્ડ, કેસરી, સંવાદ, કૌમુદી, ન્યૂ ઈન્ડિયા વગેરેએ જનતાને એકતા અને અખંડિતતાની શક્તિનો અહેસાસ કરાવી ભારતમાંથી બસ્સો વર્ષ જૂના બ્રિટિશ શાસનને ઉથલાવી પાડવા માટે સશક્ત બનાવ્યા હતાં.

રાષ્ટ્રના સુદ્રઢ અને સામાજિક પરિવર્તન માટે લોકોમાં મનોવલણ અને શિક્ષણ કૌશલ્યો કેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કાર્ય અખબાર અને રેડિયોએ કર્યું છે.

ભારતમાં ૭૦%થી વધુ વસ્તી ગ્રામીણ હોવાથી, ગ્રામીણ વિકાસ સંબધિત યોજનાઓ, કૃષિ કલ્યાણકારી યોજનાઓને ગામડાઓ અને કૃષિકારો સુધી પહોંચાડવા રેડિયોના વિવિધ કાર્યક્રમો ઉપયોગી બન્યા છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે તેમના વિઝન-૨૦૨૦માં દેશની પ્રગતિ માટે કૃષિ, મહિલા વિકાસ, આરોગ્ય, પર્યાવરણ, શિક્ષણ અને આર્થિક વિકાસના ક્ષેત્રો પર મુખ્ય ભાર મૂક્યો હતો અને એના દ્વારા ભારતના ભાગ્યઘડતરની કલ્પના કરી હતી. તેમાં વિવિધ માધ્યમો પૈકી અખબાર અને રેડિયોને તેમણે મજબૂત માધ્યમ ગણ્યું હતું.

રેડિયો સંદેશાવ્યવહારનું સૌથી સુલભ અને અસરકારક સમૂહ માધ્યમ છે. આઝાદી પહેલાં અને આઝાદી પછી દેશના વિકાસની ઝલક રેડિયો દ્વારા ઝડપથી પ્રસરતી રહી છે અને નવી દિશાઓ ખોલતી રહી છે.

આઝાદીના સંગ્રામ વખતે જે કોઈ અખબાર આઝાદીને લગતા સમાચાર કે લેખ પ્રસિદ્ધ કરતું તે અખબાર અને સામયિકો પર બ્રિટિશરોની બરોબર તવાઈ રહેતી. એવા અખબારો-સામયિકો પર કડક નજર રખાતી હતી. તેને અપાતી બધી મદદ બંધ કરી દેવાતી હતી. આવા સમયે આઝાદીને લગતા તીખા-તમતમતા ભાષણો, લેખો અન્ડર ગ્રાઉન્ડમાં છપાતા અને વિવિધ ગ્રૂપ દ્વારા તેને વિવિધ સ્થળોએ મોકલવામાં આવતા હતાં. આમ ભૂગર્ભ પ્રવૃત્તિ દ્વારા પણ અખબારોએ રાષ્ટ્ર ભાવના જાળવી રાખવામાં તેમજ આઝાદી માટેના સંગ્રામની મશાલ જલતી રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. આઝાદી પછી પણ આવું જ કઈંક કટોકટી વખતે થયું હતું પણ અખબારોએ તેનો 'પત્રકરાત્વ ધર્મ' છોડ્યો ન હતો. આમ અખબારોએ અન્યાય, અનીતિ, ભ્રષ્ટાચાર, પ્રદૂષણ જેવા દૂષણો સામે હમેંશાં જંગ છેડ્યો છે. તો જ્ઞાન - વિજ્ઞાન, ટેકનોલોજી-મોડર્નાઈઝેશન, શોધ-સંશોધન, પ્રગતિ-સફળતા, કલા-સાહિત્ય, હેરિટેજ-કલ્ચર, સંસ્કાર-સંસ્કૃતિને આવકારી પ્રોત્સાહન પણ આપ્યું છે. ભારતના વિકાસમાં ઉત્તમ સમાચારો તેમજ માહિતીસભર લેખોનું મોટું પ્રદાન રહ્યું છે.

અખબાર અને રેડિયો સામાજિક જાગૃતતા લાવવાના કાર્યક્રમો થકી સરકારની ફરજ અને જવાબદારી પ્રત્યે વિશેષ પ્રકાશ પાડે છે. નાગરિકો યોગ્ય નિર્ણય લઈ શકે એ માટે તેને જાગૃત બનાવે છે. સરકાર અને સત્તાધીશો દ્વારા લેવાતા નિર્ણયો અને કાર્યો પર ચાંપતી નજર રાખે છે. ક્યાંય ખોટું થતું હોય, અન્યાય થતો હોય કે ભ્રષ્ટાચાર થતો હોય તેનો પર્દાફાશ કરી જવાબદાર વ્યક્તિને જનતાની અદાલતમાં ઉભા રાખે છે.

આમ જોઈએ તો અખબાર અને રેડિયો શિક્ષણ આપવાનું પણ સરસ કાર્ય કરે છે. લોકોને વિવિધ વિષયો પર જાણકારી આપીને સુશિક્ષિત કરી તેને ઘડવાનું કાર્ય કરે છે. રેડિયોમાં આપણા વડાપ્રધાનશ્રીનો કાર્યક્રમ 'મનકી બાત' ખૂબ લોકપ્રિય અને જાગૃતતા લાવનારો રહ્યો છે. એક સમય હતો જ્યારે દૂરદર્શન પરથી પ્રસારિત થતી શ્રેણીઓની લોકપ્રિયતા ખૂબ ઊંચી રહેતી હતી. આ પછી માહિતી પ્રસારણ ક્ષેત્રે ટેક્નોલોજીનો વિકાસ થતાં ટી.વી. ક્ષેત્રે અનેક ખાનગી ટી.વી. ચેનલો અને રેડિયોની ખાનગી એફ.એમ. ચેનલો આવી તેના થકી જ્ઞાન-વિજ્ઞાન અને મનોરંજનનાં શ્રેષ્ઠ કાર્યક્રમોએ ભારતની આગવી ઓળખ ઉભી કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

આમ ભારતનાં ભાગ્યને ઘડવામાં ભારતનાં વિખ્યાત અખબારો જેવા કે, 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ હિન્દુ, ધ ઈન્ડિયન એક્સપ્રેસ, દૈનિક ભાસ્કર, અમર ઉજાલા, આનંદબઝાર પત્રિકા, ઈનાડું, માતૃભૂમિ, લોકમત' વગેરેનો મોટો ફાળો રહ્યો છે. જ્યારે આઝાદી પહેલાં મહત્વનાં અખબારોમાં 'નવજીવન, હરિજન, સત્ય, યુગાન્તર, કેસરી, દિનબંધુ, યંગ ઈન્ડિયા, ઈન્ડિપેન્ડેન્ટ, લીડર, ક્રાંતિ, નેશનલ હેરાલ્ડ, ધ હિન્દુસ્તાન ટાઈમ્સ, બોમ્બે ક્રોનિકલ, ટ્રિબ્યુન, હિન્દુ પેટ્રીઓટ, બોમ્બે ટાઈમ્સ, કલકત્તા જર્નલ, બંગાળ ગેઝેટ મુંબઈ સમાચાર જેવા અનેક અખબારોનું આઝાદી વખતે મહત્વનાં સમાચારો, ભાષણો, સંદેશાઓ વગેરે દેશવાસીઓ સુધી પહોંચાડવામાં અને રાષ્ટ્રભક્તિ જગાવવામાં ભારતના ભાગ્ય વિધાતા તરીકે ખૂબ મહત્વનું યોગદાન રહ્યું છે, જેને ભૂલાય તેમ નથી.

- સૌ પ્રથમ ટેલિવિઝન પ્રસારણ દિલ્હીમાં ૧૯૫૯માં AIRના નેજા હેઠળ શરૂ થયું હતું, પરંતુ ૧, એપ્રિલ ૧૯૭૬ના રોજ 'દૂરદર્શન' તરીકે રેડિયો નેટવર્કથી અલગ થયું હતું.
- દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદની સ્થાપના ૧૫મી માર્ચ ૧૯૭૬માં થઈ હતી. જે 1KW ટ્રાન્સમીટરથી ખેડા જિલ્લાના પીજ ખાતે સ્થિત હતું. પીજથી પ્રસારણ થતું હતું.
- દૂરદર્શન સ્ટુડિયો, થલતેજ ખાતે ૨ ઓક્ટોબર ૧૯૮૭થી કાર્યરત થયો.
- ડીડી ગિરનાર ૨૪ કલાક પ્રસારણ ૧ ઓક્ટોબર ૧૯૯૩થી શરૂ થયેલ.

ફીલિંગ્સ ટીમ




# વડાપ્રધાન મોદીજીને સ્વચ્છતા અભિયાનની પ્રેરણા આપનાર એન.આર.આઈ. રામજી પટેલનો અનોખો સેવાયજ્ઞ

**ધર્મ એટલે શિવલિંગ પર દૂધનો અભિષેક કરવો કે ધર્મ એટલે ગ્રામજનો માટે ઊભાં સંડાસ બનાવવાં? ધર્મ એટલે બે હાથ જોડીને પગે લાગવું? કે ધર્મ એટલે કોઈને મદદ કરવા એક હાથ લંબાવવો?**

શ્રાવણ માસમાં આપણે બધાં ધર્મમય બનીએ. એમાં કશું જ ખોટું નથી. એનો સહેજે વિરોધ નથી. એ બધાનું પણ મહત્ત્વ છે જ. પરંતુ આપણે યાદ રાખીએ કે સાચો ધર્મ તો છે માનવધર્મ.

આપણે શિવલિંગ પર દૂધનો અભિષેક કરીએ ત્યારે યાદ રાખીએ કે શ્રમિક શરીરશ્રમ કરીને જે પરસેવો રેલાવે છે તેનો અભિષેક શંકર ભગવાનને વધારે ગમે છે. એવા લાખો - કરોડો શ્રમિકોને જે સમાજ સાચવે છે એ સમાજ પર મહાદેવજી પ્રસન્ન રહે છે.

ધર્મ એટલે માત્ર મંદિર, પૂજાપાઠ, અભિષેક, વિધિવિધાન જ નહીં: ધર્મ એટલે માનવતા અને સેવા. અમેરિકાવાસી રામજીભાઈ પટેલ આવા એક ભક્ત છે જે ગુજરાતમાં ઊભાં સંડાસ બનાવી સાચો ધર્મ અદા કરી રહ્યા છે.

વર્ષોથી ગુજરાતમાં જાતે જ સફાઈ ઝુંબેશ ચલાવતા રામજીભાઈ ઊંઝા અને વડનગરની આસપાસના ગામોમાં જૈફ વડીલો માટે ઊભાં સંડાસ બનાવવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે.

આજે રામજીભાઈને જ આવું સૂઝે કારણ કે તેઓ અનોખા માણસ છે. વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા છે, પરંતુ તેમનું હૃદય તો ભારત માટે, ગરીબો માટે અને ગ્રામજનો માટે ધબકે છે. હિંદુ ધર્મને સાચા અર્થમાં તેઓ ચાહે છે. એક સંત જેવું જીવન જીવતા તેઓ ગૃહસ્થ સંન્યાસી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું તેના પ્રેરણા સ્રોત આ રામજીભાઈ પટેલ છે. બન્યું એવું કે મૂળ ઊંઝાના રામજીભાઈ પટેલ વર્ષોથી વતન ઊંઝામાં આવે એટલે અચૂક સફાઈ ઝૂંબેશ કરે અને જાતે જ ઊંઝા નગરમાંથી કચરો વાળે. કોઈ એનઆરઆઈ પોતે આ રીતે સફાઈ કરતો હોય તેવું જવલ્લે જ બને !

ઈ.સ. ૨૦૦૯માં તેમણે માદરે વતનમાં સફાઈ ઝુંબેશ કરી તેનો વિગતવાર સતસવીર લેખ અમેરિકાથી પ્રકાશિત થતા એક સાપ્તાહિકમાં છપાયો. રામજીભાઈ પટેલ એ વખતે જ્યારે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને મળવા ગયા ત્યારે એ સાપ્તાહિક લઈને ગયા હતાં. નરેન્દ્રભાઈએ લેખ જોયો, વાંચ્યો અને રામજીભાઈને અભિનંદન આપ્યાં. એ પછી ૨૦૧૫માં વડાપ્રધાન તરીકે તેમણે મહાત્મા મંદિરમાં પ્રવચન આપતાં કહ્યું કે, 'મને 'સ્વચ્છતા અભિયાન'ની પ્રેરણા એનઆરઆઈ રામજીભાઈ પટેલમાંથી મળી હતી. તેમણે જ્યારે મને લેખ બતાવ્યો હતો ત્યારે જ મારા મનમાં વિચાર આવ્યો હતો કે જો એક એનઆરઆઈ છેક અમેરિકાથી આવીને આપણા દેશને સાફ કરી શકતો હોય તો આપણે પોતે આપણા દેશને શા માટે સાફ ના કરી શકીએ ?'

રામજીભાઈ સીધા સાદા અને સરળ માણસ છે. તેઓ જમીન સાથે જોડાયેલા છે. વર્ષોથી વતનપ્રેમનાં અનેક સદ્કાર્યો કરી રહ્યા છે. તેમને પાયાનાં કાર્યો કરવાનું ખૂબ ગમે છે. ગામડાંના લોકોની તકલીફને તેઓ જોઈ શકતા નથી. તેમનાં જીવનસાથી વિદ્યાબહેન પણ તેમને દરેક કાર્યમાં પૂરતો સહયોગ આપે છે.

અત્યારે રામજીભાઈ ઊંઝા તાલુકામાં જરૂરિયાતમંદોને અમેરિકન સ્ટાન્ડર્ડ મુજબના ઊભાં ટોયલેટ બનાવી આપે છે. જે વ્યક્તિને બેસવા-ઊઠવાની તકલીફ હોય અને પરિવાર અત્યંત ગરીબ હોય તેને ટોયલેટ બનાવી આપે છે.

એક ટોયલેટ ૩૦થી ૩૫ હજારનું



અક્ષરધામ મંદિરે પ્રતિષ્ઠા નિમિત્તે ચાલતી જાહેર સંધ્યાસભામાં પ.ભ.રામજીભાઈને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયાં તે તસવીર.

– અક્ષરધામ મંદિર, ન્યૂજર્સી, અમેરિકા

બને છે. તેમણે અનિલભાઈ પટેલ નામના એક સદ્‌ગૃહસ્થને આ પ્રોજેક્ટની જવાબદારી સોંપી છે. સુણોક ગામથી શરૂ થયેલું આ સેવા કાર્ય પળી, કામલી, શીંહી વગેરે ગામમાં ચાલી રહ્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે રામજીભાઈ પટેલ ગાંઠના પૈસા ખર્ચીને આ પ્રોજેક્ટ ચલાવી રહ્યા છે. તેઓ સમાજ પાસેથી એક પણ પૈસો લેતા નથી. તેમણે લાખો રૂપિયાના ખર્ચે સંખ્યાબંધ ઊભાં સંડાસ બનાવ્યાં છે અને તે કામ આજે પણ સતત ચાલુ છે.

સેવા, સમર્પણ, ત્યાગ અને આધ્યાત્મિક મૂલ્યોને વરેલા



રામજીભાઈને સ્વચ્છતાનું અંગ એટલે મંદિરમાં સાફસફાઈની જ્યારે તક મળે ત્યારે ૮૦ વર્ષની ઉંમરે પણ તેઓ આ સેવા કરવામાં ખચકાતા નથી.



મારું આખું જીવન સનાતન ધર્મની સેવા માટે સમર્પિત છે.

– રામજીભાઈ પટેલ, લોસ એન્જલિસ, અમેરિકા

શ્રી રામજીભાઈ પટેલ ભૌતિક માયાજાળના વિરોધી છે. અમેરિકા કે ત્યાંના ડોલર તેમના આત્માને અભડાવી શક્યાં નથી. તેઓ નખશીખ ભારતીય છે. બીજા માટે જીવનારા રામજીભાઈ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિરછત્ર બનાવીને વતન માટે અનેક સેવાકાર્યો કરી રહ્યા છે. ઊંઝાના ગોપાળભાઈ થોભણભાઈ પટેલને તેઓ ગુરુજી માનતા. રામજીભાઈ અનેક સંઘર્ષ અને પડકારોનો સામનો કરીને સફળ થયા છે. તેઓ પોતાના માદરે વતન માટે વધુને વધુ સેવા કરવા ઝંખે છે.

અમેરિકાની ભૂમિ પર પણ તેઓ અનેક સદ્‌કાર્યો કરે છે. તેઓ દુ:ખીઓના આધાર છે. લોસ એન્જેલસમાં ક્યાંય કોઈનું મૃત્યુ થયું હોય તો રામજીભાઈ ઉપર જ પહેલો ફોન આવે. તેઓ એકલ વિદ્યાલય સહિત ઘણી યોજનાઓ સાથે જોડાયેલા છે. સાધ્વી ઋતુંભરાજીની નિશ્રામાં પણ અનેકવિધ સેવા કાર્યો કરી રહ્યા છે.

તેમના વિશે પૂ. ડોંગરેજી મહારાજે કહ્યું હતું કે, 'ભવિષ્યમાં આ છોકરો સાધુ જીવન જીવશે' એ વાત આજે સત્ય સાબિત થઈ છે.

**તુલસીપત્ર:**

**'આ નાનો રામજી ઉઘાડા પગે ચાલે છે, ને તેના હૃદયમાં બીજાને ઉપયોગી થવાની ઉમદા ભાવના પડી છે. આવા છોકરાના ઘરે મારે જવું જોઈએ.' – વિનોબા ભાવે.**


રામજીભાઈ પટેલનો અમેરિકાનો સંપર્ક નંબર: +૧ (૫૬૨) ૬૫૯-૪૩૫૩

ભારતમાં ઊભાં સંડાસના પ્રોજેક્ટની જવાબદારી સંભાળતાં અનિલભાઈ પટેલનો સંપર્ક નંબર: ૯૯૭૯૮ ૭૬૪૩૦

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી પહેલી વખત અમેરિકાની યાત્રામાં પધાર્યા ત્યારે ન્યુજર્સીમાં તેઓ ફરી એક વખત શ્રી રામજીભાઈ પટેલને મળ્યા અને મળીને પહેલાની જેમ સ્વચ્છતા અંગેની માહિતી મેળવી. ત્યારબાદ તેમણે રામજીભાઈને એક નાની વિનંતી કરી કે, 'દેશમાં અત્યારે સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત અભિયાન ચાલે છે' તો તમે ગરીબો અને જરૂરિયાતમંદોને વેસ્ટર્ન ટોયલેટ બનાવીને આપી શકો. ત્યારે રામજીભાઈએ એ વખતે જ પ્રધાનમંત્રીને વચન આપ્યું કે હું આ કાર્ય કરીશ. આ વચન તેમણે સાકાર કર્યું છે.

બુક રિવ્યૂ

# જેલ, સેન્સરશિપ, ભૂગર્ભ આંદોલન, અત્યાચાર અને સત્યાગ્રહોની અનોખી આપકથા




૧૯૭૫ જૂનથી ૧૯૭૭ જાન્યુઆરી સુધી ભારતમાં આંતરિક કટોકટી લાદવામાં આવી હતી, તેના વિષે સમગ્ર દેશ અને વિદેશોમાં ૧૦૦થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે.તેમાં એક અલગ પ્રકારનો ઉમેરો ગુજરાતના ખ્યાત વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર અને ઇતિહાસ-સંશોધક વિષ્ણુ પંડયાએ પોતાના પુસ્તક 'મિસાવાસીની જેલ ડાયરી' થી કર્યો છે. ૨૬ જૂન, ૨૦૨૫ના દિવસે તેનું લોકાર્પણ અમદાવાદમા થયું. કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયાના વરદ હસ્તે થયેલા લોકાર્પણમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સ્નેહલ કન્સ્ટ્રક્શનના એમ. ડી. ચિરંજીવ પટેલ, ખ્યાત પત્રકાર અજય ઉમટ સહિત વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ, અધ્યાપકો, સમાજસેવીઓ, યુવાનો, રાજકીય પક્ષોના આગેવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ પુસ્તક અનોખુ એટલા માટે છે કે તેમાં ૧૯૭૫-૭૬ના પ્રતિબંધિત સમયને આલેખનાર લેખક પોતે પણ મિસા કાનૂન હેઠળ એક વર્ષ સુધી જેલમાં અટકાયતી રહ્યા હતા. તેમના ''સાધના'' સાપ્તાહિકે સેન્સરશિપની સામે રાષ્ટ્રીય સ્તરે લડત આપી તે માટે કારાવાસી બનાવવામાં આવેલા. ગુજરાતની બે જેલો-ભાવનગર અને વડોદરામાં તેમની સાથે બાબુભાઇ જ.પટેલ, વજુભાઈ વાળા, વિજય રૂપાણી, કેશુભાઈ પટેલ, કાશીરામ રાણા, શંકરસિંહ વાઘેલા, સૂર્યકાંત આચાર્ય, ચીમનભાઈ શુકલ, ઈન્દુભાઈ પટેલ, ડૉ. વસંત પરીખ, નલિન ભટ્ટ, ખ્યાત ધારાશાસ્ત્રી સી.ટી. દરૂ જેવા ૩૦૦ જેટલા અટકાયતીઓ હતા.

જેલોમાં તેમની શી પ્રવૃત્તિ રહેતી તેનો રસપ્રદ અંદાજ આ પુસ્તકમાં છે. જેલોમાં ગોષ્ઠી, ચર્ચા, પુસ્તક વાંચન, ગીત-સંગીત, દિવાળી, વિજયાદશમી, ઈદ જેવા તહેવારોની ઉજવણી, એક જેલથી બીજી જેલોમાં સાથીદારો વચ્ચે પત્રો, અને વડોદરા-સાબરમતી તથા ભાવનગરની જેલો તો આર.એસ.એસ.ની શાખા લાગતી.



■ જીયા શૈલેષ પરમાર
(રિપોર્ટ લેખિકા)

મકરંદ દેસાઈ અને ડૉ. સ્વામી તેમજ રામ જેઠમલાણીએ લોકમત માટે નોબલ વિજેતાઓ સહિતનાનો સંપર્ક કરી, સત્યવાણી પત્રિકા શરૂ કરી હતી. નાનાજી દેશમુખના પકડાઈ ગયા પછી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સમગ્ર કામ સંભાળ્યું. અસંખ્ય પ્રચારકો, પ્રા. માવલંકર, ઉમાશંકર જોશી, શિવરામ કારન્થ, એન.જી. ગોરે, એચ.એમ.પટેલ વગેરેએ વિરોધની જ્યોત જલતી રાખી તેનો ઈતિહાસ આ પુસ્તકમાં મળે છે. પોલીસ વોરંટ હોવા છતાં નરેન્દ્રભાઈ મોદી ભાવનગર જેલમાં અને સુંદરસિંહ ભંડારી બેંગલુરૂ જેલમાં અટકાયતીઓને મળવા પહોંચી ગયા હતા તે રોચક પ્રસંગ પણ છે.

એકંદરે સંસદ, ન્યાયતંત્ર, અખબારો, વકીલો, યુવકો, સાહિત્યકારોએ દેશમાં ને વિદેશમાં કેવી રીતે સંઘર્ષ કર્યો તેનો અંદાજ આ પુસ્તકનાં દરેક પાને મળે છે. ગુજરાતમાં શ્રી નરેંદ્ર મોદીનું 'સંઘર્ષમાં ગુજરાત', વિષ્ણુ પંડ્યાનું 'મિસાવાસ્યમ' અને હવે 'મિસાવાસીની જેલ ડાયરી' પુસ્તકો બંધારણ અને લોકશાહી માટેના યાદગાર જંગની વિગતો આપે છે. ફી

# મૂક ભાવે રાષ્ટ્ર સેવા કરતા શ્રી નીરવ ભટ્ટ પણ ભારત ભાગ્ય વિધાતા





વડોદરામાં સંઘ પ્રેરિત સંસ્થા હિન્દુ જાગરણ મંચમાં (સયાજી વિસ્તાર) સંઘ સ્વયં સેવક તરીકેની જવાબદારી વહન કરતા શ્રી નીરવ અશોકકુમાર ભટ્ટ માતૃભૂમિ પ્રત્યે પોતાનું ઋણ અદા કરવા ભારત માતાના એક હજારથી પણ વધુ ફ્રેમિંગ કરેલા ફોટા પ્રબુદ્ધ વ્યક્તિઓને અર્પણ કરી ચૂકયા છે. જેમાં પોલીસ ડિપાર્ટમેન્ટથી માંડીને ખ્યાતનામ હસ્તીઓ, લેખકો તેમજ કલાકારોનો આમા સમાવેશ થાય છે.

પોતાની સંઘ સ્વયં સેવક તરીકેની જવાબદારીના ભાગ રૂપે વડોદરામાં મહિલા સુરક્ષા અને સન્માન, વિધર્મીઓ દ્વારા થતું ભૂમિ અતિક્રમણ, અવૈધ ગતિ-વિધિઓ પર ધ્યાન આપવું તથા શહેરના સંવેદનશીલ ક્ષેત્રોમાં બનતી સનાતન સમાજ વિરોધી ઘટનાઓમાં ભોગ બનનારને પીઠબળ પૂરું પાડવું તદ્ઉપરાંત આપણો યુવા સમાજ સ્વાવલંબી બને તે માટે તેઓને જરૂરી સાથ-સહકાર અને માર્ગદર્શન આપી પગભર કરતા શ્રી નીરવ ભટ્ટ વનવાસી વિસ્તારના બાળકોને દિવાળી વખતે અભ્યાસની સાધન સામગ્રી માટેની કિટ ઉપરાંત ખાદ્ય સામગ્રીનું પણ વિતરણ છેલ્લા પાંચ વર્ષથી નર્મદા જિલ્લાના અંતરિયાળ ગામોમાં કરી સાચી રાષ્ટ્ર સેવા કરી રહ્યા છે. શહેરની મહારૂદ્ર હનુમાન સેવા સંસ્થાનમાં કાર્યકર્તા,પૂર્વ સૈનિક સેવા પરિષદમાં માનદ્ સેવા તથા સિવિલ ડિફેન્સમાં સક્રિય નીરવભાઈનું જીવન એટલે સેવા-સમર્પણ અને રાષ્ટ્રપ્રેમનો સરવાળો..


CELEBRATING
50
YEARS
OF TRUST AND LIFETIME BOND
RAJANI
GROUP
Since : 1975
Pure
ingredients
that nurture
your skin naturally
Rose & Cream
White Cream
Haldi Chandan
Fresh Lime
*Grade 1 Soap 76% TFM

ફીલિંગ્સ ટીમ



# 'ફીલિંગ્સ' દ્વારા એટલાન્ટામાં (USA) ચોથી ગુજરાતી મીટની યાદગાર ઉજવણી

તાજેતરમાં યુ.એસ.એ.ના એટલાન્ટામાં ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ.ના ડાયરેક્ટર ખ્યાતિ શાહ દ્વારા એટલાન્ટા ગુજરાતી કમ્યુનીટીની ચોથી મીટ એન્ડ ગ્રીટનું આયોજન કરવામાં આવેલ જેનો મુખ્ય હેતુ પરદેશમાં વસતા ગુજરાતીઓને કનેક્ટ કરી ગુજરાતી અને ભારતીય કલ્ચરને મજબૂત કરવાનો હતો. આ સમગ્ર કાર્યક્રમ એક આનંદનો ઉત્સવ બન્યો હતો જેમાં ૧૫ થી પણ વધુ ફૂડ અને વેન્ડર સ્ટોલ્સે ભાગ લીધો હતો. લાઈવ ડી.જે. મ્યુઝિક ગેમ્સ, ફન એક્ટિવીટીઝ તથા બાળકો માટે આર્ટ વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોએ કેનવાસ પેઇન્ટીંગ કરી પોતાની સર્જનાત્મકતાનું દર્શન કરાવ્યું હતું. તદ્ઉપરાંત ઉપસ્થિત સૌ ગુજરાતી પરિવારોએ ગ્રાન્ડ બિન્ગો, ડી.જે. ગરબા તથા વિવિધ ગેમ્સનો આનંદ માણ્યો હતો.

અહીં ૫૦થી વધુ રાફેલ્સ અને બિન્ગો પ્રાઈઝ આપવામાં આવ્યાં હતાં. જેમાં શુદ્ધ ચાંદીના ૧૦ સિક્કાઓ એમેઝોન ગિફ્ટ કાર્ડ્સ, કિડ્સ પ્લે એરીયા ગીફ્ટ વાઉચર્સ અને બીજા ઘણાં બધા ઇનામો આપવામાં આવ્યા હતાં. જેની કિંમત એક હજાર ડોલરથી પણ વધુ હતી.

ઉપસ્થિત સૌ ગુજરાતીઓએ અહીં સ્વાદિષ્ટ ગુજરાતી ભોજનનો આનંદ માણ્યો હતો. અતિ વ્યસ્તતા વચ્ચે ૃણ આ ઈવેન્ટ માટે પોતાનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિત રહેલ મહાનુભવોમાં મુખ્ય અતિથિ તરીકે જ્યોર્જિયા ક્લિનીકના C.E.O. ડૉ.નરેશ પરીખ, ડૉ.આશા પરીખના હસ્તે કેક કટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. તદ્ઉપરાંત IGSCA ના પ્રેસિડેન્ટ જતીન શાહ, ચૌલા ઝવેરી શાહ તથા મુસ્તુફા અજમેરીએ અહીં પધારી કાર્યક્રમની શોભા વધારી હતી.

આ ઈવેન્ટને સફળ બનાવવામાં જેમનો ઉત્તમ સાથ સહકાર મળેલ છે તેવા સ્પોન્સરર્સ પટેલ બ્રધર્સ-સુવાની, જ્યોર્જિયા ક્લિનીક, પટેલ પ્રોસેસિંગ મીડિયા, રોયલ જ્વેલર્સ, ગ્લેન્ટેક સોફ્ટવેર સોલ્યુશન્સ, વન ફાઈનાન્સ LLC, ડી.જે.






ડૉ. નરેશ પરીખ અને ડૉ. આશા પરીખ સાથે ફીલિંગ્સ મલ્ટીમીડિયાના ડાયરેક્ટર ખ્યાતિ શાહ...







***આ ઈવેન્ટમાં બાળકો માટે આર્ટ વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોએ કેનવાસ પેઈન્ટીંગ કરી પોતાની સર્જનાત્મકતાનું દર્શન કરાવ્યું હતું. ઉપસ્થિત સૌ ગુજરાતી પરિવારોએ લાઈવ ડી.જે. મ્યુઝિક ગેમ્સ, ફન એક્ટિવીટીઝ ગ્રાન્ડ બિન્ગો, નોનસ્ટોપ ડી.જે. ગરબા તથા વિવિધ ગેમ્સનો ભરપુર આનંદ માણ્યો હતો.***

***પરદેશમાં વસતા ગુજરાતી બિઝનેશ ગ્રુપોને પણ આવા કાર્યક્રમો થકી કનેક્ટ કરી ગુજરાતી કલ્ચર અને ભારતીય સંસ્કારોની જાળવણી કરતી આ ઈવેન્ટ પ્રેરણાદાયી બની રહી.***

પાર્ટનર મીત પટેલ, ડેકોર પાર્ટનર તથા આ ઈવેન્ટની સુંદર ક્ષણોને કેમેરામાં કેદ કરનાર ફોટોગ્રાફી પાર્ટનર સના ઈવેન્ટસ તેમજ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અને એન્કરિંગ કરનાર ભૃષિરા વ્યાસનો ફીલિંગ્સ પરિવાર અંત:કરણપૂર્વક આભાર માને છે.

એટલાન્ટાની આ ગુજરાતી મીટ અહીંના તમામ ગુજરાતી પરિવારોમાં એક નવો ઉત્સાહ અને ઉમંગ પ્રગટાવી તેઓને ગુજરાતી હોવાના ગૌરવની અનુભૂતિ કરાવશે એ ચોક્કસ વાત છે. ફી



# એટલાન્ટા (USA)ના ગુજરાતી સમાજે માણ્યું એક સંવેદનશીલ નાટક 'વેલકમ જિંદગી'

ઈન્ટરનેશનલ ગુજરાતી કલ્ચર સોસાયટી, એટલાન્ટાએ પીચટ્રી રીજ હાઈસ્કૂલના ઓડિટોરિયમમાં શ્રી સૌમ્ય જોષી લિખિત અને દિર્ગદર્શિત નાટક 'વેલકમ જિંદગી'નો ૯૯૪મો પ્રયોગ સફળતાપૂર્વક રજૂ કર્યો હતો.

આ નાટકમાં સાવરકુંડલામાંથી મુંબઈમાં સારા ભવિષ્યની અપેક્ષાએ સ્થળાંતર થયેલા ગણાત્રા પરિવારની વાર્તા છે. નાટકના ત્રણેય પાત્રોનો પરિચય પહેલી વીસ મિનિટમાં મળી રહે છે. નિવૃત્તિ આરે આવી ઊભેલા અને પોતાના કામમાં ગૌરવ લેતા એક કંપનીના હેડ કલાર્ક અરૂણ ગણાત્રા (સૌમ્ય જોષી) ઘરકામમાં રચ્યા પચ્યા રહેતા તેમના પત્ની ભાનુ ગણાત્રા (જિજ્ઞા વ્યાસ) અને એમ.બી.એ.ની ડીગ્રી પછી પણ બેકાર પુત્ર વિવેક ગણાત્રા (અભિનય બેંકર) નાટક 'વેલ કમ જિંદગી'ના મુખ્ય પાત્રો છે. નાટક એક સ્તર પર કુટુંબના સભ્યોની એકબીજા માટેની અંદર છૂપાયેલી અવ્યક્ત લાગણીમાંથી ઊભું થાય છે. નાટકમાં ત્રણેય કલાકારોએ તેમની ભૂમિકા ખુબ સુંદર રીતે ભજવી નાટકને વધુ ધારદાર બનાવ્યું હતું.

ઈન્ટરનેશનલ ગુજરાતી કલ્ચર સોસાયટી, એટલાન્ટા આવા સારા નાટકને લાવવા બદલ ધન્યવાદને પાત્ર ઠરે છે.

આ કાર્યક્રમની સફળતા માટે શ્રી જતીન શાહ, શ્રીમતી ચૌલા ઝવેરી-શાહ, શ્રી નિમીષ અને પારૂલ સેવક, શ્રી મલય દેસાઈ, શ્રી સાગર શાહ અને ઈકબાલભાઈ અજમેરીએ ખૂબ જ જહેમત લીધી હતી. પટેલ પ્રોસેસિંગ, ભીંડી જવેલર્સ, શેઠ ફાઉન્ડેશન, ડૉ. અમીત પરીખ અને શ્રી કેતન ઘીયા પણ સક્રિય રહ્યાં હતા. ફીલિંગ્સ મેગેઝિને મીડિયા પાર્ટનર તરીકે આ કાર્યક્રમમાં સહયોગ કર્યો હતો.

ડૉ. નરેશભાઈ અને આશાબેન પરીખ, ડૉ. ધવલ શાહ, શ્રી રાજીવ ગોસ્વામી, શ્રી નિતીન શાહ અને આપણા ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ શ્રી મુસ્તુફા અજમેરી જેવા મહાનુભાવોએ પણ હાજર રહી નાટકનો આનંદ માણ્યો હતો. ફી



Read online : www.feelingsmultimedia.com

Feelings
GLOBAL MEDIA
Interview | Talk-Show
Current Affair







## જેમાં તમને તમારા મોબાઈલ કે કોમ્પ્યુટરના સ્ક્રીન પર મળશે

વિશ્વભરની અવનવી માહિતી, અનેક વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાતો અને તે સિવાય ઘણુંબધુ...

FOLLOW US ON

## આજે જ સબસ્ક્રાઈબ કરો ફીલિંગ્સ ગ્લોબલ મીડિયા

@feelingsglobalmedia

જય શ્રી રામ

**દાન પુણ્ય કરવાની ઉત્તમ તક**

## ભૂલો ભલે બીજું બધું
## મા-બાપને ભૂલશો નહીં.

મહાવીર કલ્યાણ અને વિકાસ ટ્રસ્ટ સંચાલિત

# મહાવીર વૃધ્ધાશ્રમ

રજી.ન.ઈ-૧૧૫૬

### નમ્ર અપીલ

મહાવીર કલ્યાણ અને વિકાસ ટ્રસ્ટના નેજા હેઠળ મહાવીર વૃધ્ધાશ્રમ કાર્યરત છે. આ વૃધ્ધાશ્રમ ગરીબ, નિરાધાર, વિધવા બહેનો, અંધ, વિકલાંગ, બહેરા મૂંગાને આશ્રય સ્થાન પુરું પાડતી રજીસ્ટર્ડ ચેરીટિબલ ટ્રસ્ટ છે. તેના હિસાબોનું નિયમિત ઓડિટ થાય છે. સંસ્થાને આપવામાં આવતું દાન કલમ ૮૦-જી(૫) હેઠળ ઈન્કમટેક્ષમાં કરમુક્તિને પાત્ર છે. હાલ સંસ્થાનું જુનું મકાન છે તેને તોડીને નવું બાંધકામ કરવાનું આયોજન કરેલ છે. નવું બાંધકામ કરવા માટે અંદાજે પાંચ કરોડ જેટલી રકમની તાતી જરૂર છે. નિરાધારોને અહીં સુવિધાસજ્જ, આરામદાયક આશ્રય આપવા સેવાભાવી સંસ્થાઓ, દાનવીર દાતાઓ, લિમિટેડ કંપનીઓ અને સંગઠનો સંસ્થાને યોગ્ય મદદ કરે તો માનવતાની જ્યોત પ્રગટે.

માનવ સેવા એ જ પ્રભુ સેવાના ધ્યેયથી કાર્યરત એવી આ સંસ્થાને દિલેરી દાતાઓ પોતાનું નાનું મોટું અનુદાન આપી સંસ્થાને આર્થિક રીતે પગભર કરી શકે છે. આપનું આર્થિક યોગદાન મહાવીર કલ્યાણ એન્ડ વિકાસ ટ્રસ્ટના નામે ચેક-ડ્રાફટ અથવા રોકડ રકમથી અર્પણ કરી મદદરૂપ બનવા નમ્ર અપીલ કરીએ છીએ. આ ભગીરથ આયોજનમાં બાંધકામ માટે સિમેન્ટ, રેતી, કપચી, ઈંટ, બારી-બારણા, સ્ટીલ, લોખંડ જેવી ચીજ વસ્તુઓનું પણ યથાશક્તિ મુજબ દાન કરી લાંબો હાથ કરી શકો છો.

*ગુપ્ત દાન એજ મહાદાન*

### દાનની યોજનાઓ

મેઈન ગેટ - ૨૧ લાખ, કાર્યાલય - ૩ લાખ ૫૧ હજાર, રસોડું - ૫ લાખ,
રૂમ દીઠ દાતાનું નામ - ૨ લાખ ૫૧ હજાર (૩૧ રૂમો બનાવવાનું આયોજન કરેલ છે.)
લિફટ - ૭ લાખ, ભોજનાલય - ૫ લાખ, એક રૂમ ઉપર - ૨ લાખ ૫૧ હજાર

### બેન્ક ડિટેઈલ

**MAHAVIR KALYAN & VIKAS TRUST**
Bank: State Bank of India
A/c No.: 35288728099
Branch: Devsar (Bilimora) Branch
IFSC Code: SBIN0007770
Ta. Gandevi, Dist. Navsari.

## પ્રમુખઃ શ્રી માધવલાલ જી. પુરોહિત

મો. ૯૯૨૫૬૭૩૦૨૧, ઓફિસઃ (૦૨૬૩૪) ૨૮૫૧૨૧
મહાવીર વૃધ્ધાશ્રમ, વિશ્રામગૃહની આગળ, બીલીમોરા (વેસ્ટ)-૩૯૬૩૨૧.
તા. ગણદેવી, જિ. નવસારી.
Website: www.mahaviroldagehouse.com




વિષ્ણુરામ ચેવડાવાળા

જુના અને જાણીતા... દેશ-વિદેશમાં નામાંકિત...

SINCE 1932

# VISHNURAM
CHEVEDAWALA

અસલ સોલાપુરી ચેવડો
લીલો સુકો ચેવડો
લીલો (નરમ) ચેવડો
મકાઈનો ચેવડો
ફરાળી ચેવડો
લસણ ચેવડો
સ્પે. નડીયાદી મીક્ષ
ઘઉંનો ચેવડો
ભાખરવડી

દરેક જાતના સ્વાદિષ્ટ ચેવડા અને ફરસાણ મળશે

**Vishnuram F. & Co.**
Near Amdavadi Pole, Raopura, Vadodara -1.
M. +91 9824796796 / 9499778778
Home Delivery Any Where (By Courier)

# CHIPS INTERNATIONAL

# પરદેશ
## પાર્સલ સેવા



WE MOVE IT FAST
GUARANTEED

આપણા સગા સંબંધીઓને કપડા, વાસણ, નાસ્તા, મિઠાઈ, અથાણા,મુખવાસ, મરી-મસાલા ઘરવખરી હાન્ડીક્રાફટ મંદિર, મુર્તિ વગેરે આઈટમ ડોર ટુ ડોર મોકલાવી આપીશું.

SELF
COMMITED
RESPONSIVE
ECONOMICAL
RELIABLE
TRUSTED

Contact Us
98980 95632, 85111 95632

B-2, GALAXY COMPLEX, B/H NATIONAL PLAZA, R.C.DUTT ROAD,ALKAPURI, VADODARA.

# સપ્ટેમ્બર ૨૦૨૫નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**

આ મહિનો તમારા માટે ખૂબ જ સારો રહેવાનો. પરિણીત લોકો પોતાના વિવાહિત જીવનમાં પોતાના જીવનસાથીને ખુશ કરી શકશે. તમારી નાણાકિય સ્થિતિ તમારા માટે સમસ્યાનું કારણ બની જશે. નોકરી કરતા લોકો માટે આ મહિનો સારો રહેશે. વ્યવસાય કરતા લોકોને વ્યવસાયને પરિપૂર્ણ કરવા માટે ઘણા દબાણનો સામનો કરવો પડી શકે છે. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં વધારે મહેનત કરવી પડી શકે છે. તમારા સ્વાસ્થ્યમાં ઉતાર-ચઢાવ આવશે.

**વૃષભ (બ.વ.ઉ.)**

આ મહિનો તમારા માટે પ્રગતિ લાવશે. આ મહિને પ્રેમ જીવન વીતાવી રહેલા લોકોના મનમાં સંબંધોને લઈને ઘણી ઉત્તેજના રહેશે તમારા પ્રેમ જીવનમાં ખુશીઓ આવશે. પરિણીત લોકોને વિવાહિત જીવનમાં પોતાના જીવનસાથી સાથે સારું બોન્ડિંગ રહેશે. આ મહિના દરમિયાન વેપારીવર્ગ તેમના વ્યવસાયના આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરશો તેનાથી સારો ફાયદો થશે. તેમજ સ્વાસ્થ્ય માટે થોડો વધારાનો સમય કાઢવો અને તણાવથી દૂર રહેવું.

**મિથુન (ક.છ.ઘ.)**

આ મહિનો તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. પ્રેમ જીવન વીતાવી રહેલા લોકો આ મહિને તેમના પ્રિયની ખૂબ કાળજી લેશે. આ મહિના દરમિયાન વેપારીવર્ગે પોતાના વ્યવસાય પર સારો ખર્ચ કરવો પડશે. કેટલાક નવા કામ કરવામાં તમારી રૂચિ જાગી શકે છે. વિદ્યાર્થીવર્ગ માટે આ મહિનો સારો રહેશે, જે તમને સારા પરિણામ આપી શકે છે. નોકરી કરતા લોકો માટે આ મહિનો સારો રહેશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યાનો સામનો કરી રહ્યા હોવ, તો આ મહિને તમારું સ્વાસ્થ્ય સારું થઈ જશે.

**કર્ક (ડ.હ)**

આ મહિનો તમારા માટે સારો રહેશે. તમારી નાણાકીય સ્થિતિની વાત કરીએ તો તમારે સાવધાન રહેવું પડશે. તમારે તમારા ખર્ચ પર નિયંત્રણ કરવું પડશે. વેપારીવર્ગને વ્યવસાયમાં મોટું ટેન્ડર મળવાથી તમે ખુશ થશો, પરંતુ તમારે સાથે-સાથે ઘણી દોડધામ પણ કરવી પડી શકે છે, તો જ સમયસર કાર્ય પૂર્ણ કરી શકશો. તો તમારું સ્વાસ્થ્ય તમને વ્યથિત કરી શકે છે. તમે કામમાં વ્યસ્ત રહેવાના કારણે સ્વાસ્થ્ય પર ધ્યાન આપી શકશો નહીં.

**સિંહ (મ.ટ.)**

આ મહિને પરિણીત લોકોનું વિવાહિત જીવન પણ સારું રહેશે તમારા જીવનસાથી તરફથી કેટલાક સારા સમાચાર પણ મળી શકે છે. પારિવારિક જવાબદારીઓને કારણે તમે પૈસાને લઈને થોડા ચિંતિત રહેશો. તમને તમારા મિત્રો અને તમારા સ્નેહીઓ પાસેથી મદદ મળી શકે છે. નોકરી કરતા લોકોએ પોતાના કામમાં થોડુ ધ્યાન આપવું પડશે. વેપારીવર્ગ માટે આ મહિનો સારો ફાયદો આપનારો રહી શકે છે. આ મહિને તમારું સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**કન્યા (પ.ઠ.ણ.)**

આ મહિનો તમારા માટે મિશ્રિત ફળ આપનારો રહેવાનો છે. નાણાકીય સ્થિતિની વાત કરીએ તો આ મહિને પૈસાને લઈને થોડા ચિંતિત થઈ શકે છે. નોકરી કરતા લોકો માટે આ મહિનો સારો રહેશે. વિદ્યાર્થીવર્ગને અભ્યાસ પૂર્ણ કરવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે કારણ કે તમે તમારા મિત્રો સાથે સોશિયલ મીડિયા પર ઘણો સમય પસાર કરી શકો છો જેના કારણે તમે તમારા ઘણા સમયનો બગાડ કરી શકો છો. આ મહિને તમારા પરિવારના સભ્યોની ચિંતા કરવી પડશે.

**તુલા (ર.ત.)**

આ મહિનો તમારા માટે પ્રગતિ લાવશે. પરિણીત લોકોના વિવાહિત જીવનમાં ઉતાર-ચઢાવના કારણે તણાવ રહી શકે છે. નાણાકીય સ્થિતિની વાત કરીએ તો તમારી આવક સામાન્ય રહેવાથી તમે ખર્ચ કરી શકશો નહીં. નોકરી કરતા લોકો માટે આ મહિનો સામાન્ય રહેશે. આ મહિના દરમિયાન વેપારીવર્ગને ઘણી મહેનત પછી વ્યવસાયમાં સફળતા મળશે, તમારા સ્વાસ્થ્યને લઈને કોઈ સમસ્યા નહીં હોય, પરંતુ તમારા પર કામનું દબાણ વધુ રહી શકે છે.

**વૃશ્ચિક (ન.ય.)**

પરિણીત લોકોના વિવાહિત જીવન માટે આ મહિનો ખૂબ જ ફળદાયી રહેવાનો છે. આ મહિને તમારી આવક વધુ સારી રહી શકે છે. નોકરી કરતા લોકો માટે આ મહિનો સારો રહેશે. વિદ્યાર્થી વર્ગ તમે તમારા અભ્યાસમાં વધુ પ્રયત્નો કરશો જે તમને આવનારા સમયમાં પ્રગતિ કરવામાં ચોક્કસપણે મદદ કરશે. આ મહિને તમારા સ્વાસ્થ્યની વાત કરીએ તો તમારા સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેશો નહીંતર તમારે તમારા સ્વાસ્થ્ય માટે ડોક્ટરની સલાહ લેવી જોઈએ.

**ધન (ભ.ધ.ફ.)**

આ મહિને તમારા સ્વાસ્થ્યની વાત કરીએ તો જો તમને ડાયાબિટિસ, બીપી કે થાઈરોઈડ જેવી બીમારીઓ છે, તેના કારણે આ મહિને તમે ખૂબ જ ચિંતિત થઈ શકો છો. આ મહિના દરમિયાન વેપારીવર્ગને પાર્ટનરશિપમાં ધંધો કરશો તો નુકસાન થઈ શકે છે. નોકરી કરતા લોકો વિશે વાત કરીએ તો તમારે ધીરજથી કામ લેવું પડશે. આ મહિને તમે તમારા પ્રિય સમક્ષ તમારો પ્રેમ વ્યક્ત કરી શકો છો. આ મહિને તમારે ખૂબ જ સમજી વિચારીને ખર્ચ કરવો જોઈએ.

**મકર (ખ.જ)**

આ મહિનો તમારા માટે ખુશીઓ લઈને આવશે. તમારી આવક વધારવાના ઉપાયો પર પણ ઘણું ધ્યાન આપશો. તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે, જે તમને ચિંતિત કરી શકે છે. આ મહિને જે લોકો સરકારી નોકરીની તૈયારી કરી રહ્યા છે તે લોકોને સફળતા મળી શકે છે. તમારા સ્વાસ્થ્યની વાત કરીએ તો તમારા પગમાં અથવા પીઠમાં દુખાવો વગેરે જેવી સમસ્યાઓ થઈ શકે છે. તમે ભાગદોડમાં વ્યસ્ત રહેશો જે તમારી સમસ્યાઓમાં વધારો કરશે.

**કુંભ (ગ.શ.સ.)**

આ મહિનો તમારા માટે થોડો વિચારપૂર્વક આગળ વધવાનો સમય છે. પરિણીત લોકોએ જીવનસાથી સાથે બેસીને કેટલીક પારિવારિક સમસ્યાઓનો ઉકેલ લાવવાની જરૂર છે. તમને પૈસાની બાબતમાં સારા પરિણામ મળવાની શક્યતા છે. આ મહિને તમારા વ્યવસાયમાં ચોક્કસ સુધારો થઈ શકે છે. નોકરી કરતા લોકોને પણ કાર્યસ્થળ પર આ મહિને વધુ ચિંતા કરવાની જરૂર નથી. તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર ન રહેવું જોઈએ.

**મીન (દ.ચ.ઝ.)**

આ મહિનો તમારા માટે સાવચેતી ભર્યો રહેશે. પ્રેમ જીવન વીતાવી રહેલા લોકો પોતાના પ્રિય પાસેથી કોઈ સારા સમાચાર પ્રાપ્ત કરી શકે છે. નાણાકીય સ્થિતિની વાત કરીએ તો તમારે આ મહિને તમારી બચત પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. નોકરી કરતા લોકોને કાર્યસ્થળ પર કામ માટે ખૂબ જ મહેનત કરવી પડશે. વેપારીવર્ગ પોતાના વ્યવસાયમાં સંપૂર્ણ ક્ષમતા બતાવશે તો જ તેમને સારા લાભ મળી શકે છે. આ મહિને તમારે સ્વસ્થ રહેવા પર વધુ ધ્યાન આપવું પડશે.

GaneshaSpeaks®.com
Your friend, astrologer & guide

કેવું રહેશે ૨૦૨૫!
જાણો, ગણેશાસ્પીક્સ ના
વિદ્વાન જ્યોતિષિયો પાસેથી
ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
₹100/- ના રિચાર્જ પર ₹200/- નું બેલેન્સ

QR સ્કેન કરો ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો

આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.

જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.




કરો આપણા દેશની પ્રોડક્ટ પર ગર્વ
શું તમે મોંઘવારીથી પરેશાન છો?
તો હવે આવી ગયો તમારો બજેટ ફ્રેન્ડલી
નવી ટેકનોલોજી સાથે
યશ
મેટીક લીક્વીડ ડીટર્જન્ટ
YASH
ફ્રન્ટ લોડ અને ટોપ લોડ વોશિંગ મશીન માટે
જે તમારા કપડાના જીદ્દી દાગને
દુર કરી કપડાને મુલાયમ બનાવે.
ન્યુ લોંગ લાસ્ટીંગ ફ્રેગ્રન્સ સાથે
૧ લીટર અને ૫ લીટર માં ઉપલબ્ધ
લાખો ગૃહિણીઓનો વિશ્વાસ સીલ્વેરી છે કાંઈ ખાસ...
Kanani સીલ્વેરી
A QUALITY PRODUCTS FROM KANANI
Kanani SILVERI
SILVERI DISHWASH BAR
શાઈનીંગ પાવડર
તાંબા-પિત્તલ ચમકાવવા માટે
ડીશ વોશ બાર
For Trade Enquiry :
Mo.094267 24976




BARODA PRINTS VADODARA
BARODA PRINTS
EXCLUSIVE SHOW ROOM
FOR COTTON ★ PUNJABI SUIT ★ SAREES ★ BED SHEETS
Opp. A.S. Motors, Salatwada Main Road,
VADODARA - 390001.Phone: 0265 - 2422311
G.F.-2,3, Aries Complex, Opp. Neptune Towers,
B.P.C. Rd., Alkapuri, VADODARA. Ph.:0265- 2326542

# શહીદો પ્રત્યેની લાગણીના અનોખા ચોકીદાર
# જિતેન્દ્રસિંહ ગુર્જર




મૂળ રાજસ્થાનના ભરતપુરના જિતેન્દ્રસિંહ ગુર્જરના પિતા સેનામાં સિપાહી હતાં. દાદા પણ પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સરકાર તરફથી યુદ્ધમાં લડેલા. દેશસેવાના સંસ્કારોએ જિતેન્દ્રસિંહ પર બહુ ઉંડો પ્રભાવ પાડ્યો છે. પોતાને સેનામાં જવું હતું. પરંતુ કોઈક કારણોસર એ શક્ય ન બન્યું. પોતાની આર્થિક તંગી દૂર કરવા તેઓએ ગુજરાતની વાટ પકડી. સુરતના પીપલોદ વિસ્તારની સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી સંકુલમાં જિતેન્દ્રસિંહ એક ચોકીદાર તરીકે નોકરી કરે છે.

કારગીલ યુદ્ધ વખતે ટ્રેનમાંથી ફેંકાયેલ એક અખબારના ટૂકડામાં જૂનાગઢના શહીદનો આર્ટિકલ છપાયો હતો. એમાં શહીદ થયેલ જવાનના પિતાશ્રીના શબ્દો હતાં કે, 'બેટા ગયા તો કયા હુઆ? દેશ તો સલામત હૈ.' બસ આ શબ્દોએ જિતેન્દ્રસિંહના દિલને હલાવી નાખ્યું. તેમણે નક્કી કર્યું કે બીજું તો કશું ન થઈ શકે પણ એ શહીદના પિતાને દિલાસો આપતો પત્ર તો લખી જ શકાય. એ પત્ર સાથે શરૂ થઈ શહીદ પરિવારને લાગણી ભીના પત્ર લખવાની પરંપરા... દેશમાં જ્યારે પણ કોઈ શહીદ થાય એવું તરત એનું નામ સરનામું મેળવી જિતેન્દ્રસિંહનો કાગળ ત્યાં પહોંચી જાય.

અત્યારે શહીદો પ્રત્યેની અનુપમ લાગણીના આ ચોકીદાર પાસે ૨.૭૦ લાખ જેટલા શહીદોનો ડેટા ઉપલબ્ધ છે. પ્રથમ વિશ્વયુદ્ધથી લઈને અત્યાર સુધીના શહીદોની રેન્ક, સર્વિસ નંબર અને સરનામા છે. લગભગ ૨૩,૧૫૬ જેટલા શહીદોના લેમિનેશન કરેલા ફોટા પણ છે. ૧૫,૫૦૦થી વધુ શહીદ પરિવારોના મોબાઈલ નંબરો છે જેના આધારે લગભગ ૯૦૦૦ જેટલા પત્રો તેઓ શહીદોના પરિવારને લખી ચૂકયા છે. આ તમામ ડેટા તેમણે અલગ-અલગ યુદ્ધ પ્રમાણે વર્ષ વાઈઝ ફાઈલ બનાવીને સાચવ્યો છે. કોઈ શહીદનું નામ આપીએ એટલે તરત જ તેઓ એની રેન્ક, હોદ્દો, ફોટા અને શહીદી વિશે જરૂરી માહિતી તરત જ આપી દે.

સાવ નાના પાયે શરૂ થયેલ આ કાર્યને તેઓ છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખવા માંગે છે. થોડાં પ્રશ્નો એ છે કે, આ જે માહિતી સભર ડેટા એકત્ર થયો છે એને કઈ રીતે સાચવવો? એની ચિંતા છે. આ કાર્ય માટે સરકાર તરફથી અથવા કોઈ એન.જી.ઓ. કે સમાજના સેવાભાવીઓ આગળ આવી આ ડેટાનું દસ્તાવેજી કરણ કરાવે જેથી ભાવિ પેઢીને આ પણ એક રાષ્ટ્રસેવા છે તેની પ્રેરણા મળે એવી ભાવના સાથે પૈસાથી ગરીબ પરંતુ રાષ્ટ્રપ્રેમથી સમૃદ્ધ એવા આ અદના ચોકીદાર જિતેન્દ્રસિંહની મહેચ્છા આવતા જન્મમાં સૈનિક બનવાની છે. કવિ કુમુદ પટવાની આ પંકિતઓ જિતેન્દ્રસિંહની વિચારધારા પ્રમાણે સ્રોત કહીએ તો યથાયોગ્ય લેખાશે...

'આંસુઓના પડે પ્રતિબિંબ એવાં દર્પણ
ક્યાં છે?
કહ્યાં વિના પણ સઘળું સમજે એવાં
સગપણ ક્યાં છે?'








FURNITURE
BAZAR
ક્વોલિટી ફર્નીચર મોલ
બેડરૂમ સેટ, સોફાસેટ, ઓફિસ ફર્નીચર,
સાગ ડાઈનીંગ ટેબલ, ઝુલા, ટીપોઈ, લોજર ટીપોઈ
જેવા દરેક માટે ફર્નીચર મોલ
યોગેશ - ૯૯૨૫૬૬૬૭૫૮
એવિ રોડ, વૃંદાવન ગ્રાઉન્ડ સામે, ચિનાર ગુલનારની બાજુમાં, વિદ્યાનગર.


RK The Beauty Salon
HAIR, BEAUTY, NAIL, MAKEUP
MOB.: 90239 08106
rk_the_beauty_salon
G6, KRISHNA TOWER, ANAND-VIDHYANAGAR ROAD, BESIDE GOLD CINEMA,
OPP. HOTEL H, VIVEKANAND WADI, ANAND - 388 120.


ANAND
FASHION ICON
TAILOR YOUR STYLE
CUSTOM TAILORING
C.B.JETHVA
Exclusive | Fashion | Designer | Fabric
The Suit & Sherwani Maker
DESIGNER SHERWANI | DESIGNER SUIT | KURTA | KOTI | WEDDING SUIT
G-3, Ramkrishna Shopping Center, Mayfair Road, Anand
+91 94290 31811
+91 94295 43240


આશિષ ડી. સોની
મો. ૯૦૨૩૩ ૧૦૯૮૬
દિપ્તી સોની
મો. ૯૩૨૮૨ ૫૧૨૭૧
SAI AASHISH
SAJ
સાંઇ આશિષ
જ્વેલર્સ
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
દુ-નં.૪, રાધાસ્વામી સુજાન કોમ્પલેક્ષ, સત્યમ આઇસ્ક્રીમ પાસે,
બેઠક મંદિર પાછળ, જુની આઇસ ફેકટરી પાસે, આણંદ


પ્રમુખ મંદિર
વુડન મંદિર & હેન્ડીક્રાફ્ટ
જી-૭, રામકિષ્ના શોપિંગ સેન્ટર,
શક્તિ મેડિકલની સામે, મેફેર રોડ, આણંદ-૩૮૮૦૦૧.
મહેશભાઈ
98246 38468
યજ્ઞેશ
63593 53637 90161 81617


|| સ્વામી-શ્રીજી ||
પ્લસ પોઈન્ટ
એક્સક્લુઝીવ દુલ્હા-દુલ્હન કલેક્શન
ટ્રેડીશનલ ચણીયા ચોલી, ચોલી, બ્રાઈડલ વેર, ગાઉન, સાડી, જવેલરી, દુલ્હન સેટભાડે આપવામાં આવશે.
ટ્રેડીશનલ શુટ, શેરવાની ભાડે તેમજ ઓર્ડર મુજબ
નવા બનાવી ભાડે આપવામાં આવશે
ઘનશ્યામ કોમ્પલેક્ષ, અર્બન બેંકની બાજુમાં,
ગામડીવડ, આણંદ-૩૮૮૦૦૧.
મો. 98244 93090, 73835 94450


Kiranbhai
M : 98245 88209
Sagarbhai
M : 98241 88209
NAKLANG
FURNITURE
A Unit of B J Mistry & Co.
Make of All Type Furniture Work.
Plot No. 209, Zone-B,
Opp. MGVCL,
Nr. Yogji Circle, V.U.Nagar.


PRAKASH RAVAL
RAVI RAVAL
Royal
CEILING AGENCY
• Imported & Indian Wallpapers
• PVC Flooring • Wooden Flooring
• Non Woven & Polypropylene Carpets
• Vertical Blinds, Roller Blinds
• Anti Skid Tape for stairs
• Customized Wall Papers
19,Dadabhai Estate, Opp.Paris Tower, Sardar Gunj,
Anand-388 001. Mob. 099986 23938 - 098252 52032
E-mail : raviroyal11@gmail.com


ફીલિંગ્સ મેગેઝિન
આણંદ શહેર તેમજ
જીલ્લામાં આપની
જાહેરાત આપવા તેમજ
લવાજમ માટે સંપર્ક કરો.
ભગવાનસિંહ રતનસિંહ રાઠોડ
(બી. આર. રાઠોડ)
આણંદ
મો. : ૭૬૦૦૭૬૮૧૨૦


Idrish Vahora
+91-98982 20440
ચરોતર
ઈન્ટરનેશનલ કુરિયર્સ
Service By :
FedEx
DHL
ups
EXPRESS
એર મેલ, સી મેલ એન્ડ પાર્સલ સર્વિસ ફોર યુએસએ, યુ.કે.,
કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે...
જી-૨, ડી.કે. શોપિંગ સેન્ટર, જીપીઓ રોડ, આણંદ (ગુજરાત) ઈન્ડિયા.
Email : charotar_int@yahoo.co.in Ph (O) (02692) 240404


TM
Shri Ayu Pharma
Place for Ayurveda
Gamdiwad Char Rasta,
ANAND 388 001. Gujarat, India.
Ph.: +91-2692-244088, 259856
GF - 3 & 4, R - Zone,
Nr. Paras Circle, NADIAD
Ph. : +91 94090 66044
shreeayupharma@gmail.com
98258 23164 | 76004 34538 | 88667 74959
All kind of Ayurvedic Medicines


પરદેશ પાર્સલ સર્વિસ
ups
DHL
FedEx
UNITED
INTERNATIONAL COURIER
UK • USA • CANADA • AUSTRALIA
102. Madhukunj, Opp. Relax Hotel, GPO Road,
Anand - 388 001. Mob. 63542 16011

## યુ.એસ.એના બેવર્લીમાં 'ધ બેંગાલ ફાઈલ્સ' ફિલ્મનો ગ્રાન્ડ રેડ કાર્પેટ પ્રીમિયર શો યોજાયો.




ભારતીય ઈતિહાસની સત્ય ઘટનાઓના આધારે બનેલ ફિલ્મ 'ધ બેંગાલ ફાઈલ્સ'નો ગ્રાન્ડ રેડ કારપેટ પ્રીમિયર શો યુ.એસ.એ.ના બેવર્લી હિલ્સ સિટીમાં યોજાઈ ગયો. ભારતીય દર્શકોએ મોટી સંખ્યામાં હાજરી આપી ફિલ્મનો આનંદ માણ્યો હતો. જૈન સોશિયલ ગ્રૂપ બેવર્લી હિલ્સના સ્થાપક અને પ્રમુખ શ્રી રાજેન્દ્ર વોરા દ્વારા આયોજિત આ પ્રીમિયર શોમાં આ ફિલ્મની એવોર્ડ વિજેતા અભિનેત્રી પલ્લવી જોશી અને ફિલ્મ નિર્દેશક તથા નિર્માતા શ્રી વિવેક અગ્નિહોત્રીએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. શ્રી રાજેન્દ્ર વોરાએ ઉપસ્થિત આ ફિલ્મી હસ્તીઓનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું.

## આશરો સેવા ફાઉન્ડેશન દ્વારા સ્કૂલના બાળકોને ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું.






આશરો સેવા ફાઉન્ડેશન દ્વારા કાયાવરોહણ ગામની બધી જ સરકારી સ્કૂલોના ૧૪૦૦ જેટલા બાળકોને છત્રી તેમજ પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં ડભોઈ તાલુકાના ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતા, કાયાવરોહણ ગામના સરપંચશ્રી તેમજ ઉપસરપંચશ્રી અને શાળાના તમામ શિક્ષકોએ હાજર રહીને બધા જ મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. જેમાં આશરો સેવા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી નિતીનભાઇ ચૌહાણ અને તેમની સમગ્ર ટીમ હાજર રહી હતી.

ફાઉન્ડેશન માટે ગૌરવપ્રદ બાબત એ છે કે કાયાવરોહણ ખાતે 'મારા દીકરાનું ઘર' એ નામે વડીલો માટે એક આધુનિક સુવિધાથી સભર વિશાળ વૃદ્ધાશ્રમ સંસ્થા ઉભી કરવાનું જે આયોજન કરી રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે. આશરો સેવા ફાઉન્ડેશનને 'ફીલિંગ્સ' પરિવાર તરફથી ઉજ્જવળ ભવિષ્યની અનેક શુભકામનાઓ...


## વિનિપેગ (કેનેડા)ની હોસ્પિટલમાં બે ભારતીય (કચ્છી)નો દબદબો


ડૉ. હેમંત શાહ


ડૉ. આશિષ શાહ

કેનેડાના વિનિપેગ શહેરમાં ૧૫૦ વર્ષ જૂની સેન્ટ બોનાફાયસ હોસ્પિટલના ડાયરેક્ટર તરીકે શ્રી હેમંત એમ. શાહ છે. હોસ્પિટલના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ કચ્છીને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં સ્થાન મળ્યું છે તો બીજા હૃદયરોગ નિષ્ણાત ડૉ. આશિષ શાહ - મોમાયા પણ અહીં સેવા આપે છે. બન્ને કચ્છી દશા આશવાળ જ્ઞાતિના છે.

ડૉ. આશિષ શાહ (હીરજી ખેતશી) મોમાયા ભારતીય મૂળના ચિકિત્સક છે. ડૉ. શાહે યુ.કે.માં એમ.આર.સી.પી. ડિગ્રી હાંસલ કરીને સામાન્ય અને ઈન્ટરનેશનલ કાર્ડિયોલોજીની તાલીમ લીધી. હાલમાં ડૉ. આશિષ શાહ-મોમાયા કેનેડાની યુનિવર્સિટી ઓફ મેનિટોબામાં ક્લિનિશિયન સાયન્ટિસ્ટ છે.



શ્રી એમ.કે. દાસ (IAS) ACS Home CMO Principal Secretary Gujratને ટ્રોફી અર્પણ કરી શુભેચ્છા મુલાકાત લેતા પ્રવાસી વેલ્ફેર ફાઉન્ડેશન અમદાવાદના સંયોજકશ્રી ઋષિકેશકુમાર સિંગ તસવીરમાં જોઈ શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં પટણામાં LIB દ્વારા મેડિકલ એજ્યુકેશન જેવા ક્ષેત્રોમાં બિહાર સ્ટાર્ટઅપનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું જે પ્રશંસનીય છે.



ડૉ. કે.એલ.એન. રાવ (IPS) DGP, Jail Gujarat ને ટ્રોફી અર્પણ કરી શુભેચ્છા મુલાકાત લેતા પ્રવાસી વેલ્ફેર ફાઉન્ડેશન અમદાવાદના સંયોજક ઋષિકેશ કુમાર સિંહ.

## અમદાવાદના બિઝનેસ હાઉસ હાર્બર પ્રોજેક્ટસ પ્રા.લિ.એ IITRAM સાથે કરેલ કરાર






અમદાવાદ સ્થિત મલ્ટિ-પ્રોડકટસ અને મલ્ટિ એક્ટિવિટિ કોર્પોરેટ બિઝનેસ હાઉસ એટલે હાર્બર પ્રોજેક્ટસ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઈવેટ લિમિટેડ, જે ઔદ્યોગિક જમીન કન્સલ્ટિંગ, ટર્ન કી પ્રોજેક્ટ સેટ-અપ, રિન્યુએબલ એનર્જી ટ્રેડિંગ અને પ્રોજેક્ટ સબસિડી જેવા વ્યાપક વ્યવસાયિક ક્ષેત્રોમાં કાર્યરત છે. કંપનીએ તાજેતરમાં IITRAM કેમ્પસ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) ખોખરા, મણિનગર, અમદાવાદ સાથે નોન-ડિસ્કલોઝર કરાર કર્યો છે.

પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી, પ્રમુખ-શિવાનંદ આશ્રમ, અને જનરલ સેક્રેટરી, હિન્દુ મહાસભાએ અતિથિ વિશેષ તરીકે સમારોહનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. તેમજ ઘણાં અગ્રણી મહાનુભાવો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતાં. આ સહયોગ બંને સંસ્થાઓ માટે એક નવી શરૂઆત છે જે ગુજરાતમાં આવનારા ઘણા ઉદ્યોગોને તેમના ટેકનો-કોમર્શિયલ ફિઝિબિલિટી રિપોર્ટ્સ, ટેસ્ટિંગ સર્વિસીસ, R&D, પ્રોજેક્ટ રિપોર્ટ્સ, સોઈલ ટેસ્ટિંગ, માર્કેટ રિસર્ચ, સ્કિલ ડેવલોપમેન્ટ અને બીજા ઘણા બધા માટે મદદ કરશે.

## વિમાન દુર્ઘટનામાં ૨૫% દાઝી ગયેલી માતાએ તેના ૩૬% દાઝેલા ૮ મહિનાના પુત્રને ત્વચાનું દાન કર્યું



અમદાવાદની વિમાન દુર્ઘટનામાં ૨૫ ટકા દાઝી ગયેલી માતાએ તેના ૩૬ ટકા દાઝેલા આઠ મહિનાના બાળકને ત્વચાનું દાન કરી નવજીવન આપ્યું છે. એસજી હાઈવે પરની કેડી હોસ્પિટલમાં તેનું નિઃશુલ્ક સ્કિન ગ્રાફ્ટિંગ કરાયું હતું. બી.જે. મેડિકલ હોસ્ટેલમાં રહેતા યુરોલોજી વિભાગનાં ડૉ. કપિલ કાછડિયાના પત્ની મનીષા કાછડિયા અને તેમનો ૮ મહિનાનો પુત્ર પ્લેન ક્રેશ દુર્ઘટનામાં દાઝી ગયા હતાં ત્યાર બાદ બંનેને કે.ડી. હોસ્પિટલમાં લવાયાં હતાં.

હોસ્પિટલમાં માતા-પુત્રની તપાસમાં જણાયું હતું કે, મનીષાબેન શરીરે ૨૫ ટકા અને ૮ મહિનાના પુત્રનો ચહેરો, છાતી અને બંને હાથ પેટ મળીને ૩૬ ટકા દાઝી ગયો છે. હોસ્પિટલમાં બાળકની સારવાર નિયોનેટોલોજિસ્ટ અને પીડિયાટ્રિશન ડૉ. સ્નેહલ પટેલ, પ્લાસ્ટિક સર્જન ડૉ. ઋત્વિક પરીખ સહિતના નિષ્ણાત ડૉક્ટરોએ શરૂ કરી હતી. જોકે બાળક ૩૬ ટકા દાઝી ગયું હોવાથી સ્કિન ગ્રાફ્ટિંગ કરવું જરૂરી હતું. મોટે ભાગે દર્દીના શરીરના અન્ય ભાગમાંથી ચામડી લઈને ગ્રાફ્ટ કરાતી હોય છે. પણ બાળક નાનું હોવાથી સ્કિન ડોનેશનથી ચામડી મેળવવી જરૂરી હતી. બીજી બાજુ બાળકની માતા પણ ૨૫ ટકા દાઝી ગયા હોવાથી તેમને પણ ક્રિટિકલ કેર ટીમના ડૉ. તુષાર પટેલ, ડૉ. માનસી દંડનાઈક અને ઋત્વિક પરીખના નેતૃત્વમાં હાથ પર સફળ સ્કિન ગ્રાફ્ટિંગ કરાયું હતું. પરંતુ માતાએ પોતાના બાળકને ચામડીનું દાન કરતાં બાળકનું સફળ સ્કિન ગ્રાફ્ટિંગ કરાયું હતું.




અમદાવાદમાં વિજ્ઞાન ભવન ખાતે બ્રહ્માકુમારી મહાદેવનગર સબઝોન દ્વારા આયોજિત 'વિશ્વ એકતા અને વિશ્વાસ' માટે ધ્યાન સેવા યોજના કાર્યક્રમનો શુભારંભ કરતા બ્રહ્માકુમારીના અતિરિક્ત મુખ્ય પ્રશાસિકા જયંતી દીદી તથા ઉપસ્થિત મહાનુભાવો તસવીરમાં જોઈ શકાય છે.



એડવર્ટાઈઝિંગ કલબ ઓફ બરોડા દ્વારા તાજેતરમાં 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વર્કશોપ અફેર્સ' વડોદરામાં બહુ શાનદાર રીતે યોજાઈ ગયો. જેમાં ડિજિટલ માર્કેટીંગ પ્લસ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ એ વિષય પર શ્રી વિરલ જાદવે માહિતીસભર રસપ્રદ વકતવ્ય આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. આ વર્કશોપમાં વિવિધ મહાનુભાવોની સાથે ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ.ના સી.એમ.ડી. શ્રી અતુલભાઈ શાહે ઉપસ્થિત રહી આ કાર્યક્રમની શોભા વધારી હતી.

Feelings મિર્ચી

## ગઝલ
## હું શું આપી શકું દેશને

બીજુ તો શું હું આપી શકું દેશને,
બસ ખરા દિલથી ચાહી શકું દેશને.

કરવી છે જાતને એવી તૈયાર કે,
દુશ્મનોથી બચાવી શકું દેશને.

જાણ છે એટલી, છે હુનર શબ્દમાં,
એક સૂત્રે હું બાંધી શકું દેશને.

રોજ હું બસ હવે કાળજી રાખું એ,
કે સદા સ્વચ્છ રાખી શકું દેશને,

કરવું છે જિંદગીમા કઈંક એવું કે,
ગર્વ કાયમ અપાવી શકું દેશને.

– અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ'



## હવા પણ હવે વેચાય છે.

ચીનની એક કંપનીએ બોટલમાં ભરેલી તાજી હવા વેચવા માંડી છે.
ચીનમાં આ બોટલો ખૂબ વેચાય છે.

આ જોઈને આપણો કોઈ જુવાનીઓ સૂર્યાસ્તની સુગંધ કે વરસાદના પહેલા ટીપાની મહેક પેક કરીને વેચવાનું સ્ટાર્ટ-અપ કરે પણ ખરો!



# રાષ્ટ્રભક્તિના અમર ગીતોના રચયિતા રાષ્ટ્ર કવિ પ્રદીપજી...

ભારતવાસીઓની આંખો ભીની કરી દેતા આ ચિરંજીવી ગીત 'અય મેરે વતન કે લોગોં'ના રચયિતા રાષ્ટ્રકવિ પ્રદીપજીની ૧૧૦મી જયંતીની ઉજવણી તાજેતરમાં મુંબઈના વિલેપાર્લેમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે આ ગીત રચનાની પશ્ચાદભૂમિકા કવિ પ્રદીપના પુત્રી અને ચિત્રકાર મિતુલ ત્રિવેદીએ વર્ણવી હતી.

ભારત તેનું સ્વતંત્રતા પર્વ મનાવી રહ્યું છે ત્યારે 'આઓ બચ્ચો તુમ્હે શિખાયેં', 'દૂર હટો યે દુનિયાવાલોં..' 'અય મેરે વતન કે લોગોં' જેવા અમર ચિત્ર કથાનુસાર ૧૭૦૦ જેટલા ગીતો-કવિતાઓ પૈકી રાષ્ટ્રપ્રેમ કે શૌર્ય ગીતો લખનાર ગુજરાતના જમાઈ રાષ્ટ્ર કવિ પ્રદીપજીને સ્મરણવાનું આ ટાણું નવી પેઢીને આ મહાન કવિના યોગદાનથી અવગત કરાવવા ઉચિત બની રહેશે.

રાષ્ટ્ર પ્રેમ અને રાષ્ટ્રભક્તિથી તરબતર એવા યુવાન કવિ પ્રદીપજીએ ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન પરમવીર મેજર શૈતાન સિંહ ભાટીના બલિદાનની વાત સાંભળી. ભાટીજીના બલિદાન અને બહાદુરીથી તેઓ એટલા પ્રભાવિત થયા કે તેમણે 'અય મેરે વતન કે લોગોં'ની પંક્તિઓ લખી ત્યારથી તેમની આ રચના દેશના મહાન દેશભક્તિ ગીતોમાંની એક બનીને બજતી રહી છે. આ ગીત લખવા બદલ ભારત સરકાર દ્વારા કવિ પ્રદીપજીને 'રાષ્ટ્રીય કવિ' તરીકેના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતાં. કવિ પ્રદીપનો આગ્રહ- હઠાગ્રહ લતા મંગેશકર આ ગીત ગાય તે માટેનો હતો. કારણ કે તેઓ માનતા હતા કે આ ગીતને તેમનો જ ભાવુક અને મૃદુ અવાજ ન્યાય આપી શકશે. સી. રામચંદ્રનને ખાતરી નહોતી કે લતા મંગેશકર ગાવા માટે સંમત થશે, તેથી લતાજીને આ ગીત ગાવા માટે સમજાવવા અને સંભળાવવાની જવાબદારી કવિ પ્રદીપે સંભાળી અને એક દિવસે તેમણે લતાજીને આ ગીત સંભળાવ્યું. આ ગીતનું સ્વરાંકન અને ગીતના શબ્દો સાંભળીને તેઓ એટલા પ્રભાવિત થઈ ગયા કે પળભરની રાહ જોવડાવ્યા વગર આ ગીત ગાવા માટે સંમત થઈ ગયા. તેમણે એક શરત કરી કે કવિ પ્રદીપજી આ ગીતના રિહર્સલમાં સ્વયં હાજર રહે.

૨૬ જાન્યુઆરી ૧૯૬૩ના રોજ નવી દિલ્હીના નેશનલ સ્ટેડિયમમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં વડા પ્રધાન જવાહરલાલ નેહરૂની હાજરીમાં લતા મંગેશકર દ્વારા આ ગીતનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, આ ગીત સાંભળી અહીં ઉપસ્થિત વડાપ્રધાન સહિત અનેક લોકોની આંખો આંસુઓથી છલકાઈ ગઈ હતી. કવિ પ્રદીપજીના આદર્શ સમર્પણ ભાવની આ પ્રતીતિ હતી. ગીતના કોપી રાઈટ કે એ સંબંધી તેમને અનેક ઓફર મળી હોવા છતાં કવિ પ્રદીપે આ ગીતની રોયલ્ટીની તમામ રકમ 'યુદ્ધ વિધવા ભંડોળ'માં દાન કરી હતી અને ૨૫ ઓગસ્ટ ૨૦૦૫ના રોજ બોમ્બે હાઈકોર્ટે હિઝ માસ્ટર્સ વોઈસને ભંડોળમાં રોયલ્ટી તરીકે ૧૦ લાખ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

૧૯૮૭માં પ્રદીપજીએ એક પત્રકારે દેશભક્તિ વિષે પૂછેલા સવાલના જવાબમાં કહ્યું હતું કે, 'કોઈ તમને દેશભક્ત બનાવી શકતું નથી. તે તમારા લોહીમાં છે. દેશની સેવા કરવા માટે તમે તેને કેવી રીતે બહાર લાવો છો જે તમને અલગ બનાવે છે.'

ગુજરાતી પરિવારના ભદ્રાબહેન સાથે લગ્ન ગ્રંથિથી જોડાનાર રાષ્ટ્રકવિ પ્રદીપનો જન્મ ૧૯૧૫માં ઉજ્જૈન નજીકના નાના શહેર બડનગરમાં એક મધ્યમ વર્ગના ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ રામચંદ્ર નારાયણ દ્વિવેદી હતું. ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાના સ્થાનિક પ્રતિભાશાળી કવિ શ્રી ગિરિજા શંકર દીક્ષિત તેમના પ્રથમ શિક્ષક હતા. જેમણે તેમની કવિતાના કૌશલ્યને વિકસાવવા માર્ગદર્શન આપ્યું. તેઓ કવિ સંમેલનોમાં તેમની અજોડ શૈલીથી શ્રોતાઓમાં છવાઈ જતા. આ સમય દરમિયાન તેમણે ઉપનામ પ્રદીપ અપનાવ્યું. પત્ની ગુજરાતી હોવાના નાતે ગુજરાતી ભાષા પ્રત્યે તેમનો આદરભાવ એવો હતો કે તેમણે તેમના જીવન દરમિયાન એક માત્ર ગુજરાતી ગીત 'તારી જીવન ગાડી ચાલી રે' ગાયું છે. રાષ્ટ્રકવિ પ્રદીપજી આજે સદેહે ભલે આપણી વચ્ચે નથી પરંતુ તેમના અમર રાષ્ટ્રભક્તિના ગીતોની ગૂંજ સદીઓ સુધી હર એક ભારતવાસીના દિલમાં ગુંજતી રહેશે.

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road,
Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah




# અમૂલ
## મીઠાઈ

# દરેક બાઈટમાં માણો, ઘરે જ બનેલી મીઠાઈ જેવો સ્વાદ.



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કાજુ કતરી 200 ગ્રા. | ₹ 230 | મિલ્ક કેક 200 ગ્રા. | ₹ 125 | કાજુ મોદક 300 ગ્રા. | ₹ 299 | લોંગ લતા 200 ગ્રા. | ₹ 105 |
| કેસર કાજુ કતરી 200 ગ્રા. | ₹ 250 | મોતિચૂર લાડુ 200 ગ્રા. | ₹ 110 | મથુરા પેંડા 200 ગ્રા. | ₹ 120 | પ્રસાદી પેંડા 100 ગ્રા. | ₹ 50 |
| ગુડ કાજુ કતરી 200 ગ્રા. | ₹ 250 | બેસન લાડુ 200 ગ્રા. | ₹ 120 | મૈસૂર પાક 200 ગ્રા. | ₹ 155 | કેસર મોદક 190 ગ્રા. | ₹ 150 |
| ગુલાબ જામુન 500 ગ્રા. ટિન | ₹ 130 | કાજુ અખરોટ પ્લાઝા 200 ગ્રા. | ₹ 135 | કલાકંદ 200 ગ્રા. | ₹ 120 | દૂધ પેંડા-ગોલ્ડ 200 ગ્રા. 1+1 મફત | ₹ 200 |
| શુગર ફ્રી ગુલાબ જામુન 500 ગ્રા. ટિન | ₹ 210 | મોહનથાળ 200 ગ્રા. | ₹ 115 | ડ્રાઈ ફ્રૂટ બરફી 200 ગ્રા. | ₹ 240 | રસમલાઈ 500 ગ્રા. | ₹ 250 |
| ગુલાબ જામુન, 130 ગ્રા. ટિન (સ્માર્ટ પૅક) | ₹ 40 | શુગર-ફ્રી મલાઈ પેંડા 200 ગ્રા. | ₹ 130 | ગુજીયા 350 ગ્રા. | ₹ 290 | રસમલાઈ 100 ગ્રા. | ₹ 50 |
| રસગુલ્લા 500 ગ્રા. ટિન | ₹ 115 | કેસર કોપરા પાક 200 ગ્રા. | ₹ 120 | લાલ પેંડા 200 ગ્રા. | ₹ 130 | અંગૂરી રસમલાઈ 500 ગ્રા. | ₹ 250 |
| મલાઈ પેંડા 200 ગ્રા. | ₹ 120 | રજવાડી હલવો 200 ગ્રા. | ₹ 120 | ખીર 180 ગ્રા. | ₹ 45 | સ્માર્ટ પૅક મલાઈ પેંડા 240 ગ્રા. | ₹ 160 |
| કેસર પેંડા 200 ગ્રા. | ₹ 125 | કાળાજામુન 500 ગ્રા. | ₹ 130 | રબડી 85 ગ્રા. | ₹ 25 | | |

ભાવિ ઉત્પાદનો: કુંદા 200 ગ્રા., રબડી જલેબી 300 ગ્રા., માવા બરફી 200 ગ્રા., અંગૂરી રસમલાઈ 100 ગ્રા., મીઠો માવો 200 ગ્રા.

અહીં ઉપલબ્ધ:

//shop.amul.com blinkit zepto Flipkart MINUTES SMART BAZAAR DMart METRO Wholesale

કૉર્પોરેટ ઑર્ડર્સ અને ગિફ્ટિંગ માટે અમારો સંપર્ક કરો.
ઈ-મેઈલ: amulsweets@amul.coop

હમણાં જ ખરીદો

અને બધાં જ અમૂલ પાર્લર્સ તથા અગ્રણી રિટેલ સ્ટોર્સમાં.

*MRP (incl. of all taxes). Conditions apply.

# આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

## *સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા*

**રિલાયન્સ**
**ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

*વૃદ્ધિ એ જ જીવન*